

# અરૂપસાગરે રૂપરતન

યજ્ઞેશ દવે

# અરૂપસાગરે રૂપરતન

યજ્ઞેશ દવે

અરૂપસાગરે રૂપરતન Copyright © by યજ્ઞેશ દવે. All Rights Reserved.

# Contents


'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ vii

કૃતિ-પરિચય x

લેખક-પરિચય xiii

"નિબંધ" – બલવન્તરાય ક. ઠાકોર 1

તમારી સાથે થોડીક વાતો iii

તાજગીભર્યા નિબંધો – ભોળાભાઈ પટેલ v

૧ - જ્યાં મહુરી પાવો દુ:ખને ધોઈ નાખે છે 12

૨ - અપૂર્વ પૂર્વમેઘ 16

૩ - અદનો આદમી મેં ભાળ્યો 21

૪ - અરૂપસાગરે રૂપરતન 25

૫ - આકાશમાં કોણે પકડ્યો મારો હાથ? 28

૬ - આ ઉમાશંકર મારા જ છે 31

૭ - વ્હાલકુડો મારો ઉનોળો 42

૮ - આનંદ-વિષાદના ઝોલે 46

૯ - નાની મારી આંખ એ જોતી કાંક કાંક 50

૧૦ - ગાથા ગંધસામ્રાજ્ઞીની 54

૧૧ - પંચપટરાણીની સેવામાં ઘરકામ 58

૧૨ - નામ ઓગળી ગયું છે, રહી ગયું છે રૂપ 62

૧૩ - જીવ હું બે જગતનો 67

૧૪ - કોડીના રસ્તે 71

૧૫ - પાંચેય ઇન્દ્રિયથી મેં પીપળો પૂજ્યો છે 78

૧૬ - સાત પડું સત્ય 82

૧૭ - શરીર સંકોરતો મનને ઉખેળતો શિયાળો 86

૧૮ - राधे गृहं प्रापय 91

૧૯ - ચંદ્રવારાંગના – એક પત્ર 95

૨૦ - સુરેશ જોષી એટલે સુરેશભાઈ 101

૨૧ - આકાશ – અવકાશ – ચિદાકાશ 114

૨૨ - બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે 118

૨૩ - મનમાં હીંગોળગઢનું વન 122

૨૪ - દેહોપનિષદ 126

૨૫ - જ્યાં નર્તક અને નૃત્ય એક છે 130

૨૬ - ભાખડ ભડિયા ભાષા 134

૨૭ - એક સાંજ – જે કદી આથમતી નથી 138

૨૮ - ગગન ખોલતી બારી 141

૨૯ - મારું ગામ થોડું વરણાગિયું થઈ ગયું છે 145

૩૦ - સંસ્કારના નવાણ 149

૩૧ - ગદ્ય સ્થપતિ ઢાંકીસાહેબ 154

૩૨ - આંખો પર પંખીઓની પાંખો 159

૩૩ - એક શેરી જીવે છે મારામાં 163

૩૪ - પાનખર પર્ણમંદિર અને ચન્દ્રકવિ 168

૩૫ - બાપુજીના પત્ર ખોળામાં 172

૩૬ - ભાષાની ભૂમિ 177

૩૭ - તાવના ટાપુ પર એકલાં 182

૩૮ - નવલખી લટાર 185

૩૯ - ચુકાયેલા જીવન સાથે ભૂલાયેલા મૃત્યુ સાથે જોડતી : માંદગી 189

૪૦ - વસ્તુઓ રાહ જુએ છે અહલ્યા ઉદ્ધારની 193

૪૧ - શરની જેમ સવારથી સાંજ પસાર થતી શરીરમાંથી 197

# ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# કૃતિ-પરિચય




અરૂપસાગરે રૂપરતન

હવે પછીનાં પાનાંમાં એક નિબંધ-સર્જકના અંતરંગમાં આપણે પ્રવેશ કરવાના છીએ. આ 30-40 ટૂંકા ગદ્ય-આલેખોમાં મોટી સમૃદ્ધિ ભરેલી છે. અહીં પ્રકૃતિનો ઊંડો આહ્‌લાદ

છે, પંખીઓ અંગેનું કુતૂહલ અને જાણકારી છે, અહીં વ્યિક્ત-સંબંધોની ઉષ્મા અને ધન્યતાના અનુભવો છે.

બાળકની સામે પહેલી વાર ખૂલતા વિશ્વનું વિસ્મય એક કવિએ ‘નાની મારી આંખ એ જોતી કાંક કાંક, એ તો કેવી અજબ જેવી વાત છે!’ એને શીર્ષક તરીકે લઈને યજ્ઞેશ દવેએ એક નિબંધમાં આ વિરાટ વિસ્મયજગતનાં નકશીદાર મનોરમ ચિત્રો આલેખ્યાં છે. બીજા ઘણા નિબંધોમાં પણ એ સૂર રેલાયો છે – એમાં આપણે પણ એવા જ વિસ્મયાનંદથી દાખલ થઈ શકીએ.

શિયાળા-ઉનાળાનાં રૂપો આલેખનાર આ નિબંધકારે સવાર-બપોર-સાંજના રૂપવૌવિધ્યને પણ કવિના સંવેદનથી – પણ કવેતાઈ કર્યા વિના – આલેખ્યું છે.
લેખકની અંગતતા પાંચે ઇંદ્રિયોના સ્વાદથી ઊઘડી છે. પ્રકૃતિના જેવી જ ચાહના લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતની પણ છે, સ્પર્શની ને સ્વાદની પણ છે.
આ પુસ્તકમાં વરિષ્ઠ લેખકો સાથેના વ્યિક્ત-સંબંધો વિશેના નિબંધો આગવા છે – લેખકની ચેતનામાં ઝિલાયેલા ઉમાશંકર જોશી, સુરેશ જોષી, મધુસૂદન ઢાંકી સાથેના સંબંધ-પ્રસંગો તાદશ બને છે અને લેખકની સંપ્રજ્ઞતા સાથે એમાં ભાવાદ્રર્તા પણ ઊપસે છે.

સર્જકનું અનેક રૂપવાળું સંવેદન-જગત અહીં ઉપમાઓ અને કલ્પનોથી મૂર્ત થયું છે અને સુષમ ગદ્યથી રજૂ થયું છે.

વાચકને એમાં પ્રવેશવા એ નિમંત્રણ આપી રહ્યું છે.

# લેખક-પરિચય



યજ્ઞેશ દવે

યજ્ઞેશ દવે(જ. 24 માર્ચ 1954) : ‘જાતિસ્મર’(1992)ની દીર્ઘ અછાંદસ કાવ્યકૃતિઓમાંની સર્જકતાથી વિશેષ ધ્યાન ખેંચનાર યજ્ઞેશ દવેએ ‘જળની આંખે’(1985)થી ‘ગંધમંજૂષા’(2015) સુધીના ચાર સંગ્રહો આપ્યા છે એમાં મનુષ્યચેતના વ્યાપક ફલક પર અભિવ્યક્ત થઈ છે અને કલ્પન-પ્રવર્તન તાજગીવાળું બન્યું છે. કવિતા ઉપરાંત એમણે લલિત નિબંધો લખ્યા છે એનાં ‘અરૂપસાગરે રૂપરતન’(1998)થી ‘પવન વિદેહી’(2015) સુધીનાં 4 પુસ્તકો પ્રગટ થયાં છે. એમાં વિસ્મય અને જિજ્ઞાસાનાં રૂપો ઉપરાંત પંખી-વનસ્પતિ-જગતનું સંવેદ્ય રૂપ પણ આલેખન પામ્યું છે. એની પાછળ યજ્ઞેશની સૃષ્ટિવિજ્ઞાનમાંની અધ્યયન-જિજ્ઞાસા પણ કારણભૂત છે. – વિજ્ઞાનના વિદ્યાર્થી તરીકે એમણે Ecologyમાં સંશોધન-પદવી(Ph.D.) મેળવેલી છે.

એ ઉપરાંત બાળકો માટેના સાહિત્યની બે પુસ્તિકાઓ તથા ‘જાપાનીઝ હાઈકુ’ના અનુવાદનું પુસ્તક(2002) પણ એમણે આપ્યાં છે. યજ્ઞેશ દવે ઑલ ઇન્ડિયા રેડીઓમાંની લાંબી કારકિર્દી પછી સ્ટેશન ડાયરેક્ટર તરીકે નિવૃત્ત થયા છે.

(પરિચય – રમણ સોની)

# "નિબંધ" – બલવન્તરાય ક. ઠાકોર

**નિબંધ** = સુગ્રથિત ગદ્યલિરિક; અને લિરિક છે કાવ્ય, આ છે ગદ્ય, એટલે વ્યવહારુ, ચર્ચાત્મક, બુદ્ધિપ્રધાન, પચરંગી વિવિધતાવાળું વધારે. બધું અનાયાસે એક પછી એક આવી મળે છે એવી છાપ પડે તે નિબંધની ખાસ કલા છે. એ અંશો એક પછી એક આવી જાય તે અજબ જેવું લાગે, એમાં નિબંધનો વિજય છે. વચ્ચે વચ્ચે સદાસ્મરણીય સૂત્રાત્મક વાક્યપુષ્પો ફોરી તરહે. એમાં નિબંધની અમર આકર્ષકતા છે. સમુચિત તેમ અપરિચિત અલંકારો અને અવતરણો નૂતનતા છાંટતા આવે એ નિબંધની લીલા છે, સરલ વાક્યો, વાક્યો, દર્દમય વાક્યો, સંકુલ વાક્યો, ગંભીર વાક્યો, નાચતાં વાક્યો, હીંચતા વાક્યો, હથોડો ટીપાતો હોય એવાં વાક્યો, હસમુખાં વાક્યો, વક્ર વાક્યો, કટાક્ષ, આવેશ વગેરે નિબંધનો વૈભવ છે.

'નિબંધ બાહ્યાભ્યંતર નિરૂપણને માટે સારી રીતે ખેડાયેલી ભાષાલતાને બેસ્તુ છેલ્લું પુષ્પ છે. અને આ જોતાં કહી શકાય કે દરેક સારો નિબંધસર્જક તે જ, જે નિબંધો ગુંથતા ગુંથતા એ જાતિમાં કંઈક વિશિષ્ટતા, 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી ખાસ વૈયક્તિક ભાત પણ ઉપજાવી શકે. 'કથ્યૂં કથે તે શાનો કવિ' તે નિબંધકાર પણ નહીં જ વળી !

'આવા લખાણ કેમ લાંબા તેમ તેમાં કલામયતા આછી થતી જાય એ કુદરતી. લિરિક, ઓડ, અને ખંડકાવ્યની લંબાઈ લગીનાં જ લખાણો આ જાતિનાં સાચાં પ્રતિનિધિ હોઈ શકે.'

**-બલવન્તરાય ક. ઠાકોર**

# તમારી સાથે થોડીક વાતો

આપણો લોકવ્યવહાર ભલે ચાલતો હોય ગદ્યમાં પણ ગદ્ય લખવું સહેલું નથી તે તો કલમ ઉપાડી ત્યારે જ સમજાઈ ગયેલું, ગદ્ય એ કવિ માટે જ શું કામ કોઈ પણ માટે કસોટીરૂપ છે અને સર્જનાત્મક નિબંધોમાં તો તે વધારે. અહીં તો પરથમ પેલા મસ્તક મૂકવું પડે. કાચના ઘરમાં એકલા રહેવા જેવું છે આ. અર્થવહન કરવો, ચેતનાને ઝીલવી, રૂપ અને છટા વિકસાવવી, બેવડે ત્રેવડ દોરે નહીં અનેક દોરે કામ કરવું પડે. અને આ સર્જનાત્મક નિબંધો તો છે ય બેશરમ. તમનેય જાણ ન હોય તેમ તમારા વ્યક્તિત્વના કેટલાંય પાસાઓને ઉઘાડાં પાડી દે, છાપરે ચડી વગોવે. જાત ખીલવણી છે તો જાત વગોવણી પણ છે. આમાં સલૂકાઈથી સિફતથી કામ લીધે ન ચાલે આમાં તો જાત સાથે ચોખ્ખાં જ રહેવું પડે.

આવા બધાં જોખમોનો ખ્યાલ તો હતો જ. પણ કયો સાહસવીર રસ્તામાં આવનારી વિટંબણાઓને નજર અંદાજ કરી આંધળુકિયા ન કરતો હોય ? સાહસ તો કરવું જ પડે. હું જ મારી સામે વરસોથી બીડું ફેરવતો હતો. ઉપાડતો ન હતો. બકુલે ઇજન આપ્યું અને પાનો ચડ્યો. ગદ્યનું ગૌરીશિખર ભલે ન ચડ્યો હોઉં ગદ્યના અનેક જનપદો, ખીણોમાં, શિખર પછી શિખર પછી શિખર પછી ઉપત્યકામાં, વિહરવાની મજા પડી છે. નજર સામે છે ‘હજી નવા શૃંગો’. મારા જેવા અજાણ્યા લેખક માટે વર્તમાનપત્રમાં લખવું એટલે અંધારામાં તીર ફેંકવા જેવું કામ. ક્યાં કોને પહોંચે છે કોને ખબર ? હા, વચ્ચે વચ્ચે બકુલ મળે, લખે, ફોન કરે ત્યારે આનંદ પ્રગટ કરે. હું મારા કામથી અને તેનાથી જ સંતુષ્ટ.

ચિત્તમાં કેટલું બધું ઝીલતું હોય છે, ધરબાયેલું પડ્યું હોય છે, અંદર જ આળસ મરોડતું બેઠું હોય છે તેનું આશ્ચર્ય તો આ બધું લખતી વખતે જ સામે આવ્યું. બ્રહ્મ જો બ્રહ્મ પાસે લટકાં કરતુ હોય તો આપણેય આપણી સામે શા માટે ન કરવાં ? મને તો આ નિબંધો લખવાની મજા આવી તે લટકામાં.

– **યજ્ઞેશ**

# તાજગીભર્યા નિબંધો – ભોળાભાઈ પટેલ

આ લલિત નિબંધસંગ્રહના મને ગમી ગયેલા અનેક નિબંધોમાંથી એક 'પાનખર પર્ણમંદિર અને ચંદ્ર કવિ' કેવી રીતે રચાતો આવે છે તે જોઈએ :

આહવામાં પહાડી પર આવેલા ગેસ્ટહાઉસની અગાશી પરથી સવારના સૂર્યના અભિવાદનથી નિબંધ શરૂ થાય છે. નજર સામે પછી વૃક્ષો છે તેની વાત કરતાં નિબંધકાર પંખીલોકમાં પ્રવેશ કરે છે. મુક્ત પંખીઓની સાથે પગીની ઓરડીમાંના પાંજરાના પોપટની વાત કરતાં 'પઢો રે પોપટ' પદપંક્તિના સંદર્ભ સાથે 'એક વન તેની (પોપટની) સામેચે, એક વન તેની અંદર' જેવી પંક્તિ દ્વારા એ પંખીની ચેતના સાથે તદ્રૂપતાનો અનાયાસ બોધ કરાવે છે. નિબંધકારની નજર આકાશ ભણી જાય છે, જ્યાં વાદળ છે, એ જોતાં જોતાં તે નાકે અનુભવે છે હવામાંથી વહી આવતી સુક્કાં પાંદડાં અને ઘાસની એક ઓર્ગેનિક ગંધ. આ પાનખર નિબંધકારને લઈ જાય છે જાપાની કવિ બુસોના એક હાઈકુમાં જ્યાં પાનખર વિષે કહેવાયું છે કે તે રચે છે 'ખરેલાં પાંદડાંઓનું પર્ણમંદિર' હાઈકુ બુસોનું છે,પણ આ નિબંધકારનું (અને એમના દ્વારા આપણું) સંવેદન બની જાય છે. એ જ અગાશી પરથી રાતે વૈશાખી – પૂર્ણિમાના ચંદ્રને જોતાં બુદ્ધપૂર્ણિમાની યાદ પેલા જાપાની કવિ સાથે સંવાદિતા ધરાવે છે. તેમાં સહ્યાદ્રી – સાપુતારાની ટેકરીનો લૅન્ડસ્કેપ ભાળી જાય છે. ત્યાં નિબંધકાર કેવા ટ્રાન્ઝિસ્ટર શરૂ કરે. (આપણને થાય કે નિબંધકાર કેવા અરસિક છે – આવે વખતે ટ્રાન્ઝિસ્ટર વિસંવાદ જગાવે પણ ના – ) એ બજતાં ખીણમાં રેલાય છે ગીતો, સમાચારો, સિમ્ફનીઓ અને એ સાથે ખીણમાં રેલાય છે વીણા સહસ્રબુદ્ધેનો અભોગીનો આલાપ, નિબંધકાર

કહે છે : એથી ‘વીણા સહસ્રબુદ્ધે ધન્ય થઈ ગઈ અને આહવાની આ ખીણ પણ’. ખરી વાત છે નિબંધકારની, આ ડાંગના આદિમ ધરાતલ પર આ ચાંદની રાતમાં જેનો આલાપ ગુંજરી ઊઠે, તે આલાપીને સાચે જ ધન્યતાનો બોધ થાય અને જ્યાં આ આલાપ રેલાયો તે ખીણને પણ ધન્યતાનો બોધ – એવી અપૂર્વ સ્વરમાધુરી વહેતાં. આવી ધન્યતાનો અનુભવ આ નિબંધના ભાવાક સુધી પહોંચી જાય છે. ત્યાં વળી, નિબંધકારને કાલે વઘાઈથી આહવાને રસ્તે આવતાં જોયેલ ચાંદનીથી રસાયેલ વનનું સ્મરણ થાય છે,’ ચંદ્રને મેં પહાડે પહાડે, વને વને, વૃક્ષે વૃક્ષે, ડાળિયે ડાળિયે, વાંસના ઝુંડે ઝુંડે ટાંગ્યો હતો.......’ અને આ ચંદ્રચેતના નિબંધકારને ‘ડૉ. ઝિવાગો’ ફિલ્મમાં ડૉ. યુરી ઝિવાગોએ એક ટ્રેનની બારીમાંથી ચંદ્ર સાથે માંડેલી ગોઠડીનુ દ્રશ્ય યાદ અપાવે છે અને એ સાથે યાદ આવે છે ક્યોરાઈનું ચંદ્રકવિ વિષેનું જાપાની હાઈકુ અને અંતે બાશોના હાઈકુથી વિલીયમાન નિબંધ ક્યાંય સુધી આપણને પ્રસન્નતામાં નિમગ્ન રાખે છે.

આ એક જ નિબંધની રચનારીતિ દ્વારા સંગ્રહના નિબંધોની રચના પ્રક્રિયા જ નહિ, આ નિબંધોનાં ભાતપોત પણ પરખાય છે, પ્રાકૃતિક સૌંદર્યની સૂક્ષ્મ સંવેદનામાં સહજ રીતે ભળે છે નિબંધકારની ચેતનામાં સંચિત કાવ્યક્ષણો, નિબંધના આરંભથી એક ગતિનો આરંભ થાય છે અને ભાવક છેક સુધી એ ગત્યાત્મકતાનો અનુભવ કરે છે : યજ્ઞેશના નિબંધમાં ક્ષણો વહેતી રહે છે, જેમાં અતીત પણ વર્તમાનની આ ક્ષણો બની જાય છે.

નિબંધકાર પોતાનાં ભાવકને આ ક્ષણોનો અનુભવ ઇન્દ્રિયઘન ચિત્રો દ્વારા કરાવેછે. આ નિબંધો પંચેન્દ્રિયોનું આહલાદન કરે છે, કેમકે સ્વયં નિબંધકારે ‘પાંચ ઇન્દ્રિયથી પીપળાને પૂજ્યો છે’ એક નિબંધમાં સ્પેનિશ કવિ લોર્કાની ઉદ્ધૃત કરેલી પંક્તિ ‘પાંચ ઇન્દ્રિયના ખંજરથી હું ઘાયલ છું’ તે આ નિબંધકારની પણ હોઈ શકે, રૂપ રસ, શબદ, સ્પર્શ કે ઘ્રાણ – કોઈ એક ઇન્દ્રિયબોધના ધક્કાથી નિબંધ શરૂ થઈ જાય – લઈ જાય કોઈ અતીતમાં – જે આ ક્ષણે વર્તમાનરૂપે પ્રતિભાસિત થાય. ‘મનમાં હીંનગોળગઢનું વન’ નિબંધ અવતરે છે ‘પાકેલા ઘાસની ભેજ હૂંફભરી ગંધ નાકમાં થઈ મગજ સુધી પહોંચતાં’ – (માર્સેલ પ્રુસ્તની પ્રસિદ્ધ નવલકથા – ‘રિમેમ્બ્રન્સ ઓફ ધ થીંગ્ઝ પાસ્ટ’ એક એવા ગંધબોધની ક્ષણથી જ શરૂ થાય છે, જે પછી કથાનાયકનાં અતીતનાં સ્મરણોના સૂક્ષ્માતિસૂક્ષ્મ લોકમાં સહસ્રાધિક પૃષ્ઠો સુધી વ્યાપે છે.) ‘અપૂર્વ પૂર્વમેઘ’

નિબંધ સુખદ સુંવાળા શીતલ એવા સ્પર્શેન્દ્રિયના અને ઠંડી અને ભેજનાં ઘ્રાણેન્દ્રિયના બોધ સાથે શરૂ થઈ કાલિદાસના મેઘલોકમાં લઈ જાય છે.

‘પાંચ ઇન્દ્રિયોથી મેં પીપળાને પૂજ્યો છે’ નિબંધમાં પીપળાના રેખાચિત્ર સાથે જોડાયેલી – જડાયેલી સ્મૃતિઓની પ્રસ્તુતિ સઘન ઇન્દ્રિય –સંવેદ્ય કલ્પનો દ્વારા થાય છે, જેની સાથે કવિ ઉમાશંકરનું ‘મૃત્યુ ફળ’નું કલ્પન રેણાય જાય છે. એક નિબંધ ‘નાની મારી આંખ...’ દ્રશ્ય કલ્પનોથી ભરપુર છે, તો ‘ગાથા ગંધ સામ્રાજ્ઞીની’માં વિધવિધ ગંધોનું આખું વિશ્વ છે, (એમાંય આવી જાય છે અતીતની વાત.) અને છતાંય નિબંધકાર અંતે કહે છે – ગંધગાથાની કેટલીય કથાઓ હજી કહેવાની બાકી છે અને ગંધવતી આ પૃથ્વી પર ભ્રમણ કરતાં કરતાં કેટલીય ગંધકથાઓ રચાતી જ જાય છે.’

મુખ્ય વાત એ છે કે આ નિબંધકારની બધી ઇન્દ્રિયો સતેજ છે. એટલે જેમ આ ગંધલોક છે તેમ રંગલોક છે. પોતે જોયેલા રંગ ઉપરાંત કવિઓએ વર્ણવેલા રંગ, ચિત્રકારોએ ચીતરેલા રંગ – નિબંધકાર આ બધાં રંગ આપણી આંખોને અડાડી શક્યા છે.

કાન પણ કેટલા સરવા છે આ નિબંધકારના ? લોકસંગીતના સ્વરથી શાસ્ત્રીય રાગોના આભિજાત્યની એ અભિજ્ઞતા એ ધરાવે છે, માત્ર મનુષ્યશબ્દ સ્વર કે સૂર નહિ, પંખીઓના, તિર્યક યોનિના પણ સ્વર એ કાનમાં ઝિલાય છે,’આંખો પર પંખીઓની પાંખો’ આખો નિબંધ છે. એટલે કદાચ નિબંધકારે પોતાનાં આ સંગ્રહમાં જે નિબંધને પહેલું સ્થાન આપ્યું છે, તે એક આદિવાસી યુવકના મહુરી પાવાના સૂરોની વાત કરે છે ! આહવાની સાંજનું વર્ણન કરતાં લેખક જે ઉપમાન વાપરે છે, તે શાસ્ત્રીય રાગના પ્રભાવનું – ‘ભૂપાલીના આલાપ જેવી સાંજનો રક્ત શ્યામ ઘૂસર અંધકાર ગાઢ થતો જાય છે.’ પણ નિબંધમાં તો રડુભાઈના પાવાની લોકધૂનો વહાવતો સૂર ‘કશા અપરિચિત પ્રદેશમાં, મનની કુંવારી ભૂમિમાં યાત્રા’ કરાવે છે. શાસ્ત્રીય સંગીતની પીઠિકામાં લોકસંગીતના સ્વર અને શબ્દની અનુભૂતિની વાત. ‘આકાશમાં કોણે પકડ્યો મારો હાથ’ નિબંધમાં હેમુ ગઢવીને સંબોધીને આવતી ‘હેમુ હેમુ મારા બાપ, ખમૈયા કરો’ ઉક્તિ દ્વારા મર્મસ્પર્શી બની છે.

આ તો એક રીતે આ નિબંધોના પોતાની વાત છે, એના પટની વાત કરીએ, તો અહીં નિબંધકારના ‘વ્હાલકુડા’ ઉનાળાની અને શિયાળાની વાત છે, અનેક સવારો અને સાંજો છે. ઉમાશંકર જોશી, સુરેશ જોષી જેવી વિભૂતિઓનાં રેખાચિત્રો સાથે તદ્દન અદના,

લગભગ અનામ આદમીનાં આલેખનો છે. નગર છે, નગરની શેરીઓ છે, ઘર છે, ઘરની બારી છે. પિતા છે અને તેમના પત્રો છે, અરે, તાવ જેવો તાવ પણ એક – બે નિબંધ આપી જાય છે, અહીં ભૂચિત્રણા છે, નભચિત્રણા છે, જળચિત્રણા છે.

'આ ઉમાશંકર મારા જ છે' નિબંધમાં નાની નાની ઘટનાઓ કે પ્રસંગો દ્વારા યજ્ઞેશની ચેતનામાં ઝિલાયેલા ઉમાશંકર છે. આપણામાંના દરેકના એક ઉમાશંકર છે, અહીં યજ્ઞેશના ઉમાશંકર છે. આવા નિબંધમાં નિબંધકારનો હું આત્મસ્થાપનામાં અજાણપણે ખોવાઈ જાય છે, પણ અહીં જે 'હું' છે, તેની ચેતના અત્યંત ગ્રહણશીલ છે. એ જ્યાં ત્યાંથી પામવા તત્પર છે. ખાસ તો જયારે ઉમાશંકર જોશી કે સુરેશ જોષી જેવા પુરોગામી કવિઓની સન્નિધિ મળે. એટલે અહીં એક યુવા પેઢીનો કવિસર્જક પોતાના પુરોગામી અને પ્રધાન કવિને કેવી રીતે નિકટ જઈ જુએ છે, તેની પ્રસંગો દ્વારા વાત છે. તેમાં ઓકટાવિયો પાઝની ચોપડીનો પ્રસંગ અત્યંત માર્મિક રીતે ઉમાશંકરના વ્યક્તિત્વને આગવા કોણથી રજૂ કરે છે – અથવા કહો કે ઉમાશંકરના એ સ્વ-ભાવને ઉદ્‌ઘાટિત કરે છે.

એવી જ રીતે સુરેશ જોષીની ચિત્રણા છે, આ સંગ્રહનો સૌથી દીર્ઘ નિબંધ સુરેશ જોષી વિષે છે – 'સુરેશ જોષી એટલે સુરેશભાઈ.' નિબંધકાર સુરેશ જોષીને પોતાની જીવન કુંડળીને અસર કરતા ઘણો ગ્રહોમાં એક ગ્રહ' માને છે. એટલું જ નહિ, એમના જતાં નિબંધકારને લાગે છે કે મારોય એક અંશ તેમની સાથે મરી ગયો છે.' ઉમાશંકર જોશી વિશેના નિબંધમાં, તેમ અહીં પણ પોતાની વૈયક્તિક ચેતનામાં ઝિલાયેલા સુરેશ જોષી છે, એ બધા પ્રસંગો અહીં ભાવપૂર્વક અને ભાવુકતાપૂર્વક ચિત્રિત થતાં નિબંધ લાગણીપ્રવણ બની ગયો છે. કદાચ એને આવા નિબંધની ખૂબી તરીકે પણ પ્રમાણી શકાય.

આ નિબંધકારે સંગ્રહમાં એકાધિક વાર રવીન્દ્રનાથની પેલી જાણીતી પંક્તિઓ 'કત અજાનારે જાનાઇલે તુમિ, કત ઘરે દિલે ઠાંઈ'નું સ્મરણ કર્યું છે અને એવી આ જીવનયાત્રામાં પરિચયમાં આવેલી વ્યક્તિઓનું ઓશિંગણ ભાવે સ્મરણ કર્યુ છે. મહુરી પાવો વગાડતો, પોતાની મસ્તીમાં રહેતો રડુભાઈ પાંડુભાઈ જો થોડો ખીલતો કે ખુલતો હોય તો તે આ નિબંધકારના સામી વ્યક્તિને જઈ ભેટવાના સહજ ગુણને લીધે પણ છે. એ મહુરી પાવાવાળા સાથે એની વહુનું પણ ભલે થોડી લીટીઓમાં જીવંત ચિત્રણ છે.

'અદનો આદમી મેં ભાળ્યો' નિબંધમાં ઘર અને ઘરવખરી બદલવાના ખિન્ન

અવસાદભર્યા મનોભાવની ભૂમિકામાં અંકાતું હામિદનું રેખાચિત્ર ચીલાચાલુ રેખાચિત્રોથી કેટલું ભિન્ન છે ! હામિદ પણ લેખકને મિનિટે મિનિટની વાતમાં એક કઠિયાવાડી પાસે ભાષાની જે ‘જણસ’ છે, તે બતાવતો જઈ સ્વયંનું – અદના માનવીનું જીવનવૃત્ત કહેતો ગયો છે. એવી રીતે કાશ્મીરના શહેર શ્રીનગરના ચહેરા સાથે લેખકના ચિત્તમાં બીજા બેત્રણ ચેહરાઓ એકરૂપ થઈ ગયાં છે, તેમાં એક અજાણ્યો મુસલમાન યુવક છે, જેની ઠેલણગાડીને લેખજે જરા હાથ દીધેલો, તે થોડું પૂછતા જ ‘ઉખળવા – ઉકળવા’ લાગે છે અને પોતા વિષે કહેતો જાય છે. લેખક છેક એના ઘર સુધી જાય, એ લેખકની માનવપ્રીતિનું દ્યોતક છે. એવો છે કાશ્મીરી પંડિત છોકરો, જે આ અજાણ્યા લેખકને પોતાને ઘેર લઈ જાય છે, એક જ રાત્રિનો સહવાસ – પણ ‘કોઈ પ્રિયજન અચાનક ખોવાઈ જાય’ અને એની રાહ જોઈએ તેમ લેખક તેની રાહ જુએ છે. આવા સીધાસાદા લગતા ચહેરાઓની રેખામાં ‘વ્યક્તિત્વની રેખા’ લેખક ઓળખે છે અને ઓળખાવે છે. લેખક પોતાના પિતાના પત્રોમાંથી (‘બાપુજીના પત્રના ખોળામાં) પોતાના બાપુજીને નવી રીતે પામે છે, એ વાત પણ પ્રભાવક રીતે કહેવાઈ છે. બાપુજીના ખોળાને બદલે બાપુજીના પત્રનો ખોળો કહેવામાં જે ભાવસત્ય છે, તે વાચક સમજી જાય છે.

નગર, શેરી, ઘરનાં નિબંધોમાં સ્વાભાવિકયતા અતીતરાગ ડોકાય. આ નગર મુખ્યત્વે રાજકોટ છે, આ શેરી રાજકોટની ધોબી શેરી છે. (એવી એક શેરી પોરબંદરની શૈશવસ્મૃતિઓથી રચાઈ છે ‘કોડીના રસ્તે’માં) પણ આ નગર કે ઘર અનેક નિબંધોમાં ઝાંકે છે. લલિતનિબંધ સાથે અતીતરાગ, કંઈ નહીં તો ગુજરાતી ભાષામાં અભિન્નપણે જોડાયેલો છે. એ શેરીમાં જવાતું નથી ભલે, પણ લેખક કહે છે – ‘એક શેરી જીવે છે મારામાં’ એ પછી દલેદલ ખુલે છે, સ્મરણોના અજવાળામાં. આપણને જયંતિ દલાલની ‘શહેરની શેરી’ યાદ આવે. આ બન્ને નિબંધોને સરખાવી શકાય. યજ્ઞેશના નિબંધમાં વ્યક્તિત્વંજકતતાને કારણે એ શેરી આત્મીય બની જાય છે. ‘મારી બધી યાત્રા જ્યાં પૂરી થાય.. ધરતીનો જ્યાં છેડો આવે તે ઘર.’ (પંચપટરાણીની સેવામાં ઘરકામ’) માં એક રવિવારે ઘરને કેવળ નૈકટ્યથી સાન્નિધ્ય આપે છે, તે સહજ કહેવાય છે.

આપણા લલિત નિબંધોમાં ઋતુઓની વાત વારંવાર આવે છે, કારણ કે ઘણા નિબંધોનું પ્રેરક કે તત્કાલ પ્રયોજન વર્તમાનપત્રમાં સ્તંભ લખવો તે છે. એટલે બદલાતી ઋતુઓ એક સર્વસામાન્ય વિષય બને છે. જોકે યજ્ઞેશે વસંતરાગ આલાપ્યો નથી કે વર્ષાની અવિરામ ધારાઓની બહુ વાત નથી કરી. તેમણે પોતાને પ્રિય ઉનાળાની વાત

કરી છે. કાલિદાસને પણ ગ્રીષ્મ પ્રિય છે. શાકુન્તલના પ્રથમ ત્રણ અંકનો ઘટના કાલ તપોવનમાં માલિની કાંઠેની ગ્રીષ્મઋતુ છે. એ ઋતુમાં જ કદાચ દુષ્યન્ત – શાકુન્તલા નો પ્રેમ પાંગરતો હતો. યજ્ઞેશે ઉનાળા આગળ બે વિશેષણ 'વ્હાલકુડો' અને 'મારો' લગાડી ઉનાળાપ્રેમની તીવ્રતાની વ્યંજકતા અવશ્ય ઘટાડી દીધી છે. 'ઉનાળો' અને 'ગ્રીષ્મ' એવી બે સંજ્ઞાઓ સાથે રાખી આ બે શબ્દો પોતે કેવો જુદોજુદો ભાવબોધ જગાડે છે તેની વાત પછી કવિ કાલિદાસના ગ્રીષ્મવર્ણનની સહારે વિસ્તારે છે. ઉનાળાની વાત કરતાં વળી શૈશવના દિવસોમાં ખોવાવાની તક લેખક ઝડપે છે. એવી રીતે શિયાળા ('શરીર સંકરતો મનને ઉખેળતો શિયાળો')માં પણ અતીતરાગ છે. પછી લેખક અમદાવાદની શિયાળુ સાંજે બ.ક.ઠા અને જીવનાનંદદાસની કવિતામાં રહેલી રહસ્યમયી સૃષ્ટિનો અર્થ શોધવાની મથામણ કરે છે. એની તરત પછીના નિબંધ 'राधे गृहं प्रापय' માં પણ શિયાળાની વાત છે. કવિતાને સહારે જ એ નિબંધ ટકી જાય છે.

ઋતુની જેમ સવાર, બપોર અને સાંજ અને એ સમયની નિબંધકારની મનોમુદ્રાઓના અનેક લલિતનિબંધો આપણી પાસે છે. તેમાં કાકાસાહેબનું 'મધ્યાહ્નનું કાવ્ય' અનન્ય છે. આ સંગ્રહનો છેલ્લો આખો નિબંધ 'શરની જેમ સવારથી સાંજ પસાર થતી શરીરમાંથી'નો તો વિષય જ છે સવાર બપોર અને સાંજ. થોડી સાંજે વ્યક્ત કરતી સંકેતસંજ્ઞાઓથી થયેલું સાંજનું આલેખન વિશિષ્ટ બને છે. એ તથ્યાત્મક વર્ણનમાં ઉમેરાય છે એક ભાવાત્મક સહસંવેદન વનલતા સેન, ઊર્મિલા અને પેનીલોપી જેવી કાવ્યનાયિકાઓના નિર્દેશથી. નિબંધ એની વર્ણનાત્મકતાને અતિક્રમી જાય છે.

સંગ્રહમાં કેટલાક મન:સ્થિતિઓના નિબંધ છે. જેનો ઉપાડ પણ સુરેશ જોષીની શૈલીથી થાય. પણ એ ટેક ઓફ લીધા પછી તરત જ આ નિબંધકાર પોતાની મુદ્રા અંકિત કરે છે : 'હમણાં હમણાંથી ક્યાંય સોરવાતું નથી – ઉખડેલા ઉખડેલા રહેવાય છે. કારણકે કંઈ નથી..... ('આનંદવિષાદને ઝોલે').

'અરૂપસાગરે રૂપરતન' એક વિજ્ઞાનીએ લખેલી ગદ્યકવિતા છે, જેમાં પૃથ્વીની ઉત્ક્રાંતિથી શરૂ થઈ આજની સંસ્કૃતિ સુધીની વાત કે સૂર્યના ધધકતા ગોળમાંથી છૂટી પડેલી ધરતી ફરતાં બનતા સાગરો અને સાગરજનિત જીવોની વાત કરતાં નિબંધકારની ભાષા લોચમયી બની ગઈ છે – 'અનંત એકરૂપ વાયુરૂપ વિશ્વમાં પૃથ્વી ચઢે છે. રૂપાકારને ચાકડે. તે ફુત્કારે છે, મહાજ્વાળામાં સળગે છે, ધૂંધવાય છે, ફદફદે છે, સીઝે છે, ઠરે છે, છમકરા મારતી વરસે છે... તરબોળ તૃપ્ત થાય છે, જળ બની હલબલે છે,

હિલોળાય છે, ઊછળે છે સમુદ્રોમાં. સમુદ્રે રહે છે ઓઘાન. એ જણે છે અમીબા, શંખ, કોડી, છીપ, મત્સ્ય, કચ્છપ.' આમ એક વિજ્ઞાનીનો જે માત્ર ઉત્ક્રાંતિ ઇતિહાસ હોત, તે અહીં છે ગદ્યકવિતા.

આપણા આજના ઘણા નિબંધો કાવ્યગંધી બને છે. કવિતાની કોટીએ પહોંચવામાં નિબંધના લાલિત્યનું ચરમરૂપ પ્રકટ થતું હોય તેમ કેટલાક નિબંધકારોથી સમીક્ષકોના વલણ સમજાય છે. પણ એ લપસણી ભૂમિથી નિબંધકારે સાવધ રહેવાનું છે. નિબંધ 'લિરિકલ' હોય એનો વાંધો નહિ, પણ નિબંધના લેબાસમાં આવતું કશુંક કાવ્યાભાસી એ નથી કવિતા કે એ નથી નિબંધ.

યજ્ઞેશ કવિ છે, એમને માટે લલિતનિબંધના ક્ષેત્રે પ્રવેશતાં આ જોખમ ડગલે ને પગલે છે. પરંતુ આ નિબંધોમાં ભાગ્યે જ એવી જોખમની ક્ષણો આવી હશે. એમના નિબંધ નિબંધ રહે છે, છેક સુધી, એટલું જ નહિ એમાં રચયિતાની આગવી છાપ પણ અનુભવાય છે.

અમદાવાદ

૨૮-૧૨-૧૯૯૬

**-ભોળાભાઈ પટેલ**

# ૧ - જ્યાં મહુરી પાવો દુ:ખને ધોઈ નાખે છે

દસેક દિવસથી આહવામાં પડાવ છે. પહાડો સામાન્ય રીતે મને નથી ગમતા. એલ ક્લોસ્ટ્રોફોબિક ઈફેક્ટ થાય છે – પુરાઈ ગયા જેવી, મુંઝાઈ ગયા જેવી લાગણી થાય છે. પણ પણ આહવા ઊંચાઈ પર છે અને થોડાં ખુલ્લામાં વસ્યું છે, ચારે તરફ નાના મોટા ડુંગરા છે – પણ દૂર. ક્ષિતિજને ઊંચો ચોકી પહેરો નથી. રાતે આખા આકાશનો ચંદરવો તણાયેલો જોઈ શકાય છે અને આહવાના ઊંચાઈવાળા વિસ્તારમાંથી દૂર દૂરનાં થીજી ગયેલાં હરિત નીલ મોજાંઓ જેવી ગિરિમાલા અને જંગલોનો અબાધિત પ્રદેશ દેખાય છે.

ભૂપલીના આલાપ જેવી સાંજનો રક્ત શ્યામ ઘૂસર અંધકાર ગાઢ થતો જાય છે. તેની રક્તાભ ઝાંય ગાઢી થઈ કથ્થાઈ કાળામાં પલટાતી જાય છે. નીચે છૂટું છવાયું ગામ ફેલાઈને પડ્યું છે. આહવાની સરકારી કચેરી, રહેણાંકનાં પાકાં મકાનો અને વાંસની ગાર લીંપી ભીંતો વાળા છાપરછાયા કસ્બાઓ એક વિરોધ રચે છે. ઢોળાવ ઉતરતી એક ટેકરીની કેડી ની કેડે બેસી હું પણ મેદાનમાં ઉતરી આવું છું અહીંના આંબાપાડા વિસ્તારમાં. બે-ત્રણ દિવસ પહેલાં એક મહુરી પાવો વગાડતા મસ્તીમાં રહેતાં રડુભાઈ પાંડુભાઈની ઓળખાણ થઈ છે. અખાત્રીજના ભવાડા ઉત્સવમાં તે મળી ગયેલો. સ્થાનિક આયોજક શ્રી ગુલાબભાઈ ગવળીએ ઓળખાણ કરાવેલી.ચડ્ડી અને બુશર્ટ પહેરેલો. તાંબાવર્ણા ચહેરા પર ડાંગના અને જિંદગીની તડકી છાંયડીના ચાસ પડેલા. મળ્યો ત્યારે પહેલાં તો તરત જ હાથ જોડ્યા. ચિક્કાર પીધેલો. મહુડો રગેરગમાં, આંખમાં, બોલચાલમાં બધે ચડી ગયેલો. અમે રેકોર્ડિંગ કરવા માટે માનભેર આમંત્રણ

આપ્યું તો ભોળું ભોળું હસતા શરમાતા પ્રોમીસ આપ્યું હતું કે અખાત્રીજનો ઉત્સવ પત્યે કાલે રેકોર્ડિંગમાં આવશે.

આ મહુરી પાવો એ આપણી સાદી વાંસળી કરતા જુદો. ઉપર નીચે એમ બંને તરફ છેદ. વચ્ચે એક નાની ભૂંગળી. આ ભૂંગળીથી ફૂંક મારી વગાડવાની. આંગળીઓ ફેરવવાથી સૂરી નીચેનાં છિદ્રોમાંથી નીકળે અને સૂરોને પૂરાવતા સ્વરો ઉપરનાં ડામર લાખથી બુરેલાં નાનાં છિદ્રોમાંથી નીકળે. અહીંના લોકો કહે છે કે સવારની નીરવ ઠંડી શાંતિમાં દરણું દળતી સ્ત્રીઓનો થાક આ મહુરી પાવો હરે.

અખાત્રીજને બીજે દિવસે રાહ જોઈ. દેખાયો નહીં. ત્રીજો દિવસ ગયો, રાહ જોઈ, દેખાયો નહીં. થયું તેનું ઘર ગોતી તેને ઘરે જ પકડવા દે. પૂછતા પૂછતા ઘર ગોતતા ગયા. મહુરીપાવાવાળો આખા આહવામાં એક જ. આંબાપાડા કસ્બામાં પહોંચતા જ પરસાળો, બારીઓ, બારણાંઓ રસ્તામાં ડોકિયાં કરવા લાગ્યા. બહારથી હળવી બૂમ પાડી. ઘરવાળી અંધારા ઓરડામાંથી પરસાળના ઉંબરે આવી ઊભી. કાછડો વાળેલી સાડી, નાકમાં મોટી નથ. સતત હસતી વખતે તમાકુથી કાળા ડાઘાવાળા સફેદ દાંત દેખાતા. તે કહે 'ઘરે ની હુતો'. પછી સંકોચથી આછું આછું હસ્યા કરે. પોતાનાં અને પાડોશીનાં બે ચાર છોકરાંએ સમાચાર આપેલા તેથી હળી કાઢી દોડતો આવ્યો. હાથ જોડી રામ રામ કર્યા. અમે પ્રેમથી ઉધડો લીધો કે 'કેમ ન આવ્યા ?' તે ડાંગીમાં કહે આખી રાતનો ઉજાગરો હતો તે સૂઈ ગયેલો. બીજે દિવસે એકલા આવતાં થોડો સંકોચ થયો. અમે પાવો સાંભળવાની ઇચ્છા રોકી ન શક્યા. એ અશ્રુત સ્વરો કદી સાંભળ્યા ન હતા. અમે સાંભળવાની ઇચ્છા કહી કે તરત જ અંધારિયા ઘરમાંથી પાવો લાવી નાની ખુલ્લી લીંપેલી પરસાળમાં વગડવા લાગ્યો. એક પછી એક ધૂનો. એ પાવાનો હળવી હલકભર્યો નરમ મીઠો અવાજ અપૂર્વ હતો. તે સૂરો સાથે કોઈ સ્મૃતિઓ જોડાયેલી ન હતી. તેથી તેના સૂરો કશા અપરિચિત પ્રદેશોમાં, મનની કુંવારી ભૂમિમાં યાત્રા કરાવતા હતા. તેણે જે ધૂનો વગાડી તેમાં એક ધૂન હતી 'વાંઝણી સ્ત્રીની ધૂન'. આ ધૂન વિષે સમજાવતાં કહે છોકરાંવાળી મા તો છોકરાંવને નવરાવે ખવરાવે ધવરાવે સુવરાવે તેટલો સમય પૂરતો પણ આરામ પામે. જયારે વાંઝણી સ્ત્રીનો તો માનો આખો દિવસ કામ કામ ને કામ. એક તરફ છોકરાં ન હોવાનું દુ:ખ ને ઉપરથી આ કામ. એવી સ્ત્રીઓની શરીરની પીડા અને

મનનું દુખ આ ધૂન સાંભળી હળવું થાય. માનવીય પ્રેમ, અનુકંપા અને ઊંડી સમજથી હું તો ઘાયલ. અમે ના ન કહી ત્યાં સુધી મન ભરી વગાડ્યું. આંગણાંમાં જ થતો આ ખેલ જોઈ છોકરાંઓ અને પાછલા ઝૂંપડાની બાઈ પણ થાંભલીને અઢેલી ઊભી રહી ગઈ.

નાનકડી પરસાળ અને ઓટલે બેઠેલાં છોકરાંવને બતાવી પૂછ્યું કે તારા કેટલા ? તો એક બાર તેર વરસની છોકરીને બતાવીને કહે 'આની મા મરી ગઈ.' બીજા આઠેક વરસનાં છોકરાંને દેખાડીને કહે આની બિચારાની મા પણ મરી ગઈ. મેં પૂછ્યું. 'તો આ ઘરમાં છે તે ? તો કહે ' બે-ચાર મા વગરના છોકરાંઓનું કોણ ધ્યાન રાખે ?' એટલે લગન કર્યા. બે ત્રણ લગનથી બે ચાર છોકરાંઓ થયેલાં. સંકોચ અને Taboos વગરના અને સહજતાભર્યા આ સમાજમાં મારો સવાલ જ અસ્થાને હતો.

છૂટા પડતી વખતે સાંજ વધુ ધૂંધળી થઈ ગઈ હતી. ઝૂંપડીઓમાંથી નીકળતા ધુમાડાથી દૂરનું મેદાન અને શેરી ગાઢ થવા લાગ્યાં હતાં. તેની ઘરવાળી અને છોકરાઓ સાથે વાતો કરતાં કરતાં તેને તાન ચડી કે અચાનક જ મહુરી પાવો વગાડતો વગાડતો નૃત્યની ચાલના આગળ પાછળ હળવાં પગલાં લેતો ગાલ ફુલાવી પાવો વગાડતો વગાડતો અદ્દભુત નાચવા લાગ્યો. નાચવા માટે તેને લગ્ન-પ્રસંગ કે કોઈ પર્વ ઉત્સવના નિમિત્તની જરૂર ન પડી. સંસારમાં તેને દુઃખ તો હશે પણ આ મહુરી પાવો, મહુડો અને નાચ તેને ધોઈ નાખતાં હશે. તેનાં નૃત્યમાં શાસ્ત્રીયતા ભલે ન હતી પણ કશુંક અનન્ય પ્રાકૃત લાસ્ય હતું. જીવનના સ્ફુર્ત ઉત્સમાંથી આવિર્ભૂત થતો ઉત્સાહ હતો. છૂટા પડતી વખતે અમે અહીંનું લોકધાન નાગલીના રોટલાની ઇચ્છા કરી અને રેકોર્ડીંગ માટે સ્ટુડિયો પર આવે ત્યારે સાથે બાંધી લાવે તેવી વિનંતિ કરી. તેણે ઉંબરામાં ઉભેલી પત્ની તરફ નજર મેળવી અમારી આ પરોણાગત સ્વીકારી. તે તો સમજી ત્યારનું હસવા જ લાગેલી. અંધારામાં હાથ ફરકાવતા અમે કસ્બામાંથી વિદાય લીધી.

બીજે દિવસે સાંજે પાંચેક વાગે સ્ટુડીયોમાં હાજર. ઇન્દ્રસભામાં ભૂલા પડ્યા જેવી તેની દશા હતી. બીઈજુ કાંઈ બોલ્યા વગર હાથ જોડ્યા પછી તરત જ મેલી થેલીમાંથી સુદામા તાંદુલ કાઢે તેમ છાપામાં ચીવટપૂર્વક વીંટેલા રોટલા કાઢી અમને આપ્યા. રેકોર્ડીંગ કદી કરાવ્યું ન હતું છતાં અમારી સૂચનાઓ તરત જ સમજી ગયો. રેકોર્ડીંગ પૂરું થયા પછી તેનો જ મહુરી પાવો સાંભળવા બુથમાં બોલાવ્યો. સાંભળીને આખો ચહેરો કુતૂહલ,

આશ્ચર્ય અને આનંદથી ચમકી ઊઠ્યો. તેનો સૂર પહેલી વાર તેનાથી જુદો પડ્યો. અમે કહ્યું કે આજે સાંજે સાત વાગે જ તારો મહુરી પાવો રેડિયો પર આવશે. આખા ડાંગમાં ગામડે ગામડે ઘરે ઘરે ડુંગરે ડુંગરે ખીણે ખીણમાં તારો પાવો સંભળાશે. ને રેડિયો પર તારું નામ પણ આવશે, સાંભળજે.

સાંજે તે કાર્યક્રમ સાંભળે છે ક નહીં તે જોવા ફરી પહોંચ્યા તેના ઘરે. કાર્યક્રમ પૂરો થવાની થોડી જ વાર હતી. પોતાની ઘરવાળી આડોશ-પાડોશની એક બે સ્ત્રીઓ છોકરાં ભેગા થઈ, સાંભળતાં હતાં. કાર્યક્રમ પૂરો થયે તેનું નામ રેડિયો પર બોલાયું ત્યારેક કશુંક માની ન શકાય તેવા આશ્ચર્યાનંદથી તે સાંભળી રહ્યો. અહીંના સ્થાવી ભાવ હાસ્યની એક હળવી લહેર દોડી ગઈ. તેની મોટી છોકરીને સ્ટુડિયોનું વર્ણન કરે. 'મોટો સરસ ઠંડો રૂમ તેમાં બેસી આપણે વગાડવાનું. આપણા સિવાય કોઈ ન હોય' અમે કહ્યું તારી છોકરીને ડાંગી ગીત ગાવા લેતો આવજે. છોકરી તેની બહેનપણીઓ સામે જોઈ હસીને શરમાઈ ગઈ. અમે પૂછ્યું કે તારા દીકરાને મહુરી પાવો શીખવાડે છે ને ! તો અફસોસથી કહે 'ની સિખતો સાયેબ' તેની પછીની પેઢી તો ઓયે ઓયે, ઈલુ ઈલુની છે તેનું અમને પણ દુઃખદ ભાન હતું. મહુરી પાવો સાંભળનારા અમે ભલે છેલ્લા ન હોઈએ પણ વગાડનારો તો તે છેલ્લો જ છે, તેનો અફસોસ થયો.

છેલ્લાં દસેક વરસથી આકાશવાણીમાં સેંકડો લોકોનું રેકોર્ડીંગ કર્યું છે પણ તે દિવસે જે મજા આવી છે તે મજા ક્યારેય આવી નથી. સાર્થકતા તૃપ્તિ અને પ્રાપ્તિની લાગણીથી અમે બંને ભર્યા ભર્યા હતા. ઓછી જરૂરીયાત, ઓછા બંધન, ઓછી આંટીઘૂંટી વાળા અને સહજ સ્ફુર્ત આનંદના આવિર્ભાવથી ભર્યા ભર્યા તે માણસમાં મને આપણી માનવજાતિનું દૂર વિસરાઈ ગયેલું ભોળું બાળપણ દેખાયેલું. હજીય ઘણીવાર આંખો બંધ કરું છું ને મોડી સાંજનાં પ્રકાશમાં પરસાળમાં મહુરી પાવો લઈ નાચતી છાયાચિત્ર જેવી તેની છાયા દેખાય છે.

# ૨ - અપૂર્વ પૂર્વમેઘ

અગાશીમાં સવારની ઠંડકથી લપેટાયેલી ચાદર ઠંડી થઈ ગઈ છે. જાણે સુખદ ઠંડુ જ સુંવાળી ભાગલપુરી ચાદર સ્વરૂપે ન આવી હોય ! અડધી પડધી ઊંઘમાં આમથી તેમ પડખાં બદલું છું ને ચાદરનો ઠંડો સુંવાળો સુખદ સ્પર્શ થાય છે. નાક સુધી આવી ગયેલી ચાદરમાં સુતરાઉ કાપડની સાથે ઠંડી અને ભેજની ગંધ પણ ભળી છે. પડખાં આમથી તેમ ફરું છું પણ ઊંઘ ઊડતી નથી. વચ્ચે વચ્ચે કોયલના ટહુકારથી ઊંઘમાં છીંડા પડે છે પણ ફરી અડાબીડ ઊંઘ ઊગવા લાગેછે. અંદરની જ કોઈ ઘટિકાને ઈશારે શાંત શરીર સળવળ્યું. આંખો ચોળી ઘડિયાળમાં જોયું – સાડા સાત થયા'તા ! જાતા જૂન મહિનાની સવારે હજી કેમ અંધારું છે ? ઉપર નજર પડી ને નરસિંહે કહ્યું.

"નિરખને ગગનમાં...."

આખાશમાં વાદળો બંધાયાં હતાં. આકાશને ઓઘાન રહ્યાના સમાચારથી દર્શનથી ચિત્ત ચંચળ થઈ ઊઠ્યું. અરે આ આકાશ સામે તો મહિનાઓ સુધી જોયું જ નહીં ? તેનો મનોહારી નીલ રંગ નજર બહાર જ રહ્યો ? અને જયારે વાદળોએ આકાશને ઘેર્યું ત્યારે જ કેમ નજરે ચડ્યું ? આકાશ તો હતું જ દિગંત વ્યાપ્ત. આ વાદળોનાં આચ્છાદનથી આકાશ ઢંકાય છે અને કલ્પના લોક ખુલે છે. ઉપરનાં રૂમમાં મેઘદૂત પડ્યું છે. કિલાભાઈ ઘનશ્યામનું સમશ્લોકી. એ પણ આકાશની જેમ હતું જ – ત્યાં જ. પણ ઉઘાડ્યું ન હતું. દરબારી જેમ ભાંગતી રાતે કે ભટિયાર ઉઘડતી સવારે સાંભળવાની કે બહાર વસંતઋતુમાં સાંભળવાની મજા જ કંઈ ઑર હોય છે, તેમ મેઘદૂત આ ઋતુમાં વાંચવાની મજા જ કંઈ ઑર છે. ડોશીઓ જે પવિત્રભાવથી ઓખાહરણ

વાંચે તેમ હું મેઘદૂત. દેવભાષા સંસ્કૃત પૂરી સમજું નહીં, છતાં કિલાભાઈના અનુવાદથી આંગળીએ આંગળીએ તેના શ્લોકે શ્લોકે ફરું. સંકુલ સમાસ આવતાં ગડથોલું ખાઉં, પણ મંદાક્રાંતાના હિંચકે ઝૂલું છું.

આ મેઘદૂતમાં એવો તે શું છે કે મારા જેવા સંસ્કૃતના અલ્પજ્ઞાનીને પણ પકડે ? ઉમાશંકર જોશી તો કહે કૃષિપ્રધાન આ દેશમાં કાલિદાસે મેઘદૂતમાં દૂત તરીકે મેઘની પસંદગી કરી એમાં જ અડધું મેદાન મારી ગયા. વાત તો ખરી. આ મેઘની ચતાકથી માંડી નાણાંપ્રધાન મનમોહનસિંહ બધાં કાગડોળે રાહ જુએ છે અને આ ઋતુમાં આપણે પૃથ્વીવાસી ગગનમંડલમાં રહીએ છીએ. શિયાળામાં તો તડકો પોતે જ નીચે ઊતરી આવી પથરાઈ જાય અને ઉનાળાના પ્રચંડ સૂર્ય સામે જોવાની કોની મજાલ છે ! ચોમાસામાં ભરબપોરે પણ વાદળાંઓ ચડી આવ્યાં હોય તો તમે આકાશનું સ્નિગ્ધ દર્શન કરી શકો. વાદળોની સતત બદલાતી આકાશ લીલાને નિહાળી શકો. આ મેઘદૂત એ એક રૂપક માત્ર છે ? અત્ર અને અદ્ય ને પામવાનું ઇજન છે ? વ્યક્તિમાં સર્વસ્વ ખોઈ બેઠેલા યક્ષને સમષ્ટિના સ્વીકાર માટેનો સહજ પ્રપંચ છે ? રૂપબદ્ધ આ રૂપવતી પૃથ્વીના રૂપો અને પેલી પારના આત્મા જેવા લોક વચ્ચે વાદળ જાણે સંધાન કરી આપે છે.

કાલિદાસ કહે છે કે આ મેઘમાં એવું કશુંક તો છે જે તમને વિહવળ કરી દે. તમને જંપવા ન દે.

'मेघालोके भवति सुखिनोऽप्यन्यथावृत्ति चेतः'

માત્ર વિરહી યક્ષ જ શું કામ, પણ પ્રિયાઓ પોતાનાં પાશમાં જ રહેલી છે, તેવા પ્રિયજનો પણ મેઘને જોઈને અન્યમનસ્ક ઉદાસ થઈ તાકી રહે છે. એ ઇજન છે ઓ પારનું. કશુંક રહસ્યમય લાગવા માંડે છે. મેઘને જોઈને કશુંક એવું અંદર છટપટવા લાગે છે કે તમે જાતને પણ સમજાવી શકતા નથી. ઘડી ભર તમે જાતિસ્મર થઈ જાવ છો અને તમને તમારા પૂર્વ જન્મોનું કેટલું અસ્ફુટ યાદ આવવા લાગે છે. મેઘ તેની અભિજ્ઞાનમુદ્રિકા લાવીને કહે છે હું તને છોડાવા આવ્યો છું, અને આપણે મન મૂકીને મેઘની સાથે નીકળી પડીએ છીએ.

મેઘ સાથે સ્લો મોશનમાં સરકતા સેલારા મારતા કાલિદાસ આપણને કેટકેટલું દેખાડે છે.

ભારતના મોટા ભૂભાગનું એ પ્રથમ Arial picture હશે. તેણે પિક્ચર – ચિત્ર જ કહેવું પડે તેવી સૂક્ષ્મતાથી આલેખતા જાય છે.

ભેખડ પર ગંડસ્થળ ઘસતા ગજરાજો, હાથીની સૂંઢ પર ચિતરેલ ચિત્રવલ્લી સમી ભ્રૂભંગ દાખવતી નર્મદા, ભેખડો સાથે અફળાવાથી તેનો વિશીર્ણ વીખરાવ, પૃથ્વીને ફલવતી કરતાં શિલિન્ધ્રો, નાના રત્નસમાં ઇન્દ્રગોપ, ચાંચમાં બિસતંતુ લઈ માનસરોવર ભણી ઊડતા રાજહંસો, વર્ષાકાળે ગર્ભધાનથી ખુશ થયેલી બગલીઓ, શાખે પાકેલા પીળા આંબલાઓ, જાંબુવન જેવી ગાઢ દશાર્ણની સીમો, વેતસકુંજો, કુટુજ કુસમો, અધફૂટ્યા કદંબો, કેળની ડૂંખો, કેવડાની પીળી વાડો, થિરકતા મયૂરો, ઉજ્જયિનીના છજા પર બેઠેલાં કબૂતરો, ઘોર નગારે મહાકાલની સાંધ્ય આરતી, અવંતિ વિદિશા.... જાણે ગ્રામપદથી જનપદ, તુચ્છ જંતુથી મહત્ બધાને સમાવતું કોસ્મોસ.

બેચાર નારી-ચિત્રો મનના ભિત્તિપટલ પર અંજાતા શૈલીમાં અલસભંગ અતિભંગ ત્રિભંગમાં દોરાયેલ છે. માળવાનાં ખેતરો પર અમી વરસાવનાર મેઘ પર હાથનું નેજવું કરી અમી દ્રષ્ટિ પાથરતી કુલવધૂઓ, કમલતાલના કાંઠા પર કમળ વીણતાં પરસેવો લૂછતાં કાનના કમળો ચુંથાઈ ગયાં છે તેવી માલણો, કરંડિયા પર કેશ પાથરી અગરુ ચંદન ધૂપ દેતી ઉજ્જયિનીની વધૂઓ, રત્નજડિત ચામરોની રત્નપ્રભાથી દેખાતી ચામરધારિણીની ત્રિવલ્લીઓ, કામીઓની નીવિબંધ છોડવાની ચેષ્ટાથી લજ્જિત થઈ કુમકુમના મુઠ્ઠાથી રત્નદીપને હોલાવવાનો વૃથા પ્રયાસ કરતી નૃત્યાંગનાઓ, કનકરેતમાં રત્ન શોધવાની ક્રીડા કરતી કન્યાઓ; સારિકા સાથે એકલી એકલી વાતો કરતી, ચોથે પ્રહરે પણ જાગતી રહેતી, પ્રિયમિલનના અવધિ દિવસને ઊંબરા પર પુષ્પો મૂકી ગણતી કરુણ ગાન ગાતી અશ્રુજલથી તાર ભીના થવાથી વારે વારે ઊતરી ગયેલી તંત્રીવીણા વગાડતી યક્ષપ્રિયા – એ બધું કુશળમાં કુશળ ચિત્રકારથી ય વિશેષ કુશળતાથી મનમાં દોરાઈ જાય છે.

નગરીઓ નદીઓ પણ કેવાં લાડ લડાવ્યાં છે. એ અવંતિ, વિદિશા, ઉજ્જયિની વક્ર ભ્રૂભંગ ચાલે ચાલતી વિંધ્યવાસિની નર્મદા, જળલહેરોથી ઊડી ઊડી કલધ્વનિ કરતાં પક્ષીઓની મેખલાવાળી નિર્વિન્ધ્યા, તરંગવિલાસિની વેત્રવતી, સારસધ્વનિ અને કમળરજના સ્પર્શથી ગંધારૂઢ પવન, ગંભીરાનો હૃદયસ્નાન જેવો ગંભીર વારિપ્રવાહ,

સ્ફટિકશુચિ ગંગા..... કાકાસાહેબ કાલેલકરને લોકમાતા લખવાનું મેઘદૂતમાંથી નહીં સૂઝ્યું હોય ને ?

'આ બધાંથી વધુ અંદર ઝમે છે, યક્ષની પ્રેમ અનુકંપા પસારતી દ્રષ્ટિ. મેઘને પણ કેટકેટલી નમ્ર સૂચનાઓ ને ભલામણો.... તું માળવાનાં ખેતરો પર કુલવધૂઓની અમીદ્રષ્ટિ પામજે. તું કૃશ વિરહિણી નિર્વિન્ધયાને મિલનપ્રેમથી સ્ફીત કરજે. તું તારી ગર્જનાથી સહચરીને ડરાવી દેજે કે જેથી તે બહાને તે પ્રિય તેનો આશ્લેષ પામે. ઉજ્જયિનીની વારાંગનાની તારી સ્નિગ્ધતાથી ક્લાંતિ હરજે. સૂર્ય કિરણઅંગુલિથી કમલિનીનાં અશ્રુઓ લ્હોતો હોય ત્યારે તેને ઢાંકીશ નહીં. તું દેવદારુની ડાળીઓ ઘસવાથી લાગેલા દવથી બળતી ચમરી ગાયોની ચમર-પૂચ્છને ઠારજે, અલકા નગરીમાં યક્ષપ્રિયાની અટારીએ ધીમેથી બારીમાંથી ખંડમાં પ્રવેશ કરજે કે જેથી તે બીને ચોંકી ન જાય કે છેલ્લા પ્રહરે માંડ મળેલી આંખે તેના સ્વપ્નમાં મારો મિલનભંગ ન થાય.

પૂર્વમેઘના પ્રસ્તાર પછી, લીલા પછી સોયમાં દોરો પરોવાય તેમ ક્રૌંચરન્ધ્રમાંથી આપણે પણ તેની સાથે અલકા પહોંચીએ છીએ ત્યારે સુરેશ જોષી કહે છે તેમ ઉત્તર મેઘના મંથર વિલંબિત શાંત મન્દાક્રાન્તાના લયમાં શમીએ છીએ. યક્ષ મેઘને આશીર્વાદ શુભેચ્છા આપે છે કે 'તારો કદી તારી પ્રિયા વીજળીથી વિયોગ ન થશો'. જો યક્ષના વિરહથી મેઘદૂત મળ્યું તો મેઘના વિરહથી શું મળશે ? યક્ષે તો અનુકંપાથી ઇચ્છ્યું આપણે લોભથી ઇચ્છીએ કે મેઘને પણ વિરહાનુભુતિ થાય. જો કે યક્ષની વાતમાં તેને પરોક્ષાનુભૂતિ તો થઈ જ હશેને !

રવીન્દ્રનાથ તો પૂર્વમેઘ અને ઉત્તરમેઘનું અપૂર્વ અર્થઘટન કરે છે. તેઓ લખે છે 'બધા જ કવિના કાવ્યના ગૂઢ અભ્યંતરમાં આ પૂર્વમેઘ અને ઉત્તરમેઘ રહ્યા હોય છે. બધાં જ ઊંચી કોટિનાં કાવ્યો આપણને બૃહતમાં નિમંત્રે છે ને નિભૃત ભણી દોરે છે.... એક વાર તાનની સાથે આકાશ પાતાળમાં ફેરવે છે ને પછી સમમાં પૂર્ણ આનંદે આપણને સ્થિર કરી દે છે. કે કવિને તાન છે પણ સમ ક્યાંય નથી; જેમ કેવળ ઉદ્યમ છે, આશ્વાસન નથી તેનું કવિત્વ ઉચ્ચ કાવ્યની શ્રેણીમાં સ્થાયી રહી શકે નહીં... આથી કોઈ કવિનું કાવ્ય વાંચતી વેળાએ આપણે આ બે પ્રશ્નો પૂછીએ : એનો પૂર્વમેઘ આપણને બહાર ક્યાંય લઈ જાય છે ? એનો ઉત્તરમેઘ ક્યા સિંહદ્વારની સન્મુખ લાવીને આપણને ઉપસ્થિત કરે છે ?

એક અંગત વાત કહું ? મને તો મેઘદૂતના પૂર્વમેઘનું વૈવિધ્ય ચાંચલ્ય, આનંદ.... પૃથ્વી પર રોકી રાખે છે. ઉત્તરમેઘની અલકાપૂરી સુંદર છતાં શુષ્ક કુત્રિમ એકવિધ અને નિતાંત એકાકી લાગે છે. અત્યારે તો પૂર્વમેઘ અપૂર્વ લાગે છે, ઉત્તરવયે ઉત્તરમેઘ ગમે તો કહેવાય નહીં.

# ૩ - અદનો આદમી મેં ભાળ્યો

કોમનમેન કોણ હશે ? કોને કહેવાય ? તેણે મેં જોયો હશે ? મને તો મારા સહિત બધા અસામાન્ય લાગ્યા છે. કમ સે કમ હું પોતે તો ખરો જ. છતાં સામાન્ય માણસ કેવો હોય, શું વિચારતો પહેરતો ઓઢતો વાંચતો કહતો હોય તે અંગે એક કૂતુહલ રહ્યું જ છે. તેમાંથી લઘુતમ સાધારણ અવયવ તારવવાની ગણત્રી અને હું પોતે ક્યાં છું ક્યાક અંદાજ પણ બંધાય. આવા એક નર્યા માણસનો, ટેસદાર નિફિકરા માણસનો સત્-સંગ થયો.

અમદાવાદથી બદલી થવાની સામાન રાજકોટ લાવવાનો હતો. સામાન પેક કરતાં હતા ત્યારે જ કેટકેટલા સ્મૃતિતાકા ઉખાળતા હતા. સરસ બગીચાવાળું પોતાનું ઘર છોડવાનું ગમતું ન હતું. ઉખડેલા ઉખડેલા રહેવાતું હતું. ભર્યા ભર્યા ઘરની છેલ્લી રાત ભેંકાર ભીંતો વચ્ચે પસાર થઈ. સવારે રાજકોટથી કે અમદાવાદથી જ્યાં ક્યાંયથી મેળ પડે ત્યાંથી મેટાડોરનું નક્કી કરવાનું હતું. કન્યાની બે ત્રણ જગ્યાએ વાત ચાલતી હોય તેમ વાત ચાલતી હતી. સ્કૂટર પર દોડંદોડા. ગેસનું કનેક્શન પાછું આપવું. છેલ્લે છેલ્લે જમવા જવું, એસ. ટી. ડી. બુથ પર રાજકોટ અમદાવાદના ચક્કર ઘુમાવવાં, કોથળાઓને સીંદરીથી સીવવા – એવી ધમાલ ચાલતી હતી ત્યાં તો વાત કરી રાખી'તી તે રાજકોટના ટ્રાંસપોર્ટવાળા ભાઈ મેટાડોર લઈને ખાબક્યા. સમન્સ લાવ્યા હોય તેમ ૧૧ વાગે આવીને કહે 'એકાદ વાગે નીકળવાનું છે. એક દિવસ રોકાવાનું થશે તેમ ધારીને ઘણાં કામો આટોપવાનાં હતાં. સામાન પણ થોડો ઘણો બાંધવાનો હતો. ગમે તેમ કરી બધું મેનેજ કર્યું. જયંત જોશીને ત્યાં જમવા જવાનો સમય ન બગડે માટે કોથળીમાં પૂરી

શક લઈ આવી લુસલુસ જમ્યા. બપોરના તાપમાં બેચાર છોકરાંને બોલાવી લાવ્યો'તો તેમણે સામાન ઉપર ચડાવ્યો. મારી સાથે જે મેટાડોરવાળા ભાઈ આવ્યા હતા તેતો આસપાસ હૉટેલમાં ક્યાંક ખાઈ આવી સામેની સોસાયટીની દીવાલ પાસે આસોપાલવના છાંયે મેટાડોર રાખી સૂતા હતા. છોકરાંઓએ સામાન ચડાવ્યો ખરો પણ ગોઠવવાને બદલે ખડકી દીધો. આ માળો ન સામાનને હાથ દે. ન સૂચના આપે, બસ ઘાસની લોનમાં, ચંપાના ઝાડ નીચે ઊભો ઊભો નારાજ થાઓ જોયા કરે. અંતે બધો સામાન ચડાવ્યો ને છોકરાઓ તો પાંચ પચ્ચીસ લઈ રફુચક્કર થઈ ગયા. હવે તેણે બબડતાં બબડતાં બાજી હાથ પર લીધી. હચમચ ડામચિયા જેવો સખળડખળ સામાન ઠીક-ઠાક ગોઠવ્યો. તાણીને દોરડાથી જાકમાં લીધો. કમોસમી વરસાદનો ભય નોરતાંય હતો. તેથી તાડપત્રી ઉખેળી કસકસાવીને તેના બાવડાના જોરથી બાંધી. દોરડું એક ઝાટકે ફંગોળી આમથી તેમ નાખી બરોબર બધું બાંધી દીધું. મને કહે "બેનને જવા દયો બસમાં. બાઈ માણાં ભેગા નોં જોઈ" પત્ની બસમાં ગઈ. અને હું તેની સાથે. યોગેશ જોષીને હાથ ફરકાવતો અમદાવાદને અલવિદા કરતો પાછળ ગાંધીનગર બાયપાસ તરફ નીકળ્યો.

મનમાં લગભગ એક દાયકો અમદાવાદ ભરી ભરીને પડ્યું હતું. આંખમાં ગઈકાલનો ઉજાગરો, શરીરમાં થાક, આવતીકાલે સામાન ગોઠવવાનો કંટાળો બધું એક સામટું પડેલું હતું. ખિન્ન, અવસાદથી હૃદય ભરાઈ ગયું હતું ને મેં તેની સાથે વાતો માંડી.ચા પીધાં વગર નીકળ્યાં'તાં એટલે મેં ચા નું પૂછ્યું તો કહે 'ગમે યાં ઊભી કરી દેશું.' હાઈ વે પર ગાડી ચાલવતાં ચલાવતાં એક હાથે સ્ટેયરીંગ સત્જે બાકસ પકડી બીજા હાથે દિવાસળી કાઢી ખરર ઘસી હોઠના ખૂણે દાબેલી બીડી સળગાવી દમદાર કસ લેતા લેતા મારી સાથે વાતો માંડી.વાત વાટમાં મેં સહજ રીતે નામ પૂછ્યું તો ક્ષોભ સંકોચથી કહે 'હામીદ – મુસલમાન છીએ' કોઈ છાની વાત ખુલ્લી થઈ ગઈ હોય તેમ તેણે કહ્યું. કેમ જાણે મુસલમાન હોવું તે ગુનો હોય ! થોડાં વરસો પહેલાં એકરસ થઈ જીવતા સમાજમાં કેવા તડિયાં તિરાડો પાડવા લાગેલી તે દેખાણી. જો'કે તેનીસાથે પાંચ કલાક કરેલી મજેદાર વાતોમાં આપણે એક જ વારસાના વારસદાર છીએ તે વાતની સતત પ્રતીતિ થઈ. મને લાગે છે કે મારા કરતાં તો સ્થાનીક વારસો, ઈતિહાસ અને હિંદુત્વનો તે સાચો અને સારો વારસદાર હતો.

પિતા જૂનાગઢની નોકરીએ નવાબના અંગત રસાલામાં. નાટક ચેટક પણ સારી રીતે કરી જાણે. નવાબે માત્ર મનોરંજન માટે નાટક મંડળીમેં રહેવાનું કહ્યું પણ ન માન્યા અને ગોંડલ આવી વસ્યા – એ વખત સૌરાષ્ટ્રના પેરિસ ગણાતા પ્રજાવત્સલ ભગવતસિંહજીના ગોંડલમાં. ગાડી ચલાવતો ચલાવતો બીડીનો કસ લેતા સામેનાં ટ્રકને તારવતો કોઈ ટ્રકના ડ્રાઈવરને હાથ હલાવી બિરાદરીની સલામ ઝીલતો ઝીલતો વાતો કરતો જાય. ગઢ જૂનો ગિરનાર, જૂનાગઢના 'રા' રાજવંશની જાણે વહી ઉખેળતો જાય-રા'ખેંગાર, રા'માંડલિક, રા'નવઘણ. રા'વંશ પછી આવેલાં બાબીઓના વંશોની વાત કહેતો જાય. શેઠ સગાળશાના ચાલૈયાના હાલરડાંની વાત કરતાં કહે 'ક્યે છે કે શેઠ સગાળશા દાનવીર કરણનો અવતાર હતા.' મહાભારતના પાત્રોથી અજાણ નહીં.

પોતાના પરાક્રમની કથા કહેતો જાય. બાળપણથી જ અડબંગ બારકસ અને વંઠેલ. બાપે ભણતો ઉઠાડી ઓળખીતા મિત્રની ચાની હૉટલે નોકરીએ રખાવ્યો. ચડ્ડી પહેરેલી ટેણીની ટણી એટલી કે કોઈનો તોરીલો હુકમ ન સહન થાય. માલિકનેય જેટલું માન અપાતું હોય તેટલું જ મળે. માલિકેય દોસ્તનો દીકરો છે તે દાવે બધું નભાવે. બહારથી ઉછીનો ઝગડો હૉટલે લઈ આવે તો ક્યારેક બંથંબથીએ આવી જાય. જાણી જોઈને ચાના કપ રકાબી ભક્ કરતાં હેઠાં મૂકે ને ફોડે. પગાર કરતાં કપરકાબી ફૂટવાનો ખરચો વધી ગયો એટલે નોકરીથી પાણીચું મળ્યું.

ટ્રક હડતાળ હતી તેથી રસ્તો સરિયામ હતો. તેથી ગાડી પાણીના રેલાની જેમ સરકતી હતી. રસ્તામાં ચા માટે ગાડી રોકે તો અડધી જ પીવે.ચાના પૈસા કાઢવાનો વિવેક ચૂકે નહીં. બગોદરા કાઠિયાવાડી ઢાબામાં ગરમગામ તમતમતું શાક ને રોટલી ખાઈને ટેસમાં ગાડી ઉપાડતા પહેલાં કપડાનો હાથ મારી દે. ભીના કાગળથી આગળનો કાચ તો ચોખ્ખો ચણાક કરી નાખ્યો. વ્યસન તો માત્ર બીડીનું. છાંટો પાણીનું નામ નહીં. ધોરાજીમાં ઉર્સમાં કવ્વાલીવળી રંગીન બાઈઓના નાચ મુજરા જોયા છે ખરા. પણ આમ બહાર ક્યાંય જવાનું નહીં. બીબી વફાદાર તો પોતેય વફાદાર. બીડીનું વ્યસન બે બે વાર છોડ્યું છે પણ મા વછોયાં બચોળિયાં જેમ માને વળગી પડે તેમ ફરી વળગી પડ્યાં છે.

અણસમજુ ઊંમરે પરણાવી દીધો એટલે ઉભરો શાંત. ગોંડલમાં મજૂરીથી શરૂઆત કરી. માર્કેટીંગયાર્ડમાં માલિક સારા ઘઉંની સાથે અમેરિકન પી. એલ. ફોર્ટના હલકા ઘઉં

ભેળવવાનો ધંધો કરે. ઘઉંના કોથળા ઠલવી ભેળવી પછી તોલવાના. આ વાત કરતાં કરતાં તેણે અમેરિકાના હલકા ઘઉંને એકસરસ નર્મ ભરી ઉપમા આપી. તિરસ્કારમાં કહે 'ઈ સકલાની (ચકલાની) જીભ જેવા સુકલ ઘઉં' જેમણે ચકલીની નાની ચપટી જીભ જોઈ હશે તેને તેના ઉપરથી આ ઉપમાનો ખ્યાલ આવશે. એક સામાન્ય કાઠિયાવાડી પાસે ભાષાની જે જણસ છે તે તો તેની મિનિટે મિનિટની વાતમાં દેખાતું હતું. લીંમડી પાસે કોઈ પેટ્રોલ પંપ પાસે રોશની જોઈ મને નવાઈ લાગી કે દિવાળી આઘી છે ને અત્યારથી આ રોશની ! તો કહે, "હજી પોર સુધી તો ઝોલાં ખાતા'તા (ધંધો ચાલતો ન હતો) ઓણ સાલ ધંધો જાઈમો છ તયેં આ ઝાકમઝોળ અને છાકમછોળ છે" રસ્તામાં એકાદ ફિલ્મની સ્ટોરી કીધી. ધર્મેન્દ્રને ધમાબાપા જિતેન્દ્રને જીતુભાઈ એવી રીતે કહી પોતાનાં સ્વજન હોય તેમ વાત કરે.

ચોટીલા ચાનાસ્તા કરી ગાડીમાં ગોઠવાઉં તો અંદર સુગંધી સુગંધી અગરબત્તી પેટાવી હતી. શોધવા જાઉં તો ભગવાનનો એક ફોટો ન મળે. મેં કહ્યું કેમ કોઈ ફોટો નથી રાખતા ? તો કહે 'અમારાં જ ભાયું' – કહી એક ભૂંડાબોલી ગાળ દીધી. આયાં પગ ચડાવીને બેસે. મશીન કવર તરફ આંગળી ચીંધી કહે "આંયા આંયા એમના ટાંટિયા અડતા હોય. આ તો રોજી કહેવાય. રોજી છે તો આપણે છંયે બરોબરને સાહેબ. આંયા ક્યાં ભગવાનને રાખું. મેં નક્કી કર્યું ભગવાન જોયેં જ નઈ."

તેની સાથેની વાતોમાંને વાતોમાં વ્હાલથી વશેકું મારું રાજકોટ ક્યારે આવી ગયું તે ખબર ય ન પડી. દૂર આકાશગંગાના ટમટમતા તારા જેવા રાજકોટના દીવા ટમટમવા લાગ્યા. નવા ઘરે આવી તેણે સામાન ઉપર મુકાવ્યો. નીકળતી વખેતે હાથમાં બક્ષીસના પૈસા આપ્યા તો આનાકાની કરે. દીકરીના નામ પર પૈસા ગજવામાં મૂક્યા ત્યારે સંકોચ સાથે લીધા. આર. કે. લક્ષ્મણના કોમનમેનને મેં નજરોનજર જોયો. પૂતળા મ્હોરાંઓની આ દુનિયામાં એક અદના આદમીનો સ્વચ્છ ચહેરો જોવો તે કેટલો આનંદદાયક છે.

# ૪ - અરૂપસાગરે રૂપરતન

બ્રહ્મનું ઈંડું બેઠું બેઠું કોઈ સેવે છે. એ બ્રહ્મ છે ? બ્રહ્મની પૂર્વનું કોઈ છે કે બીજું કોઈ ? ઈશ્વર બિચારો એકલો છે. ભટકી પણ શકતો નથી. ભટકવા માટે વિશ્વ જ નથી ને ત્યાં અચાનક બ્રહ્માંડનું ઈંડું બ્રહ્મ- અંડ બ્રહ્માંડ ફાટ્યું તે ફાટ્યું તે હજી વિસ્તરતું જ જાય છે, વિસ્તરતું જ જાય છે. લાગ જોઈ ઈશ્વરે પણ કહ્યું 'એકોહમ બહુસ્યામ' હું એક છું બહુ થાઉં. તેણે બ્રહ્માંડમાં બ્રહ્માંડવ્યાપી ઘોષણા કરી કે 'સ એકાકી ને રમતે' તે એકલો રમતો નથી. ભલે. એ આદ્યશક્તિ શક્તિ ન રહી. ગતિ સ્થિતિ બની, ઠરી, પદાર્થ બની પદાર્થના સાતમા પાતાળે અણુના કેન્દ્રમાં છુપાણી, એ જ રૂપસંહિતાની ઋચા બની.

જે કાંઈ અતંત્ર છે, વાયવી છે, Amorphous છે, એકરૂપ છે તેના રૂપવિધાન, રૂપપ્રપંચ. રૂપવિસ્તારમાં રૂપાયિત થાય છે બહુલતા. અરૂપના સાગરમાં પાકે છે રૂપરતન. અનંત એકરૂપ વાયુરૂપ વિશ્વમાં પૃથ્વી ચડે છે રૂપકારને ચાકડે. તે ફુત્કારે છે, મહાજ્વાલામાં સળગે છે, ધૂંધવાય છે, ફદફદે છે, સીઝે છે, ઠરે છે, છમકરા મારતી વરસે છે, ધોધમાર વારસે છે, વરસતી રહે છે, તરબોળ તૃપ્ત થાય છે, જળ બની હલબલે છે, હિલોળાય છે, ઉછળે છે સમુદ્રોમાં. સમુદ્રને રહે છે ઓધાન. એ જણે છે અમીબા, શંખ, કોડી, છીપ, મત્સ્ય, કચ્છપ. સમુદ્રનાં એકવિધ 'સી સ્કેપ' માંથી માંથું ઊંચકે છે ખંડો. અનેક પર્વતો, ઉપ્તયકાઓ, મેદાનો, નદીઓ, સરોવરો, ભૂસ્તરો, અખાતોથી ધરતીનો સીન 'લૅન્ડસ્કેપ' બને છે ને સમુદ્રમાંથી કૂચ કરે છે કાફલો અંડજ પ્રાણીજ ઉદ્દ્ભીજનો. અંધારા વનો ઝૂમે છે. અડાબીડ. વડ, પીપળ, આંબલી, કેળ, ખજૂર, દાડમ, પોપ્લર બર્ચ ને પાઈન. જુઈ જાઈ જાવંત્રી રોઝ મેગ્નોલિયા સેવંતી, દર્ભ દાભડો આમળા ખેર

થોર ને ખાખરો, તજ તમાલ લવિંગ. મૂંગા મૂંગા જાળું બનાવે છે કરોળિયા. સર સર સરે છે માછલી. 'ડ્રાઉં' કોણે તોડ્યું આ પૃથ્વીનું મૌન ? ઘાસ પર ખરીઓનો અવાજ. સ્તબ્ધ શીંગડા. હણહણતી હેષા. ત્રાડ ચીંઘાડ ચીચીયારીઓથી, ત્રમ ત્રમ તમરાઓથી તરબતર અંધકારમાં અગિયાઓ.

એ એ ત્યાં દૂર દેખાય માણસ. હજાર હાથવાળાએ તેણે બે હાથ આપ્યા. હાથ તો આપ્યા પણ હૈયું ને હામ આપીને કમાલ કરી. ઘડા બનાવ્યા ઘડા ચીતર્યા, ખેડ્યા ખેતરો, ચણ્યા ચબુતરા, બુરજો ગોપુરમ્ મહેરાબ ઘરો ઘુમ્મટો છત છાપરાં સ્થંભો તોરણો. કરી કશીદા કારીગરી. ભર્યા ભરત, ગુંથ્યા ગલેફ 'પોઢનાર સુખી રેજો' 'ગુડલક'. કંડાર્યા વનદેવ એપોલો વિનસ શાલભંજિકામાં આ માળાં માણસો તો વિલસ્યા, વિસ્તર્યા, વિહર્યા ચાઇનીઝ ફૂડ, મેક્સિકન ચીકન ઢોંસા રોસોગુલ્લા, સ્પેનીશ ગિટાર, ચીઝ ; ભૈરવી દુહા આંદુલુસિયન ગીત, વાગ્નર, બાક, હોલબુટ, ફૂમતાળી, મોજડી ક્રિમોનો હાયકુ, ઉર્દૂઅદબ, ફ્રેંચ વાઈન, સિમલા ટોપી, લખનવી કુર્તા, ભાવનગરી ગાંઠિયા બાણ; કાલિદાસ, મોજીલું પેરીસ, ઠાવકું પ્રાગ, વોડકા, વરિયાળી શરબત ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચ મીર તકી મીર, પુષ્ટિ માર્ગ સુફિયાના કલામ રૂપે.
એક આહ એક વાહ ચિત્કાર ચિચિયારીઓમાંથી ચિં ચિં કરતાં નીકળે બારખડીના શબ્દો. કોણ કહે તે બાર ખડી ? તે તો અંદર અંદર બેઠી – વિચાર કલ્પના કલ્પન પરિકલ્પન સ્વપ્ન સિદ્ધાંત ભાવ વિભાવ ભાષામાં. સાત સૂરના બહેલાવ ફેલાવમાંથી નીકળતી જાય ધૂનો, તરજો, રાગ રાગિણીઓ. સાત રંગ એવા ભળે કે સજી દે તેત્રીસ કોટિ રંગો. અને આ તે કેવું કૌતુક કે કાયામાંથી જ ફૂટે કાયા. સુકુમાર મિનિયેચર. પ્રત્યેક માણસ શિલ્પકાર બને એક અપૂર્વ અનન્ય ચહેરાનો.

ઓ હો હો..... આટલાં બધાં આઈડિયા, કોન્સેપ્ટ, કલ્પનાઓ, સિદ્ધાંતો, રીતો ટેકનીકો સ્વપ્નો પાછળ એક મન. એ મનની પાછળ એક શરીર. શરીર પાછળ એક કોષ તે પાછળ રસાયણો. એ રસાયણો પાછળ બાણું-સો જેટલા મૂળતત્વો. એ મૂળતત્વો પાછળ છે માત્ર બે પાંચ ઈલેકટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન, પોઝીટ્રોન ને મેશોન, ને તેની પાછળ રૂપ રૂપનાં પટાંતરે એક એક માત્ર 'યા દેવી સર્વ ભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા' – શક્તિ. નરસિંહ મહેતા ભલે જુદા સંદર્ભમાં કહે 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં.' એ ઘાટને

ઘડતાં ઘડતાં ઘડનાર પણ ઘડાયો છે. શક્તિ શક્તિ જ રહી, કુંડલું વાળી કેન્દ્રમાં જ પડી રહી હોત તો શું હોત ? એ શક્તિ જ સ્થિતિ બની છે. જે ઘાટ ઘડાતાં ઘડાતાં જ પાણીના મૂળે સદીઓ વહી છે એ ઘાટનું મૂલ્ય છે. શક્તિ સ્થિર થતી સ્થતિ બની તેમાં જ તેની શક્તિ છે. મને બધામાં એકને જોવાનું આશ્ચર્ય નથી પણ એ – એક માત્ર એકમાંથી આટલા બધાં ; આટલું બધું અને તે પણ આટલું બધું જુદું, તેનું આશ્ચર્ય વિસ્મય મોટું છે. મારી યાત્રા છે પેલી ઈલ માછલી જેવી – એકરૂપ સમુદ્રમાં ભળી જતી નદીના નદીમુખથી વિવિધ જનપદ વન તળેટી શિખરમાં તેના ઉદ્દગમ સુધીની.

જોજો જાળવજો. આ બધા સામે કોઈ વૈશ્વિક કાવત્રાખોર તેનીય જાણ બહાર એક કાવત્રું ઘડી રહ્યો છે. તેની સંડોવણીમાંથી કેટલો વખત દૂર રહીશું તે તો ન જાને ! પણ ત્યાં સુધી તો આજની ઘડી તે રળિયામણી.

# ૫ - આકાશમાં કોણે પકડ્યો મારો હાથ?

કેટલી બધી વસ્તોને આપણે બ્રહ્મ સાથે જોડી છે. શબ્દબ્રહ્મ, આનંદબ્રહ્મ, અન્નબ્રહ્મ, નાદબ્રહ્મ, બ્રહ્મ એટલે Origin, Original ને Ultimate ? આદિ અને અંતિમ ? ખબર નથી. ખાવાનો એવો શોખ નથી કે અન્નને બ્રહ્મ રૂપે પામી શકું ને શબ્દની સાચી શક્તિનો પરિચય નથી કે તેને બ્રહ્મ રૂપે ઓળખી શકું. હા, સંગીતકાર નથી પણ માણસ છું તેટલા માત્રથી પણ સંગીતમાં તેની ઝાંખી થાય છે ખરી. નાદ અને આનંદમાં તે બ્રહ્મ તરીકે ઓળખાતી સંજ્ઞાનું કાંઈક સંજ્ઞાભાન થાય છે ખરું !

આ સંગીતની ગતિ પણ કેવી ન્યારી ! એક તરફથી સંગીતમાં અનેક દટાયેલી, ભૂંસાયેલી ઝાંખી થયેલી સ્મૃતિઓ તરવરે તો બીજી તરફ તેમાં હોવા માત્રની સ્મૃતિનો પણ લોપ થાય. તો વળી ક્યારેક સાવ નવાં જ દ્રશ્યો દેખાય, લૅન્ડસ્કેપ દોરાય, અંદર કશુંક ગદ્ગદ્ગત થાય, આંનદનો જ નાદ સંભળાય ને લાગે કે આવી ક્ષણે મરણ કેમ નથી આવતું ? ‘સમ’ શબ્દ ચિત્તના એક ઠહેરાવ પર જ્યાં બધું મળે – ઓગળે છે તે સમત્વ શમન સમસ્તાનો સૂચક હશે ? ‘તાલ’ માં આપણા અંતરતમ તલ સુધી તળિયા સુધી જતા કે ત્યાંથી ઊઠતા નાદ સાથે જોડવાની વાત હશે ? ને ‘લય’ માં લીયમાન થવાનું વિલય પામવાનું સૂચન હશે ? હશે જ કદાચ. નહીં તો મારા જેવો ‘સા’ એટલે ષડજ એટલું જ જાણનારો આટલું પણ ન અનુભવે. કદાચ સંગીત તો પડેલું જ છે અંદર જેમ કે પ્રેમ. પણ, તે વ્યક્ત કરે છે કોઈ આપણા બધાં વતી. ક્યાંક વાંચેલું લગભગ તો લેવી સ્ત્રોસનું કથન કે ‘ When we listen to the music we are also silent performer’ આપણે સંગીતને જયારે સાંભળતા હોયે છીએ ત્યારે આપણે

પણ હોઈએ છીએ તેના મૌન વાદક કે ગાયક. તેનો કશોક તાળો આપણી સાથે મળતો હોવો જોઈએ. અને સંગીતની બીજી તે કેવી વિચિત્રતા કે – – આ તે કેવી શુદ્ધ ગાણિતિક કલા કે જે ગણિતને જ ઉલ્લંઘે ! અથવા તો તે શુદ્ધ ગાણિતિક છે. તેથી તેની શુદ્ધતાથી જ ગણિતનો અણસાર સુધ્ધાં ન આવવા દે. સંગીતની એક બીજી પણ કેવી વિશિષ્ટતા કે તે પોતાના પાત્ર માધ્યમ એવા આદિ અનાદિ નિરવધિ સૂક્ષ્માતિસૂક્ષ્મ અરૂપ એવા કાળને રૂપ આપે અને તેને ઓગાળે પણ ખરું. અને તે જ ક્ષણે હોય તેનાથી જરા પણ વધારે જગ્યા સંગીત રોકે નહીં. પણ તે ક્ષણ રોળાઈ ન જાય. રોપાઈ જાય.

આ પૃથ્વી પર રહ્યાં રહ્યાં કોઈની પણ મીઠી કે ખાટી ઈર્ષા આવતી હોય તો તે હેન્રી ફોર્ડ કે ક્વીન એલિઝાબેથના વંશજોની નહીં સાક્ષાત્ શક્તિ સ્વરૂપ ક્લિંકટન કે જહોન મેજરની નહીં. વાનગોગ કે ગાસીયા માર્કવેસની નહીં. અરે રવીન્દ્રનાથની ય નહીં. પણ સાયકલ પર દૂધના કેન લઈ હળવેથી હંકારી જતા, સવારને કંઠ આપતા ભરવાડની કે ઈશોરી આમોનકરની કે મારા સાથી મહેન્દ્ર ટોકેની. ઈર્ષાનો સૂરમો આંજેલી ફાટી આંખે તેમને સાંભળી રહું છું. પણ બીજી ક્ષણે તેઓ મારી ઈર્ષાને પણ ઓગાળી નાખે છે. – તેમના સંગીતથી.

બાઈબલમાં કહ્યું છે ને કે ‘There are many mensions in my father’s house’ – મારા પિતાના ભવનમાં ઘણાં ઓરડાઓ છે. સંગીતના સાત માળના મહેલમાં એકવાર પ્રવેશ મળ્યો પછી તો તેના બગીચામાં, ઝરુખે, અટારીએ, ઓરડે ઓરડે ફર્યો છું, ક્યાંક પરસાળમાંથી પસાર થયો છું, ક્યાંક પલાંઠી વાળી બેઠો છું તો કોઈક ઓરડામાં, ધ્યાનખંડમાં મનના વ્યાઘ્રચર્મ પર બેસી સમાધિ લગાવી છે. જાઝના ડ્રમની દાંડી ડ્રમ પર નહીં પણ પડી છે અંદર અંદર કોઈ ચર્મપટ પર. પગની પલાંઠી છૂટી જઈ તે નાચવા લાગ્યા છે – જય જયવંતી સાથે. ઝૂલ્યો છું દાદરા ઝૂલણામાં. કોઈ મીંડ, બે સ્વર વચ્ચેની શ્રુતિ જેવા મને પણ હળવેકથી અડી ગઈ છે. થપકી થાપમાં સ્થાપાયો છું કોઈ ક્ષણે. તોડી લલિતના ભાસ્વત સ્વરોમાં ધીમે ધીમે ખુલતી આલોકિત થતી સવારને, સાંભળતા સાંભળતા જોઈ રહું છું, માલકૌંસની ગંભીર ગુફામાં બેઠો છું, બાકના પિયાનોના નાજુક સૂરોનાં વહેણમાં વહ્યો છું તો ગેરુઆ રંગની અહાલેક જગાવતા બૈરાગીનો ફક્કડ રંગ રંગી ગયો છે ક્ષણો પૂરતો. સાંજ જેવું સુખદ ઉદાસીમાં

મારવા પૂરીયાના સ્વરોમાં મન કહી ઊઠ્યું છે ‘હેથા નય..... અહીં નહીં બીજે ક્યાંક’ તો ક્યારેક નીગ્રો સીંગરના ઘેરા સ્વરમાં થઈ પેઠો છું તેના કંઠમાં તેની બધી વેદના ઉલ્લાસ કંઠસ્થ કર્યા છે.

પણ આ બધી જાઝ બાક ને કિશોરી આમોનકરની વાતોમાં એક વિશિષ્ઠ, નિજી, ઠેઠ અંગત અનુભવ જે ઘણીવાર થાય છે તેની વાત કરું ? ઘણીવાર એવું થાય કે સંગીત મારા કાંઠાની બધી ભેખડો ઓગાળી ચેતનાના સીમાડાઓ ક્યાંક ક્યાંક દૂર દૂર ફંગોળાતું હોય, મને ધૂપની જેમ ધીમે ધીમે ઉઠાવી દે હું લગભગ જયારે વિશ્વમાનવ બની ગયો હોઉં, બ્રહ્માંડમાં કોસ્મોસમાં નક્ષત્રની નક્ષત્રના ઝુમ્મરોને અડતો હોઉં, કૂતુહલથી ખણકાવતો હોઉં, નિહારીકાઓના કુંતલ વલયોમાં ફરતો હોઉં, આકાશગંગાના જળમાં નહાતો તેની તેજશિકરો ઉડાડતો હોઉં, નવા જન્મેલા તારાનું નામ પાડતો હોઉં, શતભિષા. શ્રાવણ બાણરજ એક તારાથી બીજે તારાએ સ્લો મોશનમાં ઉડતો હોઉં ત્યારે પેલા ભૂંડા હેમુ ગઢવી કોણ જાણે ક્યાંથી ત્યાં આવી મને તેડી જાય છે.

ઘેર સમજણ પ્રેમભર્યા કરુણ કંઠમાંથી કે કોણ જાણે ક્યાંથી નીકળતો અવાજ ‘મેરૂ તો ડગે રે પાનબાઈ પણ જેનાં મન ના ડગે રે....’ ‘સવા બશેરનું મારું દાતરડું લોલ....’ ‘ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ચાંદો ઊગ્યો ચોકમાં....’ ‘ઓધવજી રે મારે ઘર પછવાડે કાનુડો વાંસળી વગાડે રે...’ ‘આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે...’ સંભળાયા કરે છે. એ અવાજ સાંભળતાં જ તેમણે મા વછોઈ વાછડીની જેમ વળગી પડું છું – પ્રાદેશિક અસ્મિતાના મૂર્ખબોધ સાથે નહીં પણ જ્યાં કાળી માટીમાં થોડાં ઘણાં પણ મૂળ રહેલા છે તેણે પકડવા. એ ધોરાજી, મોટીમેંગણી. લાઠી, ચુડા, તગડી, ભડિયાદ, ખંભાળિયા, રા’નવઘણ આપ ગીગા, પાનબાઈ, નરસીં મેતો, ભોજો ભગત, શેઠ સગાળશા, લાખુભા, પારવતીબેન, ખારો મારો ડરિયો, ટંડેલ ને ખારવા, રજવાડા રાજ કાઠી ને મેર, દાદા હો દીકરી, થોરની વાડું ડોલતા ડુંગર, ખળખળતી નદીયું ઢાળ ઉતરતી ટેકરીયું ને મંદિર, ને ધજાને, ટીટોડીના ઈંડાં....આટલું બધું નો હોય, હેમુ હેમુ, મારા બાપ ખમૈયા કરો. નથી જીરવાતું આ બધું, ખમા મારા બાપ ખમા.

# ૬ - આ ઉમાશંકર મારા જ છે

બડભાગી છું કે મારા આસપાસના મારા યુગના નરશ્રેષ્ઠોનો પ્રસાદ તેમના હાથે જ પામ્યો છું, આકાશવાણીમાં નોકરી એ એક મોટો સુયોગ. એમાંના કેટલાક સ્નેહપ્રસાદ પણ પામ્યો. ઉમાશંકર તેમાંના એક – છતાં અનોખા. તેમનો ચહેરો કેમેરાને ઝીલતો ફોટોગ્રાફ ન હતો – પોર્ટ્રેઈટ હતો અને પીંછી રહેતી – તેઓ આપી દેતાં આપણા હાથમાં. મને પણ એક પીંછી તેમણે આપી રાખી હતી. કેટલાક રંગ-લસરકા રેખાઓથી જે ચહેરો દોર્યો છે તે ઉમાશંકર મારા જ છે.

અંગતતાનો દાવો કરી શકાય તેવો તેમની સાથેનો સંબંધ ન હતો પણ એ જ વ્યક્તિ જ એવી કે તેમના થોડાં પરિચય પછી તમે તેમના સંબંધવિશ્વના નાગરિક હો તેવું જ લાગે. માંડ ચાર – પાંચ વરસ તેમની સાથેનો સંબધ હશે. અમદાવાદ આવ્યો એ પહેલાં, મોટેભાગે તો કટોકટીના ગાળામાં રાજકોટમાં એક સ્કૂલમાં તેમણે સાંભળવા ગયેલો ત્યારે જોયેલા. પ્રવચન પછી પ્રશ્નોત્તરી દરમ્યાન ઉશ્કેરાયેલા એક ભાઈને તેમણે શાંત ચિત્તે સમાધાનકારી જવાબો આપેલા. તે પછી આકાશવાણી રાજકોટે તેમના સન્માનમાં એક વિશિષ્ટ કાર્યક્રમ કરેલો ત્યારે સાંભળેલા. પણ વિશેષ પરિચય તો આકાશવાણી અમદાવાદમાં હું જોડાયું ત્યાર પછી થયો.

આ ચાર – પાંચ વરસોમાં અનેક વાર તેમને ઘરે ગયો છું, રેકૉર્ડીંગ નિમિત્તે અને એમ જ તેમને મળી પ્રસંગ ઊજવવા. કાકાસાહેબના શતાબ્દી વરસે હું એક રેડિયોરૂપક લખતો હતો. એ રૂપકનું સમાપન ઉમાશંકરભાઈના વિચારોથી કરવાનું હતું. એ રેકૉર્ડીંગ નિમિત્તે કદાચ પહેલી વાર તેમને ઘરે જવાનું થયેલું, એમને જાણ થઈ કે હું કવિતા લખું છું

ત્યારથી તેમના સહકારનો પીળો પરવાનો મળી ગયેલો. એ રૂપકના રેકોર્ડીંગમાં ત્રણ-ચાર મિનિટમાં તો તેમણે સારભૂત કાકાસાહેબને રજૂ કરી દીધેલા.

એ પછી તો ઘણીય વાર તેમને મળવાનું થયેલું. દરેક પ્રસંગ ખરા અર્થમાં પ્રસંગ લાગે અને તેમાં કોઈ વિચારસ્ફુલ્લિંગ, તેમનો પ્રેમ, ચોકસાઈ, માનવીય દ્રષ્ટિ, મેઘા, સ્નેહનાં દર્શન થતાં ને એ પ્રસંગ કોરાઈ જતો. ભોળાભાઈ તો ત્યારે કહેતા કે તારે એ સ્મૃતિઓ તાજી હોય ત્યારે તે દિવસે જ લખી લેવું જોઈએ. આજે એ સ્મૃતિઓ પર રજ જરૂર ચડી છે પણ ભુંસાઈ નથી.

તો સ્મૃતિલેખાથી શરૂ કરું દોરવાનું ?

જુલાઈ આવી રહ્યો છે. જુલાઈ શબ્દની સાથે ઘનઘોર આકાશ અને ધોધમાર વરસાદ તો યાદ આવે જ પણ એ વરસાદનાં ઝાપડાં સાથે પવનના ઝપાટે વીંજાતું આમતેમ રમણીય લહેરે ફરફરતું 'ધારાવસ્ત્ર' યાદ આવે. એ નાનકડી કવિતાની એ Cosmic રહસ્યમય ઇમેજ મનમાં વસી ગઈ છે. વીજળીના તત્ક્ષણ ચમકારમાં કવિએ કલ્પનનું મોતી પરોવી દીધું. આ મહિનામાં જ ગુરુપૂર્ણિમા આવે. એક ગુરુપૂર્ણિમાની સાંજે ઉમાશંકરભાઈને ઘરે પગે લાગવા ગયેલો. આમ તો વિધિવત્ શિક્ષણ તેમની પાસેથી લીધું નથી પણ ગુરુ દત્તાત્રેયના અનેક ગુરુ તે રીતે કોઈ દાવે તેઓ મારા ગુરુ હતા.

જુલાઈ મહિનામાં જ ઉમાશંકરભાઈનો જન્મદિવસ. તેમના છેલ્લા જન્મદિવસે મોડી સાંજે હું, કાર્તિક, યોગેશ અને પરેશ વર્ષાભીની હવામાં રસ્તા પરના ખાબોચિયાનું સ્કૂટરથી પાણી ઉડાડતા ઉડાડતા તેમના ઘરે પહોંચેલા. બગીચાની ઠંડી ભીની ઘાસગંધે બહારથી જ અમારું સ્વાગત કરેલું. કવિ ઉપરના ઓરડામાં હતા. અમે પહોંચ્યા ત્યારે દિવસના છેલ્લા મુલાકાતી ભોળાભાઈ નીકળવાની તૈયારીમાં હતા. ઉમાશંકરભાઈને તે દિવસે ઠીક ન હતું. ઝીણો તાવ હતો. કેન્સર ડિટેકટ નહોતું થયું પણ તેની અસરની શરૂઆત થઈ હશે. માંદગીથી અને આખો દિવસ ચાલેલી શુભેચ્છકોની અવરજવરથી થાકેલા હતા. પથારીમાં બ્રાઉન કલરની શાલ ઓઢીને બેઠા હતા. થાક્યા હતા પણ અમે આવ્યા તે તેમને ગમ્યું. દાદા આખા દિવસ પૌત્રો સાથે એકલા પડે ને હળવા થાય તેવા હળવા લાગતા હતા. અમે બધા શુભેચ્છા વ્યક્ત કરવા પગે લાગ્યા. તો દરેકને અમારા

નામ સાથે શુભેચ્છાઓ લખી 'સપ્તપદી'ની એક એક ચોપડી આપી. તેમના જન્મદિવસ નિમિત્તે ગળ્યું મોઢું કરવા મીઠાઈ ખાધા પછી અમને એક વિચાર આવ્યો કે આ દિવસની યાદગીરી રાખવા કૅસેટ પર તેમની કવિતા રેકૉર્ડ કરીએ. કૅસેટ-પ્લેયર તો ઘરમાં સામે જ પડ્યું હતું તેથી જેમ સુથારનું મન બાવળિયે તેમ મારું મન ત્યાં ચોંટેલું હતું. થાક અને તબિયતને હિસાબે તેમણે રેકૉર્ડીંગ કરવાની ના પાડી. પણ પછી અમારી હઠ સામે તેમનું ચાલ્યું નહીં – તેમાં વળી નંદિનીબહેનનો આગ્રહ પણ ભળ્યો. અંતે તેઓ તૈયાર થયા. કૅસેટ પ્લેયરની સિસ્ટમ નવી હતી તેથી તેના ઓપરેશનમાં થોડી તકલીફ પડી. ઘડી વાર તો લાગ્યું કે ઉમાશંકરભાઈ માંડ તૈયાર થયા છે ત્યાં કૅસેટ-પ્લેયરે વ્યવધાન ઊભું કર્યું. એક દહેશત હતી કે હાથમાં આવેલી તક સરી તો નહીં જાય ? ત્યાં વળી પ્લેયરે યારી આપી. ઉમાશંકરભાઈએ 'સમગ્ર કવિતા' હાથમાં લઈ કવિતાપાઠ શરૂ કર્યો. થાક અને માંદગીમાંય અવાજ નિરામય હતો. અમે એક પછી એક કવિતા યાદ કરાવતા જઈએ. 'રહ્યાં વર્ષો તેમાં' , 'ગયાં વર્ષો તેમાં' . 'ધારાવસ્ત્ર' – નેબહાર ખરેખર ઝાપટું પડતું હતું. એ વરસાદના ધધૂડાનો, પવનનો, ભીંજાતી કોયલના ટહુકારનો અવાજ પણ રેકોર્ડીંગમાં ઝિલાયો. ગ્રંથસ્થ ન થયેલી પણ તે ગાળામાં લખેલી 'ગ્રાન્ડ કેન્યન' પરની છેલ્લી કવિતા પણ તેમાં ઉતારેલી. મને લાગે છે કે તે કદાચ તેમનું છેલ્લું સચવાયેલું રેકૉર્ડીંગ છે અને તે પણ તેમના જન્મદિવસનું . રેકૉર્ડીંગ અકબંધ છે – મનમાં. ગમે ત્યારે replay કરી શકું.

એ એક વણકહ્યો આગ્રહ હતો કે જયારે પણ આકાશવાણી સ્ટુડિયોમાં રેકૉર્ડીંગ હોય ત્યારે ઓફિસની સારામાં સારી ગાડીમાં તેમણે લેવા મૂકવા જવાનું, એ આગ્રહ જેટલો તેમનો હતો તેટલો જ અમારો પણ. કહો કે એક રિચ્યુઅલ હતું. હું લેવા ઘરે પહોંચું ત્યારે તૈયાર જ હોય. ખાલી ચંપલ જ પહેરવાનું હોય. રસ્તામાં એક દિવસ મેં કહ્યું કે 'મહાભારત એ તમારા અને બધાના રસનો વિષય. તમે માત્ર તેમાંથી પસાર જ નથી થયા પણ પાને પાને રોકાઈ વરસો તેની સાથે ગાળ્યાં છે, તો અમારી પેઢીને તમારી એ દ્રષ્ટિનો, અભિગમનો, જ્ઞાનનો લાભ મળે તે માટે તમારા ઘરે મહીને પંદર દિવસે એક નાની પ્રવચન-બેઠક ગોઠવીએ. રસિક મિત્રોને જાણ કરીને અને તમારા જ કૅસેટ-પ્લેયર પરતેને રેકૉર્ડ પણ કરીએ.' મેં કહ્યું, 'સમય, સમયગાળો એ બધું તમારી અનુકૂળતા પ્રમાણે. અમારી શરત માત્ર એટલી જ કે તમે મહાભારત પર બોલો' મારો આઇડિયા

કહો, અંતરઇચ્છા કહો કે સ્કીમ કહો, તેમણે પસંદ આવેલી. થોડી વાર મૌન રહ્યા પછી કહે, 'તારી વાત સારી છે. આપણે જરૂર કરશું. વ્યાસનું મારા પર મોટું ઋણ છે. હાથમાં લીધેલાં કેટલાંક કામો પૂરાં થાય પછી બાકીનું જીવન વ્યાસ અને ગાંધીજીના ખોળે જીવવું છે. હું થોડો નવરો પડું પછી આપણે જરૂર કરીએ.

તેમની સંમતિથી પોરસાઈને મિત્રોમાં પણ જાહેરાત કરવા લાગેલો કે ઉમાશંકરભાઈ મહાભારત પર બોલવાના છે. કવિ રાજેન્દ્રશુક્લ તો જયારે જયારે આકાશવાણી આવે ત્યારે પૂછે, 'મહાભારતના વ્યાખ્યાનોનું શું થયું ?' તેમણે હાથમાં લીધેલાં કામોથી અને પાછળથી તબિયતને લીધે તે શક્ય ન બન્યું. છતાં જયારે જયારે પણ મળવા જતો ત્યારે હું ઉઘરાણી જરૂર કરતો. હંમેશાં તેમણે એમ કહ્યું કે આપણે જરૂર કરીશું. વધુ વખત જવાને લીધે જયારે મારા આગ્રહમાં સંકોચ ભળવા લાગેલો ત્યારે એક વાર તેમણે મને કહેલું, 'મહાભારત વિષે પૂછતાં મારી પાછળ પડી જતાં અચકાઈશ નહીં. તું તારું કામ નહીં, પણ મારી પાસે મારું જ કામ કરાવી રહ્યો છે.' શું તેમણે તેમ કહી તેમની જાતને ટપારેલી કે હું તેમની પાછળ પડી ગયો છું તેવું મને લાગે તેથી મારો સંકોચ દૂર કરવા કહ્યું હશે ? મને લાગે છે કે બંને વાત હતી. તેમના કહેવાથી મેં પૂછવાનું ચાલુ રાખેલું. આજે વિચાર કરું છું કે જો તે શક્ય થયું હોત તો મારા તો કેટલાય આગળા ઊઘડી ગયા હોત.

એક પ્રશંગથી તેઓ મારા મનમાં મહત્ત થઈ ગયેલા. એ ગાળામાં હું વિશ્વકવિસંમેલનમાં આમંત્રિત ભાવક તરીકે ભારતભવન- ભોપાલ જવાનો હતો. આ કવિસંમેલનમાં વિશ્વખ્યાત મેક્સિકન કવિ ઓક્ટોવિયો પાઝ આવવાના હતા. પાઝ ભારતમાં મેક્સિકોના એલચી તરીકે રહી ચૂક્યા હતા. અને ઉમાશંકરભાઈ તેમને મળેલા. પાઝની જગદીશ જોશીએ અનુવાદ કરેલ 'સૂર્યઘટિકાયંત્ર' દીર્ઘ કવિતા મેં વાંચ હતી. આ જ ગાળામાં ઉમાશંકરભાઈને ઘરે ગયેલો. તેમની પાસે ઓક્ટોવિયો પાઝની કવિતાના અંગ્રેજી અનુવાદની 'Sundial' ચોપડી મેં જોઈ. જતી વખતે મેં તે ચોપડી થોડાં દિવસ વાંચવા માટે માગી. ને તદ્દન અનઅપેક્ષિત જવાબ મળ્યો. : 'હમણાં જ આ ચોપડી દિલ્હીથી આવી છે. તારે વાંચવી હોય ત્યારે અહીંયાં આવીને વાંચજે. જેટલું બેસવું હોય તેટલું બેસજે.' હું તો ઘા ખાઈ ગયો. છોભીલો પડી ગયો. મને તેમના પર રોષ ચડ્યો. બહાર કળાવા ન દીધું પણ મનમાં થયું કે તેમણે મને ના પાડી જ કેમ ? તેમને ખબર નથી કે

જવાબદારીપૂર્વક હું ચોપડી લઈ જઈશ, સાચવીને રાખીશ અને સમયસર પાછી આપી દઈશ ? તેમને મારામાં વિશ્વાસ નથી કે મેં જ ભોટે અંગતતાના દાવે સોનાની જાળ પાણીમાં નાખી ? મને મારા પર શરમ અને ગુસ્સો ચડ્યો. બીજી જ ક્ષણે મેં બીજી રીતે વિચાર્યું : થયું કે મને કોઈ ના ન પાડી શકે તે તે વળી કેવું ? અને ઉમાશંકરભાઈને ગમતી ચોપડી હમણાં જ દિલ્હીથી તેમની પાસે આવી છે. તેમણે કદાચ પૂરી વાંચી પણ નહીં હોય. અને ધારો કે મને તેઓ ચોપડી આપે અને અકસ્માતે મારાથી પડી જાય કે ખોવાઈ જાય તો તેઓ મને શું કહે ? અને હું તો પૈસા આપી દઉં પણ ચોપડી તો ગઈ તે ગઈ જ ને ! અને મારે એમની સાથે એવો કયો ગાઢ અંગત સંબંધ કે મને આપે જ ? આ પ્રસંગથી મનમાં પહેલાં રોષ પછી શરમ અને સમાધાન થયું. થોડાં દિવસો પછી ફરી તેમને ઘરે જવાનું થયેલું. મેં જાળી ખખડાવી તો અંદરથી અવાજ આવ્યો, ‘કોણ ?’ મેં કહ્યું, ‘હું યજ્ઞેશ’ નંદિનીબહેને બારણું ખોલ્યું. હું દીવાનખાનામાં બેઠો ને તરત જ અંદરના રૂમમાંથી ઉમાશંકરભાઈ આવ્યા. હાથમાં ઓક્ટોવિયો પાઝની પેલી ચોપડી હતી ! આશ્ચર્યથી હું દંગ રહી ગયો, આંખ સહેજ ભીની થઈ ગઈ. નજીક આવીને કહે, ‘લે, આ ચોપડી તારે જોઈતી હતી ને ? વાંચીને ગમે ત્યારે મને આપજે, મારે તને તે દિવસે જ આપવી જોઈતી હતી, મેં કહ્યું, ‘હું અહીં આવીને વાંચી જઈશ. ખોટું નહીં કહું, પણ તે દિવસે પહેલાં તો મને તમારા પર ખૂબ રોષ ચડેલો પણ તરત જ મને વાત સાચા પર્સ્પેક્ટિવમાં સમજાણી હતી. તમે ન આપ્યા બદલ મને કોઈ દુ:ખકે ડંખ નથી. ખરેખર મારે જયારે વાંચવી હશે ત્યારે અહીં આવીને વાંચીશ.’ ઉમાશંકરભાઈ કહે, ‘હવે એ વાત અહીંયાં પૂરી કર ને લઈ લે આ ચોપડી. તું તારે અમસ્તો આવજેને કોણ ના પાડે છે.’ આ દિવસો દરમ્યાન મને ચોપડી ન આપ્યાનો રંજ તેમને રહ્યો હશે. મોટા માણસોની મોટાઈ આવા નાના સામાન્ય પ્રસંગે છતી થતી હશે ને !

આકાશવાણીના આર્કાઈવ્ઝ માટે તેમનો બે-ત્રણ કલાકનો લાંબો ઇન્ટર્વ્યુ રેકૉર્ડ કરવાનું વરસોથી ખોરંભે ચડેલું. સરકારી નોકરીમાં બદલીની તલવાર માથે લટકતી જ હોય. મનમાં રહ્યા કરતું કે ઉમાશંકરભાઈનો ઇન્ટર્વ્યુ રેકૉર્ડ નહીં થાય તો મને વસવસો રહી જશે. અંતે તેમણે હા પાડી અને તેમના સૂચન પ્રમાણે તેમનો ઇન્ટર્વ્યુ ભગતસાહેબ લે તેમ નક્કી કર્યું. એ ગાળામાં ભગતસાહેબ લંડન કે પેરિસ ચાતુર્માસે જતા તેથી આ બધો મેળ પડતાં ઠીકઠીક સમય ગયો. ભગતસાહેબ અમદાવાદ આવ્યા ત્યારે તરત જ હા પાડી.

ઉમાશંકરભાઈ કહે, 'રવિવારે સવારે તું અને નિરંજન મારા ઘરે આવો અથવા બીજે જ્યાં અનુકૂળતા હોય ત્યાં મળીએ અને આખા ઇન્ટર્વ્યુની આઉટલાઈન, તેનો સ્કોપ, ઝોક બધું સાથે બેસી નક્કી કરીએ.' મેં કહ્યું, 'તમે અને નિરંજનભાઈ મળી નક્કી કરો તે ફાઈનલ, હું તે વળી શું કહું ?' ઉમાશંકરભાઈ કહે, 'ના તું આ કાર્યક્રમનો પ્રોડ્યુસર છે, તારા મનમાં જે પરિકલ્પના હોય તે પણ ધ્યાનમાં રાખવી જોઈએ.' એક રવિવારે અમે ત્રણે મળ્યા. ભગતસાહેબને માટે તો ઉમાશંકર એક વ્યક્તિ અને કવિ બંને સાથે અંગત ઘરોબો. તેમણે હોમવર્ક કરી રાખેલું હતું. મેં મારી તીરે ખ્યાલ આપ્યો કે આ ભવિષ્ય માટે કાયમી તરીતે સાચવવાનો છે તેથી વ્યક્તિ અને વ્યક્તિત્વના અંગત જાહેર કૌટુંબિક જેટલાં પાસાંઓ આવરી શકાય તેટલું સારું. જેમાં શૈશવ, અભ્યાસ, વ્યવસાય, મિત્રો, સહાધ્યાયીઓ, ગુરુઓ, લગ્ન, ગમતા કવિઓ, કારકિર્દી, ગમતા લેખકો-કવિઓ, સાહિત્ય, સાંપ્રત સમાજજીવન માનવનું ભાવિ જેવા અનેક જાતના પ્રશ્નો આવરી શકાય. તેમાંના મોટા ભાગના તો ભગતસાહેબે તૈયાર કર્યા જ હતા.

એક દિવસ રાજાન દિવસે સવારે જ રેકૉર્ડીંગ રાખ્યું હતું. યોગાનુયોગ તે દિવસે રામનવમી હતી. ઓફિસમાં રજા હોય તેથી કેન્ટીન બંધ હોય. આથી ઘરેથી જ હું થેલામાં ચાર-પાંચ કપ ચા થમૌશમાં ભરી લાવ્યો હતો. રાજા હતી તેથી સ્ટુડીયોમાં શાંતિ હતી. ત્રણ કલાક સુધી ઉમાશંકરભાઈ અને નિરંજન ભગત સ્ટુડીયોમાં. બહાર રેકૉર્ડીંગ બુથમાંથી હું તેમની વાતચીત રેકૉર્ડ કરતાં કરતાં સાંભળતો જાઉં, કાચમાંથી જોતો જાઉં ને મારી ધન્યતા મારા ચેહેરા પરના આનંદથી પ્રગટ કરતો જાઉં. બપોરે ઇન્ટર્વ્યુ પૂરો થયો પછી મેં કહેલું 'હવે મારી બદલી થઈ જાય તો મને અફસોસ નહીં રહે'. આ ઇન્ટર્વ્યુમાં ત્રણ સવાલો એવા હતા કે જેનો ઉમાશંકરભાઈએ એક શબ્દમાં જવાબ આપવાનો હતો. તેમણે આપેલા એ તીક્ષ્ણ માર્મિક સહજ જવાબો સીઝન્ટ ક્રિકેટરની સિક્સર જેવા હતા. :

મનુષ્ય વિશે : વાહ, દોસ્ત
મનુષ્ય જાતિના ભાવિ વિશે : સબ સલામત

જીવન વિશે : પ્રભુ પણ આ જીવન જેવું બીજું કંઈ બનાવી શકે તેવો ઊંચો મને એને વિશે ખ્યાલ નથી.

અંગત જીવન વિશે : આ બ્રહ્માંડના આ ખૂણે એકલો અહીં શું કરું છું એમ કોઈ વખતે થાય. એટલી બધી ભીડ છે. એટલી બધી આશાની ભીંસ છે કે કોઈ જાણીતા ઓળખીતા અણઓળખીતા ભૂલ્યાભટક્યા કોઈને તાળી આપતાં કદાચ ભગવાનને તાળી આપી બેસાય.

એ તો થઈ આર્કાઈવ્ઝના રેકૉર્ડીંગની વાત. અમસ્તું કેટલીય 'અમૃતધારા' માટે મેં આપેલા વિષય પર તેઓ બોલેલા. કૉપી હતી. તે મને જોવા માટે બીજી કૉપી ત્યાં સ્ટુડીયોમાં લખવા બેઠા. મને સંકોચ થયો ને એકાદ પેરેગ્રાફ પછી બાકેલી સ્ક્રિપ્ટ મેં લખેલી. તેમની સાથે વાતચીત દરમ્યાન કશુંક કહે તો મનમાં નોંધી લઉં અને પછી એ વિષય પર તેમને બોલવા આમંત્રણ આપું. એક વાર 'ગાંધીજીની શબ્દશક્તિ' વિષય તેમને આપ્યો તો કહે 'આ તને કેવી રીતે સૂઝ્યું ? 'મેં કહ્યું, 'મને નથી સૂઝ્યું, પણ તમે વાતચીતમાં ગાંધજીની શબ્દશક્તિનો ઉલ્લેખ કરેલો.' મને યાદ છે ત્યાં સુધી તે વાર્તાલાપમાં ગાંધજી દક્ષીણ આફ્રિકા ગયેલા તે પહેલાં રાજકોટમાં કોઈ કેસ લડેલા તેના ભાષણનો અંશ તેમણે સંશોધન કરી શોધી કાઢેલો અનેતે સમયથી જ ગાંધીજીમાં કેવી શબ્દશક્તિ હતી તે વાત ઉપસાવેલી.

ગુજરાતના કે દેશના કોઈ સાહિત્યકાર કે અગ્રણીના અવસાન સમયે તરત જ ફોન કરી તેમને ઘરે શોક સંદેશા માટે દોડી જતા. જે કૃષ્ણમૂર્તિના અવસાન સમયે આકાશવાણીના શ્રદ્ધાંજલિમાં રેઓ મૌખિક દસબાર મિનિટ બોલેલા. લિખિત ભાષણ જેટલું મુદ્દાસર છતાં બોલચાલની ભાષાથી જીવંત એ રેકૉર્ડીંગ ટ્રાંસક્રિપ્શન પછી છપાયેલું.

એક વાર બપોરે રેકૉર્ડીંગ પૂરા થયા પછી ગાડીમાં તેમને મૂકવા જવાનું હતું. કાર દરવાજા બહાર નીકળે તે પહેલાં જ પૂછ્યું,'રસ્તામાં દસ-પંદર મિનિટ રોકાઈએ તો વાંધો નથી ને ? ગાડીનું કશું બીજું અગત્યનું કામ નથી ને ? રાજકોટથી ઉપેન્દ્ર પંડ્યા આવ્યા છે.સ્વસ્તિક સોસાયટીમાં ઊતર્યા છે. પક્ષઘાતને લીધે તેમાંનાથી નીકળાય નહીં તો આપણે થોડીવાર મળતા જઈએ.' રસ્તામાં અમે સ્વસ્તિક સોસાયટી ગયા. ઉપેન્દ્રભાઈ જમવાની તૈયારી કરતા હતા. ઉમાશંકરભાઈની જોઈને આનંદ-આશ્ચર્યચકિત. ઉમાશંકરભાઈએ તેમને પ્રેમથી મળ્યા. ઉપેન્દ્રભાઈના દીકરા સુબોશ સાથે પણ જૂની દોસ્તી તાજી કરી.

એક વાર પૉંડિચેરી ગયો હતો ત્યારે સુંદરમને મળ્યો હતો. સુન્દરમનો મારા દાદા સાથે શ્રીઅરવિંદને કારણે સંબંધ. સુંદરમને વિનંતી કરી કે મારા પુત્ર કાર્ત્તિકેયના ફોટા પાછળ હસ્તાક્ષર કરી આપો. તેમણે આશીર્વચન લખી આપ્યાં. વિચાર આવ્યો કે આ જ ફોટામાં ઉમાશંકરભાઈની શુભેચ્છા પણ મેળવું તો ? બીજા અઠવાડિયે અમદાવાદ આવી તેમને ઘરે જઈ સુંદરમની સહીવાળા ફોટામાં શુભેચ્છાસહી કરવા વિનંતી કરી. હું કાર્ત્તિકેયના ઉચ્ચારણમાં એક જ 'ત' બોલતો. મને એમણે શિખવાડ્યું કે નામના શુદ્ધ ઉચ્ચારણમાં પહેલાં 'ત' તે સહેજ અછડતો સ્પર્શ કરી બીજા 'ત' સાથે જોડી કેવી રીતે બોલાય. મને કહે કાર્ત્તિકેયનું હુલામણું નામ શું ? મેં કહ્યું ઘરમાં અમે તેને 'બબુ બબુ' કહીએ છીએ. તેમણે તરત જ તે હુલામણા નામથી એક પંક્તિ રચી લખી આપી. 'બબુ બાબુ બાબુલ બાનું બુલબુલ બંનેથી સવાયો'. બે-ત્રણ શબ્દમાં તો ટેઈક-ઑફ કરી બબુ ઊડવા ચહકવા લાગ્યો. પહેલી વાર જયારે પત્ની કલ્પના અને પુત્ર કાર્ત્તિકેયને તેમને ઘરે લઈ ગયેલો ત્યારે તેમને મારી આનાકાની છતાં બે વરસનાં દીકરાના હાથમાં મોં જોયાના પૈસા શુભેચ્છા-પ્રતિક તરીકે આપેલા. મેં ના પાડી તો કહે. " હું તને ક્યાં આપું છું, હું તો મારા નાનકડા દોસ્તને આપું છું."

તે ગાળામાં 'અખંડ આનંદ'માં ઉમાશંકરભાઈના ઈશાવાસ્ય ઉપનિષદ અને બીજાં ભજનો, ભક્તિરચનાઓના લેખો આવતા. મારા દાદા રસ અને આદરભક્તિથી તે લેખો વાંચે. મારે તેમની સાથે થોડીઘણી ઓળખાણ છે તે તેમને ખબર. દાદા મને કહે, એક વાર મને ઉમાશંકરભાઈ સાથે ન મેળવી આપે? મેં ઉમાશંકરભાઈને વાત કરી તો મને પૂછ્યું, 'દાદાજીની ઉંમર કેટલી હશે ? મેં કહ્યું, '૮૩-૮૪ વરસ'. તો મને કહે, 'મારાથી દસ વરસ મોટા છે. તેમને તકલીફ ન આપીશ. હું તારા ઘરે દાદાજીના દર્શન કરવા આવીશ.' મેં કહ્યું, 'દાદાજીને ૮૪ વરસ છે પણ તબિયત ઘણી સારી છે અને મારા સ્કૂટર પાછળ બેસીને અહીં આવી શકશે.' ઉમાશંકરભાઈએ ટાઈમ આપ્યો તે દિવસે દાદાને સ્કૂટર પાછળ બેસાડી તેમને ઘરે લઈ ગયો. દાદાજી તો શું બોલે ! ઉમાશંકરભાઈના દર્શનથી જ ધન્ય થઈ ગયા. બંને એકબીજાને હાથ જોડીને ઊભા રહ્યા. દાદાજી સાથે તેમના રસની પ્રેમથી વાતો કરી. દાદાજી આજે પણ એ નજરાણું યાદ કરે છે. મને લખવા માત્ર એક પત્રમાં તેમણે તાજેતરમાં પ્રગટ થયેલી મારી અને કાર્ત્તિકની કવિતા તો યાદ

કરી પણ મારા મિત્રો અને પુત્ર કાર્તિકેયથી દાદાજી (કાર્તિકેય ટુ બધાંને મારી યાદ) ને સંભારેલા.

તેમના ગુસ્સાનો લાભ તો નથી મળ્યો પણ અણગમામિશ્રિત ટોન જરૂર સાંભળ્યો છે. વાત એમ હતી કે દૂરદર્શનના પ્રોડ્યુસર દિપક બાવસ્કર ચં. મહેતા પર એક ડોક્યુમેન્ટરી બનાવતા હતા. તેમની ઇચ્છા હતી કે તેમાં ઉમાશંકરભાઈની 'ચંદ્રવદન એક ચીજ' તેમના અવાજમાં જ સમાવવી. સીધું કહેવાથી ઉમાશંકરભાઈ ના પાડી દેશે તેવી દહેશતથી તેમણે પરેશ મારફ્ત મને સંડોવ્યો. બાવસ્કરને ડોક્યુમેન્ટરી પૂરી કરવાની ઉતાવળ હતી અને તે દિવસોમાં ઉમાશંકરભાઈ તીથલ રહેવા ગયેલા. મેં કાગળ લખ્યો કે આ પ્રકારનું તમારું કામ છે. તમે બે-ચાર દિવસમાં અમદાવાદ આવવાના હો તો અહીં શુટિંગ કરીએ. નહીં તો તમે કહો ત્યારે તીથલ આવીને કરી જઈએ. સાથે તીથલ કદાચ હાથવગી ન હોય તેમ માની તે કવિતા પણ મોકલેલી. તરત વળતી ટપાલે તેમનો આકાશવાણી પર જવાબ આવ્યો. (કાગળ પર મારું નામ અને મોકલનારમાં ઉમાશંકરભાઈનું નામ વાંચી હું તો ધન્ય ધન્ય) તેમણે લખેલું કે બે-ચાર દિવસમાં જ તેઓ અમદાવાદ આવશે તેથી તીથલ આવવાની જરૂર નથી. આ સમાચાર મેં બાવસ્કરને જણાવ્યા. પણ પછી બાવસ્કર તરફથી કોઈ સંદેશો આવ્યો નહીં. દસેક દિવસ પછી ઑપરેટર કહે ફોન. મેં ઉપાડ્યો તો ઉમાશંકરભાઈનો મને અપરિચિત તેવી ટોન. તેમણે કહ્યું માત્ર એટલું જ કે તેઓ અઠવાડિયાથી અમદાવાદ આવી ગયા છે અને અમે સંપર્ક કરીશું તેની રાહમાં હતા. શુટિંગ કરવું ન કરવું મહત્વનું ન હતું પણ વિવેક માટે પણ તેમનો કોન્ટેક્ટ કરવો જોઈતો હતો. એ વિવેક અમે ચૂક્યા. એક વાર છેક તીથલ સુધી ટીમ લઈને શુટિંગ કરવાની તત્પરતા પછી આવી આળસ કે અહેવાલના કોઈને પણ અકળાવે. દીપક બાવસ્કર ફેસ્ટિવલ ઓફ ઇંડિયા માટે મોસ્કો પહોંચી ગયા હતા અને અહીં ગુનેગારના પાંજરામાં હું ઊભો હતો. ગમે તેમ હોય, તે ડોક્યુમેન્ટરી ઉમાશંકરની તે કવિતાથી વંચિત રહી.

વિજ્ઞાનના વિદ્યાર્થી હોવાને લીધે સાહિત્યનું અને ઉમાશંકરભાઈનું સીધું શિક્ષણ તો હું પામ્યો નથી. અમારી આ લાગણી તેમની પાસે રજૂ કરતાં એક વાર તેમણે એક સાંજે તેમના અંદરના રૂમમાં મારા અને યોગેશ માટે અંગ્રેજી કવિતાનો રીતસરનો ક્લાસ

લીધેલો. લગભગ દોઢ-બે કલાક સુધી તેઓ વરસો પછી એમ.એ. નો પિરિઅડ લેતા હોય તેમ ટોમસ ગ્રેની ‘એલજી રીટન ઈન અ કન્ટ્રી ચર્ચયાર્ડ’ અને ટોમસ હાર્ડીની ‘કવિની ઈચ્છા’ કવિતાઓની લીટીએ લીટી વાંચતા જાય. ‘between the lines’ જે હોય તે પણ સમજાવતા જાય. છેક છત સુધી ચડી ગયેલી ચોપડીઓવાળા ઘોડા, ટેબલ પર આવેલાં અને જવાબ આપવાની રાહ જોતા કાગળો, ટેબલની એક તરફ ઉમાશંકરભાઈ, બીજી તરફ ખુરશી પર હું અને યોગેશ. ઉપરથી પડતો બલ્બનો પ્રકાશ અને વિદ્યુતલતાશી એક પછી એક ઉજાળતી પંક્તિઓ બધું ક્લિક્ થઈ ગયેંન છે. તે દિવસે તેઓ અમારા માટે ચા બનવવા ગયા (તેમના હાથની ચા અને ચીવટપૂર્વક છાલ ઉતારેલું સફરજન ખાવાવાળા અમે પણ ભાગ્યશાળી હતા.) ત્યારે તેમના બુકકેસનો કાચ સરકાવી ચોપડીઓ જોયેલી. એક પુસ્તક હજી યાદ છે. ‘Divine Comedy’. તેમાં તેમે ચાલીસ પચાસ વરસ પહેલાં તે પુસ્તક બે વાર વાંચ્યું હતું અને તેમાં વાંચન તારીખ તથા ભારતીય તત્વજ્ઞાન અને વિશેષ કરીને ઉપનિષદ અને ગીતાના પેરેલલ ક્યાં છે તે પંક્તિઓ અંડર લાઈન કરેલી ને ટાંચણ કરેલું. ‘ડિવાઈન કૉમેડિ’ વિષે તેમણે સ્વતંત્ર કશું ન લખ્યું હોય તો પણ તે ટાંચણ પરથી તે મહાકાવ્ય વિષે તેઓ શું માનતા – વિચારતા તેનો અંદાજ આવી શકે.

તેમની સાથે થોડી વાર બેસો તોપણ બે-ચાર વાત, વિચાર કે રજૂઆત એવી થાય કે તમને કાયમ માટે યાદ રહી જાય. Corrospondence શાળમાં તેમણે વચ્ચે હાયફન મૂકી co-respond શબ્દને તેના મૂળ અર્થમાં ખોલી આપેલો. પરિષદના દાદર પાસે એક વાર વધારે જીવવાની ઇચ્છાની વાત નીકળી તો કહે, ‘આ માણસજાત કેવી કમાલ કરે છે તે જોવું ચોક્કસ ગમે. કહે, જુઓને લગભગ પંચોતેર થવા આવ્યાં. એટલે એક ડગલું તો આમ ચાલ્યા ગણોને. આમ ૨૦ ડગલાં પાછળ ચાલીએ તો ક્રાઈસ્ટ સાથે હાથ મિલાવી શકાય. : હેલો ક્રાઈસ્ટ.’ તેમના ઘરે મહાભારતના ગમતા પાત્ર વિશે પૂછ્યું તો તેમણે કૃષ્ણ, કર્ણ, અર્જુન, યુધિષ્ઠિર, વિદુર કે દ્રૌપદી નહીં પણ દુર્યોધનનું નામ આપેલું. તેમના હૃદયમાં કોઈ ખૂણામાં આપણો આ ખલનાયક વસી ગયેલો. દુર્યોધન શા માટે ગમે છે તે વિશે તેમણે કહેલું, જેમાંનું આજે કશું યાદ નથી. હા, દુર્યોધનમાં અંગ્રેજીમાં જેને just કહે છે તેનો આગ્રહ હતો અને ગુજરાતીમાં તે just શબ્દનો પર્યાય નથી તેમ કહેલું તેટલું યાદ છે.

નેધરલેન્ડથી મારો મિત્ર યાપ સ્લુરિંક અમદાવાદ આવેલો તો તેણે લઈ ઉમાશંકરભાઈને ઘરે ગયેલો. આમસ્ટરડમ, હેગ, રોટરડામની વાતો કરી તેને વાતો કરતો રાખેલો. નીકળતી વખતે બહાર ઓશરીમાં અમને વળાવવા આવ્યા ત્યાં વળી વાતોએ વળગ્યાં. વાતવાટમાં ક્યાંથી કાન્તની 'આજ મહારાજ જલ પર ઉદય જોઈને ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે' તે પંક્તિઓ બોલ્યા ને ગુજરાતી ભાષાનો એક અક્ષર પણ ન સમજનારા મારા ડચ મિત્રએ કાવ્યના લય પરથી તેણે પામી જઈને મને પૂછ્યું : 'are these line related to sea ?' એ કવિતામાં યાપને સમુદ્રનાં મોજાંનો લય પકડાયો. મેં ઉમાશંકરભાઈને કહ્યું તમે કમાલ કરી. તો આ જશ પણ તેમણે ન લીધો. કહે, 'કમાલ તો કાન્તની'.

એક વાર બપોરે આકાશવાણી પર તેમનો ફોન આવ્યો. ફોનમાં કહે ecologyનો પર્યાય પર્યાવરણ થાય ? મેં કહ્યું 'આમ જુઓ તો ecology શબ્દમાં સમગ્ર જીવનસૃષ્ટિ એકબીજા સાથે અને પર્યાવરણ સાથે જે સંતુલનમાં રહે છે તેનું શાસ્ત્ર એવો અર્થ થાય. પણ આપણે ત્યાં પર્યાવરણશાસ્ત્ર શબ્દ જ રૂઢ થઈ ગયો છે. મૂળની અર્થચ્છાયાઓ નથી પણ લોકો સમજી જાય છે.' પૂછવાનું કારણ મેં કહ્યું તો કહે કાલિદાસ પરની પરિચય પુસ્તિકામાં તેમણે તે શબ્દ યોગ્ય સંદર્ભમાં વાપર્યો છે કે નહીં તેની ખાતરી કૉપી પ્રેસમાં જાય તે પહેલાં તેમણે કરવી હતી અને મેં ઇકોલૉજીમાં ડૉક્ટરેટ કરેલું તેથી મારા વિષય અંગે મને પૂછવું તેમને વધુ યોગ્ય લાગ્યું. આ કેવળ નમ્રતા ન હતી પણ એક શબ્દ માટે કેવી ચીવટ અને ચોક્કસાઈ હતી તેનું ઉદાહરણ હતું.

ઉમાશંકરભાઈ જ્ઞાનપીઠ થી મહાન હતા તે તો આવી નાની નાની ઘટનાઓથી. મારા મનમાં જ્ઞાનપીઠથી પણ ઊંચી પ્રેમપીઠ પર બેસેલા હતા. તેઓ બહારગામ હોય ત્યારે અમદાવાદમાંથી મારું અમદાવાદ ઓછું થઈ જતું. ભલે રોજ મળવાનું ન થતું હોય તોપણ તેઓ અમદાવાદમાં હોય તેની જ એક ધરપત લાગતી. ખબર પડે કે તેઓ અમદાવાદમાં આવી ગયા છે તો અમસ્તો જ ફોન કરી એ ધરપતને અડી લેતો. મનમાં એક પૂરાપણું લાગતું. આજે હવે એ ધરપત નથી. છતાં એક ધરપત તો છે કે આની પાર, પેલી પાર જો જગત હશે તો ઉમાશંકરભાઈ ત્યાં જરૂર મળશે. અને પરિષદના પગથિયા પાસે બધાની વચ્ચેથી ખસી જઈ મને મળવા આવેલાં તેમ ત્યાં પણ આવશે.

# ૭ - વ્હાલકુડો મારો ઉનોળો

ઉનાળો એમ બોલતાં જ ફળફળતા બટેટામાંથી વરાળ નીકળતી હોય એવું લાગે. ગ્રીષ્મ શબ્દ બોલતાં છાંયો, ગુલમહોર, ગરમાળો, એવું યાદ આવે. ભૂખરી ધૂળ ડમરી ચોળેલો ઉનાળો ગ્રીષ્મ શબ્દમાં પીતાંબર પહેરેલો દેખાય. ઉનાળો આવડા મોટા દિવસનો અને આટલા લાંબા વેકેશનનો ઘણી ને છતાં કવિઓનો લગભગ ઉપેક્ષિત. કવિઓ કહેશે જ 'વા'લી મુંને વર્ષા ને વા'લી મુંને વસંત. બહુ બહુ તો શરદ શિશિર અડી લઈએ પણ આ ઉનાળો ભઈ સાબ ધોળા ધરમેય ન ખપે.' પણ કવિકુલગુરુ કાલિદાસ એમાંથી બાકાત. તેમણે તો તેમના 'ऋतुसंहार' નો આરંભ જ ગ્રીષ્મથી કર્યો છે –

'प्रचंडसूर्यः स्पहृणीयचन्द्रमा
सदावगाहक्षमवारसिंचयः !
दनिान्तरमयोङम्युपशान्तमन्मथो
नदिाधकालोङ्यमुपागतः प्रयि!!

પ્રચંડ સૂર્યની વાત કરીને તરત જ ઠંડા પવાનોવાળી ચાન્દ્ર રાત્રીઓની યાદ અપાવી. અને વારિસંચય તળાવ તળાવડાં હોજ વાપી કે ઘરમાં નાહવાનું સુખ પણ કેવું ! ઉનાળાની મજા યાદ કરાવીને ? આગળ કવિ ચન્દન રત્નથી શોભતા મહાલયોના ફૂવારાઓ, ચન્દનનો લેપ સ્તન પર લગાવેલી પ્રિયા, સુગંધી સ્નાનથી કેશપાશ, પગે લગાવેલો લાલ અળતો, ઝીણાં ફરફરતાં વસ્ત્રો, એ બધી વાત કરી એક બુઝવા ભદ્ર રોમેન્ટીક કામ્ય વિશ્વ ખડું કરે છે પણ સામે પક્ષે સમાજના સામાન્ય માણસો જેવા પશુ-પક્ષીઓની

આ પરિસ્થિતિમાં શું દશા થાય છે તે પણ કહેવાનું, તેમની પણ પીડા જોવાનું ભૂલ્યા નથી. વનમાં સુનીલ નભને જળાશય માની દોડતા તૃષાર્ત હરણાં, ઉપર સૂર્ય અને નીચે ધગધગતી રેતીથી દાઝતો સાપ તેના દુશ્મન મોરની પાંખમાં ભરાય છે, તરસથી નંખાય ગયેલો હાંફતો સિંહ નજીક હાથી ઊભો છે તેને પણ મારતો નથી. તૃષાકુલ હાથી બિચારો ટીપુંક ઝાકળને ચાટે છે. મોર તેના કલાપથી જ માથું ઢાંકે છે, દેડકો વળી બળબળતા તાપથી બચવા નાગણી ફેણ નીચે લપાયો છે, મત્સ્યો જ્યાં ઉદ્‌વિગ્ન છે સારસો, ભયત્રસ્ત છે તે સુકાયેલા જલાશયનો કાદવ ગજેન્દ્ર યુદ્ધે કચડાય છે, ભેંસો જળાશય શોધતી ભટકી રહી છે એ અગનદાહ દેતા ઉનાળાની વાત કરી તેણે આડકતરી રીતે તો સામાન્ય માણસની દશા પણ સૂચવી દીધી છે.

અંગત રીતે કહું તો ઉનાળો મને બહુ પ્રિય છે. તે પ્રિય છે એટલું જ નહીં શિયાળાની સરખામણીએ પક્ષપાત પણ છે. શિયાળામાં ઢબૂરાઈ ઠુંઠવાઈ કે ઠીંગરાઈ ગયેલો હું ઉનાળામાં કોળી ઊઠું છું. દિવસો પણ હવે કોઈ ભય નથી તેમ ધારી માથું બહાર કાઢી લંબાઈને અલસ ચાલે ચાલે છે. મેં ચાલતો ચાલતો રાતની સરહદ પર પણ કબજો જમાવે છે, ભડભાંખળું પણ કેવું જલ્દી થઈ જાય છે. ઉનાળો સંકોચ નહીં પણ વિસ્તારીની ઋતુ. માત્ર દિવસો વિસ્તરીને લાંબા થાય તેવું નથી અંગોના પણ આંતસિયા આપણે બીડી રાખ્યા હતા તે પણ તૂટે ને અંગો પણ વિસ્તરે. પવન પણ બંધાયેલો છૂટે.

શહેરમાં કેસૂડા દેખાય નહીં તેથી વસંતનો સંતોષ તો તમારે નવા પાંદડાથી જ લેવો પડે પણ ઉનાળો તો લાલચટ્ટક અને વચ્ચે આછા સફેદ પીળા સ્પોટવાળા ગુલમ્હોર બનીને કે ગરમાળો (તેનું હિન્દી નામ અમલતાશ વધુ સરસ છે નહીં ?) તેના પીળા દાંડી ઝુમ્મરથી સ્વાગત કરવા ઊભો હોય – આપણા કમ્પાઉન્ડના ફળિયામાં કે રસ્તાઓ પર. ગરમાળાનાં સુકુમાર પીળાં ઝુમ્મરિયા ફૂલોમાં એક આછી આગવી સુગંધ હોય છે. કોઈ વાર તેની નીચે ઊભા રહી છાતીમાં ભરી જોજો. રાજકોટમાં એક મોટું ગરમાળાનું ઝાડ છે. વરસ આખું ધૂળિયું ત્યાં જ ઊભું હોય. આપણું ધ્યાન પણ ન જાય. પણ એપ્રિલ-મેમાં બધાં પાંદડા ખેરવી છાલ પર પીળી કાંતિ ધારણ કરી ઉગ્ર પ્રચંડ પીળા તડકાને કાલવી પુટ ચડાવી એવો તો ઠંડો પીળો દીપ્તિમાન બનાવે કે તમે જોઈ જ રહો. એ ગરમાળાને જોવા અમે ખાસ રોજ એ રસ્તેથી નીકળતા. આ બધી વાત કરી તેમાં એક

ઘટાદાર વૃક્ષની વાત રહી ગઈ. સૉરી, એક નહીં પણ બે વૃક્ષો – લીમડો અને શિરીષ. ગુલમ્હોર અને ગરમાળાએ આંખથી ધ્યાન ખેંચ્યું પણ લીમડો તો ચૈત્ર આવતાં જ તેની ગંધની મુઠ્ઠી ખોલી નાખશે. તેની ઝીણા જડતર જેવી મંજરીની આછેરી કડવી મીઠી ગંધ ઘેરી વળશે. સહેજ પવન આવતા લીમડાની ચમરી જેવી ડાળીઓ માથુ ધ્રુણાવી ઊઠે. એક મોટા લીમડામાં તો આવી હજારો ચમરીઓ. સો ચામર આમ તો બસો ચામર તેમ ઝુલતી હોય. આ બધામાં શિરીષ સ્થિર નર ઠાવકું લાગે, મોટા ઘટા કલાપથી છાયાનો તંબુ બનાવી ઊભું હોય. આ શિરીષ તેના કદથી જેટલું પ્રૌઢ લાગે તેટલું જ સુકુમાર તનુકોમળ તેના રોમશ ફૂલોથી. એ ફૂલોનો ઝીણી ઝીણી મીઠી ગલી ગલી કરે તેવો સ્પર્શ ગાલને કરાવ્યો છે ? હવે શિરીષ નીચેથી પસાર થાવ ત્યારે જાહેરમાં પણ ઠેકડો મારી શિરીષની એક કલગી તોડી લ્હાવો લઈ જો જો – આ પૃથ્વી પર ફરી આવવાનું મન થશે.

અરે આ ક્યાંથી અવાજ આવ્યો ? બીજી બધી વાતમાં હતો તેથી તમારો અવાજ મનમાં રજીસ્ટર ન થયો. કોયલબેન, બાકી તમે તો બ્રાહ્મમૂહૂર્તમાં ઊઠી કૂજવાનું શરૂ કરી દીધું છે. તમે પણ આખું વરસ મૌનવ્રત ધારણ કરી અંતે કંઠ ખોલવા ખરી ઋતુ પસંદ કરી છે. તમે કહેશો કે ઉનાળાને પણ કોઈ આભૂષણ જોઈને તો લો અને કૂજન લાવ્યા. સાચ્ચે જ ભરબપોરે કોયલબેન, દૂરથી કૂજતા હો છો ત્યારે બપોરે કેવી સહ્ય થઈ જાય છે. અને સામ સામે ચડસાચડસીમાં રાગદારીના ટુકડાઓ છેડાતા હોય ત્યારે તો માશાલ્લા ક્યા કહેના ? ઉનાળાની બપોરે એક બીજો અવાજ સાંભળેલો તે યાદ કરું છે ને અંદરથી એકલો થઈ જાવ છું દૂર લંબાતા હળવા મમરા જેવા ફેરિયાના અવાજ વચ્ચે છજા પરનો એક હોલો ઘૂઘે છે. ઘૂઘૂ....ઘૂ ઘૂઘૂ....ઘૂ ઓહ આટલું બધું એકલું તે કોઈ હોય ! શેરીઓ મકાનો રસ્તાઓ વૃક્ષો કશું રહેતું નથી. રહે છે માત્ર એક અફાટ વિસ્તાર અને વચ્ચે એકાકી અવાજ.

ઉનાળાના બીજાં પણ સ્મરણો છે. ગામ પરગામમાં ગાળેલાં વેકેશનો. ચોરને કાંધ મારે એવા તડકામાં ચડ્ડી પહેરી રખડવાનું, રેંકડીમાંથી કેસરી ગુંદા પીળી રાયણ કે લાલ તરબૂચ ખાવાનાં. તરબૂચનો ગરભ દાંતમાં ખૂંપતો જાય છે, રસ ઓગળતો જાય છે, રેલા ગાલ પર, હાથ પર, હાથ પરથી કોણી પરથી લીલી ચીર પરથી નીચે ટપકતા જાય છે. આઈસ્ક્રીમ તો ખાવા મળશે જયારે રીઝલ્ટ આવશે ત્યારે. સદરબજારની પેલી પટેલ

આઈસ્ક્રીમવાળાની બે બારણાંવાળી દુકાનમાં નવા કપડાં પહેરી ઠાઠથી પ્રવેશશું. નમણા પાતળા પાયાવાળી ઈટાલિયન ઢબની ખુરશી પર ઠાવકાઈથી ગોઠવાશુ. આરસના ષટકોણ ટેબલ પર વેનીલાનાં છ કચોળાં આવશે. આખી પ્લેઈટ ! અકરાંતિયાની જેમ ઝાપટશું. છેલ્લે ઓગળેલો આઈસ્ક્રીમ મોંમાં રેડી દઈશું. મોટાભાઈ પૂછશે બીજો ખાવો છે ? ઓહોહો મોટાભાઈ આજે એટલા ઉદાર પ્રેમાળ ! ને ફરી ગુલાબની છ આખી પ્લેઈટ ! આખું વરસ કંટાળાના કાટમાળ જેવા ક્લાસરૂમો, ચોપડીઓનાં પાનાં, પરીક્ષાના ડંકા, બધું આઈસ્ક્રીમ સાથે ઠંડુ સ્વાદ થઈ ઓગળી જતું. હવે એવો આઈસ્ક્રીમ બનતો નથી.

ઉનાળો એટલે ઘરમાં ઘઉંની સીઝન. ખેતર ખળું આખું ગુણમાંથી ઘરમાં ઠલવાતું, હું ગોરો છું ઘઉંવણી કે ભીનેવાન તે ઘઉંના ઢગલામાં હાથ સરકાવી જોતો, વાર્તાની ચોપડી વાંચતા વાંચતા વચ્ચે ય ચારણામાં ઘઉં ચળાવનો અવાજ આવતો. એકાદ થાળી જેટલાં ઘઉંમાંથી આખો ઢગલો થઈ જતો. બધાં ભાઈઓને માની સાથે ઘઉં વીણવાના કામ બદલ વચ્ચે સિરપાવ મળતો. બરફના ગોળાવાળાની ઘંટડી સંભળાય ને મા કહે ‘જા’તો નાનિયાગોળા લઈ આવ’તો હડી કાઢતો વાટકા હાથમાં લઈ દાદરના પગથિયાં કુદાવતો ગોળા લઈ આવતો. બહાર કોયલ. હોલા ને ફેરિયાના અવાજો વચ્ચે ક્યાંક ખંડાતા મરચા કે ધાણાજીરુના દસ્તાનો ધમ ધમ અવાજ સંભળાતો. ધાણાજીરુની સુગંધથી એવું થતું કે માંથું આખું ધાણાજીરુ નાખી દઉં.

અને ઉનાળો એ લગનગાળો યાદ કરો ને ઘણું બધું યાદ આવશે. ઝરી ભરત ને બાડલાવળી સાડી, હવનનો ઘીનો ગંધવાળો ધૂમાડો, ઝળઝળિયા દાળના સબડકા, મીઠાઈના ચગદાં, રંગીન માંડવા નીચે રંગીન તડકામાં રંગબેરંગી સ્ત્રીઓ, વળગતા રોતા હડિયાપાટી કરતાં છોકરાંવ, અત્તર ને મોગરાની વેણીની ગંધ, સાસકીન સુટ, રેશમી સાફો, પેટ્રોમેક્સ ઊંચકી જતી ફૂલેકા વખતે પાછળ પાછળ ધસડાતી આવતી બાઈઓ, બહાર ઊભેલી માગણ, વરરાજાની મૂછો, ઢોલીનો ઢોલ, લગ્નગીતોના મોજાં પર ચડેલા જાનૈયા-માંડવિયા; સાંજે છેલ્લે છેલ્લે કન્યાને ગામને પાદર સુધી ફેરવતી ધૂળ ઉડાડતી ઘોડાગાડી, કંકુના થાપા, અને વહુ લઈ જતી હીંચકયી હીંચકતી જાન. કોઈ કહેશો નહીં કે ઉનાળો જતિ જોગી છે. એ તો વરણાગિયો વરરાજો છે, વરરાજો.

# ૮ - આનંદ-વિષાદના ઝોલે

હમણાં હમણાં ક્યાંક સોરવતું નથી. ઉખડેલા ઉખડેલા રહેવાય છે. કારણ કંઈ નથી. એમ કહી શકાય કે કારણ કોઈ હોય તો મને પણ તેની ખબર નથી. હશે ક્યાંક સાતમા ગુપ્ત પાતાળમાં પડ્યું હશે. કદાચ મદારીના દેરાણી-જેઠાણીના ડાબલાની જેમ મનની એક પછી એક ડાબલી ખોલતા જાવ અને અંદરથી કાંઈ ન નીકળે તેવું ય બને. આવું થાય ત્યારે આકાશમાંથી આકાશ ઓછું થઈ જાય છે. બસ ખિન્ન અવસાદ લઈ કોરી આંખોથી મૂંગા મૂંગા બેઠા રહેવાનું મન થાય છે. આકાશમાં બપોરે ઊંચે ઊંચે સમડી મૌન તર્યા કરતી હોય તેવી લાગણી થાય છે. આજુબાજુ વાતચીત શોરબકોર કોલાહલ ટ્રાફિક જાણે કંઈ કરતાં કંઈ અડતું જ નથી. ના આ અજંપો, બેચેની, વિહવળતા નથી – કદાચ નિર્વેદ છે. તેને વિષાદ કહી શકાય ? વિષાદ શબ્દને તો ચૈતસિક આધ્યાત્મિક પરિણામો છે. તો આ પરિસ્થિતિને શું કહેવું ? જયારે સમગ્ર જગતમાંથી અથૌ સૂકી રેતીમાં ટીપું શોષાઈ જાય તેમ શોષાઈ જાય છે. બધી દિશાઓએ તેના બારીબારણાં ખોલી અનેક સ્થળકાળના પવનોને આમંત્રતું મન બ્લેક હોલ જેવી ઘનતા ધારણ કરી પોતાને સમેટતું બેઠું છે.

આવી ભાવ સ્થિતિને આપણે Mood કહીશું ? સુખદુ:ખના કાળાંધોળાં ચોકઠાંનો તો સવાલ જ નથી, સુખદુ:ખ તો સાપેક્ષ, ગાણિતિક અને quantitative જયારે આ તો સ્વભાવથી જ qualitative બધું હોય ને છતાં કંઈક ખૂટતું હોય અથવા તો કાંઈ ન હોય ને બધું જ અભરે ભર્યું હોય. સુંદરમના પેલાં મુક્તકમાં બજવૈયા યુગલ જેવું સહજ આનંદ સભર –

"રાજાના દરબારમાં રસિકડી મેં બીન છેડી જરા
તેં તારા ઠમકારથી સકળનાં ચોરી લીધાં ચિત્તને,
રાજા ત્યાં હરખ્યો, સભા ખુશ થઈ : 'માગી લિયો ચાહ્ય સો'
બંને આપણ થંભિયાં પણ ન કૈ સુઝ્યું જ શું માંગવું,
ને પાછા હસી આપણે મન ભરી ગાયા બજાવ્યા કર્યું."

એ આંનંદ ક્યાંથી કેવી રીતે મળશે કહી શકાય નહીં. બસ એમ જ આનંદ મળી જાય. કહે છે કે આનંદનો કોઈ વિરોધી ભાવ નથી. આનંદ એટલે આનંદ. આ આવિર્ભૂત સત્ જગત ઉપર ચિત્ત અને તે ઉપર આનંદ એવો સત્-ચિત્ત આનંદનો અર્થ હશે ? આપણું શરીર જે સૂક્ષ્મ કોષોનું બનેલું છે તેમાં પણ તે અન્નમય પ્રાણમય, મનોમય કોષથી ઉપર આનંદમય કોષની વાત કરેલી છે. ત્યાં જ હરફન મસ્ત મૌલા ફક્કડ ફકીર કબીર હાથમાં લાઠી લઈને ઊભા છે કહે છે –

"કબીર ખડા બાઝાર મેં લિયે લુકાઠી હાથ
જો ઘર બારે આપના સો ચલે હમારે સાથ"

આ તો ઘર બાળીને તીરથ કરી શકે અથવા તો જેની મિથિલા બળતી હોય ને છતાં આરામથી કહી શકે કે આમાં મારું કાંઈ બળતું નથી તેવી વિદેહી અવસ્થામાં રહેતાં જનક આમ આનંદમાં રહેતાં હશે ? ઉપનિષદ્માં કહે છે કે જગતની ઉત્પતિ આનંદમાંથી થઈ છે તેવું કહ્યું છે. અને તે સિવાય બીજો હેતુ પણ શો હોય ? એટલે જ સર્જન અને સંભોગ સાથે પ્રકૃતિએ આનંદ જોડ્યો. નહીં તો એની કડાકૂટમાં પડત કોણ ? આપણા મરણ સમયે પીડા થાય ખરી પણ જન્મ તો આપણો આનંદમાંથી જ. કહેનારા તો ત્યાં સુધી કહે છે કે મનને આનંદમાં ન રાખવું એનો અર્થ જ સૂક્ષ્મ હિંસા આચરવી. પ્રાકૃતિક સ્વ-ભાવ જ આનંદનો. એ આનંદનગરીના આનંદાસન પર આરૂઢ હતા આપણે આપણા શૈશવમાં. બધે આનંદ જ આનંદ. માટે તો નરસિંહ મહેતાને કહેવું પડ્યું –

"સચ્ચિદાનંદ આનંદ ક્રિડા કરે
સોનાના પારણામાંહી ઝૂલે"

ત્યારે શિશુને આનંદ થતો નથી હોતો, તેની તો રમણા જ આનંદલોકમાં.

હા, તો વાત હતી, મૂડની. શરદની દોડતી વાદળીના તડકાછાંયાની આવન જાવન ચાલ્યા કરે. આવું થાય ત્યારે મનને મનમો દઈ હું મનાવતો નથી. તેને એમને એમ જ રહેવા દઉં છું. અને મન સદાય આનંદમાં જ રહે તેવી ઇચ્છા એ સ્વાર્થ નહીં તો બીજું શું ? 'मनः एव मनुष्याणा कारण बंधमोक्षयोः !' મનનું જ કારણ હોય તો બધું સ્વીકારવું પડે ને ! મનોવિજ્ઞાનીઓ ભલે તેને ડિપ્રેશન, મેલેન્કોલિયાની પરિભાષામાં વિચારે, મને ઘણીવાર લાગે છે કે આ અકથ્ય ઘુંટાતી લાગણી જેણે નિર્વેદ કહો, દુઃખ કહો, વિષાદ કહો, અવસાદ કહો ગમે તે કહો, તે જ તમારા પાત્રને ઊંડું બનાવે છે કે જેથી તેમાં વધુ આનંદ સમાઈ શકે. ચિત્તની આવી સ્થિતિમાં એક તરફ તમને જગત આખું એબ્સર્ડ, અહેતુક લાગે તો બીજી તરફ આ સ્થિતિએ તમને એવી કરુણા સમતાભરી દ્રષ્ટિ આવીને વરે છે કે તમે જગતને માફ કરી દો છો – તેની વ્યર્થતા વિસંગતતાને પણ. આવી સ્થિતિમાં મારી અને જગત વચ્ચે એક સાથે બે સ્થિતિઓ થાય છે. બંને ભાવસ્થિતિઓ સામેનાં છેડાની પણ બંને સાથે એક સાથે જ હું અનુભવું છું. એક તરફ એવું લાગે છે કે આ જગત – તેના લોકો, ઝાડ, પાન, આકાશ, પૃથ્વી, સંબંધો બધાંથી હું અલગ એકાકી છું, પણ, વિચ્છિન્ન નથી. બીજી તરફ એવું લાગે છે કે મારી જાતને જ વિસ્તારીને એટલી બૃહદ બનાવી દીધી છે કે આખા જગતના સામા પલ્લે તે ઊભી છે. મારા અને જગત વચ્ચે જાણે કે એક સુખદ ઉદાસ અવકાશ રચાયો છે. એક સમુદાર પ્રેમ નીતરતી આંખથી જોઈ રહું છું. મારા વ્યક્તિત્વનાં જ ક્ષુદ્ર ક્ષુલ્લુક પાસાંઓનો મને છોછ નથી તેને મેં માફ કરી દીધા છે. આ જગત જો અર્થહીન, વિરૂપ વિચિત્ર નિષ્ઠુર હોય તો તેને પણ મેં માફ કરી દીધું છે. આવી ભાવસ્થિતિમાં સાંજના ઉદાસ આકાશના વિશાળ પટ પર બેચાર ગંભીર ચહેરાઓ તરવરે છે, લિયોનાર્દોની 'જીન્નેવા' સુરેશ જોષીની 'વિદુલા' જીવનાનંદદાસની 'વનલતા સેન' પાસ્તરનાકનાં 'લારા' અને ડૉ.ઝિવાગો', સિદ્ધાર્થ અને મહાભારતના વિદૂરના ચહેરાઓ આકાશમાં ઝાંખાઝાંખા આલેખાય છે. આ બધાંએ એક યાતના સહન કરી છે. તેઓ કોઈ કોન્સન્ટ્રેશન કેમ્પમાં ગયા નથી તેમના પર કોઈ જુલમ અત્યાચાર થયા નથી. તેમની વેદના સૂક્ષ્મ છે. આ પૃથ્વી પર રહેવું એટલે શું તે તેઓ કાંઈક પામી ગયા છે, મરમીઓ છે.

બીજો એક ભાવ સાથે સાથે જ થાય છે. લાગે છે કે મારી અને જગત વચ્ચે એક અવકાશ

હોવા છતાં કશાક સૂક્ષ્મ સંબંધના તાંતણે અમે બંધાયા છીએ. આ એકાકીપણાંમાં નમાયાપણાંની લાગણી નથી. તેથી ઊલટું બધે જ વિસ્તરીને હું વ્યાપી ગયો હોઉં, વિસ્તીર્ણ થઈ ગયો હોઉં તેવું લાગે છે. દૂર બાંકડા પર બેઠેલા એકાકી વૃદ્ધજન, લીમડાની ચમરી, પાંખો સંકેલી ડાળ પર ઊતરતા પક્ષીઓ, બાળકોનો કલશોર, નાકને સ્પર્શી જતી હળવી લ્હેરખી, સાંજના તડકામાં આછા નીતરતાં મકાનો, બધું પોતાનું લાગવા લાગે છે, સાંજ પાસે આવી સુખદ ઉદાસી છે. સાંજ પ્રગલ્ભ છે એ તમને પણ પ્રગલ્ભ બનાવે છે. સાંજે ક્ષિતિજ વ્યાપ્ત આકાશનો ઘુમ્મટ તમને વિશાળ બનાવે છે અને એકસાથે તમે પરાયાપણાની અને પોતાપણાની લાગણી અનુભવો છો.

# ૯ - નાની મારી આંખ એ જોતી કાંક કાંક

લોર્કા એ કેમ કહ્યું હશે કે નગર મધ્યે પાંચ ઇન્દ્રિયના ખંજરથી ઘાયલ છું ? એ તો સ્પેનિશ. યુદ્ધ આખલાદ્વંદ્વ અને મરણ ક્રીડાને માણતો સ્પેનિશ. તે તો તે જ પરિભાષામાં વાત કરે ને ! આપણા સંત ભજનિકોએ ધડ, ધીંગાણા, બહરવટાં, ક્ષત્રિયવટ, ખાંભી, પાળિયાના વાતાવરણમાં ત્યારની પરીભાષા વાપરી ગાયું ને'વાગે ભડકા ભારી રે ભજનના, કે કલેજા કટારી રુદિયામાં મારી' – પ્રચૂર છે આ જગત. આપણને ચકનાચૂર કરી નાખે તેવું પ્રચૂર પાંચ ઇન્દ્રિયોના દ્વારે દ્વારે જગતની ભીડ છે. દેહ દેવાલયમાં જગતને પ્રવેશવા માટે કોઈ દર્શનસમય નથી. વૈષ્ણવ હવેલીની જેમ ટેરો નથી. એ તો દેહદેવળ, આત્મસ્થ શિવના શિવાલય જેવું હંમેશા ખુલ્લું.

પાંચ પાંચ ઇન્દ્રીયોના સ્વામી, પંચાસન ઇન્દ્રિય પર વિરાજતા માનવીનું ચેતન દારીદ્ય તો ફીટી જ જાય એટલું ઐશ્વર્ય તેણે આપ્યું છે. માત્ર આંખની જ વાત કરીએ તો રોજ-બરોજ જોવામાં જોયું ન જોયું થઈ જાય છે. એકવાર રંગીન ફોટાઓમાંના રંગો જોતાં જોતાં મારા મિત્ર કિશોર કારિયાએ સરસ વાત કરી. કિશોર કહે 'આ રંગીન ફોટાઓ કે ચિત્રો જોઈએ ત્યારે જ ખ્યાલ આવે છે કે આવા સુંદર રંગીન, રંગ વૈવિધ્યવાળા જગતમાં આપણે જીવીએ છીએ છે. રોજ-બ-રોજ તો આપણી દ્રષ્ટિ બ્લેક એન્ડ વ્હાઈટ ન હોય તેવી રીતે વર્તે છે.' વાત સાચી છે. જોવું એ આંખ ઉપરાંત અથવા તો આંખ કરતાંય મનની ક્રિયા છે. માટે તો આંખ જુએ છે મન જોતું નથી એટલે આંખ જોતી નથી, નહીંતર આ દ્રશ્યજગત તો સામે જ છે.

કયું દ્રશ્યજગત ? ધ્યાનથી મેં જોયું છે ? સફેદ દીવાલ તેમાં ઉડતા કબુતર આકારનો

ખરેલો પોપડો, બદામી ઓછાડમાં જાંબલી નાનાં નાનાં ફૂલબુટ્ટાઓ મરૂન રંગની કલરસ્કીમ વાળું સ્ટીલલાઈફ,, આછી ચળકતી ડુંગળી, પીળું ઓશિકું, આઈવરી યલો બારણાં, લાલ ભાતવાળા પડદા, ચળકતો તાંબાનો રતુંમડો કુંજો, નીલઆકાશ, ધીમે ધીમે ઘેરી થતી સાંધ્ય રંગપુરણી. લીલી ઘટામાં કાળા કાગડા, વચ્ચે સફેદ બગલાંનાં કાળાં ધોળાં ટપકાંઓ, આ બધાં રંગો નજરે નથી ચડતા. રંગીન ભરત ગુંથણીવાળો કશીદા ચાકળોય નજર બહાર રહી ગયો. રોજ જોવાની આદતે, ટેવે આ બધું ભુલાવી દીધું હશે. જો એમ હોય તો ફોટોગ્રાફરો, ચિત્રકારોને કેમ રંગો જ રંગો દેખાય છે ? ટેકરીઓની પાર ડૂબતા હિંગોળોકિયા લાલ સૂર્યને અને પશ્ચિમ ક્ષિતિજે આકાશમાં વાદળોમાં પલટાતા સાંધ્યરંગો જોઈને મારા ડચ મિત્ર યાપ સ્લ્પૂરિંક તો આવાક્ રહી ગયો.તે કહે હોલેન્ડની સાંજો આટલી રંગીન નથી. કેટલાંય સૂર્યોદયો. સૂર્યાસ્તો તે આંખોથી પીને અહીંથી ગયો છે. તેની આંખોમાં ભરીને ગયો છે.

એક માત્ર લીલો રંગ જોવા બેસું તો પણ આ એક જિંદગી ઓછી પડે. પીપળાનો, આંબાનો, સરગવાનો, થોરનો, કેતકીનો, પીળી કરેણનો, ઘાસનો, જાત જાતની લીલનો વૃક્ષે વૃક્ષે રંગનો લીલો – તોય જુદો કુમળા ઘાસનો પોપટી લીલો, પલટાઈને લીલો, ઘેરો લીલો આછો લીલો થઈ પીળો પડી જાય છે. પક્ષીમાંય લીલા રંગનું વૈવિધ્ય. મોરનો નીલી ઝાંયવાળો લીલો રંગ, પોપટનો પોપટી રંગ તો વળી પતરંગા હરિયલનો લીલો રંગ જુદો જ. આપણે તો લીલા રંગના બે ચાર શેઈડને નામ આપ્યા. ઓલીવગ્રીન, એમરાલ્ડ ગ્રીન, બોટલ ગ્રીન, પેરોટ ગ્રીન પણ પ્રકૃતિના પૅલેટમાં તો રંગો જ ખૂટતાં નથી. એક પણ રંગ તેણે બીજે નથી વાપર્યો. અનેક રંગ મિલાવટથી અનેક ઝાંય સજી છે.

ફૂલોમાં, ધાતુરંગોમાં, આકાશમાં, પક્ષીઓમાં, પ્રકૃતિએ તો રંગનો ખજાનો લુંટાવી દીધો છે. તો માણસે તેના ઘર, દીવાલમાં, ચિત્રોમાં, વસ્ત્રોની કરોડ કરોડ ભાતોમાં, ભાતીગળ ભરતમાં અળતો મહેંદી, પાનરંગી હોઠો, ફટાકડા, રમકડાં. ધ્વજ, રિબીન પતાકાથી કુદરતની સામે જાણે સામો પડકાર ફેંક્યો છે. ફૂલના રંગોમાંય મારે ગયે ગુલફામ ! પીળાં ગલગોટાં, જાંબલી ડહાલિયા, કેસરી કેસૂડા, શુભ્ર સેવંતિ, સફેદ જુઈ, રક્તિમ જાસુદ, ભુરું ગોકર્ણ, નીલ નીલોત્પલ, ગુલાબી ઝાંય વાળા આછા જાંબલી જંગલી તલફૂલ, લાલ ભડકો રહોડોડેન્ડ્રોન એક પણ નામ રૂપરંગ ભૂલાય નહીં તેવાં.

ક્યારેક તો રેંકડીમાંના સક્કર ટેટી પર પીળી બદામી કથ્થઈ જાળગુંથણી, તેનું દ્રષ્ટિથી પમાતું કરકરું ટેકચર જોઈને એમ થાય કે આ સક્કરટેટી ખાવા માટે નહીં પણ તેના તરફ નીરખી રહેવાને જ સર્જાઈ છે. મને લાગે છે કે આ સ્ટીલલાઈફ ચિત્રકારો ડચ હોય કે સ્પેનિશ (ડચ ચિત્રોમાં જીવનની શાંતિ સંવાદિતા છે તો સ્પેનિશમાં જીવનનો ઉત્સ, ઉત્સાહ ઉઠાળ ઉલાળ છે. જાણે ડાયોનિસિયન અને એપોલોનિયન પરંપરાના જ બે રૂપો.) આપણને આ પદાર્થોના રંગ, આકાર ગોઠવણીથી સભાન કરે છે. સફરજન જે માત્ર સ્વાદ. પૌષ્ટિકતા, વિટામીન સી, સુગરમાં પુરાઈ રહ્યું હતું તે પોલ સેઝાંના ચિત્રમાં એક વ્યક્તિગત પદાર્થરૂપે અસ્તિત્વ ધારણ કરે છે. તેના ડીંટા પાસેનો ગોળાઈવાળો ખાડાનો અંધકાર, પીંછીએ લસરકા માર્યા હોય તેવા રંગપટ્ટાઓ, તેનો આકાર, એકબીજાના સંદર્ભમાં તેની Spacial અવકાશી ગોઠવણી બધું એક બૃહદ્ અર્થ પામે છે. આમ જ કુંજો, છરી, વાઝ, દ્રાક્ષ, સફરજન, ગ્લાસ, જગ કે શીશો તેના વસ્તુત્વને અતિક્રમે છે.

માત્ર વૃક્ષોના થડોના આકારો જોઈએ તોય જોતા રહી જઈએ. એક ઉપર એક ખુલેલી લીલી છત્રી જેવી બદામ, પીઠ જ્ઞાનવૃદ્ધ વડીલ શો ઠાવકો જટાજૂટ વડ, બિહામણો રૂખડો, મહાકાય કંટકોના ભીંગડાવાળો શિમળો, ઊભા લીલા લસરકા જેવા વાંસ, મિનિયેચર પેઈન્ટીંગમાં ચિતર્યો હોય તેવો નાના નાના પાન પત્તીની નઝાકતવાળો સરગવો, અણઘડ અંગભંગિમાં ઊભેલો તોતીંગ અરડૂસો, લીલી છત્રી જેવા આમ્ર બકુલ વૃક્ષો.... રંગ, રેખા શિલ્પ નર્તન બધું જોવા મળે.

દેવોનેય આપણે રંગના પાટલે બેસાડ્યા છે. સરસ્વતીની વાત કરીએ તો ‘શુભ્રવસ્ત્રાવૃતા’, વિષ્ણુ કેવા તો કહે ‘મેઘવર્ણા શુભાગંમ’, રાજીવ ક્મલ લોચને ‘લક્ષ્મી’, શક્તિરૂપ કાલિ અને કૃષ્ણમાં તો નામ, વર્ણ એકાકાર થઈ ગયાં. કૃષ્ણને તો કોન્ટ્રાસ્ટ મેચિંગ આપવા પીતાંબર પહેરાવ્યું તે ઉપરથી આપ્યું લીલીનીલી સોનેરી ઝાંયવાળું મોટપિચ્છ.

જીવનાનંદદાસની કવિતાઓ અને ત્ર્યંબક ખાનોલકરની ‘ચાન્ની’ નવલકથામાં રંગોનો અનુભવ થયો. સઘન ઇન્દ્રિય સંવેદન. જીવનાનંદદાસની કવિતામાં તો રંગો જ રંગો છે. શ્વેત કોડી જેવા મેઘના પહાડો, સુરજનો લાલ ઘોડો, સફેદ રાજહંસ, નીલ કસ્તૂરી

આભાવાળો ચન્દ્ર, સોનેરી પાંખાળી ચીલ, ખડમાકડી જેવું કોમળનીલ આકાશ, સેન પક્ષીના ઈંડા જેવો ચન્દ્ર, નેતરનાં ફળ જેવી પીળી આંખો, પોપટની પાંખ જેવા લીલાં સીતાફળનાં ઝાડ, સીતાફળીના દૂધે ઘડી મૂર્તિ જેવી ચીતલ હરણી, સફેદ ટપકાવાળા કબૂતરોની ઉડાઉડ જેવું રાત્રીનું આકાશ, નારંગી તડકો, કૂકડાની કલગી જેવો લાલ અગ્નિ....

આ રંગો જ ચિત્રકારોના ઉપાદન સાધન અને સાધ્ય પણ. છતાં દરેકની રંગસૃષ્ટિ અલગ. વર્મીયેરના ચિત્રોમાં તેજ છાયા રંગોની સિમ્ફની, રોજિંદા જીવનની તાણમાંથી શાતાદાયી મુક્તિ આપતા માતીસના ઉજ્જવળ રંગો તેની સદગીભરી ડીઝાઈન, વિચ્છુરિત થતાં વાનગોગના રંગતણખાઓ, રંગ જ્વાલાઓ; શિશુસહજ ઉત્સવ, મેળાવડો. માઈકલ એન્જેલોના નાટ્યાત્મક કંપોઝીશનમાં દૈવી શિલ્પો જેવી માનવ દેહાકૃતિઓ, રંગ ભડકાથી પ્રજ્વલિત મધુબની ચિત્રો, પ્રશમરસ દીપ્ત અજંતાના ભીંત ચિત્રો, પક્ષ્મ સૂક્ષ્મ વિગત ખચિત પહાડી મુગલ કિશનગઢ કલમના મિનિયેચરો, રંગ ઉપયોગનું રંગ આયોજનનું વૈવિધ્ય જાણે રંગોથી ય સવાયું.

કાળી આ કીકીમાં રંગો તો રાહ જોતા ઊભા છે મને રંગછોળથી અંદર બહાર ભીંજવવા, ચાલ હુંય આ કલમ બંધ કરી શરદના સોનાઉજળા તડકામાં ખુલેલા જલધૌત રંગોને જોઉં.

# ૧૦ - ગાથા ગંધસામ્રાજ્ઞીની

આપણી અમુક ઇન્દ્રિયો Dictetor – સામ્રાજ્ઞી છે, સંસ્કૃત છે. જેમ કે આંખ અને કાન. આ બંને એ આપણા વ્યવહારમાં, સાહિત્યમાં, જીવનમાં, ઉત્ક્રાંતિમાં મહત્વનો ભાગ ભજવાયો છે. માટે તે ઇન્દ્રિય અનુભવોનો સિંહભાગ પામે, અધિકારપૂર્વક દેહના સિંહસન પર બેસે. જયારે સ્પર્શ, ગંધ અને સ્વાદ એ ત્રણ ઇન્દ્રિયો એક અર્થમાં દલિત, પ્રાકૃત અને ઉપેક્ષિતા છે.

આંખ અને કાન દૂંરદેશી છે. દૂરનું અહીં રહ્યા રહ્યા પામી શકે છે. જયારે આ પ્રાકૃત તો બાળક જેવી હઠીલી – દૂરનાને પણ પ્રત્યક્ષ કરી પોતાનામાં સમાવવા ઈચ્છતી. આ ઇન્દ્રિયો તો કહે અમને લાવી આપો અત્ર અને અદ્ય. સામે કરો હાજર-પ્રત્યક્ષ અમે તેને અમારા સર્વાંગી સ્પર્શથી અડી જોઈએ, તેના સૂક્ષ્મ રૂપને ગંધ દ્વારા અમારામાં ઓગળી દઈએ. બંને ઇન્દ્રિયો પદાર્થનો પ્રત્યક્ષ, સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને રૂપે સંસર્ગ માગે. આ બે ઇન્દ્રિયો પ્રાકૃત અને અંગત. તેના વિષે આમ અમસ્તી કે જાહેરમાં વાત ન થાય. સાહિત્યમાં તો, તે લગભગ ઉપેક્ષિતા. સ્પર્શ તો આપાદ-મસ્તક તમારા અંગાંગમાં વ્યાપેલો – શરીર આખુંય એક તર્જનીનું ટેરવું. પીંછું ફરે, પવન ફરફરે, કરકરા થડ પર ખરખર ફરે, ઊષ્ણ શ્વાસને સ્પર્શે, નરમ દાબને સાહે. ગંધ તો ઈલમી અંતર્યામી. અંદર ઊતરી જાય સાત પાતાળમાં – ત્યાં જઈ અંગત અંગત રહસ્યો ખોલે, આપણામાં એકાકાર થઈ જાય. તે સૂક્ષ્મ તેથી જ પ્રસરી ઓગળી શકે. આ ઇન્દ્રિયોમાં આંખ-કાન મને Physical લાગે છે, જયારે ગંધ મને Chemical લાગે છે. જગતના કોઈ છાપાં

એ કે ટી.વી. ચેનલે તેના પર કબજો જમાવે તેને Currupt નથી કરે આજે પણ તે સાર્વજનિક નહીં અંગત છે.

ગંધ આપણે ધૂપ અત્તર, અગરબતી રૂપે લાડ લડાવ્યાં પણ આ જગતને ગંધ રૂપે આપણે પામ્યા નહીં. મને તો ગંધ વગર જગતનો પરિચય અધૂરો લાગે છે. વચ્ચે ચારેક વરસ પહેલાં સાઈનસ થઈ ગયેલું ત્યારે નાકે ગંધ માટે તેના દરવાજા બંધ કરી દીધેલા. માત્ર શ્વાસની આવન જાવન – ગંધની કોઈ વિવિધતા નહીં. હું તો હેરાન હેરાન થઈ ગયો. જયારે નાક ખૂલ્યું ત્યારે ગંધ પ્રકાશથી ઝળાંઝળાં થઈ ગયેલું, ઘણીવાર અમસ્તો જ બજારોમાં જાઉં છું, ટ્રાફિકની રોડ પરની પેટ્રોલવાળી ગંધનો સરિયામ રસ્તો વટાવી શાકમાર્કીટ ફૂલબજાર, ગાંધીયાણા, કરિયાણાની દુકાનની ગલીઓની ગંધકેડી પર ચાલું છું, કંદોઈની દુકાને ઉકળતા દૂધની માવા જેવી ગંધ, ચાની સોડમ, ફૂલની મહેક, ગાંધીની દુકાને જાતજાતના વસાણા, ઔષધિની વાનસ્પતિક ગંધ, સાબુ અગરબત્તીની ગંધ, સફરજન, કેળાં, ચીકુની મીઠી ગંધ, ખભે ખભે ભટકાતાં અડી ગયેલી કોઈના પરસેવાની આછી શી અંગત ગંધ, જાહેર મૂતરડીઓમાંથી છૂટતી પેશાબની તીવ્ર ગંધ, કાગદી બજારમાં કાગળની, રંગબજારમાં ટર્પેન્ટાઈન રંગની, મોચી બજારમાં નવા કમાવેલા કડક ચામડાની ગંધ, ધરતી સાથેજોડતી આપણા નાકના ફોયણામાં ફોરતી પહેલાં વરસાદ પછીની માટીની ગંધ, શરદની સાંજે વગડામાં પાકેલા ઘાસની ગંધ,પૂર્વ જન્મોના રહસ્યોને ખોલતી પારિજાતની ગંધ, ઉનાળાને સહ્ય બનવાતી મોગરાની શુભ્ર ગંધ.... આ બધી ગંધો વગર આપણો પરિચય અંધ જ રહે ને ? ‘પરબ’ માસિકમાં અશ્વિન મહેતાનો ઉમાશંકર જોશી પર એક લેખ આવેલો.તેમાં ઉમાશંકરભાઈની ગંધ પ્રીતિની વાત ગમી ગયેલી. ઉમાશંકરભાઈ અશ્વિનભાઈને ઘરે તીથલ ગયેલા. બગીચાના રસ્તે પસાર થઈ ઘરમાં આવ્યા ત્યારે અશ્વિનભાઈને કહે “કહો જોઉં આપણે કેટલી ગંધના કોષ પસાર કરીને આવ્યા”? ગંધ સાથે મહાભારતના અભિમન્યુનો ‘કોઠો’ સાંકળી તેમને તો માત્ર એટલું જ કહેવું હતું કે આ એક એક ગંધ આપણને રોકી રાખી જકડી રાખવા સક્ષમ છે અને ‘કેટલી ગંધો’ કહી તેમણે આખા પરિસરને કેવી અવનવી ગંધછટાથી માણ્યું હતું તેનો અણસાર આ એક વાક્યમાં આવી જાય.

આ ગંધને પકડી ન શકાય. તે તો આવે અને જાય. તેથી શું ? તે સ્મૃતિરૂપે સંચિત થઈ

સંસ્કાર રૂપે અધ્યાસરૂપે મનમાં દટાઈને રહે છે અને ફરી કોઈ ગંધની અભિજ્ઞાનમુદ્રા હાથ લાગતા એ આખો પ્રસંગ વિસ્મૃત શકુંતલા જેવો જીવંત થાય છે. ઈટાલિયન કવિ Cesare Pavez – સેઝારે પાવેઝ તો કહે છે 'Every Smell is memory' – 'પ્રયેક ગંધ સ્મૃતિ છે.'તમે જરા મનને ફંફોસી જોજો એજ ગંધ આવતાં જ કેટલી કેટલી સ્મૃતિઓ તમને પ્રસંગો, પાત્રો, પરિવેશરૂપે યાદ આવશે. કહે છે કે વિખ્યાત ફ્રેન્ચ નવલકથાકાર માર્સેલ પ્રુસ્તની મહાનવલ 'Remembrance of the things past' ની શરૂઆત જ તેનો નાયક ડાયનીંગ ટેબલ પર જમવા બેઠો છે ને સુપમાંથી આવતી ગરમ હુંફાળી ગંધ લેતાં જ શૈશવની સ્મૃતિઓના તાકા ઊખળવા લાગે છે તેનાથી થયો છે. મારા મનમાં પણ આવી ગંધોથી કેટલુંય ઊખળી આવે છે. એક પંક્તિ સૂઝે છે આ ક્ષણે –

"અકળ આ ગંધકળથી ખૂલે કેટકેટલાં તાળાં
વરસોથી બાઝ્યા'તા જ્યાં વરસોના ઝાળાં"

ક્યારેક ધોવાના સાબુની ગંધથી કેવું કેવું યાદ આવે છે. ધોવાનો સાબુ એટલે આજનો ડિટર્જન્ટ સાબુ નહીં પણ પહેલાં આવતા તેવા પીળા નરમ સાબુની ગંધ એક દ્રશ્ય દોરી આપે છે. 'બરવાળા ગામની પાદરે પથરાઈને પડેલી ઉતાવળી નદીનો છીછરો જલપ્રવાહ, કાંઠે ગાળેલા વીરડા, પથ્થરની પાટ પર લૂગડાં ચોળતી ચણીયા ને કબજાભર સ્ત્રીઓ, વહેતા પાણીમાં ઝબકોળાતાં કપડાંથી વહેતો સાબુનો રેલો, તળિયે સરકતી વેકુર, દૂર બોલતી ટીટોડી ભફાંગ ધૂબાકા મારી નાગા નાગા નાહતા છબછબિયાં ઉડાડતાં છોકરાંઓ."

આ દ્રશ્ય પછી કટ. બીજી ગંધે ફોકસ કર્યું છે તે જુઓ. પાલિતાણામાં નવી નવી આરની ગંધવાળી ચડ્ડી પહેરી મામાના લગનમાં આવ્યો છું. ઓચિંતું જ પાનેતર, સેલાં, ઘરચોળાંની રેશમી સાડીનો ચળકાટ કરતું, ખણકતી બંગડીઓના અવાજ સાથે ચોટલા, અંબોડામાં મોગરાની વેણી નાખેલું નારીવૃંદ આવે છે; સ્ત્રીઓ અને ગંધના ઘેરામાં નાનકડો હું અટવાઈ જાઉં છું, ઉપર મેડી પર છોકરાંઓ ધમધમ ચાલે છે. નીચે બેન્ડવાજાવાળાની ધૂન વચ્ચે ગોરના મંત્રો સંભળાય છે. ગુલાબજળ, અત્તર, ફૂલહાર, વેણીની સુગંધથી ભરેલું વાતાવરણ, સાટીનનું બોલકાપણું, મખમલનું મૌન,

મીંઢળબંધા હાથમાં મહેંદી, શરમાતા મામાની સંકોચશીલ મામી સાથે શુભદ્રષ્ટિ..., કેટલું બધું ઊંચકાઈ આવ્યું મૂળસોતું એક મોગરાની ગંધે.

નવી ચોપડીના નવાનકોર કાગળની ગંધે એકસામટા ત્રીસ ત્રીસ વરસ ઠેકી જવાય – વેકેશન હમણાં જ પૂરું થયું છે. લીમડાની ડાળેથી પાડેલો ગુંદર, જીતેલી કોડીના ભારથી ચડ્ડી બહાર દેખાતું સફેદ ખીસ્સું, દેશી કેરીનો સ્વાદ, બપોરની ઊંઘ, હારૂન અલ રશીદ, મિયાંફૂસકી, વિક્રમ વેતાળ, બીરબલની વાતોથી વેકેશનના અલસ દિવસો ગયા છે. ક્લાસરૂપમાં છોકરાઓનો ગણગણતો મધપૂડો ક્લાસ ટીચર આવતાં જ શાંત થયો છે. બ્લૅકબોર્ડની કાળાશ બહાર ચડી આવેલા વાદળોથી વધુ કાળી થઈ જાય છે. સ્કૂલના મેદાનમાં ઝરમર ઝાપટું વરસે છે અને ક્લાસરૂમના ઓરડામાંથી બારીના બે સળિયા વચ્ચેથી સરકી ગયું છે મન. પાકેલી લીંબોળીની કડવી મીઠી ગંધ ભેજભરી ગંધ સાથે ભળી ગઈ છે.

તાજા ધોળેલા મકાનમાં ચૂનાની સફેદ ગંધમાં યાદ આવે છે, આ રઝળપાટમાં કરેલાં અનેક વસવાટો. સ્થિર થઈ સ્થાયી થયે ફરી થતી બદલીઓ, મોટા સફેદ ખાલી ઓરડાઓ, એ જ જૂના જૂના ઓરડાઓ – નવી છે માત્ર ગંધ. લોબાનના ધૂપની વાસમાં આવે છે દૂરનો દરવેશ. ફરફરતા કાળા ઝભ્ભા વચ્ચે ફરફરતી દાઢી,અફાટ અરબસ્તાનની પીળી રેતી પર દેખાતા મસ્જિદના ઘુમ્મટ બુરજો મિનારાઓ. નાના શિશુથી પરસેવા પાવડર દૂધની મિશ્રીત ગંધમાં એક નોળવેલ આશ્વાસન પામું છું તો વરસો પછી સૂંઘેલા પારીજાથી આંખો ભરાઈ આવે છે. કોઈ વાવની અવાવરુ હવડગંધથી કેટકેટલાં પારેવાંઓ ઊડે છે- ઊઘડે છે અનેક નૃપાલો, સ્થવીરો, શ્રેષ્ઠીઓ, નૃસિંહો, સિંહદ્વારો, કીર્તિસ્થંભો, વારાંગનાઓની સૃષ્ટિ. ડામરની ગોળીની ગંધમાંથી ઉખળે છે પેટીપટારામાં પુરાયેલું મારું શૈશવ. કોઈ આશ્વસ્ત ગંધના લંગરે લાંગરું છું – એક સમ પર થાઉં છું સ્થિર. ગંધગાથાની કેટલીય કથાઓ હજી કહેવાની બાકી છે અને ગંધવતિ આ પૃથ્વી પર ભ્રમણ કરતાં કરતાં કેટલીય ગંધકથાઓ તો હજી રચાતી જ જાય છે.

# ૧૧ - પંચપટરાણીની સેવામાં ઘરકામ

મારી બધી યાત્રા જ્યાં પૂરી થાય, ધરતીનો જ્યાં છેડો આવે તે ઘર. આ ઘરમાંથી બહાર પગ મૂકુ છું ઘરમાં ફરી આવવા માટે. આ ઘરને મેં Taken for granted – ધરી લીધું છે. ગમે ત્યારે ગમે તે દશામાં ગમે તે દિશામાંથી આવું તે તો મને આશરો આપવાનું જ છે. રોજ તો થાકના પોટલાની જેમ આવીને પડું છું. મોડી સાંજે ચાનો કપ, પછી જમવાનું, અને પછી ટી.વી. પુસ્તકના પાના પર નજર અને સવારના કાંઠા સુધી પહોંચાડતો ઊંઘનો તરાપો. આમાં ઘર ક્યાં ? ઘર એટલે પત્ની, બાળકો, કિલકારી, ધાંધલ – ધમાલ, રીસામણાં – મનામણાંના સંબંધો તો ખરાં પણ ઘર એટલે બારીઓ, પડદા, ખુરશીઓ, પંખો, ફોટોફ્રેઈમ, કુંડા, કેલેન્ડર, ગોળો, ચાકળો, મૂર્તિ, જાજમ, પાણીનો દદૂડો, વઘારના છમકારા, ડામરની ગોળી, અગરબતી, શેવિંગક્રીમની ગંધ પણ ખરી.

આજે રવિવાર. અચાનક ચારેતરફ નજર જાય છે અને ખ્યાલ આવે છે કે આ બધી વસ્તુઓ મારા સ્નેહથી વંચિત છે. રવિવારે ઈશ્વર ભલે છ દિવસ કામ કરી ‘Relax !’ નું પાટીયું મારી પગ પર પગ ચડાવી બેઠો હોય. મારે આજે આરામ નથી કરવો. જે પ્રેમથી વસ્તુઓ ઘરમાં વસાવી છે, ગોઠવી છે, તેટલી તેની દરકાર રાખી નથી. કાળનું રૂપ ધરી ધીમે ધીમે ખરતી રજે તેના ચહેરા પરની કાંતિ હણી લીધી છે. ઓશિકાના ગલેફ પર ડાઘ પડ્યો છે. દિવાલના ખૂણાઓમાં નાનાં નાનાં ઝાળાઓ બાઝ્યાં છે. કાચની હાંડી ધૂંધળી થઈગઈ છે. ઓછાડ ચોળાઈ ગયો છે. બેઠકરૂમમાં તાંબાનો સુરાહી જેવો કુંજો સાવ માટી જેવો ઝાંખો થઈ ગયો છે, નટરાજની કાષ્ઠમૂર્તિ પર ધૂળ. લિયોનાર્દો વિન્ચીના

‘જીન્નેવા’ અને વિન્સેન્ટ વાનગોગના ‘સનફ્લાવર્સ’ ના રંગોય રાજોટાયેલા ઝાંખા થઈ ગયા છે, ‘To love to care’ તે વાત સાચી હોય તો મારે આ બધી મારા જ આનંદ માટે મેં જ વસાવેલી વસ્તુઓની દરકાર કરવી જોઈએ કે નહીં ? મેં આળસ ખંખેરી. પાંચે ઇન્દ્રિયો કહે તેમ તારે કામે વળગો – અમને ય મજા કારાવો.

પહેલાં તો મેં લિયોનાર્દોના ચિત્રની ફોટો ફ્રેઈમ ઝાપટીને લૂછી. કાચ ભીના કપડાથી સાફ કર્યો. કાચ ચકચકતો સાફ. જાણે કાચ છે જ નહીં. અમુક ઍંગલમાં આસપાસનું પ્રતિબિંબ દેખાય. બાકી કાચ જ અદ્રશ્ય. ચિત્રના રંગો સોળમી સદીમાં એ દોરાયું હતું ત્યારે જેવા હતા તેવા ઊઘડી આવ્યા. ચિત્રનું મારા હાથે રીસ્ટોરેશન થયું, તાંબાનો કુંજો પડ્યો છે. સાવ લજવાયેલો. તાંબાના કુંજાને આંબલી લગાવી તેના કાંઠલામાં આંગળીઓ નાખી કુંજની ગોળાઈ પર આંબલી ફેરવું છું. સાવ નિષ્પ્રાણ ઝાંખ મટોડીયા લાગતા કુંજામાં ધાતુની કાંતિ આવી. તેની નકશી, તેના પર ટીપીને પાડેલાં ગોળ ટોચા બધું ઉપસી આવ્યું. કુંજો ઝળહળવા લાગ્યો. તેની સરસી જેવી ડોક, તેની ઘાટીલી ગોળાઈ બધું ચમકી ઉઠ્યું.

કુંજાને હાથમાં લીધો ત્યારે, તેની બાજુમાં પડેલો પરવાળાનો પથ્થર કાંઈ બોલ્યો નહીં. ઓખાના ઘેરા ભૂરા દરિયાકાંઠેથી મેં જ તેને ઊંચકી લીધેલો તેની સર્પિલ ઝીણી ઝીણી વેલ જેવી ભાતને જોઈને. રેતીમાં ફરી દટાવાથી, હાડકાં માટે કે મરેલા કરચલા માટે દોડાદોડી કરતાં કુતરાના પગ નીચે રગદોળાવાથી કે ફરી દરિયામાં ખોવાઈ જવામાંથી તે બચી ગયેલો. તેને રૂમમાં પ્રેમથી માનપાન સાથે સ્થાન આપેલું. તેના પર પણ ધૂળ ચડી ગયેલી અને મારી ઉપેક્ષાની રેતીમાં દટાઈ ગયેલો. પ્રેમથી પકડી તેને બાથરૂમમાં નવરાવવા લીધો. હળવા બ્રશથી ઘસ્યો. બાથરૂમમાંથી એક ઠંડકભરી સાબુની આછી સુગંધની નઝાકત ઘેરી વળી. પરવાળાના એ પથ્થરને અરબી સમુદ્ર રોજ નવરાવતો હશે. આજે મારા હાથે તે ધન્ય થયો, હવે તે તેના વજન સિવાય પથ્થર ન રહ્યો. કુદરતે કલાકાર બની પ્રેમથી જે અમુર્ત શિલ્પો સહજ સાધનાથી બનાવ્યાં તેમાંનું આ એક હતું. પથ્થરમાંથી ફરી શિલ્પનો દરજ્જો પામ્યું.

દિવાલના ખૂણામાં નાના કરોળિયા એ જાળાં બનાવેલાં તે સાવરણીના ઝડકાથી સાફ કર્યા. દિવાલના ખૂણાઓ સ્પષ્ટ થયાં. પંખાના પાંખિયાં પર ધૂળ અને રૂની પૂમના બાવા

બાઝ્યા છે તેના પર નજર પડતાં તેનાંય ભાગ્ય ખુલી ગયાં. તેના પાંખિયાને ટેબલ પર ખુરશી મૂકી તેના પર ચડીને ભીના પોતાથી પ્રેમથી લૂછ્યાં. આમ ઉપરના એંગલથી ઘરને જોવાનો, ઓરડાને જોવાનો એક મોકોય લીધો. હવે આ ચોખ્ખાં પંખામાંથી આવતી હવા ય ચોખ્ખી આવશે. બહાર મને દોરદમામમાં રાખતાં બૂટ ઘરમાં આવતાં અસ્પૃશ્યની જેમ અંધારા ખુણામાં ધકેલાઈ જતા. યાદ આવ્યું. 'બૂટપૉલીશ કરીશ. કરીશ' તેમ મનમાં રહે પણ પછી તો અંતે તો તે પગરખાં એટલે વળી ભૂલાઈ જાય. આજે તો તેણે ય રોનકદાર ચકચકાવવા છે. પહેલાં તેને ગાભાથી લૂછ્યાં. બૂટપૉલીશની ડબ્બી અંગુઠાથી દબાવી .ફટ અવાજ સાથે કહ્યાગરી ડબ્બી ફટાક્ ખુલી ગઈ. બ્રશથી પોલીશ ચોપડવાનો વિચાર કર્યો ત્યાં તો આંગળી લલચાણી. મેં પોલીશમાં આંગળી દબાવી અને ઘેરા રાતા માખણનો લોંદો હાથમાં આવ્યો.બૂટ પર ચોપડ્યું અને બ્રશ ફેરવ્યું. શરૂઆતમાં બ્રશ ભારે ફર્યું. અને ધીમે ધીમે એક તાલબદ્ધ આવર્તનમાં બ્રશ ફરવા લાગ્યું. હળવું થઈ બૂટ પર સરકવા લાગ્યું. છેલ્લે છેલ્લે તો ચળકતા બૂટ પર પીંછું ફરતું હોય તેમ ફરવા લાગ્યું. પોલીશની વિશિષ્ઠ ગંધ ડબ્બીમાંથી ખુલી ચારે તરફ ફરી વળી. પછી તો કોલાપુરી ચપ્પલ જયપુરી મોજડી દરેકનો વારો લીધો.

રજવાડી હવેલીમાંથી મારા ગરીબખાનામાં ભૂલી પડેલી હાંડી તેના સમયની જાહોજલાલી યાદ કરતી હતી અને તેની આ દુર્દશા પર રોતી હતી. તેના તરફ ધ્યાન ગયું. હાંડીને જીવની જેમ જાળવીને ઉતારી. 'આ તો મન મોતીને કાચ.' હળવેકથી રસોડાના પ્લેટફોર્મ પર લીધી. સાબુના પાણીનો હળવો હાથ ફેરવી ધોઈ. ભીની હાંડી જાણે ચોખ્ખા બરફની બની હોય અને ઓગળીને ટપકતી હોય તેવું લાગ્યું. પ્લેટફોર્મ પર બેચાર કપરકાબી પણ પડ્યા હતા. તેને સાફ કરી રસોડાના પ્લેટફોર્મ પર ગોઠવ્યાં. કાચનો ગ્લાસ લીધો. સાબુથી સાફ થઈ, પાણીથી ધોવાતો ગ્લાસ મારા હાથમાં ધોવાતાં ધોવાતાં ચૂં ચૂં કરી ગેલ કરવા લાગ્યો. આ દુનિયામાં જો સહુથી સુંદર ચીજ હોય તો તે છે ભીનો સ્વચ્છ પારદર્શક કાચ. નજર ત્યાં ને ત્યાં જ ખોડાઈ ગઈ.

ભીના કાચની સૃષ્ટિમાં ખોવાયો હતો ત્યાં યાદ આવ્યું કે શિયાળો ગયો તેથી ગરમ કપડાં ધોવા માટે બાથરૂમમાં લીકવીડ સોપમાં બોળીને રાખ્યાં છે. બાથરૂમમાં ગયો તો એક નવા સાબુની નવી સુગંધ, સ્વેટરને ડોલની બહાર કાઢ્યું. એ સ્વેટર રાભડા રૂછાદાર

ઊંઘતા ગલૂડિયા જેવું લાગ્યું. વજનદાર સ્વેટર પહોળું કરી ચીલ્યું ત્યાં તો ફીણ ફીણ. પોચા હળવા ફીણના ગોટામાં સ્વેટરનો રંગ ઢંકાઈ ગયો. સ્વેટર પર સફેદ ફીણના લેયરમાં મેં આંગળાની ભાત પાડી. ફીણ મૂંગો મૂંગો ધીમો અવાજ કરતાં ફૂટવાં લાગ્યાં. લથબથાવીને સ્વેટરને ઊંધું ચત્તું કરી ચોળી ડોલમાં તારવ્યું.

મારા આ બધા ઉત્સાહને ઝુંબેશ માની પત્નીએ તેને વધાવી. કછોટો વાળી, ઘર ઝાપટ્યું. પડદા બદલ્યા. ઓછાડ નવાં પાથર્યા. ઓશિકાના ગલેફ બદલ્યા. વાળ્યું, ઝુડ્યું અને પોતું કર્યું. મારે તેને કેમ કહેવું લે “આ બધું મેં જે કર્યું તે તેને મદદ કરાવવા નહીં પણ મારા શરીરની હવેલીમાં ઠાઠથી રહેતો પાંચ ઇન્દ્રિયરાણી મારી પંચપત્ની પટરાણીના કહેવાથી તેના રસિક રંજન માટે જ કર્યું છે.” જો તેમ કહું તો કહેશે કે “તો પછી રસોડામાં ય આવો ને ! રોટલીમાં જાતજાતની ભાત દેખાશે. વઘારની, ફળફળતા ભાતની ગંધ ગમશે, હાથમાં સાહેલી દૂધની લીલી લીલી છાલની લીલી પટ્ટી સરર્ ઉતરશે. ચડતા શાકનો અવાજ સંભળાશે, રોટલીનો નરમ લોટ હથેળીને રમાડશે” તેની વાત સાચી છે. તે મજા ફરી ક્યારેક.

# ૧૨ - નામ ઓગળી ગયું છે, રહી ગયું છે રૂપ

કેટલીક વ્યક્તિઓ મહાન નથી હોતી, સાવ સીધી સાદી હોય છે. પણ તેમના ચહેરાની રેખામાંથી વ્યક્તિત્વની એક રેખા ફૂટે છે. અને એ રેખા જ પછી આપણા મનમાં એક નવો આગવો ચહેરો દોરે છે, જે ચહેરો મનમાં છપાઈ જાય છે. એવું જ પ્રસંગોનું છે. કેટલીક ક્ષણો મુદ્દલેય ઐતિહાસિક નથી હોતી પરંતુ એમાં કશુંક એવું અંગત રીતે સ્પર્શી જાય તેવું અનિવર્ચનીય હોય છે જે સ્પર્શી જાય, કાયમ માટે જડતરની જેમ જડાઈ જાય. આવા કેટલાંક ચહેરાઓ રૂપો યાદ આવે છે. નામ તો યાદ નથી આવતાં. કેટલાંક નામ ભુલાઈ ગયાં છે. કેટલાંક તો પૂછ્યાં જ નથી. નામ ઓગળી ગયાંછે, રહી ગયાં છે રૂપો. એ ચહેરાઓમાંનાં એક-બે અત્યારે તરવરે છે.

એકવાર એકલો કર્ણાટકની સફરે નીકળેલો. મેંગલોર, બેંગલોર, મૈસુર, બેલૂર, હલેબીડ જોયા પછી હમ્પીના ખંડેરો જોવા ગયો હતો. ત્યાં હોસ્પેટ પહોંચતા જ ખબર પડી કે અહીંથી બદામી ગુફાઓ નજીક છે. ‘કુમાર’ માં બદામી ગુફાઓના ભીંતચિત્રો વિશે વાંચ્યું હતું. મનમાં ઇચ્છા હતી કે આટલું નજીક છે તો જોઇને જ ગોવા જવું. તેથી રાતની ટ્રેઈન ની મુસાફરી પછી સવારે બદામી પહોંચ્યો. ઘોડાગાડી કરી ગામ બહારના બદામીના ગુફા મંદિરોએ પહોંચ્યો. આંખમાં ઉજાગરો. જગત આખું તેમાં ડબકોળાતું બહાર આવતું હતું. સમ ખાવા એક પણ ભીંતચિત્ર ન હતું, ખાલી ભીંતડા ઊભા હતાં. કોક દીવાલ પર ચિત્રોના ઝાંખા રંગો વાળી ખુલ્લી ગુફાઓ. ભારે હૈયે ભારે આંખે નિરાશ થઈ પાછો રેલ્વે પ્લેટફોર્મ પર. ઊંઘ તો એટલી કે અગિયાર વાગ્યાના તીખા શરદના તાપમાં પણ પ્લેટફોર્મના બાંકડે ઊંઘ આવી ગઈ, મેં થેલામાંથી કોઈ કેપ કાઢી

ગયું તેની ખબરેય ન રહી. ટ્રેઈન આવવાના કલાક પહેલાં જ પ્લેટફોર્મ ભરાઈ ગયેલું. નજીકમાં જ યલ્લમાનો મેલો ભરાયો હતો તેથી ક્યાં ક્યાંથી આવેલાં શ્રદ્ધાળુ કાનડી જાણે અહીં જ મેળો જામેલો. સ્ટેશન પર ખરેખર જ કીડીઆરું ઊભરાયેલું. મારે ચડવાનું હતું તે ગાડી ધીમે ધીમે દૂરથી દેખાણી. ગાડી આખી ખીચોખીચ હીચકતી આવી હતી. ટ્રેઈનની ઉપર લોકો ટુવાલ, ફાળિયાં પાથરી નિરાંતે બેઠેલાં. ટ્રેઈન ઊભી રહેતાં જ દેમાર દેકારો. ધક્કામુક્કી ઠાંસાઠાંસી ગાળાગાળી ને રઘવાટ. સ્ટેશન નાનું તેથી ગાડી વધારે વાર ઊભી ન રહે. સામાન સાચવતાં બચકાંઓ બચ્ચાઓ ઉપર ચડાવતા લોકો કેવી રીતે ઘૂસ્યા ને હું પણ કેવી રીતે ઘૂસી શક્યો તે આજે યાદ નથી આવતું. કોઈએ સારા શહેરી કપડાંઓ ભાળી થોડી બેસવાની જગ્યા કરી આપેલી. ગાર્ડે સીટી મારી પણ ટ્રેઈન ન ઉપાડી. આટલી ગરદીને ગરમીથી અકળાઈને બધાં ઉપડવાની રાહ જોતા હતાં. મેં બારીમાંથી બહાર ડોકિયું કર્યું તો સ્ટેશન માસ્તર ગાર્ડ સાથે કશીક વાતો કરતા હતા. સ્ટેશન પર બાકી વધેલા માણસો લુસ લુસ ચડતા હતા. ડબ્બામાં હજી ગીરદી ગોઠવાણી ન હતી. ગાડીએ જાણે ચુંબક ફેરવ્યું હોય તેમ ગાડીની અંદર આજુબાજુ ઉપર માણસો ચોંટેલા હતા. રહી ગયા હતા માત્ર બે જણ. એક હાથમાં લાકડીવાળી અશક્ત વૃદ્ધ અને કાખમાં છોકરું તેડેલી ડબ્બે ડબ્બે ચડવા ટ્રાય કરતી એક કાનડી ગરીબ બાઈ. પેલો સ્ટેશન માસ્તર દૂર ઊભો સૂચનાઓ આપતો હતો તે પાસે આવ્યો. ડબ્બામાંના લોકોને સમજાવટથી અને સત્તાથી ગોઠવ્યા. પેલા માજીને પોતે બાવડું પકડી ઉપર ચડાવ્યા. પ્લેટફોર્મ પરનો તેમનો સામાન આપ્યો. પેલી બચરવાળ બાઈને પણ ચડાવી. સ્ટેશન પર નજર દોડાવી ખાતરી કરી લીધી કે કોઈ મોડું પડેલું રડ્યું ખડ્યું રહી તો નથી ગયું ને ? મેં તેના આ ‘જેસ્ચર’ ને મનોમન સલામી આપી. બારીમાંથી ડોકું બહાર કાઢી હાથ હલાવી અભિનંદન આપવાની ચેષ્ટા કરી તો તેણે આવજો કર્યું અને મારી સામે એવી રીતે જોયું કે તેમાં કશોક આવો ભાવ હતો. ‘મેં કશું જ વધારે નથી કર્યું. મેં મારું જ કામ કર્યું છે.’ યલ્લમાના મેળે આવેલો કોઈ યાત્રિક તેના પ્લેટફોર્મ રખડી ન પડ્યો. એક બાપ પ્રસંગ સમું સૂતરું ઊતર્યે જેમ દીકરીની જાનને વિદાય આપે તેમ તેણે અમને ટ્રેઈનને વિદાય આપી. ગાર્ડની લીલી ઝંડી સાથે તેનો આવજો આવજો કહેતો હાથ ફરકતો હતો એ હાથ હજી પણ ક્યારેક ક્યારેક દેખાય છે.

બે ત્રણ ચહેરાઓ શ્રીનગરના ચહેરાઓ સાથે એકરૂપ થઈ ગયાં છે. આજથી પાંચેક

વરસ પહેલાં કાશ્મીર જવું શક્ય હતું ત્યારે એક સેમિનારમાં પંદરેક દિવસ શ્રીનગર રહેવાનો મોકો મળેલો તેથી રીતસર શહેરમાં શક્ય તેટલું રખડ્યો. એકવાર સાંજે રખડતા રખડતા રોડ સાઈડના બંગલાઓ, રસ્તાના વિવિધ વૃક્ષો જોતા જોતા લટાર મારતો હતો. ત્યાં એક બંગલાના કંપાઉન્ડમાં મેગ્નોલિયાના બે વૃક્ષો દેખાયા. મેગ્નોલિયા ચંપાના કૂળનું વૃક્ષ. સફેદ માટી કમળ જેવી લયાન્વિત પાંખડીઓવાળા આછી સુગંધવાળા નમનીય ફૂલ. હિમાલયના પર્વતીય પ્રદેશનું ઝાડ ગુજરાતમાં તો દીઠુંય ન મળે. મારા પગ તો ફૂલ ભરેલા ઝાડને જોવા કંપાઉન્ડ બહાર જ ખોડાઈ ગયા. બંગલામાં કોઈ રહેતું નહીં હોય તેવું લાગે. મારી ભદ્ર શાલીનતા બહાર રોડ પર મૂકી કંપાઉન્ડમાં ઠેકવાનો ચિચાર મનમાં આવી ગયો ત્યાં જ સાઈડમાંથી પગી દેખાયો. મને ખોડાઈને રહેલો જોતાં કહે ‘आप को फूल चाहिए न ? आइये, दरवाजा खोल देता हूँ, चाहे इतने तोड़ लीजिए !’ ત્યાંથી તોડેલા એ ફૂલો ગેસ્ટહાઉસના રૂમમાં ૧૦ દિવસ રહ્યો ત્યાં સુધી રહ્યા ને તેની સ્મૃતિ આજ સુધી.

ચિનાર છાયેલી વીથીકાઓ પર રાત પડી ગઈ છે. અવર જવર ઓછી થઈ ગઈ છે પણ અત્યાર જેવી બીક નથી. રેડસ્કેવેર, મેદાનો, બગીચા, બજાર, ઝેલમના કિનારે ફરી ફરી જમીને પાછો ગેસ્ટહાઉસ તરફ આવું છું, ઝીરો બ્રીજના ઢોળાવ પર એક આધેડ કાશ્મીરી કાપેલા ઘાસની લાદેલી ઠેલણગાડી ધીમે ધીમે ચડાવી રહ્યો હતો. નીચું માથું રાખીને તંગ પીંડીઓના આધારે હાંફતો હાંફતો ચડાવી રહ્યો છે. કીધા વગર જ હું પાછળથી સ્હેજ હાથ દઉં છું ને ઠેલણગાડી સહેલાઈથી ઢાળ ચડવા લાગે છે. તેણે નવાઈથી પાછળ જોયું તો મલક્યો. બંને કિનારે લાંગરેલી હાઉસબોટ વચ્ચેથી ઝેલમનું વહેતું પાણી ચાંદનીમાં લહેરિયા પાડતું ચળકતું હતું. મેં તેને થોડુંક પૂછ્યું તો ઉખાળવા ઉકલવા લાગ્યો. નાનપણમાં મા મારી ગઈ ને બાપે બીજી કરી. નવી મા ધોલધપાટથી જ રાખે ને વૈતરું કરાવે. બાપ મરી જતાં મા અને ઓરમાન નાનાભાઈઓએ સફરજનના ખેતરોની માલિકીના ઝગડામાં ઘરમાંથી કાઢી મૂક્યો. વરસોથી અહીં શ્રીનગરમાં ઢોર ઉછેરી દૂધ વેચે છે. સાવકીમા પણ બુઢ્ઢી થઈ ગઈ છે. શ્રીનગરમાં ફાવી ગયું છે. અહીંના મેદાનોમાં માળી જયારે ઘાસ કાપે ત્યારે તે ઘાસ તેને ગાય માટે સસ્તા ભાવે મળી જાય. એક વોડકી ગાય માંદી પડી હતી તેની વાત કરે તે ગાય પર વિશેષ પ્રેમ હતો. પાસે જાય ત્યારે ગાય ડોક ઊંચી કરે. તે ડોકની ઝૂલે પંપાળે. લાડકી હતી. એ વોડકી માંદી

પડી ડૉક્ટર બોલાવ્યા, ઈન્જેક્શન, દવાનો, ખરચો કર્યો પણ ગાય ન બચી. પ્રસંગ કહેતા કહેતા ગળગળો થઈ ગયો. કહે કે એકવાર દૂધ વેચી આવ્યો તો ગાય મરેલી પડી'તી, એ ગાય મરી ગઈ પછી જીવવાની મજા ઓછી થઈ ગઈ. ગાયોની આઠ પ્રહર સેવા. લીલો ચારો નીરવો, સૂકું ઘાસ નાંખવું, છાણ ઓગઠ કાઢી ગમાણ સાફ કરવી, બે ચાર ગાય દોવી, પગ છૂટા કરવા ખીલેથી છોડવી, રાતે ઠંડીમાં કોથળા ઓઢાડવા બધું પ્રેમથી કરે. મને આગ્રહ કરી તેને ઘરે લઈ ગયો. શ્રીનગરમાં રાતનાં સમયે એક અજાણ્યા મુસલમાનના ઘરે હું ગયો. ચોકવાળું ઘર. ઘરના નીચલા માળે એક રૂમમાં જ ગાયો રાખેલી. તેને અને ઘાસને આવેલું જોઈ ગાયો ગેલમાં આવી ગઈ. પરણ્યો ન હતો ગાયની ઓથે ઓથે જીવતો હતો. આજે ય કદાચ જીવતો હશે.

શ્રીનગરમાં બીજો એક કાશ્મીરી પંડિત છોકરી મળી ગયેલો. ઢળતી સાંજે બગીચાના બાંકડા પર સૂનમૂન મૂઢ થઈ બેઠેલો. બંને તરફના રોડ પરના ટ્રાફિક પર તેનું ધ્યાન નહોતું. કોઈ બાંકડો ખાલી ન હતો. તેથી હું પણ બાંકડાને બીજે છેડે બઠો. તે સુંદર કાશ્મીરી ચહેરાની મુદ્રા બદલાણી નહીં – મને નોટીસ જ ના કર્યો. તે તો સાંજની ગમગીનીમાં, તેનામાં જ ડૂબેલો હતો. ધીમે ધીમે મેં આઈસબ્રેક કર્યો. ધીમે ધીમે તો દૂર હીમશૃંગો પરનું એકલું હીમ તરલ થઈ રસાળ ખીણમાં વહી આવ્યું – તે પીગળી ગયો. બે ત્રણ વરસથી ગ્રેજ્યુએટ થયો હતો પણ બેકાર હતો. બે ચાર ટ્યુશન કરતો હતો. નોકરી મળતી નથી અને બેકારી સહેવાતી નથી. તેની દબાયેલી વાતોમાં ત્યાંના કાશ્મીરી પંડિતોની દુર્દશા ડોકાતી હતી. વાતવાતમાં એટલો હળી ગયો કે મને કહે ચાલો આજે તમે મારા ગેસ્ટ. મારે ત્યાં કાશ્મીર ખાણું લેજો. અને મારી સાથે રહેજો. મેં કહ્યું અત્યારે મારે ગેસ્ટહાઉસ તો જવું જ પડે – મારા પાર્ટનરને ચિટ્ઠી લખવા, નહીં તો મારી રાહ જોયા કરે. તું પહેલાં અમારી ગુજરાતની સુખડી ચાખ પછી આપણે જઈશું. સોનમર્ગમાં એક ઝરણું ઠેકવા જતા મારા સાથળમાં સ્પ્રેઈન થઈ ગયું હતું તેથી ઢચકાતી ચાલે હું ઊભો થયો. તે પણ ધીમી ગતિએ મારી સાથે આવ્યો. અમે ગેસ્ટહાઉસમાં ગયા. મેં ચિટ્ઠી લખી. બસમાં તેને ઘરે આવ્યા. બસની ટીકીટ પણ તેણે લીધેલી. દૂર ઈન્ટીરીયરમાં સાદું ઘર હતું. તેને ઘરે મીઠો આવકાર મળ્યો. કોઈ અજાણ્યાને ઘરે લઈ આવ્યાનો ઠપકો નહીં. અજાણ્યા ટુરીસ્ટને ઘરમાં આવેલો જોઈને બહેનો અને ભાભીઓની કુતૂહલભરી ધીમી ફૂસફુસાટ વચ્ચે મારા માટે ગરમ ભાત તૈયાર થયો. એક-બે જાતનાં શાક ને દાળ

સાથે ફળફળતા ભાતનું સાદું ભોજન લીધું. ઘરના દરેક સાથે ઓળખાણ કરાવી. તેના મોટાભાઈ આકાશવાણીમાં એન્જિનીયર હતા. મધ્યમવર્ગનો દિવાનખંડ રાતે બેડરૂમમાં ફેરવાઈ ગયો. મોડે સુધી ધીમે ધીમે વાતો કરતા સૂતા. સવારે પાકો નાસ્તો કરાવ્યો અને બારણેથી જ આવજો ન કહ્યું પણ મારે ઓર્થોપેડિક સર્જનને બતાવવાનું હતું તેથી ત્યાંના સરકારી દવાખાનામાં મારી સાથે આવ્યો. કાશ્મીરખીણના ગરીબ ગુરબા દરદીઓથી ઉભરાતા દવાખાનામાં પણ મૂકવાની જગ્યા નહીં. અંદર ડૉક્ટર પાસે રૂમમાં ટુરીસ્ટ તરીકે મારો વારો જલ્દી લઈ લેવા ડૉક્ટરને ભલામણ કરી. મારી તપાસ સુધી રોકાયો. નજીકના બસસ્ટેન્ડ સુધી અમે ચાલ્યા. સવારના પ્લેટિનમ જેવા તડકામાં અમે છૂટા પડ્યા. એક દિવસનો તે દિલાવર દોસ્ત આજે ક્યાં હશે ? કાશ્મીરમાં તો નહીં જ હોય. જન્મભૂમિ મનમાં લઈને ક્યાંક યહૂદીની જેમ ફરતો હશે ? અમે સરનામાના આપલે કરી હોય તેવું યાદ નથી. કોઈ પ્રિયજન અચાનક ખોવાઈ જાય ને તેમ જિંદગી આખી તેની રાહ જોયા કરો તેમ તેની રાહ જોયાં કરું છું. મને ખબર છે તે ફરી ક્યારેય નહીં મળે પણ રાહ ન જોવાનું ક્યાં આપણા હાથમાં છે ?

# ૧૩ - જીવ હું બે જગતનો

આમ તો આપણા આદ્ય પૂર્વજોથી માંડી ઉપનિષદકાર, શંકરાચાર્ય નાગાર્જુનથી માંડી સાર્ત્ર સુધી કે અદના મારા જેવા આદમી સુધી દરેક આ પરિવર્તનશીલ સંસારની અનિત્યતા, ક્ષય, વિકાર, સમય, શાશ્વતિ, અસ્તિત્વ, ભંગુરતા વિશે સતત વિચારતા જઈએ છીએ. અચાનક જ એ પરિવર્તનનો દાબ અનુભવાય છે. પરંપરા અને પ્રયોગ, થીસીસ-એન્ટીથીસીસ, સીન્થેસીસ, વારસો, નવા મુક્તવિચાર આમ ગડભાંજ તો ચાલ્યા જ કરે. આપણે ક્યાં તેની ગડભાંજમાં પડવું ? છતાં રેલો આપણા પગ સુધી આવે છે ને એ ગડભાંજમાં પડવું પડે છે.

દરેક પેઢીને દરેક યુગને એવું લાગે છે કે તે જે પરિવર્તન જોઈ રહ્યાં છે તે અભૂતપૂર્વ છે. આટલી ઝડપે આટલું બધું કદી બદલાયું નથી. જો કે સાંપ્રત સમય એવા દાવાનો હક કરે તો તેને આપણે માન્ય રાખવો પડે. ગણિતમાં એક સંજ્ઞા છે. 'Exponencial rate' ૨ માંથી ૪, ૪ માંથી ૮, ૮ માંથી ૧૬ તેમ કુદકે ને ભૂસકે એ અંકો વધતા જાય. હાલ જે પરિવર્તન છે તેને આની સાથે ન સરખાવી શકાય ! આ મારી ચાલીસેક વરસની જિંદગીમાં જે જે બદલાતું જોયું છે તે પણ પાછળ નજર કરીને જોઉં છું તો એક અનહદ નવાઈ લાગે છે. લગભગ એકાદ સદીના પટ પર જીવનને જેણે જોયું છે તે મારા દાદાને તો આ કેવું લાગતું હશે તેનો જ વિચાર કરું છે. એલ્વીન ટોફલરે 'Third-wave' માં માનવજાતિના વિકાસ તબક્કાઓમાં Agrarian – કૃષિપ્રધાન, Industrial –ઔદ્યોગિક, Science technology અને Communication આધારિત આ વર્તમાન તબક્કાઓને મોજાં 'વેવ' તરીકે જોયાં છે. માનવ ઉત્ક્રાંત થયો અને કેટલાંય

વરસો સુધી કૃષિ જીવનના તબક્કામાં રહ્યો. ઔદ્યોગિક વિકાસનું મોજું મોડું આવ્યું. બે ચાર સદીથી વધુ સમય નથી થયો પણ તેટલા ગાળામાં તો આર્થિક સામાજિક રાજકીય જીવનમાં ન ધારેલા ફેરફારો કર્યા. આ સદીની દેન જેવા આ ટેક્નોલોજી અને કૉમ્યુનિકેશનમાં ઘોડાપૂરમાં તો કશું બાકી ન રહ્યું.

હું એને મારું સદ્દભાગ્ય ગણું છું કે એક એવા સંધિકાળે સંધાનકાળે હું જીવું છું કે જ્યાં જૂનું બધું ભુસાતું જાય છે પણ પૂરેપૂરું ભૂંસાયું નથી, પૂરેપૂરું વિલાયું નથી અને નવું હજી પૂરેપૂરું આવ્યું નથી. એ Tengible Palpable future એ ભાવિનું ભળભાંખળું ધૂંધળું ધૂંધળું ક્ષિતિજે નજરે ચડે છે. કુકર ફ્રીઝ ઓવન મેલેમાઈન સ્ટીલ રસોડા સુધી પહોંચ્યું છે તો કુંજો કાંસાંની થાળી લોટી ટબુડી ઘરમાંથી ગયા નથી. એક બાજુથી કૉમ્પેક્ટ ડિસ્કમાં રેકૉર્ડીંગ છે તો બીજી તરફ ઉધ્ધવગીતાની સુંદર અક્ષરોવાળી કલમથી લખેલી પીળા પડી ગયેલા પાનાવાળી હસ્તપ્રત પણ છે. દીકરો કૉમ્પ્યુટરના ક્લાસમાં જઈ કોબોલ ફોટ્રાન કે બેઝીકમાં પ્રોગ્રામીંગ કરતો હશે તો ઘરના ખૂણામાં ખોરડાવાળા ગાર લીંપેલા ઘરને અહીં શહેરમાં બેઠા બેઠા યાદ કરતાં કરતાં દાદા ગોમુખીમાં હાથ નાખી ગાયત્રીમંત્રના જાપ જપતા હશે. પપુઆ ન્યુ ગિનિ, ઓસ્ટ્રેલિયા કે એમેઝોનના જંગલોમાં આદિમ જાતિઓનો નૃવંશશાસ્ત્રીય અભ્યાસ ચાલે છે અને માણસ ‘ચંદ્રની ધૂલિનું તિલક ભાલે’ લગાવી મંગળયાત્રાની તૈયારીમાં પડ્યો છે. વાંઝિયા મેણા ખાતી કોઈ બાઈ કૂવો પૂરે છે તો ટેસ્ટટ્યુબ બેબીને કોઈ છાપાના વીંટામાં વાળી બારણા નીચેથી કોઈ ઘરમાં સરકાવી ગયું છે. દાદીમાં કહેવતો ઓઠાં ઉખાણાં રૂઢિપ્રયોગોની ધાણીફૂટ તડાતડી બોલાવે છે તો મારા દીકરાની અંગ્રેજી શબ્દોના ગુજરાતી રૂપ જેવી સપાટ ભાષામાં જે આપણી ભાષામાં અભરે ભર્યા છે તેવા વાંક-વળાંક લહેકા –કાકુઓ ક્યાંય દીઠાય જોવા નથી મળતા.

ફિફ્થ જનરેશન કૉમ્પ્યુટર, પલ્સાર, યુફો, આર્ટીફિસિયલ ઈનપ્લીજન્સ, રોબોટીક્સની સાથે સાથે આણંદપર ભાડલા ગામે સૂરધનના થાનકે વર-વહુ છેડાછેડી છોડે છે, લોબાન ગુગળના ધૂપની સાથે આરતી ચડે છે ઉપર, મંગલ ધોળ ગવાય છે, ચાકળામાં જાંબલી હીર દોરે આભલાં ભરાય છે. ચૂલામાં ફુંફણીથી રાખ ઉડતાં કમળામાની આંખ રાતી થાય છે, જવારા ઉગાડાય છે. કોડિયું ફોડી ઉમરે ઊભો કોડીલો વર પોંખાય છે. આપણી

આગલી પેઢીઓએ જે અનાગત જગત આવવાનુ છે તેનો પ્રકાશ જોયો હતો તેની સાતેય ઘોડે ચડી આવેલાં સૂરજની કોરની જેમ ક્ષિતિજે આપણને દેખાય છે. આપણી પછીની પેઢીઓ Ecological balanced under worldમાં કે submanire communeમાં કે ચન્દ્ર મંગળની વસાહતોમાં રહેતા હશે. અફાટ મૌન આકાશમાં નક્ષત્રોનું સંગીત સાંભળતા હશે. હ્યુમન હેચરીમાં જ ઊંચી ઓલાદના માનવોનું ઉત્પાદન થતું હશે. પણ તેણે કાંજીવરમ્ સાડીનો રેશમી મૃદુ ચળકાટ નહીં સાંભળ્યો હોય. નાક સુધી ઘૂમટો તાણેલી નવી વહુને મીઠું શરમાઈને સહેજ ડોક ઢાળતા નહીં જોઈ હોય. ફળફળતી સોડમદાર ખીચડી નહીં ખાધી હોય. તેમના માથે હાથ રાખી પોચા રૂદ્રાક્ષજેવા આંગળે બે હાથે દુખણા લઈ દાદીમાએ ટાચકા નહીં ફોડ્યા હોય.

'સેકાલ' – 'એ સમય' કવિતામાં રવીન્દ્રનાથે એક રમ્ય કલ્પના કરી કે "કાલિદાસના જમાનામાં જો તે જીવતા હોત તો તેમનું દેવવ્રત વિશ્વસેન જેવું નામ હોત. એક જ શ્લોકમાં ઉજ્જયિનીના નિર્જન છેડે વનથી ઘેરાયેલું ઘર માગી લેત. મંદાક્રાંતા તાલમાં જીવનનૌકા વહી જાત, કાનમાં મંદાલિકા, ચિત્રલેખા, મંજુલિકા, મંજરિણી જેવા મંજુલ નામો રણઝણતા હોત. પ્રિયા કુંદફુલથી અલક સજાવત, કર્ણમૂલે શિરીષ પહેરત, ધારાયંત્રમાં સ્નાન કર્યા પછી કેશને અગુરનો સુગંધી ધૂપ દેત. સ્રગ્ધરા કે માલિનીમાં બિંબાધરના સ્તુતિગીત રચ્યા હોત પણ નિપૂણિકા, ચતુરિકા, માલવિકાની મંડળીની સાથે કાલીદાસનો સમય ગયો." એ સમય ગયાનો અફસોસ કર્યો પછી સેકન્ડ થોટ આવતા રવીન્દ્રનાથ કહે છે કે "કાલિદાસના કાળના સ્વાદ ગંધ તો હું થોડા પણ પામું છું પણ મારા કાળનો તો એક કણ પણ એ મહાકવિ પામ્યા નથી. વેણી ઝુલાવતી આધુનિક વિનોદિની જે ચાલી જાય છે મહાકવિની કલ્પનામાં એની છબી ન હતી." રવીન્દ્રનાથ માટે તો સંસ્કારગુરુ કાલિદાસ તેમનો સારભૂત જમાનો સાચવી ગયા હતા કે જેથી રવીન્દ્રનાથ બંને જમાનામાં જીવી શકે. નખમાંથી ય ગણપતિ બનાવી શકે. ધારે ત્યારે ધારે તે યુગને આહવાન આપી હાજર કરી શકે, નિરાંતે થોડો સમય તેમાં રહી શકે. ભવિષ્યના કોઈ રવીન્દ્રનાથને આજનો કાલિદાસ મળશે કે જે સારભૂત બધું સાચવી રાખે ?

આમ જુઓ તો સંસ્કૃતિ પણ Endangered – વિલુપ્ત થતી જતી પ્રજાતિ જેવી છે – લુપ્તસંભવા છે. વનસ્પતિ પ્રાણીઓની એવી જાતોને તો વૈજ્ઞાનિકોએ Genebankમાં

સુરક્ષિત રાખી છે જેથી ભવિષ્યમાં પ્રયોગ માટે તેને લઈ શકાય. આદિમ જાતીઓની સંસ્કૃતિના અભ્યાસ અંગે વિખ્યાત નૃવંશશાસ્ત્રી ક્લોદ લેવીસ્ત્રોસે એક મુલાકાતમાં ચિંતા વ્યક્ત કરેલી. તેમના મતે વિજ્ઞાનની આ એક નૃવંશશાસ્ત્રની જ શાખા એવી છે કે જે રાહ જોઈ શકે તેમ નથી. એકાદ દશકાની પણ હો વાર કરવામાં આવશે તો આપણે ઘણું બધું ગુમાવવું પડશે કે જે ક્યારેય પાછું નહીં આવે. યુવાનીની વય વટાવી પુખ્તતાને આરે પહોંચતી માનવજાતિ માટે આ આદિમ જાતીઓ તેના શૈશવકાળ જેવી છે – જેના અભ્યાસથી માનવ વર્તનની કોઈ કૂંચી જડી આવે.

પરિષદના દાદરે ઉમાશંકરભાઈએ જીવવાની ઈચ્છા વિષે જે વાત કરી હતી તેમાં તેમની અંગત ઇચ્છા કરતાં આ માળી માનવ જાત કેવાં કેવાં ખેલ કરે છે તે જોવાની વિસ્મય ઇચ્છા દર્શાવતા તેમણે કહેલંુઃ ‘એકાદી સદી જીવવા મળી જાય તો મજા પડી જાય.’ નિરંજન ભગતના મંગળવારીય લેક્ચરમાં મારા નિરાશાવાદી સંશયાત્મા માનસે ભગત સાહેબને વિકટ સાંપ્રત પરિસ્થિતિમાં માનવજાતિના ભાવિ વિશે પ્રશ્ન પૂછેલો તો તેમણે ધરપત આપતાં કહેલું કે “માણસ જાત તો અનેક વિકટ ઘાટીઓ આ પહેલાં પણ વટાવી છે, વિનાશની ધાર પર આવીને ઊભી રહી ગઈ છે અને આગળ રસ્તો કાઢ્યો છે – આ વખતે પણ નીકળશે.” મને જોકે માનવજાતના ભાવિ વિશે ચિંતા છે તેથી વધુ જે અર્કરૂપ અંકોડારૂપ સત્વશીલ છૂટતું જાય છે તેની છે. મારી પાસે તેનાં દુઃખનું કોઈ સમાધાન નથી. આવા બે યુગોની વચ્ચે જીવવું એ સહેલું નથી. હું તો આ બે જગત વચ્ચે રહેંસાઉ છું. મનમાં ને મનમાં હું બે પંક્તિઓ ગણગણું છું –

‘મારી સામે એક ભરવાડ ગીત ગાયછે.
મારી સામે જ તેનું ગીત વિલાતું જાય છે.’

# ૧૪ - કોડીના રસ્તે

કોઈ શાહી જહાજ તેની ઝાકઝમાળ અને અસબાબ સાથે અચાનક જ દરિયામાં ઊંડે ઊંડે સાતમે પાતાળે ગારદ થઈ ગયું હોય અને અચાનક ભાળ મળે, મરજીવા તે દરિયામાં ખાબકી ત્યાં પહોંચે ને બધું સમુદ્રના શાંત તળિયે એમનું એમ મળી આવે તેવું મેં પોરબંદર માટે ઇચ્છ્યું હતું. મને ખબર છે કે મારા આ નાદાન મનનું એમ માનવું તે ભોળપણ જ હતું. હમણાં લગભગ ત્રીસ વરસ પછી એ શૈશવભૂમિ પોરબંદર જવાનો યોગ થયો. બીજી ઑક્ટોબરે ગાંધીજયંતિની સર્વધર્મપ્રાર્થનાના સંદર્ભે કીર્તિમંદિર પોરબંદર જવાનું હતું. પોરબંદર એ મારે મન કૃષ્ણસખા સુદામાનું નગર નથી, ગાંધીજીનું જન્મસ્થળ નથી, મેં મારા સ્મૃતિ અધ્યાસોથી મારું એક પોરબંદર મનમાં રચ્યું છે. આ ત્રીસ વરસોમાં જયારે જયારે પણ તે યાદ આવતું ત્યારે અંદર એક કસક ઉપડતી. બહારની દુનિયામાં સુખી અને સ્થિર થયો હોઉં તેવી ક્ષણે તેની યાદ એક અજંપો વિહવળતા જગાડતા. શૈશવની સ્મૃતિ કેમ આટલી કાતર હોય છે ? શૈશવ પણ વ્રણ છે દૂઝતો રુઝાતો નથી.

સર્વધર્મપ્રાર્થનાનું પ્રસારણ ધ્વનિમુદ્રણ નિર્વિઘ્ને પતાવી સાથી મિત્રો સાથે એ કૉલોની તરફના રસ્તે ડ્રાઈવરને દોરું છું. એ રસ્તે મારા ચાર ચાર વરસની જણસ ભંડારી છે. ચોપાટીના રસ્તા પાસેથી નવયુગ સ્કૂલ તરફ ગાડી આગળ જાય છે. રવિવારની રાજા છે. તેથી સ્કૂલ સૂમસામ છે. ધૂળિયા લીમડા અને પારસપિપળાનાં એ જ બે ચાર ઝાડ ઊભાં છે. એ જ લાંબી પરસાળમાં હારબંધ કલાસ અચાનક દ્રશ્ય ભજવાય છે. હું ભૂરી લાંબી ઘઘી ચડ્ડી અને કધોણ સફેદ શર્ટમાં છું. દૂબળા કાળા રાંટા પગમાં ચડ્ડીના પાયચા લફડ – ફફડ થાયછે. રીસેસમાં ડીસેમ્બરમાં શિયાળાના મ્લાન તડકામાં છોકરાઓનાં

નાનાં નાનાં ઝૂમખાં બેઠાં છે. કોઈ ટણક ટોળી સામેનાં બગીચા પર લીમડાનો ગુંદર પાડવા ચડી છે. દફતરના થેલાને ગોળગોળ ફેરવતા એકબીજાને મારતા બે છોકરા લાંબી પરસાળમાં ચીસો પાડતા દોડે છે. બહાર શેરડીની ગંડેરી, કાતરા અને લાલ પીળાં ચણીબોરના ઢગલા પાથરી કે રેંકડી લઈ ફેરિયાઓ ઊભા છે. હારબંધ નળ પર છોકરાઓ ખોબે ખોબે કે મોઢે માંડી પાણી પીતા, ઉડાડતા ભરેલા ગાલનો ફુગ્ગો ફોડી પાણીની ફુવારો છોડતા મસ્તી કરે છે. ટાઢ ધૂડ અને રખડપટ્ટીથી ફાટી ગયેલા પગની ચામડીનાં તળિયાં પણ ભીના કરતાં આછા થઈ જાય છે. મેદાનના ખૂણે આવેલી મૂતરડી પર લીમડાનો ચળાયેલો છાંયો પડે છે. રીસેસનો બેલ પડે છે. ધીરે ધીરે પીવાના પાણીના નળ પર લાગેલી લાઈન ઓછી થઈ જાય છે, મોડો પડેલો એક છોકરો બે ઘૂંટડા પાણી બધું પી ભરાયેલા થાળામાં છબછબિયાં બોલાવતો કલાસમાં જવા દોડે છે. કલાસના મધપૂડા ગણગણતા બંધ થઈ જાય છે ત્યાં તો ડ્રાઈવર કહે છે ‘સાહેબ ગાડી હવે કઈ તરફ લેવાની છે?’

સ્કૂલની સામે એક ખાડ આવતી તને ઠેકીને અમે સ્કૂલે જતા. આસપાસનો કચરો ખુલ્લામાં જાજરૂ ગયેલા લોકોની વિષ્ટા અને મરેલા કુતરાના ઢમઢોલ ઉતરડાયેલા રુંછદાર ચામડીવાળા કીડાંથી બદબદતા શબની ફાટી જાય તેવી દુર્ગંધ મને ઘેરી વળી છે. એ ગંધને નકારવાનો સવાલ નથી. જેમ બીજી બધી ગંધો બીજી સ્મૃતિઓ હક કરીને બેઠી છે તેમ તે પણ. રસ્તામાં મેદાનમાં સવારે ને સાંજે એજ હાથીપગાવાળા ધોતિયું પહેરેલા વૃદ્ધજન તેમનો હાથ જેવો જાડો વરવો પગ હળવેથી ઢસડતા કોથળીમાંથી કીડીઓના રાફડાઓમાં લોટ પૂરતા જાય છે. આવતા જન્મે અમારા પગ મળે તેવી આશા તેમને મનમાં ક્યાંક છે.

આગળ એક બીજું મેદાન છે. દરિયાકિનારે ચોપાટીની પાસે ત્યાં જતાં રસ્તામાં મોટા બગીચાવાળો પથ્થરની બાંધણીવાળો બંગલો છે. બંગલામાં મેં તો બહાર મેંદી કાપતો કે કાળી પાઈપથી કાળી માટીના ક્યારાને પાણી પાતો પગી જોયો છે. અને ક્યારેક બંગલા પાસે જઈ ચડય તો મોટો વિકરાળ પંજાદાર આલ્સેશિયન કૂતરો હાઉ હાઉ કરતો દોડી આવે છે. સ્કૂલે જતા આવતાં તે બંગલામાં કોઈને જતા આવતા જોયા નથી. હા ક્યારેક બંગલામાં રહેતા સાહેબની કાળી ‘ડોજ’ પડી હોય છે. સામે હારમાં બે ચાર શરુનાં ઝાડ

ઊભા છે. નીચેની જમીન શરુની સળીઓ અને લાકડા જેવા અણિદાર ફળથી કથ્થાઈ ગઈ છે. રોડની સામે જ તરત એક નીચાણવાળો મોટો ખાડો આવે છે. ચોમાસામાં તેમાં પાણી ભરાઈ જાય છે. ને તેના કાંઠે અડધા પાણીમાં ડૂબેલા ખટારાઓને પટ્ટાવાળી ચડ્ડી પહેરેલા સરદારજી પ્રેમથી ધૂએ છે. નિર્જન બપોરે કાંઠે પથ્થરની પાટ પર ધોવાનો સફેદ સાબુ આખા ડીલે ચોપડી ઠીકરાથી ઘસી ઘસી બે ત્રણ બાઈઓ નાહતી હોય છે ને નાગુડીયાં છોકરાંઓનાં કાળાં કથ્થાઈ ડીલ બપોરના તડકામાં ચળકે છે.

હવે આવે છે ચૂનાના ખડકોની પથરાળ ભૂમિવાળો વગડો. વચ્ચે ગાડાવાટ ચીલો, સર્પાકાર લંબાઈને ઉખળેલી કેડી, સામે દાંડલિયા થોર હાથીયા થોરની વાડવાળું ખેતર, બીજી તરફ વાડી. વાડીમાં કૂવાપાળે બાદમનાં બે મોટા ઝાડ. ખેતરમાં એકમાંથી બે, બે – માંથી ચાર એમ પંખો ફેલાવેલું તાડનું ઝાડ. “દોડ, દીપક દોડ, ધીરૂ, ગજુ હડી કાઢો, કોણ મોર્ય થાય છે ?” એ વાગી ઠેશ, કોણ ખમ્મા કહે ?” નીશું ને ગીતલી આગળ થઈ ગઈ.” છોલાયેલા ગોઠણની લાલ ટશીયાવાળી ચામડી, ચચરાટ ને ઝીણી ધૂળનો દાબો ને મંડયા ધોડવા. રસ્તામાં ક્યાંક ઘાતકી છોકરાએ મારીને ઊંધું કરી નાખેલું છુંદાયેલા પેટમાંથી બહાર નીકળી પડેલા પીળા ઈંડાવાળું પાટલાઘોનું કીડીઓ ચડેલું શબ, ક્યાંક ઊડીને ફફડાટ કરતો હોલો, સાપના લીસોટા,બોરડીમાં ભરાયેલ ફરફરતી કાંચળી, વીટ્ ટીટીવ ટીટ્ બોલતી ટીટોડી, સાપના ભોણ, સુકાયેલા ઘાસની ગંધ, અને મારી કૉલોનીની ફેન્સીંગ.

સાથી મિત્રો કહે, “આવી ગઈ તમારી કૉલોની ? આ જોવા અહીં આવ્યા’તા ?” હું શું જવાબ દઉં ? મેં કહ્યું ગાડી લઈ ચોપાટી દરિયા કિનારે તમે જાવ હું અડધા કલાકમાં ચાલતો ત્યાં આવું છું. હાશ કરી તેઓ પણ છૂટ્યા અને હું પણ છૂટ્યો. અહીંયા તેમનું શું કામ હતું. ? આમ જુઓ તો મારું પણ શું કામ છે અહીંયા – આ કૉલોનીમાં ? બાશોનું હાયકુ યાદ આવ્યું –

In kyo I am<br>
and stilli long for kyo<br>
Oh bird of time<br>
હું ક્યોટો માં છું.

છતાં ઝંખું છું ક્યોટોને
ઓહ સમયના પંખી !

એ બાળપણની સંસ્કાર નગરીમાં બાશો જઈ ચડે છે અને તે ક્યોટો તેને લાધતું નથી તેવી રીતે જ મને મારી એ કૉલોની મળતી નથી. મારી કૉલોનીમાં જ તેને શોધું છું. અચાનક જ કૉલોની સંકોચાઈને નાની સાંકડી થઈ ગઈ છે. હું આગળ અમે રહેતાં તે ડી – ૩ ક્વાર્ટર તરફ જાઉં છું. જમણી બાજુ પગીની લાકડાની કેબીન હતી તે હવે નથી. તેની પાછળના મોટા છીછરા ખાડામાં જ્યાં પાવર હાઉસની બળેલી કોલસીઓથી પુરાણ થતું તે ખાડો હવે સમતલ થઈ ગયો છે. બળેલી કોલસીમાંથી રહી ગયેલા નાના નાના કોલસા વીણવા સામેનું હુડકો કૉલોનીમાંથી બાઈઓ તેમના ગંદા ઓઘરાળા કપડાં લઈને આવતી. ચારણીમાંથી રાખ ચાળતી સુંડલીમાં કોલસા ભેગા કરતી. હું પણ ક્યારેક એમ જ મોજ ખાતર સુંડલી લઈ કોલસા વિણવા ગયો છું. બળેલા કોલસાના ચળકતા ધાત્વિક ભૂરી ઝાંય વાળા કડાના ગઠ્ઠા, પગ નીચે કોલસી કચડવાનો કચડ અવાજ, ઊગી નીકળેલા આંકડાનાં જાંબલી ફૂલો પર ફરતાં પતંગિયાં, વાનગોગના Pototo eaters જેવા કોલસીથી ખરડાયેલા ગરીબ લોકોના ચહેરા મારી સામે ફરી તરવરે છે.

હું ધીમે ધીમે આગળ ચાલુ છું. વચ્ચેનું મેદાન સાવ નાનું થઈ ગયું છે. તેમાં કેટલાંક છોકરાઓ રમે છે. તેમને કુતૂહલ છે કે આ ભાઈ કેમ ધીમી ચાલે આ બધું જોતા જોતા ચાલે છે. આ અમારું ઘર આવ્યું, ચાર પગથિયાં ઊંચું, આગળ મેંદીની વાડ હતી જેના પીળાં ફૂલોની વિશિષ્ટ ગંધના ઝાપટાં ઘરમાં આવતાં. અહીં રહેવા આવ્યા એ વરસે કેટલો વરસાદ હતો ! ઘર ખોલતાં જ પાછળ ઓસરીમાં નાની નાની દેડકીઓને ઘરમાં જ કૂદાકૂદ કરતાં ભાળેલી. પાછળ કૂવાના થાળે પીપળો હજી તેવો જ બાઠકો રહી ગયો છે. વડનાં લીલા પાન વચ્ચે ફૂટેલાં લાલ ટેટાંનું કોમ્બીનેશન ઘરમાંથી જ જોઈ શકતો, જેના ટેટાંનો ખટમધુરોતુરો સ્વાદ જીભ પર રમાડવો ગમતો તે વાડ તો ઠૂંઠો થઈ ગયો છે. કોઈએ વાઢી જ નાખ્યો છે.

આ ઘરમાં જ મેં કંટાળા અને ચીડ સાથે ચાર વરસ લેશન કર્યું છે. ઘર અને દરિયા વચ્ચે હતો એક કાચો રસ્તો અને એક બોર ગુંદા નારિયેળની વાડી. એ રસ્તો અને વાડી ઓળંગો એટલે દરિયાના કાંઠે. બપોરની નિર્જન સ્તબ્ધતામાં બારીના સળિયા વચ્ચે

ભૂરા આકાશમાં ટપકું થઈ અલસ મૌન તરતી સમળીઓને ઊંઘરેટી આંખે જોતાં જોતાં મેં મચ્છી પકડવા હોડકાંને હલેસાં મારતા ખારવાઓના દૂરથી આછા આછા સંભળાતા અને મનમાં એક વિસ્તાર જગાડતા હેઈસો હેલ્લારોના અવાજો સાંભળ્યા છે. રાતની શાંતિમાં દરિયાનો ઘેરો ઘૂઘવાટો પથારી સુધી આવતો. લાગતું કે પથારી જ દરિયાકાંઠે છે. અને કાંઠે ફીણવાળાં મોજાંઓ આવીને છેક મારી પથારી પાસે પથરાઈને વિખેરાઈ જાય છે. તેના રેતીમાં શોષતા જળથી પટ પટ ફૂટતા પરપોટાના નાનાં નાનાં અવાજો પથારી સુધી જાણે હું કલ્પીને સાંભળતો. ભીના રેતાળ કાચ જેવા પારદર્શક કાંઠે રેતીમાં આકાશ ચળકતું જોયું છે. આ કાંઠે છાના માના ભાગીને નાગા નાગા નહાયા છીએ. સૂકી રેતીમાં સુકાયા પછી પગ અને કૂલા પરથી રેતીને બુશકોટથી ઝાપટીને ખંખેરી છે. અચાનક જ કાંઠે ફરતા ફરતા એક કોડી મળી છે. કોડીમાં ઘૂઘવતો દરિયા મળ્યો છે અને એ કોડી મળ્યાનો આનંદ પછી કયા નથી મળ્યો. એ કોડીની કિમંત કોડીની ન હતી એ તો એક ગુપ્ત ખજાનો હતો. એ રસ્તેથી પાછા વળ્યા પછી એ સિમસિમનું દ્વાર બંધ થઈ જાય છે અને કાસમની જેમ તમે ખોલવાનો મંત્ર ભૂલી જાઓ છો –

એ રસ્તે ગયો નથી ફરી કદી
જે રસ્તે મળી હતી કોડી કદી

દર મહિને શનિવારે રાત્રે બિરલા કૉલોનીમાં મફત પિકચર જોવા અમે પહોંચી જઈએ છીએ. મોડી રાતે ઝબુકતા તારા, દરિયાનો અવાજ અને ઠંડી પવનની લ્હેરખીઓ માણતા કૉલોનીનાં છોકરાઓની ટોળીના બોલાશના અવાજે બિરલા કૉલોનીથી મારી કૉલોની આવીએ છીએ. રસ્તમાં જૂના રાજમહેલ પાસે ખંડેર જેવા એક મકાનની ઊંચી બારી પાસે આવતાં જ છોકરાઓનો અવાજ ધીમો થઈ જાય છે. ભેરુંબંધીમાં પકડેલા હાથની પકડ મજબૂત થઈ જાય છે. અને એ ભૂતબંગલાથી દૂર ગયે જ ભૂત ખવીસ જીન ચૂડેલ માની વાતો શરૂ થાય છે. હમણાં જ જોઈ આવેલ ‘બીસ સાલ બાદ’ ની રહસ્યમયતા પણ તેમાં ઉમેરાય છે. એ મહેલની અગાસીએ ફરફરતા સફેદ વસ્ત્રોમાં એક નારી ધીરે ધીરે ચાલી જાય છે. બે નજીક જો પહોંચીએ તો એ અલોપ થઈ જાય છે. વટવાગોળ ચીખતું ઊડી જાય છે.

અહીંયા જ કેટકેટલું પડ્યું છે. નવરાત્રિની ગરબીની હાલક, જય આધ્યાશક્તિના

સ્વરો, કાજુ રેવડીનો પ્રસાદ, હોળીના ઉજાગરાનો રંગ લાવેલી ધૂળેટી, ટીટોડીનાં ઈંડા, ગોઠણના ઘા પર લગાડેલા વગડાઉ પાનના રસના લીલા રગેડા, દરિયા કાંઠે ઉડતાં ફીણ, દીવાદાંડીના શેરડા, આંખમાં પડેલું થોરનું દૂધ, બળતરા, હજામની દૂકાને અરીસામાં દેખાતું મારું દૂબળું મોં, તાજી પાછળ કટકર મશીન ફરતાં થતાં ગલગલિયાં અને ખેંચતા વાળનું દુઃખ, નવી ચોપડીની ગંધ, દરિયાકાંઠે શરુનું એ વન, ચોરેલાં પાકાં ગુંદાનો સ્વાદ, ઘોડાગાડીમાં પિકચરના પાટિયાં, 'દોસ્તી','આયા તુફાન', 'સંગમ', 'બીસ સાલ બાદ'ના ગીતો' વરસાદ પછી નીકળેલાં લાલ મખમલિયાં, ઝંઝેડી વીણેલાં પારિજાત, કૂવાના પાણીમાં જોયેલું મોં, ભૂરા વાળવાળી જિગીષા, ઘરે ઘરે રસોડામાં ઝપટ બોલાવતો ગુન્નુ, ભાંગલા હાથવાળો બાઠિયો બકલો, સાવ સાદા કપડામાં પણ ઈન્શર્ટ કરીને ફરતો ધીરૂ, ખરખોડીના ફૂલો તોડતા નાયર કાકા, ગબીમાં કોડીઓ, બાકસની છાપો, ગરગડી, ફીરકીઓ, ટિકિટના સંગ્રહો, ભેરૂબંધો ગોઠિયો ગજુ, દરજીડાનો માળો, ઢેલની પાછળ ફર્યા કરતા ચાર પાંચ રાખોડી કથ્થાઈ બચ્ચાંઓ... કૉલોનીમાંથી પસાર થતો જાઉ છું.આસપાસ કોઈ નથી. એક સમયે પાછળના સૂમસામ નિર્જન ઝાડીવાળા રસ્તે હવે ઉબડ-ખાબડ સોસાયટી છે. થોરની વાડ અને ખેતર વાડીની જગ્યાએ પણ સોસાયટી. ક્યાં ગયા એ બધાં ? અચાનક જ વરસોથી જે ઢાંકણ ધરબી રાખેલું તે ઉઘડે છે. કોઈ અત્યંત નજીકનું સ્વજન ગુજરી ગયું હોયને છાતી ફાટી પડે તેમ પહેલાં સરવાણીથી આંખો વિરડો ભરાય છે. પછી આંખો હોઠ સાથે ખેંચાય છે, હું હૈયાફાટ રૂદનને દબાવવા મૂંગું મૂંગું રડું છું. આંસુઓને લૂછીશ તો પકડાઈ જઈશ તે બીકે કૉલોનીની પાછળ થયેલા નવા રસ્તે નવી સોસાયટીમાંથી મારા સાથીઓ જ્યાં દરિયાકાંઠે મારી રાહ જુવે છે તે તરફ જતો જાઉં છું. કાદવમાં પડેલી ભૂંડણ, દુકાનો, પાનના ગલ્લે લટકતા ચળકતા પાનપરાગ તુલસી તમાકુની પડીકીના હારડાઓ મારી આંખના આંસુઓમાં તગતગી વિખેરાય છે. જીવનમાં આટલું વિદારક દુઃખ કદી થયું નથી. છેલ્લા કેટલાંય વરસોથી રડવાનું પણ બન્યું નથી. અને એમ તો રાજકોટ નડિયાદ કે અમદાવાદ પણ મેં છોડ્યાં છે પણ આ ? મનોવૈજ્ઞાનિકો કહે છે કે અમુક વયે તમારા વ્યક્તિત્વની Blue print ઘડાય છે. તેનો તાળો હવે હું મેળવું છું. ઇન્દ્રીયો પાસે જગતની કેવી ભીડ હતી ? આજે પણ એક એક કલદાર મ્હોર ગણી બતાવું.

ખિન્ન મને લથડતો લથડતો દરિયે આવુ છું. મારા સાથીઓ કાંઠે લટાર મારી રહ્યા છે.

પૂછે છે 'જોઈ આવ્યા ?' મનમાં કહેવાનું મન થાય છે કે એક જુગમાં ડૂબકી મારીને જીવી આવ્યો. સામે ક્ષિતિજ સુધી વિસ્તરેલો એ જ ભૂરો દરિયો છે કે જાણે મને નાનપણના એકાંત ઘેર્યા કલાકોમાં કંઈ કેટલીય કથાઓ કહેલી. હું એ પરિચિત દરિયામાં મારા પગ બોળવા જાઉં છું, ઓળખાણ તાજી કરાવવા જાઉં છું – કોઈક તો એનું એ હોય જે એમ કહે 'સારું થયું, તું આવ્યો !'

# ૧૫ - પાંચેય ઇન્દ્રિયથી મેં પીપળો પૂજ્યો છે

'वक्र्षाणाम अष्वत्थोह्म'એવું ગીતાકારે કૃષ્ણે ગીતામાં કહી પીપળા પર પોતાનો પક્ષપાત બતાવ્યો છે તે ખબર પડી તેનાથી પણ પહેલાં મને પીપળો ગમવા લાગેલો. સદર બજારની વૈદ્ય શેરીનો અમારા ઘર સામેનો પીપળો અને રહેવા ગયા ત્યારે પહેલે દિવસથી જ ગમી ગયેલો. એ પીપળા સાથે પછીથી પંદરેક વરસ જીવંત સંબંધ થયો. સંબંધ શબ્દ એટલે વાપર્યો કે તેનું સ્થાન એક વ્યક્તિ જેવું થયું ગયેલું. અને દરેક વૃક્ષને એક વ્યક્તિત્વ હોય છે. તે વ્યક્તિત્વને આગવી મહોર મારતાં નામ આપણે ન આપીએ તેથી શું ? એક સરખી લગતી ગાયોને રંભા, કપિલા, ગવરી, નામો મળે તો છોકરાઓની ટોળીની સાથે સાથે ફરતો કૂતરો નામ પામે લાલિયો, મોતિયો, કાળિયો, રાજુ, ડાઘિયો કે રાભો. પણ આગવાં વ્યક્તિત્વ ધરાવતાં વૃક્ષોને કોઈ નામ નહીં. તેમને ડાળ, થડ, પાંદડાં, ફૂલો થકી જે અનન્ય રૂપ મળ્યાં છે તેનાથી જ ખુશ. આમ તેમને નામ તો મળ્યાં છે. પીપળો, પાઈન, બર્ચ, જમરૂખ, દાડમ કે વડ પણ તે તો જાતિગત નામો. કોઈ વૃક્ષને પોતાના આગવા વિશેષ નામ નહીં. સ્વર્ગમાં ઇચ્છાપૂર્તિ કરતા કલ્પવૃક્ષ, કે જે વૃક્ષ નીચે બુદ્ધને બોધિજ્ઞાન પ્રાપ્ત થયું તે બોધિવૃક્ષ આ નામો ખરાં પણ તેમાં ઝાડની વિશેષતા ડોકાય તેવું ક્યાં ? કાદમ્બરીમાં બાણભટ્ટે વેલીઓથી વિંટળાયેલા આકાશને આંબતા અનેક કોટરો વાળા વિશાળ ઘટાવાળા શુકશાવકના. અનેક પક્ષીઓના , આશ્રય સમા શાલ્મલી વૃક્ષરાજનું ડિટેઈલ વર્ણન કર્યું પણ નામ ન પાડ્યું. બાણભટ્ટ સામે જ ફરિયાદ શા માટે? આ હું જેની વાત કરું છે તે પીપળાના ઝાડનું નામ પણ મેં ક્યાં પાડ્યું છે. વૃક્ષો એ તો રૂપની સૃષ્ટિ, વિપિન વન કાંતારમાં એક એક વ્રુક્ષ એટલે એક એક શિલ્પ અને એ પણ સ્થિર છતાં ચલિત ડોલતાં – વિશ્વખ્યાત શિલ્પી કેલેન્ડરના Mobile શિલ્પ જેવાં.

પળેપળ એની આસપાસના અવકાશને અવનવી ભાતોથી ભરતાં રૂપની આ સૃષ્ટિમાં નામને ક્યાં જોડવું. સ્થવિર આ વૃક્ષોએ નામને લેપાતા લોપાતા જોયું છે તેથી તેમને તેના અનામી હોવાનો કોઈ રંજ નથી.

આ ગામ ખેતર હતું ત્યારનો તે ત્યાં ઊભો હશે. મારે કેટલાં બધાં Associations – સ્મૃતિ સાહચર્યો છે તેની સાથે ! બત્રીસ વરસ પહેલાં નાનો ભાઈ ભરત જનમ્યો ત્યારે તેની છઠ્ઠીના દિવસે તેનાં પાન તોડવાનું બહેને કહેલું. સામેથી રફિકને બોલાવ્યો'તો તે ઝાડના થડ પર ઠોકેલા બે-ત્રણ ખીલાને આધારે ફટફટ ઉપર ચડી ગયો હતો ને એક ડાળખી જ ખેરવી આપી હતી. આ જ પાન પર વિધાતા ભરતનો હિસાબ લખી ગઈ છે. એ પછી ચાર વરસ પોરબંદર રહી આવ્યા. ત્યાં પણ ક્વાર્ટર પાછળ કૂવાના થાળે પીપળાનું એક ઝાડ હતું. એ ઝાડને જોઈને રાજકોટના અમારા એ અશ્વત્થરાજને યાદ કરતો. ફરી રાજકોટ બદલી થઈને આવ્યા પછી ૧૯૬૭માં એ જ શેરીમાં એ જ ઘરમાં રહેવાનો યોગ થયો અને ત્યારે જ મારો એ પીપળા સાથે નિકટ સંબંધ બંધાયો.

તેનું થડ સીધું ન હતું, સ્હેજ નમેલું. તેનું મુખ્ય થડ ત્રણ શાખોમાં વહેંચાયેલું. એક ડાળ મુખ્ય થડ જ દિશામાં અનેક શાખા પ્રશાખાના લયવિન્યાસો રચતી ઉપર ચડેલી અને બીજી બે મુખ્ય શાખો ક્ષિતિજને સમાંતર અલગ અલગ દિશામાં વિકસેલી. આખા વૃક્ષ મુદ્રા એક પગનો નમનીય કાટખૂણો બનાવી બે હાથની ભંગિમામાં સ્થિર થયેલા ભરતનાટ્યમના નર્તક જેવી લાગતી. પવનની એક લહેરખી આવતા તો આખો પીપળો ખળખળવા લાગતો. ખળખળતો શબ્દ વાપરવો પડે તેવો જ અવાજ પવનમાં તેના લાંબીદાંડી વાળાં પાન ફરફરતાં ત્યારે આવતો. ક્યારેક ઘરમાં બેઠાં બેઠાં એવો ભ્રમ થતો કે ઓચિંતાનું ઝરણું ક્યાંથી સંભળાયું ! આ પીપળો છેક મારા રવેશ સુધી ઝૂકેલો.

પરીક્ષા વખતે વાંચતા વાંચતા લાંબા રવેશમાં લટાર મારતા મારતા થાંભલીને અઢેલી કઠેડાથી ઝૂકીને રાત્રિ સ્તબ્ધતા પીતો પીતો, પીપળાના પાન વચ્ચેથી મૌન ઝબકતા તારાઓને જોતો, પડી ગયેલા પવનમાં એકાદ કંપતા પાનનું કંપન અનુભવતો ઊભો રહેતો. મારા એકાંતના કેટલાંય કલાકોનો તે સાથી સાક્ષી છે. સવારે સૂર્ય તેના પ્રકાશનો કુંભ વિખેરતો હોય તેના કિરણો ભાવિક સ્ત્રીઓની જલઅભિષેકની ધારમાં સોનાની ધારા બની દડતા હોય. રોજ-બ-રોજના એ કંતાઈ ગયેલા થાકેલા સામાન્ય ચહેરાઓ

શ્રદ્ધાના અને સૂર્યના પ્રકાશમાં કશુંક એવું અનન્ય રૂપ અપૂર્વ રૂપ ધારણ કરતાં કે શરીરથી પર કોઈ સૌંદર્ય છે તેનો પહેલો અહેસાસ પ્રતીતિ એ પીપળા નીચે થઈ છે. જમીનથી થોડે ઉપરનું થડ રોજ રોજ પાણી રેડવાથી લીલને લીધે લીલાશ પડતું કાળું થઈ ગયું છે. એની ઉપર અબીલ ચંદન કંકુના રંગ ટપકાં, પીળી લાલ કરેણના ફૂલો, થડની બખોલમાં પીળા પ્રકાશથી ટમટમતી પાંદડાંના પડિયામાં રાખેલી ઘીની વાટો, તળિયેથી ફૂટતી નાની કુમળી લીલી રતુંમડી ડાળીઓ એ બધું ચિત્તમાં તે વખતની ભાવસ્થિતિ સાથે પડ્યું છે.

કેટલાંય સઘન ઇન્દ્રિય સંવેદ્ય અનુભવો આ પીપળાએ મને કરાવ્યા છે. ચોમાસું જામ્યું છે. રમેશ પારેખ કહે છે ‘ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ખીલ્યું’ તેવું ચોમાસું. આખીય સાંજ વરસાદ વરસ્યો છે. ટાઢોડું થઈ ગયું છે. આકાશ હજી લથબથ છે. અનરાધાર વરસતું નથી. પણ કોક કોક ટીપાંએ ચુવે છે. ટીપાંનો પીપળાના કડક પાનપર પર પડ્યો હોય ટપ અવાજ સંભળાય તેટલી શાંતિ છે. શેરીમાં કૂતરુંય ક્યાંથી રખડતું હોય ? તે તો ભરાઈ ગયા છે ઓટલા નીચે કે હૂંફાળા કોથળા નીચે. આકાશમાં ભયાનક રસને પુટ આપતી કાળાશ છે અને ઠંડી હવાના સુસવાટા. ઓચિંતું જ વડવાગોળનું એક ઝૂંડ તેમના બિહામણા ફડફડ અવાજથી ઊતરી આવ્યું છે. એક પછી એક ડાળ પર ઊંધી લટકતી જાય છે. અંધારામાં ક્યારેક ક્યારેક તેમના ઝગડવાની તીણી ચિચયારીઓ સંભળાય છે. બે ચાર ખીજકણી વડવાગોળ તેમની ડાળીએ કોઈને ઢૂંકવા નથી દેતી અને આખીય રાત તેમની ચહલ પહલ ચાલ્યા કરે છે. રાતે જ ઊંધી લટકતી લટકતી પાકી પેપડીઓ ખાધા કરે છે. સવાર પહેલાં તો આખું ટોળું ક્યાં ઊડી જાય છે તેની ખબર નથી પડતી. કોઈ અણઘડ ઉતાવળી વડવાગોળ વીજળીના તાર વચ્ચે ચોંટી જાય છે અને તેનું તપખિરીયું કાળું શબ લટકતું રહે છે દિવસો સુધી.

આ પીપળા નીચે બપોરે ગાડું છોડી થડે બળદ બાંધી કોઈએ બપોરવાસો કર્યો છે. બળદને પગમાં ખરી જડતાં પણ આજ પીપળા નીચે જોયેલું. ખેડૂત મારી ફોસલાવીને બળદને સુવરાવે છે અને પટ્ટાવાળો લેંઘો પહેરીને આવેલાં હાથમાંની લાકડાની પેટીમાંથી લોખંડની નાળ કાઢતા ગફરમિયાં બળદને હળવેથી પંપાળી પગની ખરીમાં ખીલા ઠોકે છે. અહીંયા સવારના ટાઢા પહોરમાં કે નમતી સાંજે મદારી તેની અવનવી જબાન

બોલતો, કરંડિયામાંથી જનાવર કાઢતો, દેરાણી-જેઠાણીના દાબડામાંથી લખોટી ગુમ કરતાં 'ચલો બચ્ચાં તાલિયાં બજાવ' કહેતો તેની લુંગી સમેટી ગાલ ફુલાવી બીન વગાડે છે. કોઈ વાર અજવાળિયાના દિવસોમાં લાઈટ જતાં પીપળા નીચે તેજ છાયાની રમ્યભાત ઊપસી આવી છે.

પક્ષીઓ સાથે મારી મૈત્રી કરાવનાર પણ આ પીપળો જ. બપોરે પીપળાની કોઈ પાતળી ડાળે હોલો બેસીને એટલું એકલું ઘૂઘવે છે કે આ શેરી સહરાનો અફાટ વિસ્તાર થઈ જાય છે. કાગડાઓ તો કાયમ માળો બાંધે છે. કોયલ ઉનાળાના દિવસોમાં ડોકાય છે. આમ તો આટલામાં જ ક્યાંક અથવા તો આ પીપળા પર જ રહેતી હશે પણ ઉનાળામાં તેના કંઠથી છતી થાય છે. શહેરમાં પહેલ વહેલું પીળક (Golden Auriole ) અહીં જ જોયેલું. ખરેખર નામ તેવો જ રંગ.ચળકતા સોનેરી પીળા એ સુંદર પક્ષીનો અવાજ પણ રેશમ જેવો સુંવાળો. આ જ રવેશમાંથી સુરેશ જોષી રાજકોટ મારે ઘરે આવ્યા ત્યારે અમે કંસારો જોયેલો. એ નાનકડા પક્ષીના પ્રાણમાંથી નીકળતો હૂક – હૂક અવાજ સાંભળેલો. વડોદરાથી સુરેશભાઈનો કાગળ આવ્યો તેમાં પણ તે કંસારાને યાદ કરેલો. સરકસ ગામમાં આવે ત્યારે તેના ચારા માટે સર્કસનો મહાવત હાથી લઈને પીપળાની ડાળીઓ તોડવા આવતો ત્યારે આંગણે હાથી આવ્યાનો આનંદ થતો અને પીપળાનાં પાંદડાં તૂટવાનો રંજ પણ થતો.

આવો સદાબહાર અમારો ભેરૂ ભાઈબંધ વૃદ્ધ વડીલ પીપળો અચાનક જ કરમાવા લાગેલો. બેચાર મહિનામાં તો સુક્કી શાખો વચ્ચે મૃત્યુફળ લઈ બેઠેલું વિશાળ વૃક્ષ કંકાલ થઈ ગયેલું. આસપાસના મકાનો પર સુક્કી ડાળીઓ પડવાના ભયથી ધીમે ધીમે લાકડું બની કપાવા લાગેલો. પીપળો ગયા પછી શેરી શેરી ન રહી. આસપાસના ભાવિક ભક્તજનોએ વૃક્ષપ્રેમીઓએ એ જ જગ્યાએ નવો પીપળો વાવી ઈંટોના કુંડાળાથી રક્ષણ આપ્યું. આજે એ પીપળો પણ ઊંચો વધતો વધતો ભાવિકોના અભિષેક ઝીલતો થયો છે પણ પેલા પીપળાની વાત તો વાત જ ન્યારી છે.

# ૧૬ - સાત પડું સત્ય

વચ્ચે એક પુસ્તક વાંચ્યું હતું 'The Unfinished Universe' તેમાં જગત આખું અપૂર્ણ છે એ થવાની પ્રક્રિયામાં છે તેની સમજૂતી બ્રહ્માંડ, પૃથ્વી, જીવ, માનવી, મન અને કાળની ઉત્ક્રાંતિના સંદર્ભે આપવાનો પ્રયાસ હતો. Chaosમાંથી Cosmosનું અંધાધૂંધીમાંથી સંવાદિતાનું નિર્માણ કેવી રીતે ચાલી રહ્યું છે તેની વાત હતી. આ જગત હજી પૂરેપૂરું સત્ય થયું નથી, અધૂરું છે. માટે તો તેની સરાણે ચાકડે ચડી બધું ઘડાયા – ભંગાયા કરે છે. માટીમાંથી ઘાટ અને ઘાટમાંથી માટી. આમ ઘાટ પણ સત્ય નહીં અને માટી પણ સત્ય નહીં ને છતાં બંને સત્ય.

જે વ્યક્તિઓ સાથે આપણે રોજ વરસોથી રહીએ છીએ તે પણ ક્યાં પૂરેપૂરી પમાય છે ? જીવતા જીવતા આપણે પણ કેવા પાસાંઓ ખોલતા જોઈએ છીએ અને તેમનાં પરિમાણો જોતા રહીએ છે. નારીના સંદર્ભમાં રવીન્દ્રનાથ કહે છે કે 'અર્ધેક માનવી તુમિ અર્ધેક કલ્પના.' એ અડધી કલ્પનાની ઘડેલી ન હોત તો ઘર ઝાપટી ઝાપટી રજોટાઈ ગયેલી, વરસો જતા દોદળી થઈ ગયેલી, આંખો પાસે કાળા કુંડાળાવળી ગૃહિણી બની ગયેલી તમારી પ્રિયા-પત્ની તમને છતાં પણ સતત ગમ્યાં કરે તેવું બને ? તે પ્રેમિકા નથી રહી તો શું થયું ? સાવ મટી પણ નથી ગઈ. હમણાં ટી.વી. પર ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાન પર એક ડોક્યુમેન્ટરી જોઈ. વૃદ્ધવસ્થામાં ઓથે ઓથે જીવતા અલ્લાઉદ્દીનખાનને રોમેન્ટિક પાગલ થઈ બોખા બોખા હસતા તેમની બીબીસામે વાયોલીન વગાડતા જોયા.તેમના પત્ની પણ નવોઢાની જેમ શરમાઈ હસી પડ્યા હતા. તેમના પાનથી રંગાયેલા દાંત ને

પ્રેમથી રંગાયેલી આંખો ચળકી ઊઠી હતી. ફરી એ વાત યાદ આવી 'એ અડધી યથાર્થ છે અધી કલ્પના.'

ચાર આના કે રૂપિયાના સિક્કામાં રાજમુદ્રા પર અંકિત સૂત્ર 'सत्यमेव जयत' ઓચિંતું દેખાય છે. એ કોણ બોલ્યું ? કોના માટે બોલ્યું ? ગાંધીજી પણ કહે છે 'મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ'. ઉપનિષદને ટાંકીને કોઈ કહે છે 'सत्यं परं धर्मिाहं' શંકરાચાર્ય પણ 'ब्रह्म सत्यं जगत् मथि्या' કહી સત્યના કૈવલ્યભાવને પૂટ આપે છે. વીસમી સદીના આરે ઊભેલા માધ્યમ સમજણ ધરાવતા મને આ બધું સમજાતું નથી ને બાઘાની જેમ જોયા કરું છું. જયારે એ પ...ર...મ સત્ય સમજાશે ત્યારે આવું બધું લખવાની પણ મહેનત નહીં કરું. પણ જ્યાં સુધી નથી સમજાયું ત્યાં સુધી તો આ શોધ છે. એ શોધ ગમે તે દિશામાં હોય. શોધ ઊંચે પણ હોય નીચે પણ હોય, અંદર પણ હોય. ભગતસાહેબે તેમના એક વ્યાખ્યાનમાં કોઈકનું વાક્ય ટાંકેલું, 'Truth may be catholic but search for truth is protestant.' અને કાંતવાદીઓની જેમ ગમે તે રાસ્તે જઈ શકાય, ભૂલા પડી શકાય રસ્તો બદલી શકાય.

અને બધું પ્રગટ એ સત્ય તો અસ્ફૂટ સ્વપ્નો, કલ્પના, મનોભૂમિ પર તડકી છાંયડી જેવા અડધા પડધા કળાતા ભાવો, મનોરથ, યોજનાઓ નકશાઓ.... આ બધાનું શું ? જો તે મારું પ્રોજેક્શન આત્મક્ષેપ મનોક્ષેપ છે તો આ જે મારી સામે Real દેખાય છે તે શું ? જોયું, આમ સામે કહી જે પાછળ રહેલું છે તેને મેં કેવું અવગણ્યું ! તેનું શું ? તે તો છે तत् तवम् असि– તમે તે હો કે ન હો તે તો છે. અને જે તમારી આંખ સામે નથી પણ નાક સામે છે કાનની સામે છે તેનું શું ? આપણું 'પરસેપ્શન' ઇંદ્રિયગ્રાહ્યતા પણ ખંડિત નહીં ? જોઉં છું ત્યારે બરોબર સંભળાતો નથી. બરાબર સાંભળું છું ત્યારે જોતો નથી. બન્ને કરું છું ત્યારે તેને સૂંઘતો નથી. સત્યજિત રાયની પિકચર બે વાર તો જોવું જ પડે. એક વાર જોવા માટે બીજી વાર સાંભળવા-સમજવા માટે. પણ આ જગત તો પાછું ફરી જોઈ શકતું નથી તે તો પ્રવહમાન ચાલ્યે જાય છે ચાલ્યું જાય છે. આપણી પોતાની અંદર ઊતરીએ છીએ ત્યારે નગ્ન સુંદરી જેવું આ જગત સામે હોય છે છતાં ક્યાં હોય છે ! ઉત્ક્રાંતિ દરમ્યામ કૂર્માવતાર ધારણ કરી બધી ઇંદ્રિયોની જાળ સંકેલી અંદર લંગર નાખી

ઉતારવાની સગવડ રૂપે જ આપણે ઇચ્છાઅંધ કે ધ્યાન બહેરા બન્યા શું ? તેણે જ કદાચ તત્ક્ષણતા તાત્કાલિકતામાંથી આપણને મુક્તિ આપી અંદર ઊંડું ને દૂરનું જોવાની શક્તિ આપી, જે કદાચ આપણા વિકાસની જનેતા બની.

હા, તો વાત કરતો હતો જોવાની. ઓરડો જોઉં છું તો તેમાં રહેલું ટેબલ સ્પષ્ટ જોતો નથી. ટેબલ જોઉં છું તો તેના પર ટી.વી. ને સ્પષ્ટ જોતો નથી. જો ટી.વીને સ્પષ્ટ જોઉ છું તો તેના પરના ફ્લાવર વાઝને બરોબર જોતો નથી. જો તે જોઉં છું તો તેમાં રહેલાં ઝીણાં ઝીણાં બદામી ફૂલોને જોતો નથી. જો બદામી ફૂલો જોઉં છું, તો ઓરડામાંનું કશું જોતો નથી. ને છતાં બધું જોઉં છું એક સાથે. એકનો પણ ભોગ આપ્યા સિવાય, બધું જોઈ શકાય ખરું ? અર્જુનની જેમ લાલ ચળકતી આંખ જોઉં છું તો પક્ષી, ડાળ, વૃક્ષ, આકાશ બધું અદ્રશ્ય થઈ જાય છે. જોકે તોય સ્કેનીંગ વિંહંગાવલોકની આપણી શક્તિથી આપણું ગાડું ગબડ્યે જાય છે.

કોઈક તેમ પણ કહે છે કે 'To see is not interpret'. જોવું એટલે તેના સાહચર્યો, સંદર્ભો અર્થો સાથે તેને ઉકેલવું. લોહીની સ્લાઈડ માઈક્રોસ્કોપ નીચે મૂકી આપણે જોઈએ તો શું દેખાય ? કેટલાંક નાના નાના ગોળ ગોળ કણો. તે જ સ્લાઈડ કોઈ પેથોલૉજીસ્ટ જુવે તો તેને કેટલું બધું દેખાય. ફ્લેટના આઠમા માળે પાળી પર ચડી ગયેલું નાનું બાળક નીચે બધું જુએ પણ ભયને ન જુએ તેવું કાંઈક. સત્ય પણ આવું જ કાંઈ જોવાની પ્રક્રિયા જેવું સંકુલ અને અબરખ જેવું સાત પડું હશે. એક પછી એક પડ ઉખેળવા જાવ તો ભરભર ભૂકો હાથમાં આવે અને પડોના અવકાશ વચ્ચેથી જુઓ તો ઇન્દ્રધનુની ઝાંય દેખાય. એટલે તો જે યથાર્થ અત્ર અને સદ્ય તે સત્ય છે તો વિ-ગત અને અન્ આગત પણ સત્ય છે. એટલે તો વર્તમાનના સૂચ્યગ્ર બિન્દુએથી આપણે આગળ નજર દોડાવવાનું ને પાછું વળીને જોવાનું ભૂલતા નથી.

આ જે કાંઈ વિદ્યમાન છે તેને માયા કે લીલા કહી મારા નાનકડા એમાં માટે તો આપણે Transition સંચારીભાવને improvisation ક્રીડાભાવને ઉમેર્યો છે. તેનું ઈંગિત ભલે સર્વની પાછળ રહેલા ધારક કે ચાલક બળ જેવા ઋતુ તરફ રહ્યું, પણ જગતના આ ઈંદ્રિયોના સભામંડપની રમણીયતા તેના તોરણો, ગવાક્ષો, વ્યાલિઓ, કલ્પલતાઓ, શાલભંજિકાઓ વિતાનો શિલ્પગુલ્મોમાંથી પસાર થઈ તેને જોઈ જાણી માણી અંદર

ગર્ભાગારના દેવ સુધી પહોંચવાનું છે તે વાત પણ પેલા 'લીલા' શબ્દમાં જ ન આવી ગઈ ?

કલાકારો ઉપર એક આળ છે કે તેઓ વાસ્તવદર્શી નથી અને તેમની કલ્પનામાં જ જીવે છે. આ દુનિયાની અવેજીમાં તેમણે ખાયાલોની દુનિયા બનાવી છે અને તેમાં જ તે જીવે છે. આ દુનિયામાં જન્મે છે, જમે છે તેટલું જ બાકી જીવે છે તો તે પેલી અસત્યની આભાસી દુનિયામાં. હું આજુબાજુ નજર કરું છું તો લાગે છે કે કવિઓના નાહકના જ વગોવ્યા છે. પેઢીઓની પેઢીઓ આખી ઉછરે છે, થીયેટરોના ગંજાવર ખોખના ઉબાયેલા અંધકારમાં, એંઠા જુઠ્ઠા મૂલ્યોમાં, ટેબ્લોઈડ યલોજર્નાલીઝમના ઉકરડામાં, ટી.વી., ઈન્ટરનેટ કે વિડિયો ચેનલોની આભાસી વાર્તાઓમાં, ફિલ્મની હીરોઈન કે હેરોઈન ચરસના નશામાં. એ બધાએ જીવનનો દ્રોહ કર્યો છે. ધીરે ધીરે જીવનનો સીધો સંપર્ક ગુમાવ્યો છે. પવનની લહેરખી અને હવામાં ઘુંટાતી ઠંડક 'વેધર બુલેટીન' બની જાય છે. કવિ જ બીચારો તેની સામેના જગતને જોતો રહી જાય છે, ને કહે છે 'चर्टी के पग नेवर बाजे वो भी साहिब सुनता है!' કાન તો માંડી જુઓ તમને સંભળાશે.

# ૧૭ - શરીર સંકોરતો મનને ઉખેળતો શિયાળો

શિયાળાની સવારનો ગરમ ધાબળી જેવો તડકો ઓઢીને બાલ્કનીમાં બેઠો છું. હમણાં જ બહાર નીકળ્યો છું બાકી તો ઘર એ ભરાઈ રહેવાનું દર બની ગયું છે. આ બે ત્રણ મહિના Hybernationમાં જવાનું છે. ઘરમાં બારીના કાચમાંથી આવતો પ્રકાશનો સેરડો, તેમાં ઉડતાં રજકણો જોયા કરું છું. ગોદડા રજાઈ ધાબળા, ડામચિયા કે પેટી, પલંગ નીચેથી બહાર આવ્યા છે. માના સાડલાની જૂની ખોળવાળું ગોદડું જોઈને અચાનક દૂર બેઠેલી મા યાદ આવી જાય છે. ઘરમાં મેથી લસણના વઘારની ગંધ રસોડામાંથી ઓરડે ઓરડે ફરી વળી છે. મેથી અને રીંગણાનો ઓળો ન હોત તો શિયાળા સામે કેટલી ફરિયાદો હોત ! પેટીપેક ઘરમાં શિયાળો ઝટ દઈને પ્રવેશ કરી શકતો નથી પણ પેલા જૂના વિલાયતી નળિયાવાળા ઘરની ઊંચી છતો ની નળિયાની તિરાડોમાંથી કાતિલ શિયાળો કેવો સલુકાઈથી સરકી આવતો. થીજેલા કોપરેલને હથેળીમાં ઓગાળી નાના પગ પર સ્નિગ્ધ માલીશ પછી જૂના લેંઘા, આખી બાંયના મોટાભાઈના જૂના શર્ટમાં સુકલકડી શરીરને લપેટી લીધું છે. એકાદ સ્વેટર અંદર, એકાદ બહાર ને માથે મફલર કે વાંદરા ટોપી પહેરી તબડકામાં કરેલા તાપણા આસપાસ ગોઠવાઈ ગયાં છીએ. ગરમ દૂધ પેટમાં પડ્યું છે. તબડકામાંના તાપણાના છાણાનો રતુંમડો પ્રકાશ અમારા મોં પર ચળકે છે, કાન ટોપી વધુ નીચે ખેંચી મોટાભાઈ વાર્તા માંડે છે. આખું ઘર એક હૂંફની આસપાસ વિંટાઈ ગયું છે. એ નજીક નજીક સાથે બેસવાની પણ તાપણાથી વધારે હુંફ હતી. વાર્તા પૂરી થવા આવી છે. બળતા છાણાંના લાલ અગ્નિગર્ભ પર રાખોડી રાખ બાઝવા લાગી છે. એ રાખમાંથી અગ્નિની શિરાઓ તિરાડો દેખાય છે. તાપતા હાથ તાપણાની વધુ નજીક પહોંચી ગયા છે. સહેજ ફૂંક મારતા રાખમાંથી લાલચોળ અગ્નિ

દેખાય છે. આંખ ઊંઘે ચડી છે. પથારીમાં નાક સુધી ગોદડું ખેંચી હાથને બે પગ વચ્ચે સંતાડી ગુંચળું બનીને પડ્યા છીએ ઘસઘસાટ.

શિયાળાની એક બીજી પણ મજા હતી. સ્વેટર મફલર ટોપીથી પોશાક રંગબેરંગી બને. સ્ત્રીઓ આખા શરીરને રંગબેરંગી સાડલામાં લપેટે, નાક અને મોંને સાડલામાં લઈ માત્ર આંખો દેખાય તે રીતે લાજ કાઢી મોં પાસે ધીમા દબાતા અવાજે વાતો કરતી આજ ઋતુમાં જોવા મળે. જમરૂખનું શાક બનાવવા છાના માના ઘરમાં ક્યાંક સંતાડી રાખ્યા હોય તેની ગંધથી તેની શોધ ચાલતી. વગડામાં બોરડીના બોર વીણવા ગયેલા તે કેટકેટલી બોરડીઓ અચાનક અડાબીડ અહીં ઊગી નીકળી છે. પીળા બોરનો ખટુંમડોસ્વાદ, લાલ બોરનો મીઠો ગર, ક્યાંય વાગી ગયેલો વાંકડો કાંટો, સોરાતો પવન, તળાવના તરલ પાણીમાં ઊતરતી હજારો કુંજડીઓ, ઘઉંની ઊંબીની લીલી લીલી મૂછો, આંબળાનું જીવન, ગુંદરપાક માટે તળાતા ગુંદરની ઘી ભરી સુગંધ આ બધું આ વખતે એકી સાથે યાદ આવે છે. આ શિયાળાને પ્રાકૃતગાથાઓ થકી તે સ્થળકાળમાં મેં માણ્યો છે. આ ગાથામાં પથિકને રાતનાં કેવી તો ઠંડી લાગી હશે કે ભોંકાતા તણખલાની પરવા કર્યા વગર પરાળની પથારીમાં ઊંડો ઊંડો ખૂંપતો ગયેલો. ‘શિયાળાના આરંભના પ્રભાતે કોગળાં કરતાં કરતાં જુઓ પેલો પથિક પરાળની તીક્ષ્ણ અણીથી ઉઝરડાયેલાં પોતાનાં અંગો પર ભીનો હાથ ફેરવીને તેમને સુંવાળા કરી રહ્યો છે.’ તાપણાના અગ્નિની આ પ્રાકૃત કલ્પના પાછળ આપણી માનવજાતિની હીમયુગની કોઈ Collective unconcviousness હશે ? ‘જુઓ ! હેમંતઋતુમાં આ દળદરી ગામના દેવળના દ્વાર પાસે પથિક પરાળના ઠરી જતાં તાપણા (પર વળી ગયેલાં પડને) જાણે રીંછ ચીરતો હોય તેમ ચીરી રહ્યો છે.’ અને આ પોતડી કેટલી Senseous છે – સ્પર્શ ગંધ રંગથી પામી શકો. ‘દારિદ્રથી પીડાતો માણસ તાપણાની ગંધવાળી, ધુમાડાથી પીળી પડેલી. ઠેરઠેર તણાઈ ગયેલા ને જળી ગયેલા તાંતણાવાળી તેની જીર્ણ પોતડીથી હેમંતઋતુમાં ઓળખાઈ આવે છે.’

કોન્ફરન્સ-સેમિનાર-શિબિરની આ ઋતુમાં હું એકદમ અંગત થઈ જાઉં છું. હીમયુગની ગુફા સુધી મારી સ્મૃતિ પગલાં સુંઘતી સુંઘતી જાય છે. એ લુપ્ત પ્રાક્તન યુગ ઉખળવા લાગે છે જયારે અગ્નિ, માંસ અને માદાની હુંફથી યુગો સુધી ગુફામાં રહ્યો હતો અને

બહાર નીકળીને ને જેવું કરીને જોયું તો પૃથ્વી પરની બરફની ચાદર હળવે હળવે પીગળતી હતી.

અમદાવાદમાં તો આવી શિયાળું સાંજે વાહનો અને મિલોનો ધુમાડો ઘટ્ટ થઈ જામતો જતો. સાબરમતીના ખુલ્લા પટ્ટમાંથી તેના પટ્ટાઓ સ્પષ્ટ દેખાતા. બધે ધૂંધળું ધૂંધળું. આ ધૂંધળાશને ધુમ્મસ સાથે કોઈ સંબંધ નહીં. ધુમ્મસની તો પ્રાકૃતતા ઠંડી અને તાઝગી જ અનેરી. આખી સૃષ્ટિ એકદમ રહસ્યમય. અને ધીમે ધીમે સૃષ્ટિ નિર્માણની ક્રિયા આપણી નજર સામે આરંભાતી ભજવાતી હોય તેવું લાગે, પદાર્થો તેમનું વજન ગુમાવી એક હળવો આકાર ધારણ કરીને ઊભા હોય, રંગો પણ ચિત્રને હળવો વૉશ આપ્યો હોય તેવા આછા. દૂરના આછા આકારો તો 'આઘે ઉભાત તટ ધુમાસમાં દ્રુમો નીંદ સેવે'ની જેમ સ્વપ્નિલ લાગે. આ ઋતુમાં હું એકદમ એકાકી થઈ જાઉ છું. જીવનાનંદદાસનીએ રહસ્યમયી સૃષ્ટિમાં કશોક અર્થ શોધવા ભટકું છું.આ નિર્જન નિશ્ચેષ્ટ Landscape નીયોરીયાલીઝમથી દોર્યો છે ?

"પહેલી ફસલ પહોંચી ગઈ છે ઘેર –
હેમંતના ખેતરે ખેતરમાં ઝરે છે
માત્ર ઝાકળનું જળ;
માગશરની નદીના શ્વાસમાં
હિમ થઈ જાય છે
વાંસના પત્તાં-મરેલું-ઘાસ-આકાશનાં તારા;
બરફ જેવો ચન્દ્ર ફુવારો રેડે છે; !"

અસ્ફુટ એવી કાતર વેદનાને લઈ આવે છે શંખમાલા –

"અરણ્યનો પથ છોડી અંધારામાં
તે કઈ એક નારીએ આવીને મને બોલાવ્યો
કહ્યું. તમને ચાહુ છું ; નેતરના ફૂલ જેવી નીલાભ વ્યથિત તમારી બે આંખો.
શોધી છે મેં નક્ષત્રોમાં – ધુમ્મસની પાંખો –
સંધ્યાની નદીના પાણીમાં ઊતરે છે જે પ્રકાશ

આગિયાના શરીરથી – શોધ્યા છે તમને મેં ત્યાં –
ઘૂસર ઘુવડ પેઠે પાંખો પસારી માગશરના અંધારામાં
ધાનસિડિનેક કાંઠે કાંઠે"

પોષની મ્લાન સાંજે નદી નારી બની જાય છે –

"આપણે જેઓ ભમ્યા છીએ નિર્જન ખડના ખેતરોમાં પોષની સાંજે,
જેમણે જોઈ છે, ખેતરની પાર નરમ નદીની નારી વિખેરે છે ફૂલ ધુમ્મસના; સદીઓ જૂના ગામડા ગામની નારી જેવા જાણે અરે તેઓ બધાં; આપણે જેમણે જોયું છે _ અંધારામાં આંકડો અને ઊંદરકરણી આગિયાથી ભરાઈ ગયાં છે; ફસલ વગરના ખેતરને ઓશિકે ચૂપચાપ ઊભો છે ચંદ્ર – કોઈ ઇચ્છા નથી તેને ફસલ માટે;...."

માગશરના વગડામાં મળી આવી છે આ ચિરપુરાતન નારી

"જાણું છું હું તારી બે આંખો આજ મને શોધતી નથી
હવે આ પૃથ્વી પર – '
બોલી હું અટકી ગયો. માત્ર પીપળપાન પડેલાં છે ઘાસની અંદર
સુક્કાં અમળાયેલા ફાટી ગયેલાં ;
– માગશર આવ્યો છે – આજ પૃથ્વીના વનમાં
તે બધાની બહુ પહેલાં આપણા બે જણાં ના મનમાં
હેમંત આવી છે' તેને કહ્યું 'ઘાસની ઉપર પાથરેલાં બધાં પાંદડાના
આ મુખ પર નિસ્તબ્ધતા કેવી છે, જાણે સંધ્યાનો ઝાંખો અંધકાર
પાણી ઉપર ફેલાઈ ન ગયો હોય..."

જીવનાનંદદાસની સૃષ્ટિમાં ઉત્સાહ ઉત્સ વસંત વર્ષા નથી. છે એક આદિમતા પૃથ્વીના પ્રાકટ્યકાળની રહસ્યમય ઘૂસરતા. આગિયો, આકડો ધાનના ખેતરો, ધુમ્મસ, નરમ નદી તેમણે નામ પાડીને વાત કરી છે નાટોરની વનલતાસેન બધાં અનામી અવગુંઠમાં કશુંક વેષ્ટિત કરીને બેઠા છે.વસંત અને વર્ષા આપણને ઓગળી કાલવી નાખે છે જયારે આ હેમંત અને શિશિર અને તમને એક Aesthetic distance પર રાખી તમારા

અસ્તિત્વના દાબને અનુભવતા જગતને જોવા જરૂરી એવી પૃથક્તા પીઠિકા બાંધી આપે છે.

# ૧૮ - રાધે ગૃહં પ્રાપય

શિયાળાની ઠંડી હવે જવામાં છે. પાછલા પહોરની પીછોતરી થોડી ગાઢ થયેલી ઠંડીમાં આછા છાયેલા વાદળની ધુંધળાશ ભળી છે. સ્વપ્નોના તાણાવાણામાં ગુંથાયો હતો ત્યાં અચાનક જ દૂધવાળા એ પિપૂડું વગાડ્યું અને જાગ્યો. આંખો ઉઘડી. મચ્છરદાનીમાંથી પહેલાં પગ બહાર નીકળ્યા પછી આખુ શરીર. પગે પલંગ નીચે પડેલાં સ્લીપર ફન્ફોસ્યાં. પહેર્યા. ઢસડાતા પગ ફ્રીઝ પર રાખેલી તપેલી સુધી ગયા. આંખો અડધી પડધી ખોલી. જાગીને જોયું તો જગત દીસ્યું તે મારી જેમ અડધું ઝોકે ચડેલું અને રહસ્યમય. શયનખંડમાંની મચ્છરદાની શાંત, નરમ. બારીના પડદાઓ હળવા ઢળેલા. ટેબલ ખુરશીએ પણ એક વ્યક્તિત્વ ધારણ કરેલું. મને જાગેલો જોઈને પાળેલા પ્રાણીની જેમ બધાં ચાર પગે શાંત ઠાવકા થઈ ગયાં. રાતે બધા એકમેક સાથે વાતોએ વળગ્યા હશે. ફ્રીઝ, ટેબલ, પુસ્તકો, બુદ્ધની મૂર્તિ. ચાકળો, ફોટો, ફ્લાવરવાઝ, તપેલી, રસોડાની થાળી, સાબુદાની, અરીસો બધાં આમતેમ ઘરમાં ફર્યા હશે. હૂંફ ભરી ગુફ્તગુ કરી હશે ને ફરી સવારે સ્થિર થઈ ઠાવકાં થઈ ગયાં હશે. આવા બધા વિચાર કરતો ચેતના પર બાજેલી ઊંઘને પાણીમાં લથપથ પલળેલું કૂતરું જેમ આખું શરીર આમતેમ આંચકા આપી થરકાવી પાણી છટકરે તેમ છંટકોરું છું. બારણાના આગળા એક નહીં ત્રણ ત્રણ છે. એક સ્ટોપર અને બે આગળા. ત્રણેયના ખુલવાના અવાજો જુદા જુદા. 'સ્ટોપર ખટ, એક જાડા આગળાનો ખટાક અને બીજો એલ્યુમિનિયમના નાના આગળાનો ખ...ટા....ક થોડો ધીમો અને સ્લો મોશનમાં.'

હા, હવે હું ઘરની બહાર અને ઊંઘની પણ. આંખ હજી સ્વપ્ન ઝાકળથી આંજેલી

છે. સવારની ઠંડક છે તો વાંધો નથી. થોડી વારમાં તો ઝાકળ ઊડી જશે અને જગત ખુલ્લું થશે. બહાર નીકળતાં વેંત જ ઘાસની, ઘેરી ભેજભરી હૂંફાળી ગંધ નાકમાંથી ક્યાંક અંદર આદિમ ખૂણા સુધી ચડી ગઈ. એ Organic ગંધમાં ફ્રેશનેશ તો હતી જ પણ મારો આવકાર અને સ્વીકાર હતો. કોઈએ કહ્યું છે કે ‘kiss can not be communicated’ તમારે કરવી જ પડે તેમ આ ગંધ પણ તમારે જાતે જ સુંઘવી પડે. કોઈ અચિંત્ય તત્વને વર્ણવવા શબ્દો અધૂરા છે તેવું જ આ ગંધનું પણ. બગીચામાં બદામની છત્રી ખૂલેલો. તેની ઓથે ચડેલી જૂઈની વેલ પર જૂઈના સફેદ ફૂલો ભળભાંખળા પ્રકાશમાં સફેદ ટપકાં જેવા ટમટમતાં જાસૂદ તેની બાંધી મુઠ્ઠી ખોલવાની તૈયારીમાં છે ને ઉપર આકાશમાં વાદળછાયું. બધું રહસ્યમય. રહસ્યકથાઓમાં ભયનો પુટ આપી વર્ણવાતું વાતાવરણ નહીં પણ ગૂઢ અનિર્વચનીય અર્થમાં રહસ્યમય. હમણાં જ કશુંક બોલી ઊઠશે તેવું લાગે. આ બધું આટલું જીવંત છે તેતો ત્યારે જ અનુભવ્યું. સવારે બ્રાહ્મમુહૂર્તમાં મારી પણ પ્રાણપ્રતિષ્ઠાનવિધિ થઈ ગઈ. જોકે મને ખબર છે કે મારા પ્રાણની પ્રતિષ્ઠા લાંબો વખત ચાલશે નહીં. બપોર સુધીમાં પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિ ખંડિત થઈ ભારે પથ્થર થઈ જવાની છે. હમણાં પત્ની ઘરે નથી એટલે છાપુ નથી મંગાવતો એટલે જગતનો વરવો વીંટો મારા ઓરડામાં નહીં ખૂલે. છાપામાંથી નીતરતા લોહીનો રેલો ઓરડામાંથી બહાર તરફ નહીં રેલે.

આ વીસમીસદીના છેવાડાના દિવસોમાં પણ ચકલીઓ આટલી બધી ખુશ છે ? તેમની ઝીણી ઝીણી ચહચહાટથી આખું ફળિયું જાણે ભરાઈ ગયું છે. કેમ આટલું બધું ગાતી નાચતી ફરતી હશે ? નાનકડાં હૃદયમાંથી આટલું તે શું ઉભરાય છે ! ખિસકોલી પણ આનંદ ચિત્કાર કરતી, રૂંછાદાર પૂંછડી છેક માથા સુધી લઈ આવતી અમથી અમથી આમથી તેમ દોડાદોડ કર્યા કરે છે. બપોરે હોલોનો હોલારવ એકાંતનો, ઉદાસીનો અનુભવ કરાવે છે, તે પણ સવારની હળવાશમાં કેવો સુખદ લાગે છે ! અને બપોરે કકલાણ કરી ઊઠતા કાગડાઓનો અવાજ પણ કેવો કુમળો અને નરવો. સવારની જ આ બધી કમાલ. પછી પહોર ચડતો જશે ને તડકો જ નહીં કશુંક બીજું પણ ઊઘડતું આવશે. કીડીઓનો રાફડો ફાટે ને કીડીઆરું ઊભરાય તેમ બધું ઊભરાશે. પહોળા પથરાયેલા રસ્તાઓ સાંકડા થઈ ચગદાઈ જશે. ડાકલાં દેતું કશુંક અંદર જાગશે ને બપોર આખું ધૂણશે. ક્રિયા કલાપ આરંભાશે. રસોડામાં છમકારા બોલશે. અનેક હાથોના ઊંટડા મોમાં

બ્રશ લઈ મચી પડશે. બાળકો મસ મોટું દફ્તર ભરી થાકેલા પગે સ્કૂલે જશે, વધુ થાકીને પાછા આવશે, ટીફિન ભરાશે, ખેતરે ભાત જશે, દુકાનોમાં પડીકાં બંધાશે. ફેકટરીના ચાકરો ધમધમશે ટાઈપરાઈટરો ટપા ટપ ટપ કર્યા કરશે. કૂંડી પાસે કોઈ કાગડો બોલશે ને ઝોકે ચડી ગયેલી ગૃહિણીને ઉઠાડશે. આકાશમાં એક ચકલુંય નહીં ફરકે. સવારની તો કેટકેટલી રાગ રાગિણીઓ ભૈરવ, ભટિયાર, ગુણકલી, જૌનપુરી ને તોડી અને બપોરનો એકાદો સારંગ. તેવી જ રીતે એકલી એકલી સમળી મોટા મોટા ચક્રવા મારતી સેલારે સેલારે સરશે. તેને નગર બણબણતી માખીઓને અને સળવળતા કીડાઓથી ખદબદતા શબ જેવું લાગશે. પશ્ચિમ તરફ લંબાતા પડછાયાઓ મધ્યાહને તેના પાયામાં છાંયો શોધવા લપાશે. પિંડીમાં થાક, બગલમાં પરસેવો ને મનમાં કંટાળો બાઝશે.

સાંજ પડશે પડછાયાઓ પૂર્વ ભણી લંબાશે. સાયરનો વાગશે, ધણ વછૂટશે. રેલો આખો ઝીબ્રા ક્રોસીંગે રોકાશે. બંધ તૂટશે, ફરી ધસમસશે. થાકેલા પગે, પૈડાએ શરીર ઘરે આવશે. સંધિપ્રકાશના આકાશ તરફ નજર જશે. વાસ્તવિકતાની ઠોસ, નક્કર ધરતીને લંગરાઈ રહેલું મન આકાશમાં રઝળશે. અકારણ અજાણી ઉદાસી ઘેરી વળશે. મન કહેશે અહીં નહીં બીજે ક્યાંક. ક્યાંક બીજે. ક્યાં તે તો તેને પણ ખબર નથી. રાતે મન દૂર દૂર ક્યાંક મોતીનો ચારો ચરવા જાય તે પહેલાં આંખો આગળ નીકળી પડશે. ખેતર ખળેથી ગાડું ઘર ભણી આવશે. કાનજી પટેલ કહેશે –

‘બહુ દૂર નથી છાપરૂં
આઘે નથી હોકો
નથી છેટો ચૂડલો’

કોઈ ઉફણતી સોડમવાળી ચાનો એક કપ માગશે. મીરોસ્લાવ હોલુબ કહેશે –

‘પૃથ્વી ને માપી
અને સાગર માપી પૃથ્વી સાથે શૃંખલિત કર્યો.
શેષ કાંઈ રહ્યું હોય તો
તે છે નહેર ઉપરનું નાનું ઘર
એક પુરુષ સૌમ્ય સ્વરે બોલતો

એક સ્ત્રી આંખમાં આંસુવાળી
શેષ કાંઈ રહ્યું હોય તો તે છે સાંજનો દિપ
એક પૃથ્વીખંડ ટેબલનો
ટેબલ પરની ચાદર, એક સાગરપંખી – જે ઊડી જતું નથી.
શેષ કાંઈ રહ્યું હોય તો
તે છે ચાનો એક પ્યાલો
જગતનો ગભીરમાં ગભીર સાગર'

તો જયદેવ કહેશે –

'राधे गहृं प्रापय'

# ૧૯ - ચંદ્રવારાંગના – એક પત્ર

પ્રિય ભોળાભાઈ,

ફરી એક વાર ભોપાલ. ‘તાલો કે તાલ ભોપાલ’માં આ વખતે જુદો જ તાલ. આ વખતે ભારતીય કવિતાના ત્રિવાર્ષિક સંમેલન ‘કવિભારતી-૨’ માં ભારતભરની મુખ્ય ભાષાઓના લગભગ ૪૦ નવલોહિયા કવિઓને આમંત્રેલા. ગુજરાતીમાંથી હું અને ભરત નાયક હતા. આ પહેલાં નવલેખકોની ગોષ્ઠીમાં અને ‘વિશ્વકવિતા સમારોહ’ વખતે ભારતભવન જવાનું થયેલું ત્યારે દેશના કેટલાક નવલેખકોને મળવાનું થયેલું. આ વખતે મનમાં એમ જ હતું કે મોટાભાગના એ જ જૂના ને જાણીતા નવકવિઓને મળવાનું હશે તેથી ઉત્સાહ ઓછો હતો. પણ એક વાત એ પણ મનમાં હતી કે આ પહેલાંના પ્રથમ ‘કવિભારતી’માં અજ્ઞેયજી, વિંદા કરંદીકર, અયપ્પા પણિક્કર, સુનીલ ગંગોપાધ્યાય. સિતાંશુ યશશ્ચંદ્ર, જયંત મહાપાત્ર જેવા કવિઓ હતા. તેમની પરંપરામાં જોડવાનો જાણે કે આ સંયોગ થયો છે, એનો કંઈક રોમાંચ !

સંમેલન ૧૨, ૧૩, ૧૪ ઓક્ટોબરના હતું તેથી ૧૨મી એ સવારે ત્યાં પહોંચાય તેમ નીકળેલો. પણ રાજકોટ ભોપાલ ગાડી કાયમની જેમ થોડી લેઈટ. તેમ છતાં ભારતભવન યજમાનમિત્રો સ્ટેશન પર લેવા આવેલાં – ને તેમને તરત મને પકડી પાડ્યો. મજાની વાત તો એ છે કે ભોપાલ સ્ટેશને આટલા બધા લોકો વચ્ચે ‘કવિને ઓળખી કાઢવાની ગૂઢ શક્તિ તેઓ ધરાવે છે તેનું મને હજીય આશ્ચર્ય છે !’

જ્યાં થાક્યો પાક્યો ઊંઘરેટો ઉતારે પહોંચ્યો તો ત્યાંના યજમાન ચિત્રકાર મિત્રે હાથમાં

બધી સામગ્રી પકડાવી. તેમાં કાર્યક્રમની વિગત પણ હતી. ઓહ માય ગોડ ! હું હોટલ ‘પલાશ’ પહોંચ્યો ૧૦-૩૦ વાગ્યે ને ૧૧-૦૦ વાગ્યે તો કાર્યક્રમ શરૂ થવાનો હતો, જેમાં ભારતના ચાર છેડાના પ્રતિનિધિ તરીકે મારે ઉદ્ઘાટન – પઠન શુકન કે અપોષણની જેમ કરવાનું હતું. હું થોડો ફ્રેશ થઈ માંડ માંડ ઉતાવળે ભારતભવન પહોંચ્યો પણ મારી રાહ જોઈ અંતે શ્રી અશોક વાજપેયીએ ભારત નાયકને ઉદ્ઘાટન –નાયક માટે આમંત્રી દીધેલ. જો કે હું આવ્યો તે પહેલાં વાજપેયી એ મજાક પણ કરેલી કે યજ્ઞેશની લાંબી કવિતા હોય છે પણ જો સમયસર આવી જાય તો તેને નાની કવિતા વાંચવાનું કહેશું. જાણીતાં ઉડિયા કવિ શ્રી રમાકાંત રથને ઉદ્ઘાટન માટે આમંત્ર્યા હતા. ધીર સ્થિર વાણીમાં તેમણે ઉદ્ઘાટન સંબોધન વાંચ્યું. ત્યાર બાદ આ પ્રસંગે શ્રી વિંદા કરંદીકર, અયપ્પા પણિક્કર અને શ્રી અખ્તર-ઉલ-ઈમાને પાઠવેલા સંદેશાઓનું પઠન અશોક વાજપેયીએ કર્યો. બધાનો સૂર હતો બ્રેવો ! ગો અહેડ ! ઉદ્ઘાટનવિધિ પછી ભારતના પશ્ચિમ છેડાના કવિ તરીકે ભરતે કાવ્યપાઠ કર્યો. હું મોડો પડેલો પણ કાર્યક્રમ શરૂ થતાં પહેલાં જ અશોકજીએ નજર મેળવી આવકાર આપેલો.

તે પછી તો સવારથી રાત સુધીમાં ભરચક કવિતાપઠનની બેઠકો જ બેઠકો. બેઠકો જ કહેવાય. કારણ કે વાંચનાર કવિ સિવાય બધી વિશાળ એરકંડિશન સ્ટુડીયોમાં ગાદિતકિયે અઢેલીને, પગ લાંબા ટૂંકા પહોળા કરીને, નિરાંતે, બગાસું ખાતા કે એકકાન એકચિત્ત થઈ બેઠા બેઠા બધાં સાંભળતા હતા.

વચ્ચે ટી-બ્રેક વખતે અશોક વાજપેયી મળ્યા ને તમને તથા રઘુવીર ચૌધરીને યાદ કર્યા. પરેશના પણ ખબર અંતર પૂછ્યા. ઉદ્ઘાટનના આભારવચનમાં ભારતભવન ટ્રસ્ટી (તેમણે ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી દીધું છે પણ સ્વીકારાયું નથી) શ્રી જે. સ્વામીનાથને સાંપ્રત પરિસ્થિતિમાં દરેક કલાકારે પોતપોતાની રીતે શાંત ખમીરથી નવફાસીવાદી બળો સામે ઝૂઝવા તૈયાર રહેવા જણાવ્યું હતું. તેમના એ સૂરમાં ભારતભવનના વિવાદનો અને તેની સ્વાયત્તતા અળપાવાની શક્યતા વિશે ગર્ભિત ઇશારો હતો.

તે પછી દિવસ રાત કે પછી એક દોર કવિતાના. વાગીશ્વરીનાં નેત્રસરોવરમાંથી અંજલિ ચાંગળુ ભરી લેવા મથતા નવલોહિયા વિપ્લવખોર મિત્રો કવિતાપદાર્થને પામવા મથી રહ્યા હતા. કવિતાપાઠની બેઠકોની સાથેસાથે ત્રણે દિવસ ‘વિલાતી જતી

અંગતતા'(disapearing personal) વિષયના ભાગરૂપે 'શૃંગારનો અભાવ', 'ઈંદ્રિયરાગનો હ્રાસ','વનઉકેલ્યો પ્રશ્ન – કવિતા અંગત કે સામાજિક' અને 'આંતરવિશ્વ પર અવિશ્વાસ' એ વિષયો પર ઉદ્યમી અધ્યાપક કવિમિત્રોએ તેમનાં લઘુ=દીર્ઘ વક્તવ્યો રજૂ કર્યા. શ્રી વાજપેયીના મંતવ્ય પ્રમાણે આજે કવિતા જયારે જડ, શુષ્ક અને યાંત્રિક જીવનના ઢાંચામાં ફસાઈ ગઈ છે, સામાજિક પ્રતિબદ્ધતાનાં નગારાં વાગી રહ્યાં છે ત્યારે આ ચર્ચા વિશેષ પ્રસ્તુત છે. આ વિષયો પરની ચર્ચા પણ રસિક, વિશદ, ક્યારેક કંટાળાજનક, દુર્બોધ અંધારમાં અડબડિયાં ખાતી તો ક્યારેક ઉત્તેજક હતી. અને કાંતવાદમાં માનનારા મારા જેવા ભોટને તો ઘણી વાત બંને પક્ષો સરખાં જ સાચા લગતા. અંતે તો બધું અંશ-કળારૂપ જ છે ને !

હૈદરાબાદનો મકરંદ પરાંજપે કુશળ અને તૈયાર લાગ્યો. આ 'એકડેમિક' ચર્ચામાં હું તો ચૂપ જ રહ્યો – 'હું તો બોઇએ નઈં ને ચાઈએ નઈં.

બીજે દિવસે ૧૩મી તારીખે સાંજે મારો વારો હતો. મને મહાભારતના બકાસુરનો વારો યાદ આવી ગયો. આમ તો સાંજ હતી પણ સભાગાર ઉપર ઝળુંબતી સર્ચલાઈટ, વીડીયો કૅમેરાની લાઈટ. ફોટોગ્રાફરનો વીજઝબકાર અને કાવ્યજ્યોતિનો સદૈવ પ્રકાશ હતો. કવિતાપઠન શરૂ કરતાં પહેલાં શ્રોતાઓને ધરપત અને ધીરજ રાખવાનું કહેલું. ધરપત એટલા માટે કે હું એક કવિતા વાંચવાનો હતો. ને ધીરજ એટલા માટે જે તે લાં....બી છે. ગુજરાતીમાંથી હિન્દીમાં સદ્ય અનૂદિત કવિતા 'પ્રહેલિકા' (સજ્જન સૌમ્યમૂર્તિ તમારા સહકાર્યકર શ્રી મહાવીરસિંહ ચૌહાણે માત્ર દોઢ જ દિવસમાં પ્રેમથી સ-રસ અનુવાદ તૈયાર કરી આપેલો તે.) જ્યોત્સનાબેન મિલને વાંચી. તમે જ્યોત્સનાબેનને ઓળખો જ છો, કવિ રમેશચંદ્ર શાહના લેખિકા પત્ની છે, ગુજરાતી પણ સરસ બોલે છે. એ રીતે એ દ્રીભાષી છે. ને પછી મૂળ કવિતાનો મેં ગુજરાતીમાં "મારો ચલાવેલો ! પઠન પૂરું થયું. ઘણી બધી તાલીઓથી, આંખોથી ને પછી હાથથી દાદ મળી. ચાલો ફેરો સફળ ગયો ! બીજે દિવસે ભરતએ પણ તેની કવિતાના લયમાં બધાંને મહાલતાં કરી દીધેલાં.

સજ્જડ શ્વાસે થતી બેઠકો વચ્ચે જમવા, ઊંઘવા, વાતો કરવા જાગૃતિ જેવો વિરામ. રાત્રે અશોક વાજપેયીના ઘરે બગીચામાં, કે ભવ્ય હૉટલોમાં બીયરની બૉટલ, ભૂખ અને

વાતો ઊઘડતી. બધાં હોહા, દેકારો, કે ગુફ્તગુ કરતાં, પ્રેમ, ઈર્ષા ને રોષ કરતાં, કવિતા અને પ્રેમનું સંપાદન કરતાં. જૂના નવાં મિત્રો થયાં.

કેટલીક સમજાયેલી. મને ગમેલી કવિતાઓનું આચમન કરાવું ? અનુવાદની, ધ્રુષ્ટતા કરી છે, આશા છે કે તમને ગમે.

આસામનો નાનકડો કુમળી દાઢીવાળો શરમાળ છોકરડો નીલિમકુમાર. જેવો તે ફ્રેશ તેવી જ તાજી તેની કવિતા :

‘હું સૂઈ શકતો નથી.
ચન્દ્રવારાંગના બેઠી છે
આકાશમાં.
વાદળ કુટીરનાં બારી-બારણાં ખોલી
કૃષ્ણપક્ષની બીજ – આ ચન્દ્રવારાંગના
બેઠી છે આકાશમાં.
કોઈ તેની નિકટ ગયું નથી
તળાવમાં બેઠી બેઠી
અનાવૃત કરે છે તેનો દેહ.
સર્પની જેમ
દેહ તેનો
લે છે વળાંક
જળમાં સુગંધ.
હું વિહવળ અધીર
હું સૂઈ નહી શકું
હે ચન્દ્રવારાંગના’

આ ‘ચન્દ્રવારાંગના’ નું કલ્પન કેવું લાગ્યું તમને ?
પંજાબના નાનકડા સરદારજી સુરજીત પાતારે પિતૃઓને યાદ કરતી નાનકડી કવિતા કરી છે :

દરેક વખતે
આપણાં જ આંસુ
હોતાં નથી આપણી આંખોમાં
ક્યારેક
રડે છે પૂર્વજો
આપણી આંખોથી.

એક મારાથી કવિ હેમંત જોગલેકરની સહજ કવિતાનો વિસ્મયલોક મને અભિભૂત કરી ગયો :

'ત્યારે છે ને
ધૂળ, ઘાસ અને પથ્થર મારા પગને સીધી જ ગલીપચી કરતાં
અમારું સિંહાસન રહેતું જમરૂખના ઝાડ પર
બધાં જ પાંદડાંનો સ્વાદ કંઠસ્થ હતો
સહજ હું ફૂલોની ભીતર રમી આવતો.
ત્યારે છે ને
અભરાઈના હિમાલય પર સમાધિ લગાવી બેસતો
એક દિવસ આકાશનો ગુંબજ ઉઠાવી
ડોકિયું કર્યું હતું બહાર
પછી રાખી દીધો હતો ત્યાં ને ત્યાં.
ત્યારે છે ને
વાંચેલું બધું સમજાઈ જતું તાબડતોબ
બધા રંગો કેવા અલગ અલગ નીખરી આવતા
ઇતિહાસના બધા રાજાઓને મૂછો રહેતી
ત્યારે છે ને
હું તીરકામઠું લઈ લડાઈ કરતો
ને

માની આંગળી બંધ રહેતી
મારી મુઠ્ઠીમાં.'

છેલ્લે દિવસે સાંજે ભારતભવનની વિદાય લીધી ત્યારે વિશાળ તળાવના કિનારે પાટનગર ભોપાલ આંખો ફાડી જાગતું હતું. તળાવની પેલેપાર દૂર દિગંતનાં ક્ષિતિજ સૂતી હતી. ઉપર તારા ટમટમતા'તા, પવન ફરફરતો હતો, જળ ઝલમલતું હતું ને મન હળુહળુ હતું. કવિતાના 'ક' પાસે અટકી ગયેલું મારું મન અહીં આળોટતું હતું. ચાલો ત્યારે કાગળ પરથી હળવે હળવે વિદાય લઉં ? આવતીકાલે વહેલી સવારે તો ગૌરાંગ-સુસ્મિ સાથે પંચમઢી જવાનું છે.

લિ. યજ્ઞેશનાં વંદન

# ૨૦ - સુરેશ જોષી એટલે સુરેશભાઈ

'કત અજાનેર જાનાઈલે તુમિ' રવીન્દ્રનાથની એ પંક્તિનો પડઘો સતત જીવનમાં પણ પડતો રહે છે. કૃતકૃત્ય થઈ કૃતજ્ઞતાપૂર્વક ઈશ્વરનો આભાર માનવાનું મન થાય છે કે "કેટલા અજાણ્યાને તેં ઓળખાવ્યા, કેટલાંય ઘર હૃદયમાં તેં સ્થાન આપ્યું" આ પંક્તિઓના સંદર્ભમાં જ સુરેશ જોષીની વાત કરવી છે. કેટકેટલી પરિસ્થિતિઓ, સ્થળકાળનું આયોજન એવા એક બિન્દુએ તમને મૂકી આપે છે કે ત્યાંથી એક અ-પૂર્વ નવી જ કેડી ફૂટતો હોય. એ બધાં આકસ્મિક ને નિયતિકૃત આયોજનની એ ક્ષણ ચુકાય તો ફરી કશું હાથમાં આવતું નથી. આવી જ કોઈ ક્ષણે સુરેશ જોષી સાથે પરિચય થયો. મારી જીવન કુંડળીને અસર કરતાં ઘણા ગ્રહોમાં એક ગ્રહનું આગમન થયું.

સુરેશભાઈનું નામ ક્યારે સાંભળ્યું ? કશું યાદ નથી. હા પ્રથમ ક્યારે જોયાં તે છાપ એવી જ તાજી છે. યુનિવર્સિટીમાં વિજ્ઞાનનો વિદ્યાર્થી તો નામનો જ. અડધો કારોબાર બેઠક ઉઠક ગુજરાતી ભવનમાં ચાલે. સાંભળ્યું હતું કે વડોદરાથી સુરેશ જોષી આધ્યાપકોના ઓપવર્ગ માટે લેક્ચર આપવા આવવાના છે. એ લેક્ચરમાં હું ઘૂસી ગયેલો. એ લેક્ચર સાંભળી ને હું તો અભિભૂત. તર્કપૂત આક્રોશ, સમજ, ભાષા, અવાજ, સંદર્ભગૂંથણી બધું લાજવાબ. એ લેક્ચરની આવી પહેલી છાપ –વિગતની કોઈ ઝીણી ઝીણી સ્મૃતિ નથી. હા સ્મૃતિ છે તેમના રાત્રિ જાહેર વ્યાખ્યાનની. શિયાળાની ઠંડીમાં રેઈસકોર્સ પર ગુલાબચંદશેઠ લાઈબ્રેરીમાં રાત્રે જાહેર વ્યાખ્યાન રાખ્યું હતું. રાત્રેય ઘણાં લોકો આવેલા. લાઈબ્રેરીના મધ્યસ્થ સભાખંડમાં ખંડમાં કોઈ સ્ટેઇજ તો હતું નહીં. એકાદી ખુરશી પર જ તેઓ ઊભા રહ્યા. લાંબા ઓવરકોટમાં વિશાળ કપાળ, ઊપસેલી ગંભીર

વિદગ્ધ આંખ. યુરોપના કોઈ મહાનતત્વચિંતક અહીં આવી ચડ્યા હોય તેવું લાગતું. એ વ્યાખ્યાનમાં તેમણે સાંપ્રત અને શાશ્વત માનવીય સમસ્યાઓ અને સાહિત્યની વાત કરેલી. વાતમાં રવીન્દ્રનાથ, ઓસ્કાર વાઈલ્ડના 'પીક્ચર ઑફ ડૉરિયન ગ્રે'ની કાફ્કા, રિલ્કેની વાતો કરેલી. તેમની વાતોમાં આવતા ઘણાં લેખકોથી તે વખતે હું સાવ અજાણ. મુધ્ધ વયે મંત્રમુગ્ધ થઈ સાંભળેલું. તે વખતની સમજથી બધું ઝીલેલું. કેટલાંય સર્જકોનો પરિચય તેમણે આમ જ અદ્રશ્ય રીતે આંગળી ઝાલીને કરાવેલો.

અમારો બાળપણનો મિત્ર અનામિક વડોદરામાં પ્રિ. સાયંસનું એક વરસ ભણી આવેલો. સુરેશભાઈ પાસે ભણેલો. રાજકોટ પાછા આવ્યા પછીય સતત સંપર્કમાં. જનસત્તામાં તેમની કોલમ "માનવીના મન" નિયમિત વાંચે. મારી મા પણ તેના કટીંગ વાંચવા મંગાવે. હું પણ મારી માની જેમ અડધું સમજાય ન સમજાય પણ વાંચતો. એ જ લેખકને પહેલી વાર તે દિવસે રૂબરૂ જોવા મળ્યાનો રોમાંચ હતો. તે જ દિવસથી તેમની સાથે એકપક્ષીય સંબંધ તો બંધાય ગયેલો. એ દિવસોમાં તેમની 'છિન્નપત્ર', 'મરણોત્તર' હાથમાં આવેલી. વિદગ્ધ પ્રેમમીમાંસા અને મરણમીમાંસા સમજાતી અડધી પણ પમાતી પૂરી. એ વાંચીને જરા ગંભીર થઈ જવાતું. વેદના, સમજણ, સંવેદનશીલતાના અશ્રુપટલમાંથી અસ્તિત્વબોધથી પીડાતા પાત્રોને હું જોઈ રહેતો. તે દિવસે તેમને જોયા પણ તેમના વ્યક્તિત્વનાં ઓજસ ઉત્તાપથી નજીક જવાની હિંમત ન હતી થઈ. એ જ લેખકનું આમ અચાનક મિલન થઈ જશે તેવી કલ્પના ન હતી.

મોડે સુધી 'મરણોત્તર' વાંચ્યા પછી ઓશીકે સુઈ જઉં છું. મરણ સાથે સંવાદ માંડતો નાયક મારા ઓશીકે મૃત્યુની જેમ જાગે છે. અસ્ફુટ વેદનાના. યૌવનના એ દિવસોમાં આ બધું શું તે સમજાતું ન હતું. એ પુસ્તક પ્રયોગાત્મક હતું તે પણ ખબર ન હતી. બસ કોઈ ધબકાર સાથે ધબકાર મળી ગયો. એ વિદગ્ધ નાયક મૃત્યુની સાથે જાણે મને પણ જનાન્તિક કહે છે.

"કોઈ વાર શ્વાસના સીમાડા જઈ પૂરા થાય છે તેની પારનું જગત મારી આંખો સામે તરવરવા લાગે છે..... પથ્થરોના મુખ પરથી હજી નક્ષત્રોની આભા પૂરેપૂરી ભૂંસાઈ નથી. ક્યાંક ક્યાંક શિશુની કાલીકાલી વાણીના જેવા તારાઓ છેક ક્ષિતિજ સુધી ઝૂકીને પૃથ્વીને કશુંક કાનમાં કહ્યા કરે છે....શતાબ્દીઓના પડેલા વિશાળ ચક્રાકાર દીર્ઘ

ભ્રમણપથને પૃથ્વીએ જોયાં પણ નથી. હજી વિસામણમાં પડવાની કે અકારણ મૂંઝાવાની પણ તેની વય નથી. સ્વપ્નોય એણે છૂપા રાખ્યા નથી એ તો ઝરણાં બનીને દોડી ગયાં છે."

મરણમાં આ નાયકનો ઉત્તર નથી. મરણ સાથે તો નચિકેતાની જેમ સંવાદ સ્થાપીને બેઠો છે.એ નાયક દિવસો સુધી મારે ઓશીકે જાગતો રહ્યો છે. રહેવાયું નહીં એટલે અનામિક પાસેથી સરનામું લઈ કાલો ઘેલો કાગળ લખેલો.

આજ ગાળામાં મારા મિત્ર તુષાર મહેતાએ વડોદરા નોકરી લીધી વડોદરા તેને મળવા ગયો ત્યારે તેને કહ્યું ચાલ સુરેશ જોષીને ઘરે જઈએ. તે કહે તને ઓળખે છે ?' મેં કહ્યું ના. એકવાર રાજકોટ જોયા છે અને તેમને કાગળ લખ્યો છે. ઓળખાણ છે નહીં. પણ થશે. તુષારને એમ જ તેમને ઘરે પહોંચી જવું ઠીક ન લાગ્યું. મારી દલીલ એ હતી કે આપણા પક્ષે ગુમાવવામાં કશું છે નહીં. બહુ બહુ તો મળવા નથી માગતા તેમ કહેશે કે સારો મૂળ નહીં હોય તો આપણને ટાળશે. તોય આપણે ક્યાં કશું ગુમાવવાનું છે ?

ઉનાળાની એ રાતે તેમના અધ્યાપક કુટિરના બારણાં અતિથિ બની ખટખટાવ્યા. તેઓ પૂછે કોણ તો નામ સિવાય બીજી કોઈ ઓળખાણ ન હતી. વાતાવરણ લીમડાઓની મંજરીની ગંધથી તરબતર હતું. તેઓ જમતા હતા. અમને તેમના રૂમમાં બેસાડ્યા. બારી પાસે પલંગ, છત સુધી દીવાલો સરસા ઘોડાઓમાં ચોપડીઓ, ટેબલ પર પલંગ પર ચોપડીઓ, ચોપડીઓ જ ચોપડીઓ – જાણે ખરી વિખરાઈ ન હોય ! ખાદીનો લેંઘો, સફેદ ખાદીનો સદરો પહેરેલા ઘરેલુ ગૃહસ્થ પ્રેમાળ સુરેશ જોષી બહાર આવ્યા. અમે પરિચય આપ્યો. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે તેમને વિશેષ આદર અને પક્ષપાત તેથી તેમની તે નબળાઈનો તરત જ લાભ મળ્યો. મને કહે "તારો પત્ર મળ્યો છે. હું જવાબ આપવાનો જ હતો." મેં તેમને અનામિકનો સંદેશો આપ્યો કે રાજકોટમાં તમે ઓપન યુનિવર્સિટી ફોરમનો કાર્યક્રમ ગોઠવો. તેમણે આ માટે અમારા સંપર્કમાં રહેવાની ધરપત આપી અમારી ઑફર સ્વીકારેલી અને જયારે પણ વડોદરા આવવાનું થાય તો તેમને વિના સંકોચે મળવાનું આમંત્રણ આપી રાખ્યું. ઘરની બહાર નીકળ્યા ત્યારે અમે એક સ્નેહી વડીલને વિદાય આપતા હતા. એ મુલાકાતમાં જ કશુંક અંદર સંધાઈ ગયેલું. એ મારા માટે સુરેશ જોષીમાંથી સુરેશભાઈ બની ગયેલા.

ઓપન યુનિવર્સિટી ફોરમ કાર્યક્રમનું રાજકોટ મ્યુનિસિપલ કૉર્પોરેશન મારફતે આયોજન કરેલું. બેત્રણ મહિનાના પત્રવ્યવહાર પછી અંતે બધું ગોઠવાયું. સમાજને અનેક વિદ્યાશાખાઓ, કલા સાહિત્યના પ્રવાહોની પ્રાથમિક માહિતી જે તે ક્ષેત્રના તજજ્ઞો મારફતે મળે તે હેતુ સામે રાખી તેનું આયોજન કરેલું. પોરબંદરમાં તેમને સફળતા મળેલી. એ સફળતા અને અમારા ઉત્સાહ અને આયોજનથી તેમણે રાજકોટ પસંદ કરેલું. એ આયોજનમાં સુનીલ કોઠારીએ વિવિધ નૃત્ય શૈલીઓ વિશે અને નયના પારીમુએ ગુફાચિત્રોથી માંડી આધુનિક ચિત્રશૈલીઓ વિશે સ્લાઈડોના નિદર્શન સાથે વ્યાખ્યાનો આપેલાં. ભારતી મોદીએ ભાષાની. ઉત્પતિ, વિકાસ અને ભાષાશાસ્ત્રના સંશોધનની વાત કરેલી. સુરેશભાઈ સાહિત્ય અને માનવસંબંધો વિશે બોલેલા. રાત્રે કુચુપુડીની નવલ નૃત્યાંગનાએ સુનીલ કોઠારીનો કોમેન્ટ્રી સાથે નૃત્યનો કાર્યક્રમ આપેલો. સુનીલભાઈ જેવા ફરંદા ફક્કડ માણસને રાજકોટ લઈ આવવાનું તેમનું જ કામ. જો અનુકુળતા હોત તો જ્યોતિ ભટ્ટ અને ગુલામમોહદ શેખ પણ આવવાના હતા. આ બધાં આવેલા તે સુરેશભાઈના મિશનને અને પ્રેમને કારણે જ – એક પૈસો પણ લીધ વગર. યંત્ર, મશીન. ઉદ્યોગનગર તરીકેની શુષ્ક બાહારી છાપ ધરાવતાં રાજકોટના કલારસિકોએ તેણે સફળ બનાવેલો.

રાજકોટમાં દિવસે તેમનો કાર્યક્રમ ચાલે. ને રાત્રે સીટી ગેસ્ટહાઉસમાં તેમનો પીછો નહીં છોડવાનો. રાત્રે કવિતાની બેઠક લોર્કા, સ્પેનિશ ગોપકવિ હર્નાન્ડીઝ, નેરૂદા, જીવનાનંદદાસ, રવીન્દ્રનાથની કવિતાઓની રસલ્હાણ. રવીન્દ્રનાથની 'યે તે નહિ દિબ' બંગાળીમાં વાંચતા જાય, મર્મ ખોલતા જાય. એ બેઠક પૂરી થયે ઉનાળાની રાત્રિ ઠંડકમાં ત્રિકોણબાગ બરફના ગોળા ખાવા લઈ જવાના અને સવારે ગાંઠિયા-જલેબીના નાસ્તા સાથે અમે હાજર.

આ કાર્યક્રમો દરમ્યાન દિવસ રાત તેમની સાથે રહ્યા છીએ. કાર્યક્રમ પૂરો થયે તેમની સોમનાથ-ચોરવાડ-સાસણ જવાની ઇચ્છા હતી. કૉર્પોરેશને ગાડી કરી આપી. એ યાત્રામાં અનામિક, ડો. ગોપાલ વ્યાસ અને હું પણ જોડાયા. એ યાત્રામાં તો એક જુદો જ તોફાની, ટીખળી, હળવા મજાકિયા સુરેશભાઈ પમાયાં. Farting – વાછૂટની વાત હસતાં હસતાં તો વળી ગંભીર થઈ છૂટથી કરી. પાદવાના અનેક પ્રકારો, પરિસ્થિતિઓ,

લોકોની અલગ અલગ ખાસિયતોની વાત રેલાવતા જાય. ગંભીર થઈને કહે “આ સાઉથઈંડિયનને ‘Phallic obcession’ ઘણું. મને થયું કે આખી પ્રજાના મનમાં ડૂબકી કેવી રીતે લગાવી તેમણે આ તારણકાઢ્યું હશે ? મેં પૂછ્યું તો કહે “તેમની અટકો જુઓને, નાગલિંગમ, ભૂતલિંગમ, મહાલિંગમ, રામલિંગમ,” અને અમે હસી હસીને ઢગલા. કોઈ નિષેધ. ટેબુ ચોખલિયાવેડા નહીં. ગીરના જંગલમાં, સોમનાથને સાગરકિનારે એમની સાથે ફર્યાનો હજીય આનંદ છે.

૨

સુરેશભાઈ સાથેની સાસણ યાત્રાનાં સંસ્મરણો વાગળોતા હતા ત્યાં જ તેમનો પહોંચનો નર્મ સભર પત્ર આવ્યો.

“પ્રિય અનામિક તથા યજ્ઞેશ,

બસમાં પાછા ફરતાં, સાસણથી પાછા ફરતાં તમારી બન્નેની જે સ્થિતિ થયેલી તેવી અમારી થઈ. ‘બ્રહ્મ સત્યં જગ મિથ્યા’ કરતાં કરતાં વાસ્તવિકતા સાથે ફરી પટકાયા. (જરા સાહિત્યિક ભાષા લખવાનો પ્રયત્ન છે.)
શરીરીમાં સિંહનો પ્રમાદ અને આંખોમાં કલકલિયાના રંગો ભરીને અને અહીં આવ્યા તો ખરાં, પણ હવે ? હજી ઊંઘમાંથી જાગું છું ત્યારે જાણે સીટી ગેસ્ટહાઉસમાં જ છું તેવી ભ્રાન્તિ થાય છે. મીનલ Notes લખતી, તેણે પાના પર લખેલું સુરેશ જોષી –‘ઈડિયટ’ હા, ઈડીયટ જ છું, holy fool નથી. પણ વ્યાસ સાહેબને દીઠાને હાચુકલું માણહ દીઠું. અંગ્રેજી આવડતું હોત તો એમ કહેત કે ‘a gem among men’.સાસણથી પાછા ફરતાં જયારે અમારી ચારે તરફ નિદ્રાનો સાગર લહેરાઈ રહ્યો હતો ત્યારે અમે બે જ તરવૈયા એમાં તરી રહ્યા હતા ત્યારનો અમારો સંવાદ તેમને યાદ રાખવાનું કહેજો. અન્તમાં વજુભાઈ વાળાના શબ્દોમાં કહું તો “આ સૌએ જે જહેમત ઉઠાવી. રાત દિવસ ન જોયાં. અને જે નિષ્ઠાથી કાર્યક્રમને અમારી અનેક ક્ષતિઓ ન જોતાં સફળ બનાવ્યો તે બદલ આભાર શું માનું ?” – સુરેશ ઉષા.

આજ પત્રમાં ઉપર વધેલી જગ્યમાં ટાંક મારી લખેલું – “યજ્ઞેશના ઘરના ટુકટુકિયાને યાદ, સૌ મિત્રો બરફનો ગોળો ખાતાં સંભારજો.”

સુરેશભાઈ એ વખતે રાજકોટ આવેલાં ત્યારે પક્ષીદર્શન – બર્ડ વોચીંગ માટે તેમને લાલપરી તળાવ લઈ ગયેલાં. શિયાળો પૂરો થવાના એ સમયે ઘણાં યાયાવર – માઈગ્રેટરી પક્ષીઓ પેલિકન, ધોણ, પેણ, બતક, જળકુકડી, જસાના, કુંજડીઓ, કલકલિયો જોયાં હતાં. એ જ દિવસે બપોરે મારા ઘરે લઈ આવ્યો ત્યારે ઘરનાં રવેશમાંથી સામેના પીપળાના નવાં ફૂટેલાં પાંદડાઓ વચ્ચે એક કંસારો (ટુકટુકિયો – બાબેર્ટ) તેના નાનકડા શરીરના નાનકડા ગળામાંથી 'ટુક – ટુક – ટુક' તેમ સવારના નરમ તડકામાં તેના ટહુકા પાડતો હતો તે સુરેશભાઈની ચેતનામાં છપાઈ ગયેલો. જે તેમણે કાગળમાં યાદ કર્યો. આમેય પક્ષીઓમાં તેમને ઊંડો રસ, સાચો સૌંદર્યદર્શી રસ હતો. વડોદરા ગુજરાતી ડીપાર્ટમેન્ટની પાછળ જ વિશ્વમિત્રીની કોતાર ઝાડી છે. સુરેશભાઈના રૂમમાંથી એ વનાંચલ સૃષ્ટિનો લાભ લઈ શકાતો. ક્યારેક વાતમાંથી તેમનું દયાન ખસીને બારી બહાર કોઈ પક્ષીના ગાન પર સ્થિર થતું અનુભવ્યું છે.

રાજકોટમાં મારા ઘરે આવ્યા હતા ત્યારે શેરીમાં પડતો ઊંચો નકશીદાર જાળીવાળો રવેશ જોઈ ખુશ થયા હતા. કઠેડો ઝાલીને ઊભા ઊભા શેરી જોતાં હતા ત્યારે એક ચાઈનિઝ કવિતા યાદ કરી :

'સાંજના સમયે
એકલા હો ત્યારે
રવેશમાં ઝાઝું ઝૂકવું નહીં'

એક તો બે વિશ્વોને જોડતો ઉદાસ વિતરાગી સાંજનો સમય અને તેમાં ભળે એકલતા. જીવન સાથેનાં બંધનો ઢીલાં થઈ જાય. અમસ્તું એમ જ એવી તરલ મનસ્થિતિમાં રવેશમાંથી ઝંપલાવી તમે આત્મહત્યા પણ કરી શકો. છંદની વાત કરતાં કરતાં કાલિદાસના મેઘદૂતમાંથી મંદ મંદ મંન્દાક્રાન્તામાં પેલો શ્લોક ટાંક્યો रेवा ंद्रक्ष्य स्युपलवषिमवेन्धि्यपादे विशीर्णा એ પંક્તિમાં 'વિશીર્ણાંમ્' શબ્દ આગળ તો ઉછળતી કુદતી રેવા વિન્ધ્ય પર્વતની ભેખડો શિલાઓ સાથે અથડાઈ વિશીર્ણ શીકરોથી વેરાઈ વિખેરાઈ જાય છે તે આંગળી મૂકી બતાવેલું. આવી જ પંક્તિ અમારા પ્રિય જીવનાનંદદાસની 'વનલતાસેન' માંથી ટાંકેલી. કહે, "આ હળવા રવાનુકારી ધ્વનીઓ

સાંભળો. – "ચુલ તાર, કબેકાર, અન્ધકાર વિદિશાર નિશા" જાણે સાન્ધ્ય આકાશમાં ઢીલો અંબોળો હળવે હળવે ઉખળી તેના શ્યામલ કેશ પવન બની ક્ષિતિજ પર ફરફરી ન રહ્યા હોય ?" તેમની ૧૯૭૯ની રાજકોટની એ મુલાકાતે મારા મનની અનેક બારીઓ ઉઘાડી આપી. તેમને પોતાને પણ રાજકોટ ખૂબ ગમ્યું હતું. આથી જ તો ગુજરાતી સાહિત્ય પરિષદે જયારે તેમને પરિષદ વ્યાખ્યાનમાળા આપવાનું આમંત્રણ આપ્યું ત્યારે મનમાં રાજકોટને રાખી તેમણે હા પાડેલી. પરિષદે સ્થળ પસંદ કરવાનું કહ્યું ત્યારે તેમણે રાજકોટ માટે પક્ષપાત રજૂ કરેલો. રાજકોટમાં તેમના વ્યાખ્યાન અને ઓપન યુનિવર્સિટી ફોરમ કાર્યક્રમનને અભૂતપૂર્વ સહકાર સફળતા મળેલાં અને અમારી ટીમ સાથે પણ તેમણે સારું ગોઠી ગયું હતું. અમારો ઉત્સાહ તો હતો જ. આમ ૧૯૮૦ના માર્ચમાં ફરી સુરેશભાઈના વ્યાખ્યાનો ગોઠવાયા. આ વખતે તો તેમને સુંવાંગ માનવાના હતા અને સળંગ પાંચ લેક્ચરનો કાર્યક્રમ હતો. કાર્યક્રમના આયોજન માટે અમે સતત સંપર્કમાં હતા. એક કાગળમાં લખે છે

"પ્રિય યજ્ઞેશ તથા અનામિક,

વ્યાખ્યાનો માટે હું તથા સૌ ઉષાબેન અહીંથી શનિવારે સવારે પાંચ વાગે ઊપડતી લક્ઝરીમાં રાજકોટ આવીએ છીએ. વ્યાખ્યાનો તો ચાલશે પણ સાહિત્યરસિક મિત્રો જોડે ગોષ્ઠીની પણ યોજના કરશો તો મને પણ થોડું સાંભળવાનું મળશે. બરફના ગોળાવાળા રાતે હશે જ, અને આઈસ્ક્રીમની સિઝન શરૂ થઈ ગઈ હશે. હવે દાંત જશે એટલે કેવળ ચોષ્યની ટેવ પડવાની રહેશે....

તમારે ખાતર – બરદાસ્ત માટે રાતના ઉજાગરા કરવા નહિ પક્ષીદર્શન તો થશે ને ?

-સુરેશ

માર્ચ ૧૯૮૦માં તો વ્યાખ્યાનની હેલીથી તરબોળ કરી દીધેલાં. પહેલાં દિવસે જ દરબાર ગોપાળદાસ હૉલ નાનો પડ્યો. બારણા પાસે ઊભાઊભા ય લોકોએ સુરેશભાઈને સાંભળેલા. બીજે દિવસે તો કાર્યક્રમ રાષ્ટ્રીયશાળાના મધ્યસ્થ ખંડમાં ફેરવવો પડેલો. કાફકા. ટોમસ માન, સેમ્યુઅલ બેકેટ અને રિલ્કેના સાહિત્ય પર બોલેલાં.અનામિકના

નવાસવા કૅસેટ પ્લેયરમાં તે બધાં વ્યાખ્યાનો રેકૉર્ડ કરી રાખેલાં. આજે સુરેશભાઈ એ જ અવાજ, સ્વરભાર, ભાષા કાકુથી એ રેકૉર્ડીંગમાં અકબંધ છે. રિલ્કે રોદાંના સેક્રેટરી તરીકે રહ્યાં તે અનુભવ વિશે સુરેશભાઈ કહે છે :

રોદાંએ કહેલું Gazing, Looking, Seeing, Perceiving, these are the most wonderful thing in the world. આપણે જોતાં નથી. સંસ્કૃતમાં તો લોક-લોચનવાળા તે જ લોક. જેની આંખ ખુલ્લી છે તે માણસ. ઘણાની આંખ ખૂલતી જ નથી. જિંદગી પૂરી થઈ જાય ત્યાં સુધી. આપણે કહીએ કે તેની આંખ મીંચાઈ ગઈ પણ તે તો મીંચાયેલી જ હતી; જગતમાં ખુલ્લી જ હતી, તો જન્મ્યા ત્યારથી જ – તો આંખ મીંચાઈ ગઈ તે કહેવાનો અર્થ શો છે ?કવિ તે અર્થમાં રૂંવેરૂંવે જીવે છે. He lives through every pore of his life. રન્ધ્રે રન્ધ્રમાં તેનું જીવાન છલકાય છે.”

સંસ્કૃતમાં ચાર પગલાં ચાલ્યાથી સખ્યની મૈત્રીની વાત આવે છે. સુરેશભાઈ અમારા માટે તે ચાર ચાર દિવસોનાં કાર્યક્રમાં તો અમારા વડીલ મિત્ર બની ગયેલાં. મારામાં તો તેમણે એક વડીલને નાતે અંગત રસ લીધો છે. પીએચ.ડી થયા પછી નોકરીની શોધ કે ઈન્ટરવ્યું અર્થે આણંદ વડોદરા સુરત જવાનંલ થયું હોય ત્યારે અચૂક તેમને મળવા જતો. નોકરી નહીં મળ્યાથી લગ્નનું ઠેકાણું ન હતું. શ્વસુર પક્ષે એક આછો વિરોધ હતો ત્યારે મને કહે “તું અને કલ્પના વડોદરા આવી જાવ .અમે અહીં તમારા લગ્ન કરાવી આપીએ. અમારા લગ્ન પણ આમ જ સ્નેહી વડીલે કરાવી આપેલાં સંકોચ ન રાખીશ.”

આકાશવાણીમાં નોકરી મળ્યે જયારે લગ્ન ગોઠવાયા ત્યારે તેમને કંકોત્રી મોકલેલી. લગ્નની સવારે જીંદગીમાં પહેલીવાર ધોતિયું પહેરી ગણેશસ્થાપનની પૂજામાં બેઠો હતો ત્યાં તો પોસ્ટમેન રજીસ્ટર પોસ્ટપાર્સલ લઈ આવ્યો. રવાના કરનારમાં સુરેશભાઈનું નામ વાંચ્યું. પેકેટ ખોલ્યું તો ‘કથાચતુષ્ઠય’ ગ્રંથ. તેમાં શુભ આશીર્વાદ લખીને મોકલેલા.

“પ્રિય યજ્ઞેશ, સૌ કલ્પનાને દીર્ઘ સુખી દાંપત્યજીવનની શુભેચ્છાઓ સાથે.
-ઉષા સુરેશ’
લગ્નને દિવસે જ લગ્ન પહેલાં જ તેમની શુભેચ્છાઓ મારી આંખોમાં ઝળહળિયાં હતાં.

૩

અવારનવાર વડોદરા ગયો છું તો ગુજરાતી ભવન અચૂક ગયો છું. ભરતીબેનની તૈયાર કરેલી ચા પીધી છે. ક્યારેક ભારતીબેન, શિરીષભાઈ સન્મુખ તેઓ સેઝારે પાવેઝની નોવેલ વાંચતા હોય, ક્યારેક ફ્રેંચ કવિ રેંબોની Illuminationમાંથી 'Morning' કવિતાનો આસ્વાદ કરાવતાં હોય. વચ્ચે દવાનો ટાઈમ થાય ત્યારે ભારતીબેન પડીકી મધમાં કાલવી કચોળું આગળ ધરે, દવા લઈ સુરેશભાઈ તેમની વાત આગળ ચલાવે. પાછળની પશ્ચાદ્દ્ભોમાં રૂસોના ચિત્રમાં છે તેવું વેજિટેશન લહેરાતું ઊભું હોય.

એકવાર મિત્ર ડૉ. રાજેશ સોલંકીને ત્યાં નોકરીની શોધ અર્થે સુણાવ રહેવા ગયેલો. ત્યાંથી અચાનક જ નક્કી કર્યું કે ફિલ્મ ફેસ્ટીવલની ફિલ્મો જોવા ને રખડવા મુંબઈ જઈશું. તે સીધો પહોંચવાનો હતો. હું વડોદરા થઈને બેકારીમાં પૈસા તો હતા નહીં. મુંબઈ પહોંચ્યા પછી ચિંતા ન હતી. મિત્ર મુંબઈની રખડપટ્ટી સ્પોન્સર કરવાનો હતો. પણ મુંબઈ પહોંચવા માટેનું શું ? તે માટેય પૂરતા પૈસા ન હતા. થોડા ઘણા પૈસા અમદાવાદ ફોનથી ઘરે જાણ કરવામાં વાપરી નાખેલાં. પહોંચ્યો સુરેશભાઈને ઘરે 'અસ્મદિયમ્'માં શિયાળાની ઠંડી ઉદાસ સાંજે ઘરમાં ઢબુરાઈને દમ સાથે લડતા હતાં. દમે તેમને દમિયલ બનાવ્યા ન હતા. દમનો ય દમ કાઢતા હતાં. મને જોઈને ખુશ થયાં. ટ્રેઈન રાતની હતી. નિરાંતે બેઠો. મુંબઈ જવા માટે પચાસેક ઉધાર માગ્યા તો સુરેશભાઈ ઉષાબેને સો રૂપિયા આપ્યા ને મારી ના-ના વચ્ચે પ્રેમથી જમાડ્યો.

અમદાવાદ આકાશવાણીમાં નોકરી મળી ત્યારે એમ હતું કે હવે તો વડોદરા નજીક છે મળવાનું વધુ થશે. તેઓ તો કહેતાં "શનિ-રવિ રજામાં આવે. આપણે વાતો કરીએ." મનેય લોભ હતો. કે તેમની પાસેથી પ્રાચીન અર્વાચીન પાશ્ચાત્ય, પૌરત્સ્ય સાહિત્ય તત્વજ્ઞાનનું તેમના સાન્નિધ્યમાંથી મળે તેટલું ઝીલવું. તે બની શક્યું નહીં. છેલ્લે તેમને મળ્યો ત્યારે ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટનો મહાભારતનો સંપાદિત ગ્રંથ વાંચતા હતા. મને કહે મહિનાઓથી તેનું વાંચન ચાલે છે. મને લાગે છે ત્યાં સુધી તે જ ગાળામાં મુંબઈ 'કર્ણ' વિશે બોલેલાં. લા.ઠા.એ સુરેશભાઈના સંસ્કૃતના જ્ઞાન વિશે એક પ્રસંગ કહેલો. સુરેશભાઈ અમદાવાદ કોઈ વ્યાખ્યાન માટે આવેલાં. વિદ્યાર્થી લા.ઠા. તેમને ઉમાશંકરભાઈની કેબીન સુધી લઈ ગયેલા. અંદર બે જોષીઓ મળ્યા. વાતવાતમાં જ

મહાભારતમાંથી શ્લોકો ઉપર શ્લોકો ટાંકતા જાય. શ્લોક-છોળ એ વિદ્દવદ્દ ચર્ચામાં લા.ઠા. બહાર ઊભા ઊભા ભીંજાયા હતા. આ ક્ષણે યાદ આવે છે કે ઉમાશંકરભાઈએ સુરેશભાઈના મૃત્યુ પછી ઇન્ટર્વ્યુંમાં તેમને ગમતા કવિ ભવભૂતિ મિષે સુરેશભાઈને પ્રેમથી સંભાર્યા હતા.

મારા કાવ્યસર્જનમાં ય તેમણે રસ લીધો હતો. રાજકોટમાં કે વડોદરામાં તેમણે કવિતા દેખાડતાં ડરતો. રાજકોટના જાહેર વ્યાખ્યાનમાં તેમણે કહેલું કે 'જેણે કવિતાની હથોટી બેસી ગઈ છે અને ઢાળ મળ્યે ઢળ્યે જાય છે તેવા સર્જકો કરતાં માર્ગ શોધવા મથતા, ઘાટ માટે મુંઝાતા, અટકી ગયેલાં સર્જકો સારા.' મારી કવિતા તેમનાથી છુપાવતો' તો કહેતા 'તપાસ થાય તો નિદાન થાય. એ માટે કાંઈ ભગાય નહીં. હું જે કહીશ તે તારા અને કવિતાના સારા માટે જ કહીશ.' બીજે થોડી ઘણી કવિતાઓ છાપાવવા લાગી ત્યારે ય એ સંકોચ સાવ ગયો નહીં. હા, એક ઇચ્છા હતી કે તેમના સંપાદનકાળ દરમ્યાન જ 'એતદ્દ'માં કોઈ કવિતા છપાય. એ ઇચ્છા પૂરી થઈ હતી. તેમણે મારી 'કર્ણ' કવિતા 'એતાદ્દ'માં છાપી હતી.

લગ્ન સિવાય અવારનવાર તેમણે તેમનાં પુસ્તકો ભેટ આપેલાં. ;જનાન્તિકે' ભેટ આપતાં ટકોર કરી લખેલું – 'હજુ કવિતા સાથે સંવનની વય ચાલી નથી ગઈ તેની યાદ અપાવીને' ને 'તથાપિ' આપતાં લખેલું – 'તારી કલમમાંથી ઘણા શોબીગી દૈયડ ટહુકી ઊઠે તેવી શુભેચ્છાઓ.' દૈયડ તો ઠીક અલપઝલપ દેખાતું યાયાવર શોબગી તેમણે ક્યાં જોયું સાંભળ્યું હશે ? અમારી સાથે રાજકોટના લાલપરી તળાવના વગડે કે પછી વડોદરામાં ? અનામિકના લગ્ન થયાં ત્યારે તેણે શુચેચ્છા ભેટ તરીકે તેમનું પુસ્તક મારી સાથે મોકલેલું. તેમના મૃત્યુના પંદર વીસ દિવસો પહેલાં જ મારા ખાનપુર અમદાવાદના સરનામે તેમનું ઈનલેન્ડ મળેલું. તેમણે લખેલા છેલ્લા પત્રોમાંનો એક હશે.

૧૩-૮-૮૬ વડોદરા

"પ્રિય યજ્ઞેશ,
'જળની આંખે' ને બ.ક. ઠાકોર પારિતોષિક મળ્યું તે જાણી ખુશખુશાલ થયા. છાતી ગજગજ ફુલ્લી. પ્હેલું સોપાન તો સર કર્યું. હવે વધારે ઊંચો ઠેકડો મારવાનો રહેશે. હવે

ઉત્સુકતાથી રાહ જોઉં છું. ભવિષ્યની કવિતાની. આશા છે, આવા સુખદ સમાચાર તારા તરફથી હવે મળતા જ રહેશે.

-સુરેશ

છ્યાંસીના સપ્ટેમ્બરના પહેલાં અઠવાડિયામાં છાપામાંથી સમાચાર જાણ્યા કે સુરેશભાઈ ગંભીર રીતે માંદા છે અને તેમને સયાજી હૉસ્પીટલમાં દાખલ કરાય છે. તરત જ જવાનું મન થયું. રાત્રે ડાયરીમાં મેં લખ્યું હતું.
૫-૯-૮૬

'બે ત્રણ દિવસથી – જ્યારથી સાંભળ્યું છે કે સુરેશભાઈને વડોદરાની સયાજીગંજ હૉસ્પિટલમાં ઇન્ટેન્સીવ કેર યુનિટમાં રખાયા છે ત્યારથી મન ત્યાં વળગેલું રહે છે. કામકાજની ઘરમાળ ઘટાટોપમાં વચ્ચે યાદ આવે છે કે આ ક્ષણે સુરેશભાઈ મરણ સામે લડી રહ્યાં છે. સ્વજનોથી ઘેરાયેલાં – અડધા ભાનમાં તો અડધા ઘેનમાં. નાનકડી ઓરડીમાં પુરાયેલા સુરેશભાઈ જેટલાં તેમનાં સ્વજનોના છે તેટલાં તો નહીં; પણ છતાં તે મારા છે. મારા જેવા અનેકના તો અમારા છે, ત્યાં દોડી જઈ તેમના સ્વજનો વચ્ચે પહોંચી જઈ સંબંધની સ્વીકૃતિની મહોર છપાવવા જવાની કે તેમના પર નાનાશો અધિકાર દેખાડવાની ઇચ્છા નથી; છતાં તેમણે જોવાની ઇચ્છા જરૂર થાય છે. એ હૉસ્પિટલના રૂગ્ણ વાતાવરણમાંથી બહાર નીકળી જઈ સુરેશભાઈ મારી પથારી સુધી કશુંક જનાન્તિક કહેવા આવ્યા છે.'

બીજે દિવસે ઑફિસનું કામ પતાવીને તેમને મળવા વડોદરા પહોંચ્યો. રાતે મોડું થઈ ગયેલું. એવા સમયે હૉટલમાં રાવવાસો કર્યો. સવારે સાત વાગે જ તેમને મળવા નીકળ્યો ત્યાં તો ચાની રેંકડીએ રેડિયો પર પ્રાદેશિક સમાચારમાં સાંભળ્યું કે ગઈકાલ રાતે જ નડિયાદમાં તેમનું અવસાન થયું હતું. 'ફરી ક્યારેય નહીં મળી શકાય' તેવી મરણની આણ પહેલી વાર અનુભવ થયો. હાથમાં બેગ લઈ 'અસ્મદિયમ્' ગયો. ભાયાણી સાહેબ, ભરત, ભારતીબેન, શેખ બધાં બહાર ઊભા હતાં. આગળના રૂમમાં જ તેમનો સહજ ફૂલેલો ગુલાલ છાંટ્યો ચહેરો એમ. એસ. સુબાલક્ષ્મીનું શ્લોકગાન અને આટલાં બધાં આવી ચડેલા વચ્ચે અટવાયા કરતાં 'દાદા કેમ હજી સુતા છે.' તેનો વિચાર કરતાં

સુરેશભાઈની લઘુક પ્રતીકીતું જેવા જોડિયા પૌત્રો, આંગણમાં તેમણે ઊછરેલું ચંદનનું ઝાડ, ભાદરવાના તડકામાં ટહુકા રેલાવતી દેવચકલી અને સક્કરખોર બધું યથાવાત યાદ છે.

દસેક વાગે બધાં સ્મશાને ગયાં. હું રતન પારિમુના સ્કુટર પર. સુરતથી મુકુલ પણ સ્કુટર પર આવ્યો હતો. ઈલેકટ્રીક ભઠ્ઠીની તપ્ત દીવાલોથી પ્રકાષિત તામ્રતપ્ત ચહેરો છેલ્લીવાર જોયો. ઉપરથી બારણું પડી ગયું.

વિનેશ અંતાણી ત્યારે વડોદરા હતા. અંગત રીતે અને આકાશવાણીની શ્રદ્ધાંજલિ માટે સ્મશાને આવેલાં. શ્રદ્ધાંજલિ રેકૉર્ડ કરવાના એ તર્પણકાર્યમાં મને ય તેમણે સાથે જોડ્યો. બપોરે આકાશવાણી આવી કાર્યક્રમ તૈયાર કર્યો. વિનેશભાઈ અંદર સુધી હલી ગયેલાં. મોડી બપોરે વિનેશભાઈ ઘરે મૂંગા મૂંગા અમે જમ્યાં. અંતિમ સમયે તેમને ન મળી શકાયાનો રંજ હતો પણ તેમને શ્રદ્ધાંજલિ આપવામાં મારા કર્મની એક આચમની ભળી તેનો સંતોષ હતો. બેત્રણ દિવસ પછી જ તેમનો શેડ્યૂલ થયેલો અમૃતધારા કાર્યક્રમ વાગ્યો હતો જેમાં તેઓ 'મહોરાં' પર બોલેલાં.

આપણે રૂટીન ઔપચારિકતામાં કહેતા હોઈએ છીએ કે 'તેમના જવાથી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.' પણ હકીકતમાં તો તેની જગ્યા લેવા ધક્કામુક્કી કરતું ટોળું પાછળ ઊભું જ હોય છે. સુરેશભાઈ ખરેખર અવકાશ મુકતા ગયાં છે. મેદાનોમાં લોકો વચ્ચે નદી બનીને વહ્યા છે પણ બીજી રીતે તરો ઉન્નત એકાકી શિખર જેવા રહ્યાં છે. રિક્ત અવકાશમાં એક પ્રક્ષોભ સજી તેમણે એક આંદોલન જગાડ્યું છે. તે અર્થમાં તેમણે અવકાશને ભર્યો છે. આ સુરેશભાઈને નાના એવા કારણથી રિસાઈને ભરવરસાદમાં પલળતાં ય જોયાં છે પણ તેમના વ્યક્તિત્વ કે છબીની રેખા અળપાઈ નથી, ખંડિત થઈ નથી. જે અખિલાઈમાં જોવાનું તેમણે શીખવ્યું તે અખિલાઈમાં તેમને જોવાનો પ્રયત્ન કર્યો છે.

આજે ક્યારેક ઇચ્છા થઈ આવે છે ત્યારે ૧૯૮૦માં તેમણે રાજકોટમાં કરેલા વ્યાખ્યાનની કેસેટ સાંભળી તેમને સન્મુખ અનુભવું છું. આજ કેસેટ અતુલ રાવળે સુમન

શાહને પૃથ્વીના સામા છેડે સાઉથ કેરોલીના હાઇવે પર કારમાં સંભળાવી હતી. પારદર્શક ઝલમલતી ભીનાશ વચ્ચે મૌન રહી તેમણે તે સાંભળી હશે.

સુરેશભાઈએ જાણે અજાણે જ મારી ભાષાને, ચેતનાને મારી રસવૃત્તિને પોષી છે. કેટલાંય સર્જકોનો હસ્તમેળાપ મારી સાથે કરાવ્યો છે. નજીકની વ્યક્તિના મૃત્યુ સાથે આપણો પણ એક અંશ તેમની સાથે મરી જાય છે કારણ કે આપણું જ પ્રકટ થતું એક પાસું તેમના જવાથી સંકેલાઈ જાય છે. તે અર્થમાં મારો ય એક અંશ તેમની સાથે મરી ગયો છે. એક વિરલ વ્યક્તિના સમયમાં જીવવા ઉપરાંત તેમનો સ્નેહ-પ્રસાદ પામવો એ કાંઈ નાનુંસૂનું ભાગ્ય નથી. તેમના વ્યક્તિત્વની છાયામાં રહેવા મળેલું તેની કૃતજ્ઞતા ફરી રવીન્દ્રનાથનાં જ શદોમાં ‘કત અજાનેર જાનાઈલે તુમિ’ – કેટલાં અજાણ્યાંને તેં ઓળખાવ્યા. !’

# ૨૧ - આકાશ – અવકાશ – ચિદાકાશ

ફરી એકવાર ખુલ્લામાં રહેવાની તક મળી છે. બારી ખોલું છું ને બારી જાણે અવકાશમાં ખૂલે છે. બારીમાંથી દૂર સુદૂર સૌરાષ્ટ્રની ઓળખ સમી નાની નાની ટેકરીઓની ધાર દેખાય છે. દૂરની સોસાયટી અને મારી વચ્ચે છે અવકાશ. તેમાં છે કોઈ સોસાયટીએ ખરીદેલી જમીનની સીમા બાંધતી તૂટેલી ફેન્સિંગ, અહીં એક કાળે ખેતર હતું તેના પગલા જેવી લુખ્ખી થોરની વાડ, કાચો રસ્તો અને વચ્ચે અ-વ-કા-શ. દૂર એ કાચા રસ્તા પરથી કોઈ વાહન પસાર થાય છે. તેની ગતિ આટલા અંતરે થોડી ધીમી લાગે છે અને અવાજ તો અહીં સુધી આવતો જ નથી. કોઈ મૂંગી ફિલ્મ જોતો હોઉં તેવું લાગે છે.

આ અવકાશથી જ મારા આત્માનું લાલન પાલન થયું છે. ચાર વરસ પોરબંદર દરિયા કિનારે અને દસ વરસ રાજકોટ યુનિવર્સિટીની ચોતરફના ખુલ્લા અવકાશે મનને ભર્યું છે. ખુલ્લામાં આખા આકાશનો ચંદરવો તણાયેલો હોય તેની નીચે મારી રાતો વીતી છે. ક્ષિતિજને જોયા કરી છે – ક્ષિતિજને પામવા દોડ્યો નથી. ક્ષિતિજ અને મારી વચ્ચે જે અવકાશ છે તેના થકી જ ક્ષિતિજ મને વહાલી લાગી છે. નોકરી અર્થે અમદાવાદ રહેવા જવાનું થયેલું ત્યારે સહુથી પહેલાં જે ખોટ સાલી હતી તે આ અવકાશની. બેશક લુખ્ખાસુક્કા સૌરાષ્ટ્ર કરતાં ત્યાં વૃક્ષો વધારે હતાં, ચારેતરફ લીલું, લીલું હતું પણ પેલો અવકાશ ત્યાં ન હતો. આ જ કારણસર રમણીય પર્વતો પરના સુંદર હીલરીઝોર્ટ-ગિરિમથકો દાર્જીલીંગ, કોડાઈકેનાલ, સીમલા, ઊટી, પંચમઢી મેં જોયાં છે. ત્યાંનું અનુપમ સૌંદર્ય માણવા છતાં અંદરથી એવું લાગે કે મને કોઈએ આ પહાડોની વચ્ચે પૂરી દીધો છે. ખુલ્લી લીલી ખીણો; ઢોળાવ પરના ગાઢ વનો, ઉત્તુંગ શિખરો,

ઝરણાંના રૂપેરી રંગો વચ્ચે પણ મનને મૂંઝારા જેવું લાગે છે અને હું એ અવકાશને ઝાંખું છું. જેનાથી મારા આત્માનું લાલનપાલન થયું છે.

લાઓત્સેએ તો કહ્યું કે ઘરનું મહત્વ તેની ચાર દીવાલોમાં નથી પણ તેની વચ્ચેના અવકાશમાં છે. ઘડાનું મહત્વ તેની માટીમાં નથી પણ તેમાંના અવકાશમાં છે અને આમ દીવાલો થકી, ઘડા થકી આપણે અવકાશના મહત્વને પ્રમાણીએ છીએ. કેટલાંક સ્થાપત્યો જાણે વસ્તુમાંથી, વસ્તુથી નથી બન્યાં હોતાં, અવકાશથી બન્યાં હોય છે. કહો કે એ અવકાશ એ જ તેની વસ્તુ. આપણે આપણાં પંચતત્વોમાં આ અવકાશને માનભેર સ્થાન આપ્યું જ છે ને ! પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ અને અવકાશમાં. અવકાશનું નામ છેલ્લે એટલે બોલાતું હશે કે જેથી તત્વોની સૂક્ષ્મતાનો ક્રમ સૂચવી શકાય ? કે પછી આ સઘળાં તત્વોના આદિ રૂપે તેણે પાછળ મૂળમાં રાખ્યું હશે કે આ સઘળાં તત્વો અંતે જેમાં લય પામે છે તેના સૂચન રૂપે તેને છેલ્લે રાખ્યું હશે ?

આ યુગમાં કે જેમાં દરજીએ કપડું વેતરી લીધા પછી વધેલા આડા ત્રાંસા ટુકડા જેવું આકાશ આપણા ભાગે વધ્યું છે. તે યુગને નામ મોટું આપ્યું Space – Age. એપોલો, વોયેજર કે ગેલેલિયો યાન ભલે અવકાશની અનંતયાત્રાએ નીકળી નવા નવા તાગ મેળવ્યા કરે. અહીં તો આ પૃથ્વી પર આ અવકાશ જ ટૂંપાતો જાય છે.

સુંદરમની એક સરસ પંક્તિ યાદ આવે છે –

"ના, ના એ ઝાંઝવા સંઘુ, દૂર એ ભર્ગધામ છે
અહીં તો ધાતુને માટી કેરાં પૃથક્તાના મુકામ છે."

અવકાશ આપણે બહાર તો જોયો હતો પણ તેનું જ પ્રતિરૂપ આપણામાં ન હોય તે કેવી રીતે બને ? એ અનંત અવકાશને સમાવવા ચિત્તમાં આપણે આકાશની કલ્પના કરી. ચિદાકાશ ચિદંબર રૂપે. જાણે અવકાશ ને ચિદ્આકાશ એકબીજા સામે મોઢામોઢ ઊભા રહ્યાં.

અર્થથી સંપૃક્ત વાક્ – વાચા રૂપે વાગર્થ આ ભાષા આપણે રચી પણ અર્થને ચપોચપ ચસકી ન શકે તેવો ન રાખ્યો. ભાષામાંય જાણે આપણે મોકળાશ Space અવકાશ

રાખ્યો. આ અવકાશથી જ ભાષા પાંખી બનવાને બદલે વધુ લવચીક અર્થક્ષમ બની. અભિધા, લક્ષણા, વ્યંજના અને વૈખરી મધ્યમાં પશ્યંતિ અને પરાનો વ્યાપાર આ અવકાશથી જ શક્ય બન્યો. જે કવિ બે શબ્દો વચ્ચે બે પંક્તિ વચ્ચે આવો અવકાશ વધુ રચી આપે તે કૃતિ વારંવાર મને બોલાવે છે. ચિત્રકારોમાં વરમીરના ચિત્રમાં સુઘડ શાંત સ્વચ્છ ઘરમાં બારીના કાચમાંથી આવતા પ્રકાશમાં આલોકિત થતાં ખંડનો હૂંફાળો ધરેલુ અવકાશ મને ગમે છે. ખુલ્લા તડકામાં વૃક્ષો, ખડકો, દૂર પહાડો અને નહાતી સ્ત્રીઓના ઘનીભૂત આકારોની સાથે જ પૉલ સેઝાં તેનાં ચિત્રોમાં જે અવકાશ દોરે છે તે અવકાશ મને એટલો બધો ગમે છે કે હું ઘણીવાર થોડાં સમય માટે તેમાં રહેવા ચાલ્યો જાઉ છું. ઇટાલિયન ચિત્રકાર-શિલ્પી જ્યાં કોમેત્તી એક Table Space જે Cosmic Space ઊભી કરે છે જે અફાટ અવકાશ ઊભો કરે છે તે જોતાં હું બધાની વચ્ચે હોવા છતાં disturb થઈ જાઉં છું અને તેના લાંબા લાંબા પાતળા Fingure સાથે અવકાશમાં મૌન ડાફો ભરતો હું ય અનંતમાં દૂર દૂરનાં નક્ષત્રો તારાઓ નિહારિકાઓ વચ્ચે ચાલ્યા કરું છું. જ્યાં કોમેત્તીએ તેના ફીગરોને elongated લાંબા સળિયા જેવા દૂબળા બનાવી જે એંગલે તેમને પગલાં ભરાવ્યા છે અને તેમાંથી એક અફાટ અવકશ ઊભો કર્યો છે તેને મારી સો સો સલામ.

થોડા વરસો પહેલાં દક્ષિણભારતમાં ચિદંબરમનું મંદિર જોવા ગયા હતા. ત્યાંના ચાર ગોપુરમમાં ભરતનાટ્યશાસ્ત્રની ભરતનાટ્યમના વિવિધ કરણો કંડારેલા છે. તેની મજા તો હતી જ પણ તે મંદિર ઓળખાય છે, આપણા ભોળિયા શિવ મહાદેવ નટોના રાજ નટરાજ મંદિર તરીકે. આપણે એક લયાત્મક અંગભંગીમાં નર્તતી ગતિશીલ મૂર્તિ જે જોઈએ છીએ તે નટરાજની મૂળ મૂર્તિ આ ચિદંબરમ્ મંદિરની. ત્યાં જોવા ગયા ત્યારે તે મૂર્તિ અમે ગૂઢ-મંડપમાં જોઈ. સામાન્ય રીતે મુખ્ય દેવની મૂર્તિ ગર્ભમંડપ કે ગર્ભગૃહમાં હોય છે. અમે ત્યાં પૂછ્યું તો જે જાણવા મળ્યું તેનાથી આદરપૂર્વક અહાહા કહેવાઈ ગયું. ચિદંબરમના મંદિરમાં ગર્ભગૃહમાં સ્થાપના કરેલી છે આકાશલિંગમની ! આકાશ-અવકાશરૂપી લિંગની. બહાર જે નટરાજ છે તે આ જ આકાશલિંગમનો આવિર્ભાવ. મૂળ દેવ તો આકાશલિંગમ – Space –અવકાશ. ચિદંબરમ્ મંદિરના ગર્ભાગારમાં ખરેખર કશું જ નથી માત્ર અવકાશ જ છે. મને તો અવકાશરૂપી એબ્સ્ટ્રેકટ અને લિંગ

રૂપી કોન્ક્રીટ બે વાતને ભેગી કરી અવકાશલિંગમની વિભાવના આપી તેનો રોમાંચ હજુ સુધી ગયો નથી.

આપણા બ્રહ્મબિન્દુ ઉપનિષદે જીવાત્મા પરમાત્માની વાત આ અવકાશથી સમજાવી :

“घटसंभृतमाकाशं लीयमाने घटे यथा
घटो लयिते नाकाशं तज्जीवो घटोपमः !!”

“જ્યારે ઘડાનો નાશ થાય છે ત્યારે ઘડામાં રહેલું અવકાશ નાશ પામતું નથી પણ બહારના મહાકાશ સાથે ભળી જાય છે. તેમ આ શરીરનો નાશ થયે તેમાં રહેલો જીવાત્મા પરમ આત્મા સાથે ભળી જાય છે.”

આ બધું ડહાપણ ડહોળું છું ત્યાં સામે દૂર દેખાતી ટેકરીઓ વચ્ચેનો અવકાશ મને ઇજન આપે છે. રવીન્દ્રનાથનું એક નિરીક્ષણ યાદ આવે છે. પદ્માના તીરે કાશના ગુચ્છા, ધાનના ખેતરો, ભાંગતી ભાઠાની જમીન, વિસ્તીર્ણ પટ, ઉન્મુક્ત અબાધ આકાશની સંગે હોડીમાં યાત્રા કરતાં કરતાં રવીન્દ્રનાથે તેમની યુવાનીમાં જે અવકાશને જોયો છે, તે જ ઉત્તરવયે એક સમજ બની તેમના સાહિત્યમાં આવ્યો છે. ત્યારે ઉન્મુક્ત અવકાશને જોઈને રવીન્દ્રનાથે લખ્યું હતું :
“આ સંસારમાં ઘણા બધા પૅરેડૉક્સ છે. તેમાં આ પણ એક છે કે જ્યાં બૃહત દ્રશ્ય, અસીમ આકાશ, નિબીડ મેઘ, ગંભીર ભાવ એટલે કે જ્યાં અનંતનો અવિર્ભાવ છે ત્યાં તેને અનુકૂળ સંગી હોય તો માત્ર એકાકી માનવી – અનેક માનવીઓનું ટોળું તો ભારે ક્ષુદ્ર અને અતિ સામાન્ય હોય છે. અસીમતા અને એક માનવી, બન્ને એકબીજાની સમકક્ષ છે; પોતપોતાના સિંહાસને એકબીજાની મુખોમુખ બેસવાને યોગ્ય, પણ જો થોડાં વધારે માણસોને એકઠાં કર્યા હોય તો તેઓ એકબીજા સાથે ખેંચાખેંચી તર્ક-વિતર્ક કરી એકબીજાને ઉતારી પાડે છે; એક માનવી જયારે પોતાનાં સમસ્ત અંતરાત્માને વિસ્તૃત કરવા ઇચ્છે ત્યારે આટલો વિશાળ અવકાશ તેને માટે જરૂરી બને.”

ઇલેક્ટ્રોન પ્રોટોન વચ્ચે, પરમાણુમાં, ગ્રહો નક્ષત્રો વચ્ચે, બે સૂર વચ્ચે, બે શબ્દ વચ્ચે, બે માણસ વચ્ચે જે અવકાશ છે તે અવકાશને મારા પ્રણામ.

# ૨૨ - બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે

પંચમહાભૂતની તન્માત્રા ભૂતસંઘ વિશે વિચારતા જગતના રહસ્યમાં તળિયે ડૂબકી લગાવી સત્ય તથ્યના મોતી મેળવવા ઇચ્છતા ફરી ફરી આ જગતની સપાટી પર આવી બીજા જ જગતમાં ફરી ડૂબકી લગાવતા વૈજ્ઞાનિકો શું કામ મથ્યા કરતાં હશે ? જ્યાં સીધો રસ્તો હોય તે છોડી કેડી – "Road not taken" પર કેમ ચાલતા હશે ? કશીક શોધ, અજ્ઞાતમાં ઝંપલાવવાની ઇચ્છા કેમ થતી હશે ? ઊફરા ચાલી સમાજનો રોષ, ખોફ ખોફગી વહોરી લેવાનું બળ ક્યાંથી પ્રાપ્ત થતું હશે ? એ નકશા વગરના પ્રદેશોમાં જ પડતાં આખડતાં ભૂલા પડતા પહોચાવાનું તો શેને માટે ? ત્યાં સોનાના ચરુ જેવું નિશ્ચિત ધ્યેય ન પણ હોય. ત્યાં કદાચ કશું જ ન હોય. – આખી જિંદગી વૃથા શોધ પાછળ પાણીમાં પણ ગઈ હોય. છતાં આ રસ્તે કશું ન મળ્યું એ પરિણામ પણ એક ઉપલબ્ધિ હોય, તેનો તે વૈજ્ઞાનિકને આત્મસંતોષ હોય.

જગતનાં એક જ ભાગ રૂપે આવિર્ભૂત થઈ જગતથી જુદી ઓળખ મેળવી પોતાથી આ જગતને જુદું નિહાળતા બે અઢી કિલોના આ માનવમનને શું કહેવું ? 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એમ જ કહેવું પડે. બહુ વિચારતા ગૂંચવણમાં પડી જવાય તેવી છે, આ જગતની મનની અને મનોજગતની વાતો. જગત ધીમે ધીમે ઉકેલાતું જાય છે, વંચાતું જાય છે ને જાણે બીજી તરફથી એ અનંત પટ ઉખેળાતો જ જાય છે. કદાચ એ પરમની ઇચ્છા આ જગતને રહસ્યના આવેષ્ટનમાં જ રાખવાની હશે તેથી જ તો તે રહસ્યના ચિર પૂર્યે જ જાય છે. જગત કદાચ પૂરેપૂરું સમજાશે નહીં પણ સમજવાનો પ્રયત્ન જ માણસમાં કશુંક બળ પૂરે છે. વિખ્યાત ન્યુક્લિયર ફીઝિસિસ્ટ

સ્ટીવન વીનબર્ગ રહસ્યોને તાગવાના વરસોના પ્રયત્ન પછી ફલશ્રુતિ વિશે લખે છે : "The more the universe seems comprehensible the more it also seems pointless. But if there is no solace in the fruit of our research there is at least some consolation in the research itself....

The effort to understand the universe is one of the few things that lifts human life a little above the level of farce and gives it some of the grace of tragedy."

-Steven Weinberg

એક પ્રસહન બનતી જિંદગીમાં ઉદાત્ત ધીર નાયકને કરુણાંતિકા-ટ્રેજેડીમાં મળતી ગૌરવાંતિક હાર મળે તે શું ઓછી ઉપલબ્ધિ છે ?

કવાકર્સમાંથી ન્યુકલીઓન એટમ, મોલેકયુલ ક્રિસ્ટલ એમ આરંભાયેલી યાત્રામાં ચાલતાં ચાલતાં જીવનનો પ્રાદુર્ભાવ થયો. આ જીવન એટલે ? તેની કોઈ વ્યાખ્યા ? મરણના ઘણા પર્યાયવાસી શબ્દો મળે છે, અલગ અલગ અર્થચ્છાયાઓ ધરાવતા. જેવા કે પરલોક સિધાવ્યા, અક્ષરવાસી થયા. પાર્થિવ દેહ છોડ્યો, પંચમહાભૂતમાં ભળી ગયા, વૈકુંઠ સિધાવ્યા, પાછા થ્યા, સ્વર્ગવાસી થયા પણ જીવન વિશે શું કહી શકાતું નથી. તેને ન સમજાવી શકાય. તેને અનુભવી શકાય છે – વર્ણવી શકાતું નથી. કહેવું હોય તો તેટલું જ કહેવાય 'Life is life is life'. જોકે વૈજ્ઞાનિકોએ જીવનની એક Loose અપર્યાપ્ત પાંખી વ્યાખ્યા શોધી છે. તેઓ કહે છે, 'The ability to replicate and pass on organised information' પોતાની પ્રતિકૃતિ સ્વયં ઉત્પન્ન કરી શકે અને સુવ્યવસ્થિત માહિતી વારસામાં ઉતારી શકે તે જીવન.

બધે રૂપનિર્મિતિની ક્રિયા ચાલે છે. નિર્જીવ પદાર્થોમાં રહેલા gravitational અને electro magnatic ગુરુત્વાકર્ષણ અને વીજચુંબકીય બળો પણ આ ઓર્ગેનાઈઝેશનને અકબંધ રાખવા માટેનાં જ છે. વાયવી ગોળામાંથી જેટલાં ઘનીભૂત

તત્વો બન્યાં, તેના કરતાં વધારે ઝડપથી તેમાંથી પ્રથમ જીવ ઉત્પન્ન થયો. આ પ્રથમ જીવમાંથી આદિમાનવ અને આધુનિકમાનવ વિકસિત થયો. દરેક તબ્બકે વિકાસની ગતિ વધી જ છે.

ઉત્ક્રાંતિ Evolution શબ્દનો, તેના લેટીન મૂળમાં, અર્થ ઉદ્દઘાટિત થવું તેવો થાય છે પણ એવું કશું અગાઉથી નિર્ધારિત થયેલું રૂપ ઉદ્દઘાટિત થતું નથી. ઉત્ક્રાંતિનો રસ્તો તો અનેક ભૂલો નિષ્ફળતાઓનો માર્ગ છે અને તેમાં Trial and errorના ધોરણે જ કામ ચાલ્યું છે. એક અર્થમાં સાર્ત્ર અસ્તિત્વના સંદર્ભમાં 'Existence Preceeds essence – અસ્તિત્વ તત્વનું પુરોગામી છે.' તે મતને ઉત્ક્રાંતિવાદ શિદ્ધ કરતો હોય તેવંc લાગે. જીવાતા જીવાતા, પડતા, આખડતા, ભૂલો કરતાં, ફંટાતા, વળાંક વળતા, નિષ્ફળતાને વળતા
વળતાં જીવન પોતા પાસે જ વ્યક્ત થતાં થતાં પોતાનો બૃહદ અર્થ શોધ્યા કરે છે.

Sexualr Production – લિંગ પ્રજનને જીવનને ઉત્ક્રાંતિની પ્રક્રિયાને ગતિ આપી છે તો કોષના જમીન-જીનમાં અચાનક થતાં ફેરફાર Mutation રહી જીવન ઓચિંતું જ અનેક દુર્ગમ ખીણો, ઉત્તુંગ પર્વતો, સર્પસીડીની સીડીની જેમ ફલાંગીને ચડી ગયું છે. નેતિ નેતિ વર્ણવ્યવસ્થા કે કાર્ય વિભાજન સ્થાપે તે પહેલાં દરેક Organism સજીવે તેના કોષોમાં આ કાર્ય વિભાજન અને વિશેષજ્ઞતા તજજ્ઞતા કેળવી. કિડનીના કોષ, મગજના કોષ,લીવરના કોષ ,સ્નાયુ બધાં જાણે Specialist. દેહના સંસ્થામાં independence નો બળવો નહીં પણ independence – આંતર નિર્ભર સહઅસ્તિત્વની ભાવના. આ કાયા, એક કીડીની પણ નાનકડી કાયા એટલે કોષોની સુચારુ સમાજવયવસ્થા. દરેક જુદા છતાં બૃહદના એકમો ઘટકો. દરેક અંશ, દરેક કોષ એ બૃહદ્રી સમગ્રની સંભાવના-ક્ષમતા. એક લીવરના કોશમાં આખા દેહની રચનાની ક્ષમતા સંગ્રહિત સુરક્ષિત પડી છે.

જીવન તેની દુર્દમ્ય તાકાતથી માત્ર ઝૂઝતું જ નથી પણ આગળ વધતું જાય છે. અને સાચા અર્થમાં ગૌરીશિખરને સર કરતું જાય છે. સમુદ્રના સમઘાત એકરસ Homogenous વાતાવરણમાં જન્મ પામી વધુ વિષમ ભૂમિ પર અને ભૂમિમાંય દુર્ગમ ભાગો, રણ કે ધ્રુવ પ્રદેશ, સુધી જીવન તેની વિજયયાત્રા ચાલુ રાખે છે. માત્ર ૩૦ ટકા જેટલી ભૂમિ

પર ૮૦ ટકા જીવોની જાતિઓ વસે છે. સહરા કલહરી કે ગોબીના રણથી માંડી દક્ષીણ ધ્રુવ સુધી તે વિલસી રહ્યું છે. એક વૈજ્ઞાનિક કહે છે જીવન એ ઓછા પ્રતિકારનો માર્ગ નથી અનુસરતું. તેને તો સંઘર્ષ ખપે. પ્રતિકાર લલકાર પડકાર આહવાનથી જ તેને પાનો ચડે અને રક્તતિલક કરી કેસરિયા કરે. “Life does not follow the path of least resisnce There is something Within life, within nonliving matter too, that is not passive – a nisus – a striving that is stimulated by challenge. Steadily throughout the geological time, life has moved out from easy to difficult environments.”

સમગ્ર રીતે જીવન એ મૃત્યુ કરતાં મહાન છે. કારણ કે પોલ વાલેરી કહે છે તેમ “Life is older than death” – જીવન ભલે ને થોડું તો થોડું પણ મૃત્યુ કરતાં મોટું છે. મહત્ત છે. પૃથ્વી પર ભલે ને જીવનનો ક્ષણિક પ્રાદુર્ભાવ થયો હોય.’ મૃત્યુ તો તેના પછી જ આવ્યું છે. આપણા અંગત જીવનના સંદર્ભમાં કહી શકાશે કે આ બૃહદ સમષ્ટિમાં આપણું ભળવું પોતે જ આપણા ક્ષણિક અસ્તિત્વને અતિક્રમે છે – બિન્દુ સાગરમાંથી જન્મી સાગરમાં ભળી સાગર થઈ જાય તેમ. બૃહદ સમગ્રના સાગરમાંથી બિન્દુની ડોક તાણી સાગરને જોતો આપણો આ જન્મ એ વિશાળતાને અનંતતાને શાશ્વતીને નિહાળવા થયો છે તેવું લાગે છે.

# ૨૩ - મનમાં હીંગોળગઢનું વન

અચાનક જ પાકેલા ઘાસની ભેજ હૂંફ ભરી ગંધ લઈ હવાની એક લહેરખી આવી ગઈ. એ તો લહેરખી આવે ને જાય. જોકે આ લહેરખી, રોકાઈ, નાકના ફોયણામાંથી સીધી મગજ સુધી ગઈ અને ચિત્તમાં અચાનક સંસ્કારો જગાડ્યા. આમ તો આ વિદાય લેતા માર્ચના પ્રખર વસંતના દિવસો, પણ તે પાકેલી ભેજભરી ગંધથી સૃષ્ટિ જાણે શરદકાળની બની ગઈ; અને એક જ ક્ષણમાં ટાઈમમશીનમાં બેસી પાછળ જઈ અઢાર વરસ પહેલાં હીંગોળગઢના ઝાંખ પાંખા ઝાંખર ઝાડી જંગલમાં પહોંચી ગયો. વર્તમાનના ખોળિયામાંથી એક મૂંગી કસક નીકળી ગઈ.

રાજકોટની આસપાસ રજાઓમાં કે રવિવારે બર્ડવોચિંગની બારાખડી શીખતો હું અચાનક વર્લ્ડ વાઇલ્ડ લાઈફ ફંડના એક પક્ષી નિરીક્ષણ શિબિરમાં શીખાઉ બર્ડવૉચર તરીકે પંદર દિવસ હીંગોળગઢના એ જંગલમાં, હીંગોળગઢના મહેલમાં પહોંચી ગયો. રાજકોટથી બરવાળા જતી વખતે બસ ત્યાંથી પસાર થતી ત્યારે અનેકવાર નાનકડા ડુંગર પર તેની સાથે ભળી ગયેલા ભૂખરા રહસ્યમય મહેલમાં રહેવાનું મન થયા કરતું – તે ઇચ્છા આમ અચાનક આવી સરસ રીતે પૂરી થઈ. દિવસો તો એ રંગીન હતાં જ પણ તેની સ્મૃતિઓ પણ કેટલી રંગીન અને ઇન્દ્રિયસંતર્પક.

પ્રકૃતિપ્રેમને નામ વનવિહાર કરવા આવતી સ્કૂલોની રંગબેરંગી ટોળીઓ જંગલમાં ઊતરી આવતી. બધાંને પહેલાં વનની આચારસંહિતા પ્રેમથી સમજાવે લવકુમાર ખાચર. ‘એક ડાળી ડાળખુંય તોડવાનું નહીં, પંખીઓને ઉડાવવા નહીં, મોટે મોટેથી શોરબકોર કરી બોલવું નહીં અને આપણી સભ્યતાના ઓઘરાળા જેવા બિસ્કીટ ચોકલેટના રેપર,

ભેલપૂરીના કાગળિયા કે ઠુંઠા શીશા છોડી જવા નહીં. જે પક્ષી-પ્રાણીઓના ઘરમાં આવ્યા છીએ તેમના સારા અતિથિ બની રહેવું.' ઉત્સાહી થનગનતા કિશોર કિશોરી યુવાનો આ સંહિતા એટલા જ પ્રેમથી પાળતાં. દિવસ આખો સવારથી સાંજ સુધી શરદના કાચ જેવા ચોખ્ખાં તડકામાં છોકરાઓની ટોળી જંગલ ઝાડીમાં અમારી સાથે ફર્યા કરતી. ટેકરી પર ચડતાં વચ્ચે નિર્જન શિવાલયની નાનકડી ઘંટડી રણકાવતા. તળેટી પર વસેલા ખોબા જેવડા ગામના જૂના રહેવાસી પાસેથી કે પગી ચોકીદાર પાસેથી મહેલની, રજવાડાની, ચિત્તના શિકારની, અંગ્રેજોની, થનગનતી હણહણતી હારબંધ ઘોડારમાંથી વછૂટતા પાણીદાર ઘોડાઓની મહેલોની અસબાબની, રસાલાની વાતો સાંભળતા.

મહેલની બારીએ ઠંડી થપકીઓ દેતી પવનની લહેરખીઓથી અનેક પક્ષીઓના ઉત્ફુલ્લ આનંદભર્યા ચહચહાટ કલબલાટ કિલકાર ટહુકારોથી સવાર પડતી. પવન ગોરડ બાવળ અને હરમાના નાનાં નાનાં ફૂલોની આછી ગંધથી ભારક્રાંત થતો. એ ગંધારૂઢ પવનની આંગળીએ એ વનમાં ફરતાં. ગંધ થકી એ વન, છાતીને તરબતર ભરી દેતું. નીચે ઘાસની પીળી જાજમ. તેના પર ગોરડ બાવળ હરમાના આછા ગાઢા લીલા પોપટી બુટ્ટાઓ અને ઉપર શરદનું નીલઆકાશ. હવામાં ચંડોળ, બન્ટીંગ, કસ્તૂરો ખેરખટ્ટોની અલગ અલગ સ્વર સૂરવલિઓ. તેમાં અચાનક જ જંગલને ભરી દેતો. સામેની ટેકરી પરથી પાછો પડઘાતો કૂકડિયા કુંભારનો ગંભીર ધ્વનિ સંભળાતો. ઉપરથી તરતી સરતી કુંજડીઓની કૈંકાર કરતી પંક્તિ ડુંગરની ધારની પેલેવાર ખોવાઈ જતી. ટેલિફોનના તાર પર બેઠેલું ભૂખરું ભૂરું ચાસ અચાનક જ ઊડી અવકાશમાં નીલા અને વાદળીરંગના ફુવારાઓ છોડી જતું. લસરકો દોરી જતું. નાનકડાં હૃદયમાં અકથ્ય ઉત્સાહ લઈ આમથી તેમ પતંગિયાની જેમ ઊડતા પોપટી પતરંગા હવામાં અવનવા કંપોજિશન્સ નવી ડીઝાઈન રચતાં. કાળિયોકોશી હવામાં આમતેમ હેરતભરી ઉડાનો લેતો. પાણીની નીલ સપાટી પર હેલિકોપ્ટરની જેમ ઝબૂંળતો કલકલિયો એક ક્ષણમાં જ પાંખ અને પગ સંકેલી લઈ પૂરી ગતિથી જળમાં ઝંપલાવી કેસરી લાંબી ચાંચમાં રૂપેરી માછલી લઈ ઝાડની ડાળ પર જઈ બેસતો.

ચેકડેમથી ભરાયેલું નાનકડું એક તળાવડું છે. રાજેન્દ્ર શાહ કહે છે તેવું 'નિજમાં નિમગ્ન

પરિતૃપ્ત પ્રજ્ઞ' નહીં, આ તો પક્ષીઓનો જળખોળો છે. દૂર ડેમ પાસે બતકોનું એક ટોળું ઘેંક ઘેંક ઢેંક જેવા બોદા અવાજો કરતું ઝલમલતી સપાટી પર તરી રહ્યું છે. એકાદ બતકને કોણ જાણે શું યે સૂઝ્યું કે સરોવર સપાટી સરસી ઊડી, ઊડતા ઊડતા જળની બિન્દુરેખા દોરતી ગઈ. નાની ચળકતી શોવલર બતકો વચ્ચે બેચાર મોટી કેસરી રંગની ઠાવકી બ્રાહ્મણી બતકો બાયનોક્યુલરના ફિલ્ટમાં પકડાઈ. એ... એ ડબક ડૂબકી લગાવી જળમાં ગરક અદ્રશ્ય થઈ જનારી ડૂબચેક ડૂબકી બતક ક્યાં ગઈ ? એ એ એ તો છેક ત્યાં નીકળી. વચ્ચે ઝાંખર જળવેલા પર લાંબા પગે જસાના ચાલે છે. ત્યાં વેલાઓ વચ્ચે જ તેનો ક્યાંક માળો હશે. જળમાં ક્રીડા કરવા પાણી પીવા ચૂગવા આવતા યાયાવર પક્ષીઓને પગમાં રિંગ પહેરાવવા તેના આગમનની સંભવતિ દિશામાં પાતળી નોટ બાંધી છે. એક – બે પક્ષીઓ તેમાં પકડાય સપડાયા છે. દિશામાં ફફડતા જાળમાં ફસાતા ગભરાયેલાં પક્ષીઓને પકડવા માથે કૅપ પહેરેલો ઊંચો રફ-ટફ હૅન્ડસમ રેક્ષ આગળ દોડતો આવેછે. રેક્ષ ખાસ આ કેમ્પ માટે બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી તરફથી બોમ્બેથી આવ્યો છે. અમને મહેલના મોટા ઓરડાઓમાં ડેમોન્સ્ટ્રેશન માટે લવાયેલા પેટીમાં પૂરાયેલા સાપો વચ્ચે ડોર્મેટરીમાં ઉતારવામાં આવ્યા છે જયારે તે મહેલની પશ્ચિમ તરફ એક સ્વતંત્ર રૂમમાં રહે છે. છોકરાઓને સાપના ડેમોન્સ્ટ્રેશન વખતે સાપ હાથમાં વીંટી નજીકથી દેખાડે છે. કેટલીક છોકરીઓ ચળકતા સાપની સુંવાળી ત્વચાને અડવા હાથ લંબાવે છે ને લજ્જાથી લાડથી હાથ પાછો લઈ લે છે. રેક્ષના આખા હાથે સાપે ભરડો લીધો છે. નાનાં છોકરાઓ-છોકરીઓ અહોભાવથી અને પ્રણયની ગુપ્ત ઇચ્છાથી તેને જોઈ રહે છે. સ્ટાઈલથી સિગારેટ હાથમાં લઈ પાતળાઘેર હોઠો વચ્ચે દબાવી કસ લે છે. બમ્બઈયા હિન્દી અને અંગ્રેજીમાં આખો દિવસ બોલબોલ કર્યા કરે છે. રાત્રે તેની સ્પેશિયલ રૂમના ટબમાં નહાય છે, વેસ્ટર્ન મ્યુઝિક સાંભળે છે. હીંગોળગઢના એ જંગલમાં તો તે અમારો રેક્ષ હેરીસન હતો. કાઉબૉયના સ્વાંગમાં, અમારો રફટફ હીરો.

બપોરનો તડકો, જમ્યા પછીની ઊંઘ, ઊંઘમાં હરફર કરી અવરજવર કરતાં અવાજો, પવનથી ખખડતી બારીઓ, મહેલની બારી ઝરૂખા ઓરડાના પડછાયા અને બપોરની શાંતિમાં મૌન જંગલ પર પથરાયેલ તડકો. નમતા પહોરે હું બહાર નીકળું છું. જંગલમાં આમતેમ ફરી સાંજ પડી છે. કેસરી સૂર્ય ઓલી ટેકરીઓની ધાર પાછળ ડૂબે છે. જંગલ આખું પંખીઓના મધપૂડા જેવું ગુંજે છે. ધીમે ધીમે એ ક્લાંત અવાજો શાંત

થાય છે. પીંછાની જેમ ફરકી જતા દશરથિયાની સુંવાળી પાંખોનો અવાજ લસરકો કરી પસાર થઈ જાય છે. માયાવી અંધકારમાં કશું કળાતું નથી. એ રહસ્યમયતામાં બે-ચાર દશરથિયા અતૃપ્ત આત્મા જેવા ચક ચક ચરર્ અવાજ કરતાં રઝળતાં ફરે છે, ભયાનકતાનો પુટ ચડાવે છે. ડુંગર પરના મહેલમાં રાત્રે તારા નક્ષત્રો જડિત આકાશ જોતાં જોતાં નજર જાય છે મોટા ગોળ કેસરી ચન્દ્ર પર. મોડી રાતે શરદ ચાંદનીની ઠંડક પવનમાં ભળે છે. મહેલની બારીમાંથી દેખાય છે. પથરાયેલું વન, પથરાયેલી ચાંદની અને પથરાયેલું મારું મન. બપૈયાનો આર્ત સ્વર પિ...પિયુ પિ...પિયુ સંભળાય છે. બપૈયો ફરી મૌન થાય છે. તેના મૌનમાં વનની મારા મનની સ્તબ્ધતા સંભળાય છે. ફરી બપૈયો તેના આર્જવભર્યા ટહુકાઓ રેલાવે છે, હૃદયમાં અકથ્ય વેદના થયા છે. એ આર્જવભર્યા સ્વરમાં કોઈ માગણી નથી. આ દુનિયાના દુ:ખ નથી. અસહાયતા નથી. છે માત્ર વિહવળતા અને પૂર્વજન્મોની કોઈ અસ્ફુટ કરુણ સ્મૃતિ. આ લોહીમાં ઠરેલો, અસ્થિના પોલાણમાં બેસેલો અનુભવ છે.

# ૨૪ - દેહોપનિષદ

અરીસાઓ હવે પહેલાં જેવા નથી રહ્યાં. ઑફિસે જવાની ઉતાવળમાં ઝટપટ પાંથી પાડવા જરીક અરીસા પાસે અલપઝલપ મને જોઈ લઉં છું. ચાલીસ વરસે વળી સ્નોવ્હાઈટની અપરમાના જેમ અરીસાને સવાલો પુછાતા હશે ? આ આંખો પાસે નીચે થોડી કાળાશ આવી ગઈ છે. ખબર પણ ન પડે તેમ માથામાંથી વાળ ખરવા લાગ્યા છે. આંખમાં એક ઠંડી ધૂર્તતા ડોકાય છે. મૂછનો દોરો કહેવાતો ત્યાં ધોળાવાળનાં ઝાળાં બાઝ્યાં છે. પહેલાં એક-બે ખેંચી કાઢતો તે ધોળવાળ લમણામાંથી ફૂટી અંદર પ્રસર્યા છે. ગાલ ઢીલા થઈ થોડા લચવા લાગ્યાછે. ! ઘડીભર દાઢી કરતાં કરતાં હાથનું રેઝર હાથમાં જ રહી જાયછે. હું અડધી દાઢીએ કબાટ ખોલી લગ્નવખતે અને કોલેજના Identity Cardના ફોટાઓ કાઢું છું ભોંઠો પડી મૂકી દઉં છું.

બધું બદલાય ગયું છે નહીં ? અરીસો અવાક્ છે. શરીરે ચડીને કોઈએ આ ધીંગાણું આદર્યુ છે. પાંચે ઇન્દ્રિયોના બારણેથી જગત જોયું છે, સુંઘ્ય છે, સ્પર્શ્યુ છે, સાંભળ્યું છે, સ્વાદયું છે. દેહના દરબારમાં ગંધારૂઢ પવનો, કરકરી દિવાલના સ્પર્શો, નારંગી ઉત્ફૂલ્લ પ્રભાતો, હણહણતી હેષાઓ, રસિકપ્રિયાના પરિરંભો, ગમક, મીંડ, તાનો, આંબલીના સ્વાદે અંબાઈ ગયેલા દાંતો, જ્ઞાન અજ્ઞાનના અધખુલ્લાં દ્વારો, પુણ્ય-પાતક ના હિસાબો, કેટકેટલું પડ્યું છે. આ દેહથી જ વિદેહી થયો છું. પવનથીય પાતળું મન આ દેહદુર્ગમાં આરામથી રહ્યું છે. 'પહુપ બાસ સે પાતશ' આત્માને દેહ રહેવા માટે આશરો આપ્યો છે. માત્ર આશરો જ નથી આપ્યો, પંચેઇન્દ્રિયની આંગળિએ જગતમાં ફેરવ્યો છે. જગતના

આ Hardwareને Softwareમાં પરિણત કર્યો છે. લિપિને ઉકેલી છે. 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'માં બ્રહ્મ પાસે લટકાં કરવાં બ્રહ્મ તો જોઈશે ને ?

વચ્ચે એકવાર કવિ રાજેન્દ્ર શુક્લ સંસ્કૃતના કોઈ સેમિનારમાંથી સીધાં જ આકાશવાણીમાં આવ્યા'તા. એ સેમિનારમાં પર્યાયવાચી જેવા લગતા શબ્દો પંડ, દેહ, શરીર, કયા દરેક કેવાં અને સાર્થક છે અને દરેક શબ્દ પાછળ કયું લક્ષણ કયો ભાવ છે તેની વાત કરી. સિતાંશુ યશશ્ચન્દ્ર તો વળી કહે છે કે આ શરીર કે જેને વડે હું મરી શકીશ. મરવું કેટલું દોહ્યલું છે તે અશ્વત્થામાને પૂછો. ઉપનિષદકારે દેહ દેવાલયમાં સંપૃક્ત જીવ એ જ શિવની વાત કરી. જેણે મીરાંબાઈએ ઉપાડી – 'જૂનું તો થયું રે દેવળ, મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું'. દેહની હવેલીની જાહોજલાલી હતી. રંગરોગાન ગોખગવાક્ષ હાંડી ઝુમ્મર સાંજીદા સંગતનો દબદબાભર્યો અસબાબ હતો. ઇન્દ્રિયોની પણછ તંગ હતી. તેજીલા તોખાર જેવું હતું આ શરીર. હવે જર જાગીર જમીનદારી વગરના જમીનદાર જેવું પડ્યું છે. હાથ-પગ હુક્કાપાણી ભરતાં, પડ્યો બોલ ઝીલાતો અને હવે હું કહું છું ને હું જ સાંભળું છે. આત્મા સાથે સંવાદ નથી સાધવો. એ ક્યાં મારો છે ? એ ક્યાં મારી ઓળખને ચિહનિત કરનારો છે. એ તો પરમાત્માનો અંશ ઘટાકાશ વિલીન થતા મહાકાશમાં ભળી જનારો. મને તો વ્હાલા આ ઠીબ ઠીકરાં જેણે મને રૂપાયિત કર્યો, પાત્રનો આકાર આપી જીવનને પાત્ર બનાવ્યો. એ આકારથી મેં આકારનો સાહ્યા, નિરાકારને નિરંજનને આરાધ્યા. આ શરીર કે જે પૂર્વજોએ આપ્યું. મેં કશુંક અદકું કર્યુ અને પૂર્વજ બનવાના પંથે ચડ્યો. અંગ દેશના રાજવી પાસે ભલેને અંગ ઇન્દ્રિયો હવે નજર ચોરાવે છણકા વડચકા ભરે, એક વખતે એણે જે કામ આપ્યું છે તેની કૃતજ્ઞતાથી હૃદય ભરાઈ ગયું છે.

મન સાથે, હૃદય સાથે, આત્મા સાથે ગોઠડી માંડી ઉપનિષદો ગઝલો તત્વજ્ઞાનનાં ટૂંપણાંઓ રચ્યા છે. દેહે આ બધું નિર્વ્યાજ ભાવે કર્યુ છે. અને દેહ સાથે કોઈ સંવાદ નહીં ? દેહાધ્યાસ છૂટતો જાય છે ત્યારે જ દેહનું મહત્વ સમજાવા લાગે છે. ભોમિયો વિના જે દેહ સાથે ડુંગરાઓ ભમ્યા'તા તેના માટે તો આ બધું –

'अंगना तो परबत मया डयोढ़ी भई वदिंश ! થઈ જાય છે. ક્યારેક આ શરીરને

'इदम् शरीरम् शत सधं जिर्जरंम् के अंगम् गलतिम् पालतिम् मड्डम्' તરીકે ઉતારી પાડ્યું છે. તો દેહના આધારે જ દેહને તિરોહિત કરતી કામકલા-કામ-વિજ્ઞાનમાં દેહનો સાધન અને સાધ્ય તરીકે મહિમા ગાયો છે. મન ને શરીર આપણે પૃથક્ પૃથક્ માનીએ છીએ પણ ક્યાં છે ખરું ? આ બધું એટલે ઉભરાઈ ગયું છે ? કે આજે મેં બ. ક. ઠા.ની 'જર્જરિત દેહને' કવિતા વાંચી. ભગતસાહેબ કહે છે કે વૃદ્ધાવસ્થાને વાચા આપતું આ સૉનેટ વિરલ છે. તેમાં પાકટતા સહૃદયતા અને સમજણ ડહાપણ છે. કવિએ પોતાના જર્જરત દેહને સખા કહી ગોઠડી માંડી છે. જૈફ કવિની જૈફ દેહ સાથે દશકાઓ જૂની દોસ્તી છે. કવિ તેના પ્રિય સખા દેહને શું કહે છે તે તો તે બંનેને જાણ ન થાય તેમ દબાતા પગે પાછળ ઊભા રહી એ જનાન્તિક સંવાદ સાંભળવા જેવો છે. લો હવે તો હું પણ વચ્ચેથી ખસી જઉં –

જર્જરિત દેહને

સખા કહું ? તુરંગમ? તું છેક હારી ગયો ?
ત્રુટુ ત્રુટુ થઈ રહ્યો વિકલ સંધિ ને સ્નાયુમાં ?
ન સ્થૈર્ય, નવ હોશ લેશ,, શ્વાસને ન વા વર્ત્તને
ખમાય લગિરે અનિમ, અહ શી દશા તાહરી !
તથાપિ સફરે પ્રલંબ મુજ સાથિ સંગી અરે,
હજીય મુજને જવું છ ડગ સ્વલ્પ, તું ચાલ જો :
હજી છ મુજને કંઈક અધૂરું પૂરું.
ઉકેલિ લઉં તે – પછી ઉભય તું અને હું છુટા
વિરામનમધુ પ્રાશવા, અક્રિયતોદધી સ્વ્લાવા,
જૂની સ્મૃતિ તણાં અનંત પતળાં રુચિર વાદળાં
તરંત ઉભરૈ રહંત રહિ હૈ જ વાગોળવા !
સબૂર જરિ, ના ચહું કશુંય જે ત્હને શક્ય ના,
કદી ન તગડીશ લે વચન ! સાથિ સંગી અહો,
જરા ઉચાળ ડોક; દૂર નથિ જો વિસામો હવે.

બ. ક. ઠા.

બ. ક. ઠા.નું ચિત્ર જોયું છે. ભારે કાયા, પૂળા જેવી મૂછોથી ભરાવદાર ચહેરો, ગોળ ચશ્મા પાછળ ક્યારેક શારતી, ક્યારેક ઠારતી આંખો. એક વિદ્દ્વત્ ઉગ્ર શાલીન ચહેરો. એમના ફોટા તરફ ઝાઝીવાર ન જોવાય. બીક લાગે. લાગે કે હમણાં જ ત્રાડી ઉઠશે અને મારા હાથ અડધીમાંથી પડધી લખેલી કવિતાનો કાગળ એક ઝાટકે લઈ લીરે લીરા ફાડી નાખશે ને પછી કહેશે આને કહેવાય કવિતા ? આ એ જ બ. ક. ઠા. તેમના દેહ સાથે આટલા પ્રેમથી પંપાળી ફોસલાવીને નજાકતથી વાત કરે છે ? વિવેકાનંદે વિશ્વધર્મસંમેલનમાં ‘ભાઈઓ અને બહેનો’નાં સંબોધનથી બધાંને જીતી લીધાં તેમ આપણે પણ સખા કહી દેહને પ્રેમવીંજણો ઢોળી પોતાનો કરી લીધો છે. અહા, અરે, જો, લે જેવા પ્રયોગથી તો લથડપથડ ઢળતા દેહને થાબડી તેને પોરસ્યો છે. દેહ પર આરૂઢ થઈ દેહી એક દિવસ ઘટમાં ઘોડા ખેલાવવા નીકળ્યો હતો. આજે એ આરૂઢ થવાનો ભાવ નથી. વિનંતી છે દેહને. દેહે જે સાથ આપ્યો છે તેની કૃતજ્ઞતા છે. હવે કંઈ ઝાઝી ઝંખના નથી. જો દેહનો અનુગ્રહ, સાથ હોય તો થોડું ચાલવું છે. એવું કશું હવે કરવું નથી જે દેહને દુષ્કર હોય. હવે પીઠ પર ચાબુક વીંઝી તેને તગેડવો નથી. વિરામ-મધુના પ્રાશન પહેલાં આદર્યા અધૂરાં છે તે પૂરા કરવા છે. દેહ દેહી બંનેને વિસામો તો જોઈશે જ. દેહને પસવારી પોરસી દેખાડે છે કે જો વિસામો તો આ રહ્યો સામે જ. અધવચ્ચે કરાર પૂરો કર્યા સિવાય છુટા પડી જવું તો ઠીક નહીં. થોડું કામ ઊકલે ગુંચવાયેલી આ જાત ઊકલે પછી તું છુટ્ટો. આ કવિતા વાંચતા રોબર્ટ ફ્રોસ્ટની “Woods are lovely dark and deep” પંક્તિઓ કેમ યાદ આવી ? તેમાં તો કવિએ ઘોડાની લગામ ખેંચી એડી મારી આગળ પ્રયાણ કર્યું હશે. અહીં તો દેહને થાબડી પંપાળી પૂછીને આગળ થોડો સાથ દેવાની પ્રેમ ભરી વિનંતી છે. આ સાંભળીને યમદેવ પણ ‘પછી આવીશ’ કહી પાછા ગયા હશે ને ?

# ૨૫ - જ્યાં નર્તક અને નૃત્ય એક છે

અત્યાર સુધી ગુજરાતના નામે સૌરાષ્ટ્ર, મધ્યગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતનો જ પરિચય થયો હતો. તે પરિચય પણ પાછો નાગરી. સૌરાષ્ટ્ર સિવાયના કોઈ બીજા ગ્રામ જનપદનો તો આછેરો જ પરિચય. આ થોડા મહિનાઓમાં જ ગુજરાતના દૂર છેવાડા બે વિશિષ્ટ પ્રદેશો જોવાના થયા કચ્છ અને ડાંગ. એક સુક્કો ભઠ્ઠ, કોરો ધાકોર પણ ભાતીગળપ્રજા, શૂરા સતી સંતોની કથા અને કચ્છી કસીદા કસબથી ભરેલો-ભરેલો. તો બીજો ડાંગ તે ઊભા ફાટ્યા વાંસઝૂંડ, ઊંચા સાગ, વનનાં આનેક વૃક્ષો; પટદાર વાઘ, દીપડા, હરણ, ભોળી આદિવાસી પ્રજા અને વનાચ્છાદિત પર્વતો ખીણોથી ભરેલો. આ બંને પ્રદેશોના પરિચય વગર ગુજરાતનો પરિચય અધૂરો રહેત.

વાંસદાથી વઘઈ રસ્તે આહવા આવ્યા તે યાત્રા જ જાણે યાત્રાનું ફળ. સૌરાષ્ટ્રમાં કે બનાસકાંઠામાં બોડી ટેકરીઓ, બોડા ડુંગરો જોઈ મનમાં કાંઈનું કાંઈ થઈ જતું. અહીં ભાગ્યે જ કોઈ ડુંગર બોડો મળે. વાંસ, સાગ, સાદડ, હરડે, બહેડાં, ખાખરા, ખેર, મહુડા અને મોટાં ખોસેલાં પીંછા જેવા ઠેર ઠેર લીલા વાંસનાં ઝૂંડ. ખાપરી નદીનાં સુક્કાં ખડકાળ પટ પર ક્યાંક ક્યાંક ધૂનામાં સ્વચ્છ નીલ જળ, એ નીલ જળઆરસીમાં વળી વળીને પોતાનું મોં જોતા બે કાંઠે ઝળૂંબેલાં વૃક્ષો. ક્યાંક છીછરા પટમાં કછડોવાળી ગોઠણભેર પાણીમાં સાડીના ચાર છેડા પાણીમાં રાખી માછલાં ઝડપાયે સાડીની ખોઈ તારવતી આદિવાસી સ્ત્રીઓ, વળાંકદાર રસ્તો, આમતેમ બધે બધે ફેલાયેલું વિસ્તરેલું વન; નાની નાની રાતી કાળી ડાંગી ગાયો, પીઠ અને શીંગડા બહાર રાખી પાણીમાં મસ્તીથી અડેલી

ભેંસો, લીંપાયેલા આંગણા, વાંસની જાડી સાદડી પર લીંપણ કરી ઊભી કરેલી દીવાલો, આ બધું મન ભરી પામતાં પામતાં આહવા.

અહીં આવ્યા પહેલાં જ અહીંનો મુખ્ય ઉત્સવ હોળી અને ડાંગદરબાર તો ચાલ્યા ગયા હતા તેનો અફસોસ મનમાં હતો ત્યાં જ આહવા આવ્યા તે જ દિવસે રાત્રે જમ્યા પછી નાનકડી બજારમાં લટાર મારવા નીકળ્યાં ને દૂરથી આછો આછો તરતો આવતો શરણાઈ જેવા વાદ્યનો ધ્વનિ સંભળાયો. એ ધ્વનિ એટલે આમંત્રણ કે ઇજન જ. પગ વિવશ બની તે તરફ ચાલવા લાગ્યા. અંધારિયા રસ્તે બેટરીના ઝાંખા કુંડાળાની સહાયથી તે સ્વરો તરફ ચાલતાં ગયાં. અહીંના આંબાપાડા વિસ્તારમાં પહોંચ્યા તો જોયું તો એક આદિવાસી નર્તક કોઈ રાક્ષકનું મહોરું પહેરી, તેની પાછળ વાગતા ત્રણ વાદ્યોના સૂરે તાલે નાચતો નાચતો આવતો જાય છે. "उत्सव प्रयिाः खल्जनाः" કાલિદાસની આ એક સીધી સાદી ઉક્તિ 'મનુષ્યો ખરેખર ઉત્સવ પ્રિય છે' માં તેણે ખરેખર શબ્દ કેમ વાપર્યો હશે તે તો આ ડાંગી લોકોને અને તેમના ઉત્સવોને નાચને જોઈએ ત્યારે ખ્યાલ આવે.

આંબાપાડા મુખ્ય રસ્તાને જ આ ઉત્સવભૂમિ તરીકે શણગાર્યો છે. રોડની બંને તરફ વાંસની રેલીંગ અને પતાકા તોરણો આખા રસ્તે બાંધ્યાં છે. બંને તરફ પાથરણાં પાથરી પાથરી સ્ત્રીઓ તેમનાં છોકરાંઓને લઈને આખી રાત આ ઉત્સવ જોવા માણવા નહીં પણ ઉજવવા બેઠી છે. મોડી રાતે ઠંડા પવનમાં છોકરાંઓ ઊંઘમાં પડખાં ફરે છે, મા પરસેવો લુછી ફરી જોવા લાગી જાય છે. શમિયાણાના એક છેડે હનુમાનજીનું સ્થાપન છે ને છેક બીજે છેડે છે આ ભવાડા નૃત્યમંડળીનો પડાવ. અ મંડળી મહાસૌરાષ્ટ્રમાંથી આવી છે. પાંચ પાંડવ, શંકર, ગણપતિ, પાર્વતી, વૈતાળ, દત્તાત્રેય જેવા દેવોનાં રંગબેરંગી મહોરાંઓ છે તો પુંડરિક શ્રવણ જેવા ભક્તોનાંય છે. દેવોનાં વાહનો હંસ, મોરની સાથે વિષ્ણુએ ધારણ કરેલાં મત્સ્ય, કચ્છપ મહોરાંઓ પણ છે. કહો કે દેવો, મનુષ્યો, દાનવો અને પશુઓનો આખો લોક પ્રતીકાત્મક રૂપે હાજર છે. મહોરાં પહેરી નર્તક નાચે છે. શરણાઈ જેવા આકાર અને સૂર વાળું કાહળ્યાં તેની સાથે એક જ સ્વરે સૂર પૂરાવતું બાંકા અને સાથે આદિમ તાલે તાલ આપતું સાંબળ્યાં વગાડતાં વગાડતાં વાદકો નર્તકની પાછળ પાછળ ચાલ્યા કરે છે. કંકુ, ચોખા, શ્રીફળ થાળી લઈ કન્યકાઓ આ દેવને

વધાવતી વધાવતી પાછા પગે ચાલી આવે છે અને બધાં હનુમાન દેવના સ્થાનકે થંભે છે. દરેક મહોરાં દેવસ્થાનકે પહોંચે કે તરત જ કથાકાર તે દેવની વિશિષ્ટ લોકશૈલીમાં નાનકડી કથા કહે છે. દરેક દરેક દેવ, દાનવ,પશુઓ માટે કહાવ્યાની વિશિષ્ઠ ધૂનો વાગે. અહીંથી સ્થાનિક ભાષામાં તેને 'ચાળો' કહેવામાં આવે છે. હનુમાન સ્થાનકેથી મહોરાંઓ ફરી પાછા નાચતાં નાચતાં તેમના વિશ્રામમંડપ પર પહોંચે છે. દેવોને વધાવતી કન્યાઓ હાથમાં દીપમાળા ને થાળ લઈ પાછા પગલે તેમની આગળ આગળ ચાલે છે. આ તો લોકોત્સવ, અને તે પાછો ડાંગનો. લોકોમાંથી ય જેને મન થઈ જાય, તાન ચડી આવે, પગ થિરકે તેના નર્તકની સાથે સાથે નાચતાં જાય. કાખમાં છ મહિનાનું છોકરું તેડી એક આધેડ બાઈને એક વૃદ્ધ પુરુષને મસ્તીમાં, ધૂનમાં નાચતાં જોવા તે એક લહાવો છે. છેક દૂબળા પાતળાં રાંટા પગવાળા નાનાં નાનાં છોકરાઓ પણ આગળ આગળ નાચતાં જાય. ગળથૂથીમાંથી જ નૃત્ય. જોતાં જોતાં અંગ્રજ કવિ યેટ્સની વાત યાદ આવી જાય કે "How can we know the dancer from the dance ?" નર્તક સાથે નાચ એક જ. કોઈ કળામાં કળા અને કલાકારનું આવું અદ્વૈત નથી. નાચ અને નર્તકને જુદા ન પાડી શકાય. સંપૂર્ણ સંપૃક્ત –વાગર્થ જેવાં. અહીંના સ્થાનિક આયોજક ગુલાબભાઈ ગવળીને અમે નાચનારાઓના આ અદમ્ય આદિમ ઉત્સાહ વિશે પૂછ્યું તો કહે 'દસ માઈલ દૂરથીય કાહળ્યાંનો મીઠો તીણો માદક અવાજ સંભળાય તો નાચનારા ત્યાં પહોંચી જઈ નાચવાનાં, કૃષ્ણની બંસી સાંભળી રાધા કે ગોપીઓ દોડી જતી તેમ જ. અહીંયાં જ પંચોતેર વરસની ડોસી, માતલીબાઈ આજે ય કોઈનાં લગન જોય કે બીજો પ્રસંગ હોય નાચવા પહોંચી જ જવાની.'

સુરેશ જોષી એક વાર સ્પેનિશ કવિ લોર્કાની વાત કરતા હતા. લોકો કહે કવિતામાં 'દુઆંદો' હોવું જોઈએ. લોકો પૂછે કે આ 'દુઆંદો' એટલે શું ? આ 'દુઆંદો' કોઈ ઘટક હોય તો લોકો તેમને સમજાવેને ! આ 'દુઆંદો' એટલે જ જગતની કળાની કવિતાની પ્રાણશક્તિ. એકવાર લોકોત્સવમાં વ્યાવસાયિક નર્તકોની સાથે સાથે સ્ફૂર્તિ, ઉત્સાહ ને અંદરબહારના તાલે તાલે અથાક ગ્રેઈસફૂલ નાચતી એક ડોસીને દેખાડી લોકોએ કહ્યું' આ છે 'દુઆંદો' પ્રાણમાંથી આવિર્ભૂત થતી આ શક્તિ વગર રાત રાત ભર, વરસો વરસ જિંદગી આખું કોઈ નાચ્યા કરે ખરું ? યાદ આવે છે બાર્સેલોના ઓલિમ્પિકના ઉદ્દઘાટન સમારોહમાં ઘેરદાર ફ્રોક પહેરેલી, સેન્ડલના ઠેકે ઠમકે તાલ આપતી ઘેરદાર

ફ્રોકના ઘડીક એક તો ઘડીક બેછેડા પકડી વળાંકદાર ઘેર ઉત્પન્ન કરી ઘેરની વચ્ચે નાચતી, ઘેર સંકેલતી, સેન્ડલથી ઠપાકાદેતી, ગતિનું ગૂંચળું બની ફરતી, ચક્કર ચક્કર ફરતી; પગને હળવેથી ફંગોળતી, દર્શકોને મૂક નર્તક બનાવતી, દર્શકોના મનમાં નાચતી સામાન્ય ચહેરાવાળી કાળા વાંકડિયાવાળવાળી કામણ ઢોળતી, સાવ સામાન્ય ચહેરાને પ્રાણના તેજથી છલકાવતી તે સ્પેનિશ નર્તકી. શું આહવાની આ માતલીબાઈ એમ જ નાચતી હશે ?

# ૨૬ - ભાખડ ભડિયા ભાષા

વ્યક્તિ શબ્દની વ્યુત્પત્તિમાં વ્યક્ત શબદ પર ભાર મૂકવામાં આવ્યો છે તે સંદર્ભમાં મારો અઢી વરસનો દીકરો વ્યક્તમધ્યમાં જન્મી ભાકડ ભડિયા ભાષા બોલતા શીખવા લાગ્યો છે. એ રીતે જોઈએ તો વ્યક્તિત્વ ધારણ કરવા લાગ્યો છે. વ્યક્ત થવા લાગ્યો છે. તેને બિચારાને ખબર નથી કે આ ભાષા તેને વ્યક્ત કરવાના બદલે ક્યારેક ઢાંકશે, છાવરશે, ઢીંક મારી ઉછાળશે હુલાવશે, જ્યોર્જ ઑરવેલના 1984 મી જેમ Ministry of war ને નામ આપ્યું હશે Ministry of love. ભલે તે પોતે પણ જીવતાં જીવતાં તે રમત શીખી જશે. હમણાં તો તે આપણી દ્રષ્ટિએ ભાંગીતૂટી અને તેની દ્રષ્ટિએ નવજાત નેસન્ટ ભાષા સાથે જે ક્રીડા આદરે છે તે જોવાની મજા છે.

બોલતો બોલતો ક્યારેક વાક્યના લયના ટુકડાઓ આગળ એવો સ્થિર થઈ જશે કે તેના પ્રલોભનને વશવર્તી આગળ નહીં જાય અને એવો તો સ્થિર થઈ જશે કે ઠુમરીની જેમ તેને રમાડ્યા કરશે, એટલું જ નહીં તેના વાક્યખંડોના ટુકડાઓને અનેક રીતે જોડી અર્થવગરના લયોને તાલ તાન તરાનાની જેમ રમાડ્યા કરશે. તેના મગજમાં શબ્દકોષ હજી સંઘરાયો નથી. અત્યારે તો લયલીન છે. હું મારા પ્રૌઢ મન સાથે તેના ગૂઢ મનમાં પ્રવેશ કરી શકતો નથી. અંદર જે લીલા ચાલ્યા કરે છે તે બારણા બહારથી જ જોયા કરું છું.

દરેક પ્રાણી પક્ષીઓને તેણે સંબંધથી જોડ્યા છે. હાથીભાઈ, સિંહદાદા, વાઘમામા, ચકીબેન, મીનીમાસી, ને કુતાભાઈ. તેની સૃષ્ટિમાં ઢીંગલીને તાવ આવે છે. તેને ઘોડિયામાં હાલાં હાલાં કરાવવી પડે છે, તોફાન કરે તેને હાતા કરવા પડે છે ને રોવે તો ખોળામાં

થપથપાવી છાની રાખવી પડે છે, શરદી થાય તો ઈજીછન માલવું પડે છે. ચાંદામામા ખીર ખવરાવે છે. ચકીબેન તેની સાથે રમવા આવે છે. પરીની પાંખ પર બેસી ક્યાંક જાય છે તો છુપરલેન (સુપરમેન) બની ઢીસુમ ઢીસુમ બધાં રાક્ષસોને મારે છે. રાતે તે પોતે જ પપ્પા મમ્મી સાથે હાલા કરી જાય છે. તેની સાથે તો ટેબલ, ખુરશી, ઢીંગી, કુતાભાઈ, છાયકલ બધાં હાલાં કરી જાય છે. કવિની બે ઈશ્વરદત્ત શક્તિ લય અને સજીવારોપાણ તો તેને અનાયાસ જ પેલી દુનિયામાંથી મળ્યા છે. આ દુનિયામાં જ તેને પણ ખબર ન પડે તેમ કોઈ ઝૂંટવી પણ લે છે. કોઈ બડભાગી કવિ જમ જેવા જમાનાની નજર ચુકાવી તે જણસ અંકે કરી બથાવી ભાગી છૂટે તે નસીબદાર. પછી તો નર્સરીમાં જતાં પહેલાં જ તેણે જવાબદાર બની જવાબ આપવા પડેશે. તારું નામ શું ? પપ્પાનું નામ શું ? આ કયું ફ્રુટ છે ? આ કેવો કલર કેવાય ? (બોલો તમારું નામ શું ? તેથી આગળ તમે કોણ છો ? એ એક સીધા સાદા સવાલનો પણ સાચો જવાબ તમારી પાસે છે ?)

એકવાર બગીચામાં પતંગિયું તેણે જોયું. પહેલાં આકાશમાં ઊડતી પતંગ તેણે જોઈ હતી તેથી પતંગિયું જોઈ એકી શ્વાસે બોલી ઊઠ્યો 'પપ્પા પતંગ પપ્પા પતંગ.' ઊડતાં પતંગિયાને જલ્દી જોઈ લેવાની, મને દેખાડવાની ઉતાવળ અને ઉત્સાહમાં તે વાક્ય બંને બેવડાવ્યું. અચાનક મને સ્ટ્રાઈક થયું કે પતંગ અને પતંગિયું બંને સરખા શબ્દો અને હિન્દીમાં તો પતંગિયાને પતંગ પણ કહે છે તો તેના ઉચ્ચારણથી પણ તેની સામ્યતા નજરે ન ચડી.... હું જે વ્યુત્પત્તિથી માંથી ન પામ્યો તે મારું બાળક ઇન્દ્રિયથી પામ્યો. એક દિવસ પત્નીનાં કપાળનો ચાંદલો જોઈ કહે 'પપ્પા ચાનો (ચાંદો). આમ જોઈએ તો લાલ ચાંદલાને અને ચાંદાને સામ્ય છે તે કરતાં સૂર્યના રંગ સાથે વધારે સમય છે; પણ પ્રખર સૂરજને જોઈ ન શકાય જયારે ચાંદની શીતળતાને નીરખી શકાય. થોડા દિવસ પછી ભાયાણીસાહેબને ઘરે ગયો ત્યારે વાત નીકળી તો તેમણે કહ્યું, અખંડ સૌભાગ્યનું પ્રતિક 'ચાંદલો' એ પૂર્ણચન્દ્ર પરથી જ લીધું છે. આ વાતની તેની ઈન્સ્ટીંકટથી મારા નાના ભાયાણીસાહેબને ખબર હતી. બોલો મારો ગુરુ ખરો કે નહીં ?

બાળકની સહુથી પહેલી ક્રિયા સ્તનપાનની તે હોઠથી. પહેલાં પ્રતિક્રિયા મલકવાની તે પણ હોઠથી. પગ તો ગોદડીમાં સાયકલ પણ ચાલવતા ન શીખ્યા હોય ને બંધ મુઠ્ઠી અણધડ જરકી મોશાનથી હાથ હલાવતો હોય પણ બોલાવો સીટી મારો કે તરત હોઠથી

હસી પડે. ક્યારેક ઊંઘમાં એક તરફનો હોઠ મરકાવી તો ક્યારેક બે હોઠે ખિલખિલાટ. ગાલે 'બાપા' પણ હોઠથી કરવાના એટલે તો પહેલાં શબ્દો હોઠે ચડે તે પણ હોઠનાં. સંબંધવાચક નામો મા મમ્મી પપ્પા પાપા બાપા જમવાનું કહે 'મમ મમ.' બહાર જવાનું તો કહે 'બાબા.' પડવાનું તો 'ભપ.'પાણી તો કહે 'ભૂ.' ટ્રેઈન એટલે 'ભુછુક.' બંદૂક તો 'ભિચામ.'મારવાનું તો 'હાત' અને આ પ, ફ, બ, ભ, મ, ના પાંચ સ્વરોમાંથી તેના પંચકમાંથી જ બધાં ભાવો પ્રગટે.

એ જોડકણાં ગાતો હોય છે ત્યારે હું તે તેને ખબર ન પડે તેમ ધ્યાનથી સાંભળું છું અને લાગે છે કે આ જોડકણાં શબ્દ કોઈએ તે જોડી કાઢ્યા છે તેના પરથી નથી આવ્યા પણ તે ગાતાં ગાતાં બાળક તેની સાથે જોડાતું જાય છે અને કશુંક જોડતું પણ જાય છે તે પરથી આવ્યો હશે ? ખૂણામાં રમકડાંથી રમતો હોય. એ રમકડું મોંઘુ ન પણ હોય. તે જૂની પ્લાસ્ટિકની શીશી. લાકડાનો ટુકડો, પથ્થર, તૂટેલી ઢીંગલી ગમે તે હોય. બાળકની બીજી વિશેષતા એ કે તે ગમે તેને રમકડું બનાવી દે. રમતાં રમતાં શબ્દને પણ એ રમકડું બનાવી તેની સાથે રમતો જાય. :

"એક બિલાડી જાડી
તેણે પે'લી સાડી
સાડી પે'લી ફરવા ગઈ
દલિયામાં તો ના'વા ગઈ.'
ને પછી જોડતો જાય
'પપ્પા એ પે'લી સાડી
મમ્મી એ પે'લી સાડી.'

લયના સ્વિંગિંગ બોર્ડ પરથી અચાનક લા. ઠા ની જેમ કૂદકો લગાવી બોલે –

"હાથીભાઈ તો જાડા
લાગે મોટા પાડા'

એમાંથી વળી બંદૂક યાદ આવે ને 'ભિચામ.... ભિચામ' કરતો દોડી જાય. ઓચિંતો

એક ચકલી જોઈ સ્તબ્ધ થઈ જાય. એક નાનકડી ચકી પણ કઈ દુનિયામાંથી આવી તેની આંખમાં વિસ્મય-લોક આંજી જાય. અંદર બહાર જેવું કશું નહીં. બાહ્યાંતર એકાકાર. બાળક ક્ષણમાં જીવે છે એટલે જ ક્ષણે ક્ષણે જીવે છે કે પછી તે જીવે છે તેવી સભાનતા બહાર જીવે છે ? એક રીતે તે મને માણસ કરતાં એક વિશિષ્ટ જાત જ લાગે છે. ન માણસ ન પ્રાણી ન પ્રભુ ને છતાં બધું.

હમણાં ટી.વી.માં એકવાર એક સિરિયલ વઢકણી સાસુએ વહુને હડસેલી ધક્કો મારી પાડી દીધી તે દ્રશ્ય જોઈ અઢી વરસનો દીકરો બોલ્યો. 'પપ્પા ઈ કેમ ધક્કો માલે છે ?' સવાલનો જવાબ તો શું આપું ? એ સવાલથી મને જ ધક્કો વાગ્યો. એનો જવાબ તો હજી પૂરો ખબર નથી પણ એવા સવાલો પૂછવાનું મેં ક્યારનુંય બંધ કર્યું છે.

# ૨૭ - એક સાંજ – જે કદી આથમતી નથી

ઑફિસે છૂટ્યાને કલાક થઈ ગયો છે. શાંત કલાંત ચિત્તે, થાકેલા શરીરે ખુરશી પર બેઠો છું – બારીમાંથી તાકતો. સવારે નીલ દેખાતું આકાશ અત્યારે રંગ બદલીને થોડો જાંબલી રંગનો પુટ ચડાવીને બેઠું છે. બપોરે તડકામાં ચળકતા લીમડાનાં પાંદડા થોડાં ઘેરાં થયાં છે. દૂર ક્ષિતિજથી સહેજ ઉપર તોળાયેલા એક મોટા ધ્રૂમ્રગોટ જેવા વાદળનો ઘેર એસ કલરનો ઘુમ્મટ દેખાય છે. બારી પાસે જઉં બહાર ડોકું તાણું તો આકાશની નીલાતી રક્તભા રંગ ઝાંય દેખાય વાદળોના અવનવા આકારો – સમુદ્ર કિનારે ઓટના સામાન્ય ભીની રેતીમાં પડેલાં લહેરિયાં જેવાં, આછી થઈ પ્રસરતી જતી શાહીના એક વિચિત્ર રમ્ય આકાર જેવું, એકાકી, ભીના કેનવાસ પર ફ્રેશ રંગના લસરકા જેવા લંબાયેલા લીસોટા, ક્ષિતિજ પાસે રક્ત કેસરી દ્યુતિથી કાંતિમાન.... એવા અનેક વાદળો જોઈ શકું. પણ ઊઠવાનું જ મન નથી થતું. બહાર રસ્તાઓ ઉપર ટ્રાફિક વધ્યો હશે. વાહનોના ટોળે ટોળા ધણના ધણ ધુમાડા ઓકતા હોર્નની ચિચિયારીઓ કરતાં છીંકોટા મારતા ચીંધાડો દેતા ફૂત્કારતા આડેધડ દોડતા એકબીજાને આંતરતા દોડતા હશે. ગ્રામ પરિવેશમાં આ તો ગોધૂલિ વેળા. સીમ બીડ કે ચરિયાણમાંથી ચરીને પછી ફરતી ગાયોની ખરીઓથી ઊડતી સોનેરી ધૂળમાં ડોકાતાં રાતી ગાયોનાં વળાંકદાર શીંગડા, મોટી કાળી આંખો, ઊંચી ડોકે લથપથ દોડતી અને ગાયો જાણે કોઈ પિછવાઈનું ચિત્ર. બસોમાં પર્સ સાચવતી ધક્કામુક્કીમાં પાછળ પડી જતાં માંડ માંડ ચડતી સ્ત્રીઓ, ઠેલી ભરી શાક લઈ બેઠેલી ગૃહિણીઓ, બસના દાંડા ને પકડી થાકેલા શરીરને આધાર આપતા પુરુષો... બધાં ઘર ભણી. સ્કૂલની બહાર પાર્ક કરેલી સાયકલોની ઘોડી ઉતારી છોકરાંઓનું ટોળું કલકોલાહલ કરતું મોટા રસ્તા પરથી શેરીઓમાં સોસાયટીઓમાં ઘર ભેગું થઈ ગયું હશે.

લટકતાં દફ્તરો વચ્ચેથી ડોકા કાઢતાં નાનાં ભૂલકાંઓ ભરેલી રીક્ષાઓ પણ એક એકને ઘરે ઉતારી આવી હશે. પાછળ જ બુચનું એક મહાકાય વૃક્ષ છે. વૃક્ષરાજ જ કહોને' તેના પર સાંજના સમયે કોણ જાણે અનેક દિશાઓમાંથી ઊડતી ઊડતી આવી પોપટની ટોળી ફડફડ કરી બોલતી તેની નાની નાની ડાળીએ બેસી જાય છે.પોપટ પાંદડાં બની શાંત થઈ જાય છે. બધાં જ ઘર ભણી. હું આખી ઑફીસ છૂટી ગયા પછી એકલો બેઠો છું. ઘરે જવા માટે જેને બસ મોડી મળે છે તેવો એક સાથીદાર આવે છે, મને પૂછે છે. પૂછે છે શું પ્રશ્નોની ઝડી જ વરસાવે છે. "ઘરે નથી જવું ? અહીંથી સીધું બહાર જવું છે ? ભાભી સીધાં ઑફિસે આવવાના છે અને ખરીદી કરવા જવાનો છે ? કોઈ દોસ્તની રાહ જુએ છે ? સ્કૂટર નથી લાવ્યો ? ઑફિસે કામ બાકી છે?" આ બધા પ્રશ્નો વચ્ચે એક મધ્યવર્તી યક્ષપ્રશ્ન છે 'ઘરે નથી જવું ?'

'ના ઘરે નથી જવું.' વરસોથી ભાગ્યે જ સાંજ ઘરમાં ગાળી હશે. અમદાવાદમાં ઑફિસમાં કામ હોય કે ન હોય એકલો બેસીને મિત્રો સાથે ફરીને અંધારું થવાની તૈયારીએ જ ઘરે ગયો છું. મને ખબર છે ઘરની જાળી પકડીને મારો નાનો છોકરો પપ્પાની રાહ જોતો હશે.પત્નીએ સાંજની ચા ઢાંકી રાખી હશે. મોટો દીકરો ફળિયામાં રમતો રમતો દોડતો મને વળગી પડશે. આ બધાની રાહને અવગણીને લગભગ નિષ્ઠુર થવાની હદે હું રોજ મોડો જ પહોંચ્યો છું. ઘરની સાંજ મને અંદરથી ફોલી ખાય છે. બે વાર ટાયફોડ થયો ત્યારે મહિના દિવસની માંદગીમાં એ ભેદી સાંજો મેં જોઈ છે. ભાઈઓ બધાં રમવા ગયા હોય, શેરીમાં છોકરાઓના રમવાનો બોલાશ સંભળાતો હોય .પિતાજી લાઈબ્રેરીથી આવ્યા ન હોય. ઘરમાં બે જ જણા હોય. હું અને મારી મા. બારીના સળિયાના પરછાયા સંકેલાઈ ગયા હોય. ઘરનાં દરેક પદાર્થો ટેબલ,શાંત પડેલી ખાટ, ચોપડીનો ઘોડો, ડામચિયો દીવાલ પરનાં ચિત્રો કે છબીઓ બધાં એક મૌન ધારણ કરીને બેઠાં હોય, એક અસ્પષ્ટ ઉદાસ અંધારું અને વિહવળ એકલતા ઘરમાં પથરાઈને પડ્યા હોય. ભગવાનને દીવો અગરબત્તી થયે જ ઘરમાં 'જે શ્રી કૃષ્ણ' સાથે દીવાબત્તી થાય. ભાઈઓ ધડબડ ધડબડ દાદરો ચડતા ઉપર આવે. રાત પડે ત્યારે જ મારા જીવમાં જીવ આવતો. કોઈ અજ્ઞાત પ્રદેશની સરહડ સુધી હું લટાર લગાવી આવતો. સાંજે મારા મનમાં ઉદાસીની જે છબી ઊભી કરી છે તેમાં કદાચ આ સ્મૃતિઓ કારણભૂત હશે ?

આની પાછળ કદાચ જન્મજન્માંતરની સંચિત સ્મૃતિ હશે ? Collective Unconsious હશે ? અનેક ભૂદ્રશ્યો પર નગરો પર તોળાયેલી સાંજો મેં એક મનુષ્યજાતિ તરીકે જીવ તરીકે જોઈ હશે ? ખબર નથી પણ બધાં જયારે ઘર ભણી પાછાં ફરે છે કે બગીચાઓના ખૂણાઓ, ઝાડીઓમાં પ્રેમીઓ એકબીજાની ઓથમાં સોડમાં ભરાય છે ત્યારે હું જ કેમ એકરૂપ અનાથ આત્માની જેમ રઝળું છું ? મને કોઈક રવીન્દ્રનાથની 'બલાકા' જેમ 'હેથા નય હેથા નય અન્ય કોનો ખાને' – 'અહીં નહીં અહીં નહીં બીજે ક્યાંક' એમ કોઈક બોલાવે છે. કોણ બલાવે છે ક્યાં બોલાવે છે તે મને ખબર નથી પણ કોઈક બોલાવે છે અચૂક. એ મને મારા વર્તમાનમાં સ્થળ કાળમાં સ્થિર નથી થવા દેતાં. એ સમયે મારે કોઈ નામ નથી હોતું, કોઈ દેશ નથી હોતો, કોઈ સંબંધ નથી હોતો. દિવસ આખો એ બધાં બંદર – ધક્કાએ લંગરાઈને રહ્યો હતો ને સાંજે અચાનક શઢમાં પવન ભરાય છે ને વહાણ ચાલવા લાગે છે. નૃસિંહ અવતારની આ રહસ્યમય ક્ષણે બધું જ શક્ય લાગે છે. વાસ્તવ અને માયાના ભેદ પણ ભુંસાવા લાગે છે.

દેવોએ વેદોમાં પ્રભાત સંધ્યા-ઉષાના પ્રાકટ્યનું ગાન ગાયું તે ઋચાઓ વાંચેલી છે પણ સાંધ્ય સંધ્યા-સાંજ વિશે એવી ઋચાઓ હશે ? નહીં દિવસ નહીં રાત એવી અવસ્થિતિ સાંજ નથી. સાંજનું પોતાનું સ્વંતંત્ર અસ્તિત્વ છે. સવાર સુંદર કોમળ ફ્રેશ છે પણ સાંજની પ્રગલ્ભતા તેની પાસે નથી. સાંજ એ એક Cosmic ઘટના ન હોય ! સાંજના સમયે જ આકાશ બોલાવે છે એ આકાશની પેલે પાર.

સાંજના ચહેરામાં મને લિયોનાર્દો દ વિંચીની જીન્નેવા દેખાય છે. કુંતલાકાર લટોવાળા સુંદર ચહેરાની ગંભીર ઉદાસ રેખાઓમાં જ એક ધરપત છે, આશ્વાસન છે. તો આ જ સાંજનો ચહેરો એ લિયોનાર્દોની મોનાલીસા જેવો પણ છે જેના આછા મરકાટમાં પણ એક રહસ્યમય ઉદાસી છે. લિયોનાર્દોએ સાંજના જ આ એકી સાથે થતાં બે ભાવને બે ચહેરાને એકીસાથે મૂકી આપ્યા છે. આ સાંજ એ અવકાશમાં ફિઝિક્સના નિયમોને વશવર્તી કોઈ પ્રકાશ લીલા નથી. સાંજ એ છે જેમ હું અને તમે છીએ. એની અસ્ફુટ વાણી મને સંભળાતી નથી, સાંજ છે. સવારે ભલે હું નીકળ્યો હોઉં ઘરેથી, સાંજે મારે કોઈ ઘર નથી – આ પૃથ્વી પણ નહીં. સાંજ એ ધૂપ છે આ પૃથ્વીનો, પરિતૃપ્ત વિરક્તિનો ગેરુઆ રંગનો આલાપ છે મારવાનો.

# ૨૮ - ગગન ખોલતી બારી

'ઊંચે ઊંચે મહલ બનાઉં બીચ બીચ રાખું બારી' એમ મીરાંએ કેમ કહ્યું હશે ? 'સુની રી મૈને હરિ આવન કિ અવાઝ.' એ અવાજ સાંભળી બાહવરી મીરાં સાંવરાને નીરખવા બારીએ બારીએ દોડતી હશે ? દીવાલો ચણી આપણે સલામતીની સ્થિરતાની ખાતરી તો કરી લીધી પણ આપણે અંદર જઈ શકીએ માટે બારણાં પણ રાખ્યાં. પણ બારીની જરૂરિયાત બધું સૂક્ષ્મ છે. બારીઓ હવા પ્રકાશની મુક્ત અવરજવર માટે તો ખરી જ પણ એથીય વધુ તો શરીરની સીમમાં પુરાઈ રહેલા આપણે આપણી ત્રિજ્યાઓ ફંગોળી દ્રષ્ટિ અને મનરૂપે વ્યાપ્ત થઈશકીએ માટે જ આ બારી.

આ બારી જ ઘરે બાહિર વચ્ચે સંધાન કરી આપી અંદર બહાર ખુલતી નવા નવા પવનો લાવતી મનની મુક્તિનું પ્રતિક બની ગઈ. ગાંધીજીએ પાયામાં સ્થિર રહેલા મૂળિયાવાળા ઘરમાં દેશ વિદેશના પવનો વહી લાવતા ખુલ્લાં બારી બારણાવાળા ધર્મની જ વાત કરીને ! કાકાસાહેબે 'ઓતરાદી દીવાલો'માં સાબરમતી જેલ કોટડીમાં એક નાનકડી જાળિયું હતું તેમાંથી તેમણે કરેલા પક્ષીદર્શન, આકાશદર્શન ને જગતદર્શનનું આપણને દર્શન કરાવ્યું. એક જાળિયાને હિસાબે જ જાણે એ ટકી ગયા. મોટા અંધારિયા એક ઓરડાની બારી પણ અસીમ આકાશ સાથે, Cosmos સાથે જોડી શકે. એટલે જ તો કવિ ચંદ્રકાંત શેઠે ગાયું ને "બારીમાંથી ગગન પાડતું સાદ, સાદ ના પાડો." બારીપાસે જ રવીન્દ્રનાથના ડાકઘરનો કુમળો ભોળો રુગ્ણ અમલ બેઠો છે. રુગ્ણ શરીર તો રોગથી પથારી સાથે જોડાયેલું છે. પણ કલ્પનાની બારી ખુલ્લી છે. બારીમાંથી જોતાં તેની કલ્પના વિસ્તરે છે. તે દૂરથી આવતા દહીંવાળા ફેરિયાને જુએ છે, રાજાના પહેરેગીરને જુએ

છે, સુધાની રાહ જુએ છે, દૂર પેલી ટેકરીઓની પેલી પારથી તેનો રાજા – એ અસીમ કહો વિરાટ કહો ભૂમા કહો તેને ચિઠ્ઠી મોકલવાનો છે. આ બારીથી જ અમલ નથી ટક્યો ? પેલા સ્પેનિશ કવિ લોર્કાનો મરણાસન્ન નાયક ઇચ્છે છે કે,

"જો હું મરું, ઝરૂખો ખુલ્લો રાખજો
શિશુ આરોગે સફરજન. (મારા ઝરૂખેથી જોઉં હું)
લણણી કરે ખેડું ધાન્યની (મારા ઝરૂખેથી સાંભળું હું)
જો હું મરું, ઝરૂખો ખુલ્લો રાખજો."

આ બારીમાંથી મરણાસન્ન કવિ ઇન્દ્રિયોના અંધારપટ સમયે ઇચ્છે છે, જીવનના પ્રતીક રૂપે શિશુને પ્રથમ જૈવિક ક્રિયા આરોગતું જોવા .અને ધનધાન્ય અન્ન બ્રહ્મ એ પણ Food Chainની પ્રાથમિક કડી જીવનનું રહસ્ય જ ને ? મરણ સમયે કવિ જીવનના મોઢા મોઢ રહી બારી ખુલ્લી રાખી જીવવા ઈચ્છે છે. આપણા એક અચ્છા કવિ પ્રહલાદ પારેખે તો સંગ્રહનું નામ જ રાખ્યું 'બારી બહાર'. આપણે પદાર્થના આંતરવિશ્વમાં જવા માઈક્રોસ્કોપ શોધી એ સૂક્ષ્મમાં ડોકિયું કર્યું. ઇલેક્ટ્રોન માઈક્રોસ્કોપની આંખે સૂક્ષ્માતિસૂક્ષ્મનું અવલોકન કર્યું. આપણે ઊંચું જોયું. ઉપર નિરાકાર નિરંજન અખિલ અફાટ આકાશ. આપણે ટૅલિસ્કોપની એ દ્રષ્ટિના શેરડાઓ દોડાવી બ્રહ્માંડને ખૂણે ખાંચરે ફંફોસ્યું. સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા આકાશગંગા ધૂમકેતુ નિહારિકા બ્લેકહોલ ને પલ્સારને શોધ્યા, પણ ન જોયું અત્ર અને અદ્ય સામે પડેલા બારી બહાર જ રહેલા જગતને.

અત્યારે બારીની સામે જ બેઠો છું, સળિયા વગરની ખુલ્લી બારી, બહારના કમ્પાઉન્ડના દ્રશ્યને ફ્રેઈમ કરી આપે છે. છેક બારી સુખી ઝૂકી આવેલાં લીમડાઓની લીલી ચામરો પવનમાં આમતેમ ઝૂલે છે. વચ્ચે વચ્ચે હમણાં જ વરસાદમાં નાહવાથી કથ્થાઈ વાને ઉઘડેલા થડ ડાળો ટાગડાળો દેખાય છે. પવનમાં તેની પત્તીઓ આમ તેમ ફરફરવાથી લીમડાની આરપાર દેખાતા નીલઆકાશની ભાત બદલાય છે. થોડે દૂર બારણાની સમાંતર પરસાળમાં એક બારીનું ચોકઠું છે. તેમાંથી દેખાય છે એલ નીલગીરીનું લીસું સોતા જેવું ઝાડ – આખો વખત આખું જ પવનમાં ડોલતું. તેની પાછળ છે દેશી નળિયા ચાળેલું જૂનું મકાન. કાળી ભીંતો ખરી ગયેલા નળિયાને લીધે દેખાતી વળીઓની

પાંસળીઓ, મિજાગરાથી ખડી પડેલી લટકતી પવનના થપાટાથી અથડાતી બારીઓ. આ બધું એ ખખડધજ આલીશાન મેમણ બૉર્ડીંગને રહસ્યમય ભૂતબંગલો બનાવી દે છે. ભરબપોરે પણ ત્યાં નજર નાખી આ પરિચિત જગતમાં ત્યાંની અપરિચિતતા અને શાંતિ નજરથી સૂંઘી લઉં છું.

મારી સામે જ ઐશ્વર્યખચિત એક બીજીબારી પણ છે. તેમાંથી દેખાય છે કૂણાં પોપટી અને લીલા કાચ જેવા ગાઢ લીલાં પાન. પાનની વચ્ચે વચ્ચે પાંખો પહોળી કરી બેઠાં હોય તેવા ખુલેલા ગુલમહોરના રાતાં ફૂલ. તેની પાછળ કુમળો બટકણો આછો પોપટી સરગવો. આ બધાં દ્રશ્યોને હું મારું માથુ સહેજ આમથી તેમ બદલાવીને તેનું કંપોઝિશન બદલાવું છું. રસ્તા પરની બારી તો સ્વયં ચલિત ચિત્ર. રેંકડીઓ, રંગબેરંગી કપડાં પહેરેલાં માણસો, વાહનો આવતાં જાય ને બારીની ફ્રેઈમાં નવાં નવાં દ્રશ્યો બનતા જાય.

બારીઓના પણ કેવા નવનિધ પ્રકાર. સળિયાવાળી, કાચવાળી, છજાવાળી, રોડ પરની, આદમ કદની, રંગીન કાચવાળી, સીધી રોડપર પડતી, બગીચામાં ખૂલતી, નાનું એવું જાળિયું, ડોકાબારી, નકશીદાર ઝરૂખો કે થાંભલી વાળો રવેશ, ગોખ કે ગવાક્ષ.... પાર નથી એનાં રૂપોનો અને તેમાંથી દેખાતા દ્રશ્યોનો. ઝરૂખાની વાત નીકળી તો યાદ આવ્યું. એકવાર પ્રવચન શ્રેણીમાં પ્રવચન આપવા સુરેશ જોષી રાજકોટ આવ્યા'તા. બીજે દિવસે પ્રવચન પછી ફ્રી થયા ને અમે આગ્રહ કર્યો કે મારા ઘરે ચાલો. એ વખતે રાજકોટમાં હું એકલો જ રહેતો પણ એ મારું ઘર અમારાં સૌ મિત્રોનું અમારું ઘર હતું. લાકડાના દાદરા વાળું, ઊંચી છત વાળું, પરદેશી નળિયાવાળું જૂની ઢબનું શાલીન મકાન. એક ઓરડો ને રસોડું. રસોડાની એક દીવાલ તો બારીઓની જ બનેલી – આઠ આઠ બારીઓ. રોડ પરના રૂમનું બારણું ખૂલતું નકશીદાર વળાંકદાર જાળીવાળા રવેશમાં. રવેશમાં નીચે લાલ લાદીની ફરશ. વચ્ચે લીલી સિમેન્ટનો ઉઠાવ, છેક રવેશ સુધી ઝૂકી ગયેલી પીપળાની નમણી લટકતી ડાળીઓ. તમે ફોટોગ્રાફર હો તો ગમે તે ઍંગલથી ફોટો લીધા કરવાનું મન થાય. રવેશ ખાસ્સો ઊંચો હતો, અત્યારના મકાનોના દોઢેક માળની ઊંચાઈ જેટલો. સુરેશભાઈ રવેશમાં આવ્યા ને ખુશખુશ. પીપળાના પાનના પડછાયા રવેશની નકશીદાર જાળીના પડછાયા વચ્ચે લાલ ફરશ પર નાચે. સામ્મે જ ટુકટુકયો કંસારો. ટુક... ટુક... અવાજ બંધ કરી પીપળાની પાકી પેપડીઓ

ખાય. નસીબ જોગે પીળક પણ દેખાય ગયેલું. સુરેશભાઈના સંવિત્તમાં એ બધું ઝીલતું હતું તો તેમણે ઘરે ગયા પછીથી મારા ઘરના ટુકટુકિયાને યાદ કર્યો તેના પરથી લાગ્યું. ઓચિંતા આ બધાંથી દૂર સરી જઈ રવેશને અઢેલી કહે અત્યારે એક ચાઈનીઝ કવિતા યાદ આવે છે :

“સાંજને સમયે
એકલા હો ત્યારે
ઝરૂખ પર ઝાઝું ઝૂકવું નહીં”

ઓ પાર બોલાવતી સાંજ એમાં વળી ભળે તમારી એકલતા અને ઊભા હો ઝરૂખે – ગમે ત્યારે તમે જંપલાવીદો. જીવનને હાલક ડોલક કરતી એ ભંગુર લલચાવતી ક્ષણથી બચવું. જીવન જીવવાની ઈચ્છાનો ભરોસો નહીં. તે ગમે તે કરાવી બેસે તો મરણની ઇચ્છા મુમૂર્ષાનો પણ ક્યાં ભરોષો છે. હવે ઝરૂખે હું ઝૂકતો નથી.

# ૨૯ - મારું ગામ થોડું વરણાગિયું થઈ ગયું છે

ફરી રાજકોટમાં, દસેક વરસ બહાર અમદાવાદ ફરી આવ્યા પછી ફરી રાજકોટમાં. આ બહાર રહેવાના અનુભવે ઘર અને બહારની વ્યાખ્યા બદલી નાખી. અમદાવાદમાં બહારના તરીકે આવ્યો હતો. ગયો ત્યારે અંદરનો તો કદાચ નહીં બની શક્યો હોઉં પણ બહારનો તો નહોતો રહ્યો જ. રાજકોટ આવીને જોઉં છું તો હવે હું એટલો ઘરનો રહ્યો નથી. ગતિમાન સંસારમાં આ જ સહુની ગતિ ? અમે ગયા ત્યારે બધું શું ત્યાં ને ત્યાં છોડીને ગયા હતા ? સંભાળીને સાથે ન હતા લઈ ગયા ? સંભાળીને જે સાચવી રાખ્યું છે તે અકબંધ જ રાખજો તેનો તાળો હવે ન મેળવશો.

પહેલાં તો અમદાવાદથી રાજકોટ જતી વખતે બસ બગોદરા છોડી ભાલના ઉપર સપાટ મેદાનમાં દોડતી ત્યારે માઈલસ્ટોન પર લીંમડી વાંચતા જ હાશકારો થતો, ધરપત થતી. કશુંક પોતીકું લાગતું. લુખી રૂખી ધરતી જાણે વળગતી. અમદાવાદમાં અલપ-ઝલપ સાંભળવા મળતી કાઠિયાવાડી બસના મુસાફરોને મોઢે સંભાળતી અને સાંભળ્યા જ કરવાનું મન થતું. એકવાર અમદાવાદથી કાળા કામળા પછેડી પહેરેલી, છૂંદણાં છૂંદેલાં હાથમાં ધોળાં બલોયા પહેરેલી ચાર-પાંચ ભરવાડણો બચ્ચાંવ બચકાં લઈ ચડેલી. થેલી થેલકાં પોટલાં પરથી લાગ્યું કેં અમદાવાદ હટાણું કરવા આવ્યા હશે. તેમની પાછળની સીટ પર જ હું ગોઠવાયેલો. આ પાંચ ભરવાડણોનું ગ્રુપ બે સીટો માં વહેચાયેલું. તેથી છૂંદણાંદાર સારસી જેવી ડોક ફેરવી વળી ઝૂકીને વાતો કર્યા કરે... વાતો કરે એટલે માત્ર હોઠથી નહીં આખાય શરીરથી. માથું ધુણાવે, હોંકારો ભણે, ગુપચુપ વાતો વખતે પાંચેય માથાં એક-મેકને અડકે તેટલાં નજીક આવે. તાળીઓ દે તાળીઓ લે, હાસ્ય – ખુલ્લા

હાસ્યની છોળો ઉડાડે, હાથથી કાળું મલીર સંકોર્યા કરે, ગોઠણે હડપચી ટેકવે... હું તે એમના આંગિકમને જોઉં કે વાચિકમને સાંભળું ? મારા મનમાં આ બંને જુદ્દુ જુદ્દુ પૃથક પૃથક પણ તેમનામાં તો બધું અવિનાભાવી રીતે સાથે સંકળાયેલું, રસાયેલું. વચ્ચે વચ્ચે સ્ટેશને બસ ઊભી રહે ત્યારે બારીમાંથી લીમટો લેમન મંગાવે, ટેસથી પીવે. ભાતાંના ડબરા ખોલી સુક્કા રોટલાંના બટકાં લસણની સુક્કી ચટણી સાથે બટકાવતી જાય અને વાતો કરતી જાય. અને એ બધી ભાષાને જે રીતે વાપરી જાણે ! હું તો છક થઈ ગયો આપણી ભાષા આટલી દૈવત, કૌવતવાળી બળુકી છે છતાં આટલી માર્દવ ભરેલી મીઠડી છે તે તો મેં તેમને સાંભળ્યા ત્યારે અનુભવ્યું. કહેણી કહેવત રૂઢીપ્રયોગ ઓઠાં ઉદાહરણ તો કાજુ કિસમીસની જેમ વેરે, અને બધું અનાયાસ ફટ ફટ મોઢે ચડે. વાત કરે નહીં, વાત માંડે વાત સમેટે વાત વિસ્તરે અને વાતનું બીડું એકબીજી એકબીજીને આપતી રહે. લાભશંકર ઠાકરે ક્યાંક લખેલું તે યાદ આવ્યું. ભાષાના સંદર્ભમાં તેમણે કશુંક એવા મતલબનું લખેલું કે માણસ દોરી અને લોટો લઈને આવ્યો હોય ને રહેતાં રહેતાં સાત માળની હવેલી બનાવે. જયારે તેઓ પાટડીથી અમદાવાદ આવ્યા ત્યારે તેમની પાસે તો જેસલમેરના સાલમસંગની હવેલી જેવી ભાષા ની નકશીદાર હવેલી હતી અને હવે તેમની પાસે માત્ર દોરીને લોટો જ રહ્યાં છે.

જેમણે ભાષા ઘડી તેની પાસે જ એ સચવાઈ. સ્વામી આનંદના ‘જૂની મુડી’ પુસ્તકમાં તે જણસને પુસ્તકને પાને જડાયેલી જોઈ. પણ નગદ નાણા રૂપે ચલણી બની હરતી ફરતી હોઠે ચડેલી તો જોઈ એ ભરવાડણો પાસેથી. આજેય એ ભરવાડણોને ભૂલ્યો નથી. હાશ હવે આ બધું અવારનવાર સાંભળવા તો મળશે.

હું વાત કરતો હતો પાછા રાજકોટ આવવાની. આવ્યા પછી લાગે છે કે વતન કહો કે માતૃભૂમિ કહો કે ઘર કહો, તે તો હોય છે મનમાં. મનમાં જ એનાં કોટ કાંગરા રેખાએ રેખા અકબંધ રહે છે. પણ આ મન તો લોભી. ફરી એ જગ્યાએ જાવ કે તરત જ માગે કે પેલું ભૂરી બારીવાળું ઘર ક્યાં ? પેલો લીમડો ક્યાં ? તે લાવો. પેલું આકડા બોરડીના ઝુંડવાળું મેદાન ક્યાં ? ખાખી ચડ્ડી ચડાવતો બાળ ગોઠિયો લઘર બઘર સુરિયો ક્યાં ? આ માગ માગ કરી ઉઘરાણી કરો છો પણ તમે પોતે જ ક્યાં તેના તે જ છો ? બધું જ

બદલાય ગયું છે. બધું કદાચ તેનું તે જ હોય તો પણ બધું બદલાઈ ગયું છે. એક કવિતા છે ને ?

તેણે કહ્યું ફરી આવીશ
ફરી મળીશું
લોભી હું ગોઠવી રહ્યો તેને એ જ વેશે લેબાસમાં
તે આવ્યો એ જ લેબાસમાં
પણ તે જ નહીં
એ જ જૂના ઝાડ નીચે
પણ તે જ ઝાડ નહીં
કશું નથી આવતું કરીવાર
ફરીવાર નથી આવતી કોઈવાર
તો કોની આ પ્રતીક્ષા ?

બધું જ બદલાઈ છે બધું જ ગતિમાં Fluxમાં પ્રવાહમાન ધારામાં છે, આ અનિત્યતા તે જ નિત્ય ?

તમારા એ જૂના શહેરમાં ફરતાં ફરતાં તમે જે સ્કૂલમાં ભણતા તે સ્કૂલે જઈ ચડો છો. સાંજના સમયે લાંબી પરસાળોમાં પટાવાળો એક પછી એક ક્લાસ બંધ કરતો હોય તેવા સમયે તમે પોતે હીબકે ન ચડી જાવ તેનું તમે આશ્વાસન આપતાં ભારે હૈયે મજબુત હૈયે તમે ક્લાસમાં જાવ છો. બ્લેકબોર્ડ પર ટ્રિગોનોમેટ્રીની ચાપો અને ખૂણા દોરેલા છે. સામેની પાટલીઓ ખાલી છે. નાનકડા સ્ટેજ પર સાહેબનું ટેબલ અને ખુરશી. બે ચાર તુટેલા ચોક પડ્યા છે. દડતાં દડતાં ટેબલ પરથી પડી જતા ચોકનો તુટતી વખતનો બોદો અવાજ તમને સંભળાય છે. તમને થાય છે પેલા આધેડ ઉમરે પહોંચેલા એકવડિયા બાંધાના કડક શુક્લા સાહેબ ક્યાં ? બીજી ક્ષણે તમે તમને પૂછતા નથી. તમને ખબર છે કે તે ક્યાં ગયાં. તમે શોધો છો આગલી બેંચે બેસતો પેલો જાડો મણિયાર. ચશ્મીસ કક્કડ તમારી હારે રખડતો ટૂંકી ચડ્ડીવાળો અનંત. ક્યાં ગયાં બધાં ?

તમે પૂછતા નથી. તમને ખબર છે કે અનંત તો અમદાવાદમાં મળી ગયો હતો સારી

કંપનીમાં એમ. આર. છે અને સારો ગાયક છે. કક્કડે સી. એ. કર્યા પછી ઘરની કન્સલ્ટન્સી કરી છે. વિરડીયા ડૉક્ટર થઈ ગયો છે. સારું પાડે છે. રસ્તામાં મળી જાય તો ચાલુ ગાડીએ જ ગાડીમાં બેઠાં બેઠાં વાત કરે, પછી ગાડી ફર્સ્ટમાંથી સીધી થર્ડમાં નાખી હંકારી મૂકે છે. તમે પાછું વળી જોતાં રહી જાવ છો. પેલો ભરત રાઠોડ ભણવાનું મૂકી કોઈ ફેક્ટરીમાં પગી છે અકબરઅલી ભારમલ બાપાની દુકાને. બધાં સુખી દુ:ખી દૂબળા કે અદોદળા થઈ ગયા છે, સાવ લેવાઈ ગયા છે, જામી ગયા છે. તમને ખબર છે કોણ ક્યાં છે. છતાં તમે પૂછો છો એ બધાં ક્યાં ? સ્કૂલનું મેદાન જે તમને ઓલિમ્પિકનું મેદાન લાગતું તે ખાલી પ્લોટ જેવું નાનું લાગવા માંડે છે. તમને એમ થાય છે કે અહીંથી નીકળી જવું જોઈએ, ત્યાં જ સ્કૂલનો પટાવાળો નજીક આવીને પૂછે છે શું બાબો ઘરે નથી આવ્યો સાહેબ ? સ્કૂલ તો ક્યારનીય છૂટી ગઈ છે. તમારા હૈયામાં રહેલા શબ્દ હોઠે નથી આવતા, તમારે કહેવું છે 'હા, બાબો ઘરે નથી આવ્યો !'

તમે રહેતાં તે પાર્વતીબેન, ફાતિમા, જેતુનબેન, જટાશંકર રાવળ, મગનગિરિ ગોંસાઈ, ગાય બકરી ને કૂકડા પીપળાવાળી શેરી તરફ તમારા પગ નથી ઊપાડતાં. આલિશાન નકશીદાર અડીખમ મકાનોને પાડીને પાદર કર્યા આછી નવાં મકાનોના ખોખાં કૉમ્પલેક્ષ ઊભા થયાં છે. ભૂમિતિ બદલાઈ ગઈ છે. શહેર તમારાં જ છોકરા જેવું થોડું વરણાગિયું થઈ ગયું છે. તમે તેના મૂળ સૂંઘવા પારેવડી ચોક, પરાબજાર, ગુંદાવાડી, રાજમહેલ રોડ, પ્રહલાદ પ્લોટ, સોનીબજાર, જાવ છો. તમને હાશકારો થાય છે કે હાશ આ એ જ શહેર છે. તમને અજાણ્યા બનાવી દેવાની પેરવી કોઈ કરી રહ્યું છે પણ તમે ફસાતા નથી. કારણકે તમને આ લોકો ભલે ન જાણતા હોય પણ તેની ગલીએ ગલી અને લીમડાના એકે એક ઝાડ તમને જાણે છે. જેમ તમે તેને જાણો છો.

# ૩૦ - સંસ્કારના નવાણ

પ્રેમ ન ખેતોં નીપજે પ્રેમ ન હાટ બિકાય
રાજા પરજા જિસ રૂચૈ સિર દે સો લે જાય.

જેવું પ્રેમનું તેવું જ સંસ્કારનું, કલાકારો લેખકો સંગીતકારો ચિત્રકારો સંસ્કારસ્વામીઓ જોયાં છે. આપણા સમાજમાં વીરલાઓ સંસ્કારસ્વામી છે – પણ પ્રજામાં એ સંસ્કાર ઝમ્યા હોય તેની ભીની ઉર્વર ભૂમિમાં તેનાં મૂળિયાં ગયાં હોત તે તો તેથીય વિરલ. એક બે પ્રસંગોએ તેની ઝાંખી થયેલી. મરાઠી બંગાળી અને ઈટાલિયન પ્રજાની સંસ્કારિતા ક્યાં છે તેના નવાણ મળેલાં.

વીસેક વરસ પહેલાં મેં. એસ. સી.ની સ્ટડી ટૂરમાં દાર્જીલીંગ જવાનું થયેલું. રાત આખી જલપાઈગુરી ઉજાગર્યો કર્યા પછી સવારે દાર્જીલીંગની મીનીટ્રેઈનમાં માંડ બેસવાનું મળેલું. શરદના તીખા તડકામાં વાતાવરણમાં બાફ બાફ બાફ. સીલીગુરી આવ્યું ને મને માંડ માંડ ગોઠવાયેલાં તે ડબ્બામાં તોફાની જંગલી છોકરાઓનું એક ટોળું મારા-મારી દાદાગીરી કરી ચડી ગયેલું. બોલચાલની કડકાઈ દાદાગીરી તેમના વેશથી તો અસભ્ય કૉલેજીયન ગુંડા જ લાગે. બંગાળીમાં વાતો કરતાં જાય, ઠોંસા મારતા અચાનક ખડખડાટ હસતાં સિગારેટો ફૂંકાતાં જાય. તેમના અસભ્ય વર્તનથી અમે અકળાઈ ઊઠેલા. ટ્રેઈન નાનાં નાનાં સ્ટેશન પર ઊભી રહે ‘ધડાધડ નીચે ઊતરી લટાર લગાવતા ટોળટપ્પા મારતાં જાય. ધીમે ધીમે સર્પિલ પાટા પર ટ્રેઈન પર્વતીય પ્રદેશોની ખીણોમાંથી વળાંકો લેતી ડુંગરની કેડે ચડતી જાય. ઓચિંતું જ નમતી બપોરે વાદળા ચડી આવ્યા. આછું રહસ્યમય અંધારું અને સામે બારીની બહાર જ સ્વપ્નિલ વાતાવરણ. ઘેરા વાદળોથી

ઘૂસર પર્વતોનાં ઢોળાવો", નીલ વાદળો ઉપર એથીય ગાઢાં નીલાં વાદળો, અને ઠંડી ભીની સુગંધ. બારણાં પાસે ઊભા રહેલા એક છોકરાંએ રવીન્દ્રનાથનું કોઈ વર્ષાગીત આરંભ્યું. ધીરે ધીરે એક બે પછી બધાં એ ગીત ઝીલી લીધું. તેમના મંદ્ર ઘેરા ગળામાંથી રવીન્દ્રનાથના ગીતના ભાવની કુમાશ નીકળવા લાગી. એ પછી બીજું ગીત ઉપાડ્યું. બહાર વરસાદની ધારસાર ધારા, લીલાં દદડતાં પર્વતો, ઠંડી હવાના સૂસવાટા અને એ ઉપર ગાન. ગાન નહીં પણ સમૂહગાન. એક પણ છોકરો એવો નહોતો જેને તે ગીતો ન આવડતાં હોય કે સાથ ન પૂરાવ્યો હોય. આ એ જ મૃદુ ભાવુક સ્વપ્નિલ છોકરાંઓ જે હમણાં જ દાદાગીરી કરીને ચડ્યા હતા ? સાચું બંગાળ તે આ જ ?

અમદાવાદમાં હમણાં જ બે બંગાળી સજ્જનો સાથે ઓળખાણ થઈ છે. અમદાવાદ એ.જી. ઑફિસના એકાઉન્ટન્ટ જનરલ પ્રણવ મુખજી પહેલાં રાજકોટ હતા તેથી રાજકોટના મિત્રો પાસેથી તેમની સુવાસ પહોંચી. એકવાર મેં સામેથી ફોન કર્યો. ફોનમાં કહ્યું કે રાજકોટના મિત્રો પાસેથી તમારી વાતો ઘણીવાર સાંભળી છે. તમને મળવાનું મન છે. હું તમને ઓળખાતો નથી પણ લાગે છે કે તમારી સાથે મજા આવશે. અને જ્યાં મળવાની કે પરિચય વધારવાની ઇચ્છા હોય ત્યાં કોઈ નિમિત્તની હું રાહ જોતો નથી. તેની શરમ કે નાનપ પણ નથી લાગતી. વાતવાતમાં મારા બંગાળી રસની વાત કરી જીવનાનંદદાસની એક આખી પંક્તિ બંગાળીમાં બોલ્યો. તેઓ તો ચકિત. કહે આજે જ મળીએ. મોડી સાંજે ઘરે ગયો ત્યારે તેઓ ઘરે જ હતા. અમદાવાદના મ્યુનિસિપલ કમિશ્નર શ્રી ઘોષને મળવાનો તેમનો રોજિંદો ક્રમ, તેમણે મારે માટે તોડ્યો. સહજ સરળ ઋજુ અને શાલીન સદ્દગૃહસ્થ. તેમનાં નાનાં નાનાં દીકરો દીકરી સાથે ભાંગ્યા તૂટ્યાં બેચાર બંગાળી વાક્યો બોલ્યો તો ખુશ ખુશ. ચા નાસ્તા અને વાતો વચ્ચે કમિશ્નર ઘોષ સાહેબ જ સામેથી મળવા આવ્યા. મારી ઓળખાણ કરાવી. થોડો થોડો ખૂલવા લાગેલો હું ફરી અતડો થઈ ગયો. મારી સાથેની દરમ્યાન તેઓ બંને તેમણે સાંભળેલી શાસ્ત્રીય સંગીતની નવી કૅસેટોની વાતો કરતા જાય અને મ્યુઝિકના એસ્થેટીક્સ પરના પુસ્તકોની ચર્ચા કરતાં જાય. મુખજી સાહેબનો બાવીસ પચ્ચીસ વરસનો નાનો ભાઈ રવીન્દ્ર સંગીત જાણે છે તેવી વાત નીકળી તો મેં મને ખૂબ ગમતું રવીન્દ્ર સંગીતનું ગીત 'તોમાર હોલો શુરુ આમાર હોલો સારા' ગાવાનો આગ્રહ કર્યો. છોકરો શરમાયો. હું જેમ જેમ આગ્રહ કરતો જાઉં તેમ તેમ તે શરમાતો જાય. ત્યાં તો ઓચિંતું જ કમિશ્નરે ઘોષ સાહેબે તે ગીત

ધીમા સૂરમાં શરૂ કર્યું. માત્ર ગણગણ્યું નહીં પણ આખું ગાયું. તેમને આવડે છે તે મને ખબર નહોતી અને નહોતું કહ્યું છતાં તેમણે ગાયું. મને લાગ્યું કે મારા માટે જ ગાયું. આપણા કયા આઈ. એ. એસ. ઑફિસરને નરસિંહનું સુંદરમનું ગીત આવડે ?

એકાદ વરસ પહેલાં સિમલા ઑફિસની ટ્રેઈનિંગ અર્થે અઠવાડિયું રહેલો. સિમલાથી દૂર શાંત રમણીય સ્થળે હિમાચલ પ્રદેશ સરકારનીને એક ઇન્સ્ટિટયુટમાં ટ્રેઈનિંગ અને ત્યાં જ રહેવાનું. રોજ સાંજે ટ્રેઈનિંગ પતે એટલે લોકલ બસ પકડી બધાં સિમલા ભેગાં. એક સાંજે હું પણ સિમલા પહોંચ્યો. ઇન્સ્ટિટયુટના ઢોળાવોના પગથિયાં ચડી ઊતરી અને સિમલાની લૉઅર બજાર જોતાં જોતાં થાકીને લોથ પોઠ. ઢોળાવવાળા રસ્તાઓ ચડી ઉપર માલ રોડ પર જવાની શક્તિ નહોતી તેથી લિફ્ટમાં ઉપર જવાની વિચાર્યું. સિમલામાં ચાલીને ન જવું હોય તો લીફ્ટમાં ઉપર બેસી જલ્દી ઉપર માલ રોડ પર પહોંચી શકાય. સહેલાણીઓની સિઝન એટલે ટિકિટ માટે લાંબી લાઈન હતી. હું લાઈનમાં જોડવાનો વિચાર કરું ત્યાં તો બે યુરોપિયનોને લોકલ ટેક્સીવાળા સાથે કશીક વાતો કરતાં જોયાં. મારુતિ જિપ્સીના સ્ટીયરીંગ લોકની ચાવી ક્યાંક રસ્તામાં પડી ગયેલી. તેમણે તેની બીજી ગાડીઓની ચાવી લગાડી જોઈ પણ લોક ખુલ્યું નહીં. એ બંને ઈટાલિયન હતા અને હોર્ટીકલ્ચરીસ્ટ હતા. ઈન્ડો-ઈટાલિયન પ્રોજેક્ટસ માટે આવેલા. મનાલીમાં તેમનું રીસર્ચ ફાર્મ હતું. તેમને રાત પહેલાં મનાલી પહોંચવાની ઉતાવળ હતી. રાત પડવા આવી હોવાથી અને ચાવી ન મળવાથી વ્યગ્ર અને ટેન્શનમાં હતા. તેમની ઇચ્છા હતી કે જો કોઈ ડુપ્લીકેટ 'કી' જલ્દી બનાવી આપે તો જલ્દી નીકળી સમયસર મનાલી પહોંચી શકે. લોકલ માણસો તેમનું ભાગ્યું તૂટ્યું ઈટાલિયન ઇંગ્લીશ સમજે નહીં. આસપાસ બે-ચાર ટેક્સી ડ્રાઈવરો ભેગા થઈ ગયેલાં. મને થયું મારે દુભાષિયા બનવું પડશે. તેમની વચ્ચે થોડી મથામણ પછી હું વચ્ચે આવ્યો. મેં તેમની વાત સમજી ત્યાંનાં માણસોને હિંદીમાં સમજાવી. એ લોકો કહે આજે તો રવિવાર તેથી દુકાનો બંધ. પણ ચાવી બનાવનારો દૂર રહે છે. મેં ઈટાલિયનોને કહ્યું તો તેઓ કહે ટેક્સી ગમે તેટલા પૈસા થાય કોઈ ટેક્સીમાં જઈ તેને બોલાવો. તેમણે સો-સોની નોટો તેમના હાથમાં પકડાવી, માણસોને ચાવી બનાવનારાને લેવા મોકલ્યા. મારી મધ્યસ્થીથી તેમનો કૉમ્યુનિકેશનનો પ્રોબલેમ સરળ થઈ ગયેલો. મારો આભાર માન્યો. બેમાંથી એક કંડારેલા રતાશ પડતા ચહેરા પર રતુંમડી દાઢી વાળો ઈટાલિયન તો જાણે ડેવિડ કે એપોલોની મૂર્તિ. તે જરા

ઓછો બોલોને શાંત હતો. બીજો ભરાવદાર ચહેરાવાળો હૃષ્ટપુષ્ટ શરીરવાળો આનંદી હતો. કોઈ પબના માલિક જેવો લાગે. ચાવીનો પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે તે આશાએ હળવા થઈ ગયાં હતા. મેં વાતોડિયા ઈટાલિયન પાસે ઇટાલી, દાંતે, વજીલ, લિયોનાર્દો, પીઝાનો ઢળતો ટાવર, બોત્તીચેલી, ગેલિલિયો, પિરાન્દેલોની વાતો કરી તો ધીમે ધીમે ખૂલવા ભળવા લાગ્યો. ઈટાલિયન કવિતાની એકમાત્ર આવડતી ઊંગારેત્તીની એક પંક્તિ “Millumion de immenso’ (I food my self with light of the immense – હું ભૂમાથી મને ભાસ્વત કરું છું.) ઈટાલિયનમાં જ બોલ્યો. હું બોલ્યો ને જાણે ઝળાહળાં થઈ ગયું. એ પંક્તિના પ્રકાશમાં અમે મળ્યા. તે આભો બનીને જોઈ રહ્યો. મારે ઉપર જવાનું મોડું થતું હતું તેથી મેં રજા માગી, તો કહે રહેવાનો હો અને મનાલી આવવાનો હોય તો તો તું અમારો ગેસ્ટ. રીસર્ચ ફાર્મ મજાનું છે – તને ગમશે. સરનામું અને નામની આપ લે કર્યા પછી અમે ભેટીને છૂટા પડ્યા. ઉંગારેત્તીની એક પંક્તિએ તેમને ઉઘાડી આપ્યા. એક અજાણ્યો પરિચિત થઈને ગયો. કૃતાર્થતાથી મેં રવીન્દ્રનાથની પંક્તિ મનોમન યાદ કરી ‘કત અજાનેર જાનઈલો તુમિ’ – કેટલાં અજાણ્યાને તેં ઓળખાવ્યા !

સંગીત સાંભળતો હોઉં છું ત્યારે અચાનક અનુપ યાદ આવે છે, અનુપ માંડકે. એકાકી પ્રેમાળ પણ અતડો. ધીમું અને ઓછું બોલે. શોખ તો કહે સંગીત અને શાંતિ. પોર્ચની પગથી પર કલાકો સુધી સંગીત સાંભળતો બેઠો રહે. કસાયેલા મરાઠા બીલ્ટ શરીર પર એક ગંભીર શાંતિ. એટલો શાંત ને ઓછા બોલો કે તેની સાથે શું વાત કરવી તે સમજાય નહીં. થોડાં જ પરિચયે તેની શાંતિ ને મૌનનો સંવાદ હું સમજતો થયો. એ દિવસોમાં રેકૉર્ડપ્લેયર ઘેર ઘેર ન હતા. મને તે સંગીત સંભાળવા તેના ઘરે બોલાવે. એક પછી એક રેકર્ડ મૂકતો જાય. મુગલે આઝમ, જગજીત-ચિત્રાની ગઝલો, નિખિલ બેનર્જી, ભીમસેન જોષી.... વચ્ચે કોઈ વાત નહીં. હા વચ્ચે વચ્ચે તેની બહેન કે ભાભી ચા, પાણી કે નાસ્તો હળવેકથી મૂકી જાય. સંગીત સંભળાતા હોઈએ એટલો સમય બધાં શાંત. રસોડામાં અવાજ પણ નહીંવત. કોઈને વાત કરવાની જરૂર પડે તો નજીક જઈ ધીમેથી વાત કરે. આખું ઘર કામ કરતાં કરતાં સંગીત સાંભળે – તેની અદબ જાળવે. ઘરમાં બાળક સૂતું હોય ત્યારે ધીમા હળવા અવાજે થતી વાતો જેવો આછો અવાજ ક્યારેક સંભળાય. ઘરમાં બુસોનના હાયકુમાં ઘંટ પર બેઠેલા પતંગિયા જેવી પવિત્ર

શાંતિ. સંગીતમાં શાંતિ છે તે ત્યાં સમજાયું. સંગીત માટેનું માન અને પ્રેમ ત્યાં જોયા. આજે પણ નિખિલ બેનજીનો 'મેઘ' સાંભળું ત્યારે હું જોઉં છું કે હું અને માંડકે સામ સામે આરામ ખુરશીમાં બેઠાં બેઠાં ગાઢી થતી જતી સાંજે શાંત મૌન થઈ 'મેઘ' સાંભળી રહ્યા છીએ.

# ૩૧ - ગદ્ય સ્થપતિ ઢાંકીસાહેબ

ઢાંકી સાહેબ ગામ હોય ત્યારે રોજ રોટલી ખાતા હોઈએ પણ કોઈ દિવસ ભાવતું ભોજન મિષ્ટાન્ન મળે તેવું લાગે. મિષ્ટાન્ન મિષ્ટ તો ખરું જ પણ પૌષ્ટિક પણ. કહે છે કે ગુરુદત્તાત્રયને ઘણા ગુરુઓ હતા એ અર્થમાં તેઓ મારા ગુરુ છે પણ ગુરુ અને શિષ્યનો જે પ્રાચીન સંદર્ભ છે તે અર્થમાં નહીં. કારણ કે તેમનું શિષ્યત્વ ગ્રહણ કરી તેમના જ્ઞાનને પામી તેમના ક્ષેત્રમાં આગળ વધતો નથી. તે ત્રેવડ પણ નથી. પણ તેમની જ્ઞાનસરિતાને તીરે બેસી જે કાંઈ ચાંગળું ઝીલાય છે તેનો લાભ અવશ્ય લઉં છું.

ઢાંકી સાહેબને ગુજરાતમાં પ્રાચ્યવિદ્યાના તેમના ક્ષેત્રના ગણતર માણસો અને તેમના સગાસ્નેહીઓ સિવાય વધારે માણસો ઓળખતા નથી. ઓળખવા જેવા છે. જાણવા જેવા છે. દેશ વિદેશમાં તો તેમને ઘણા જાણે છે. ગુજરાતને કોઈએ ગાંડી ગુજરાત અમસ્તી જ થોડી કહી છે. એ ગાંડી એટલા માટે છે કે તેના રતનની વાત તો જવા દઈએ પણ તે પોતાને જ ક્યાં પૂરેપૂરી ઓળખે છે.

હા, તો હું વાત કરતો હતો ઢાંકી સહેબની, મધૂસુદન ઢાંકીની. ભારતના જ નહીં પણ વિશ્વના એક પ્રખર પુરાતત્વવિદ પ્રાચ્ય વિદ્યાવિદ. મૂળે અભ્યાસ જીયોલૉજી-ભૂસ્તરશાસ્ત્રનો.. તેમાંથી રસવહેણમાં હોર્ટીકલ્ચરીસ્ટ થયા. પણ અંદરથી કશુંક બોલાવ્યા કરતું સૌરાષ્ટ્રના પ્રાચીન ખંડેરો ભણી. પછી તો તે રસ પ્રાધનપણે ઉઘડ્યો. રસ રુચિ વાંચન શોધકામ ને ખોદકામ. રાજકોટ જામનગરના મ્યુઝિયમના ક્યુરેટર થયા ત્યાંથી વળી અમદાવાદમાં પુરાતત્વખાતામાં આવ્યા. આપણા રતનનું જતન આપણે ન કરી શક્યા તે તેમને બનારસ સ્થાયી થવાનો યોગ થયો. વરસોથી અમેરિકન ઇન્સ્ટીટ્યુટ

ઑફ ઇન્ડીયન સ્ટડીઝ એસોસીયટ ડાયરેક્ટર છે. અને ભારતીય મંદિર સ્થાપત્ય ગ્રંથમાળાના પ્રધાન સંપાદક. વારાણસી ગયા પછી તો અનેક રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય મેગેઝીનોમાં તેમના લેખો આવ્યા છે. આપણી પ્રાચીન સ્થાપત્ય કળા વિશે અનેક કૉન્ફરન્સમાં તેઓ પ્રાચીન યુગના અર્વાચિન પ્રતિનિધિ બન્યા છે. તેમના ક્ષેત્રમાં તેમનું કામ છે નામ છે.

મારી એક 'અશ્વત્થામા' કવિતામાં હું તેમને મળ્યો તેના પંદરેક વરસ પહેલાં જ પાત્ર તરીકે ટપકી પડેલા. અમદાવદ અવારનવાર આવે. દોઢ બે વરસ પહેલાં રેડિયો પર તેની લાંબી આર્કાઈલ હેતુ માટેની મુલાકાત લેવા માટે આગ્રહ કર્યો. મારા આગ્રહ કરતાં તો તે આજીજી જ હતી. તેમણે નિઃસ્પૃહ ભાવે વાતને ટાળી. વધુ આગ્રહ કરવાથી તેમણે મને ટાળવા સિફતથી એક ડુંગરો વચ્ચે મુક્યો. મને કહે "મારો ઇન્ટર્વ્યુ બીજા તો કોણ લે ! હા ભાયાણી સાહેબ મારા ક્ષેત્રને, મારા બીજા રસ રૂચિ અને કામને જાણે, જો તે ઇન્ટર્વ્યુ લે તો મને વાંધો નથી." તેમને એમ કે તેમના ઇન્ટર્વ્યુ માટે આ છોકરો ભાયાણી સાહેબને વળી ક્યાં વાત કરશે ! ભાયાણી સાહેબ તેમના કરતાં ઉંમરમાં દસ બાર વરસ મોટાં અને તેમના વિષયના પ્રકાંડ પંડિત. પણ મને વિશ્વાસ કે સારા કામમાં ભાયાણી સાહેબ સ્થાન, ઉંમર જુવે નહીં. ભાયાણી સાહેબે તરત કહ્યું કે 'હા, તારી Conspiracyમાં મારો સાથ છે. આપણે ઇન્ટર્વ્યુ લઈએ.' મેં કહ્યું 'ઢાંકી સાહેબને તમને કહેતા સંકોચ થતો હતો કે તમારા જેવા વિદ્વાનને ઇન્ટર્વ્યુ લેવા માટે શરમમાં ન નખાય.' ભાયાણી સાહેબે સ્પોર્ટસમેન સ્પીરીટથી જવાબ ફટકાર્યો કે 'તેમના ક્ષેત્રમાં તેઓ વિદ્વાન છે.' આમ તેમનો અઢી ત્રણ કલાક લાંબો ઇન્ટર્વ્યુ થયો. સાંભળવાની મજા પડેલી. જોકે એ ઔપચારિક મુલાકાતમાં તો જેટલું સંઘરાયું તેના કરતાં અનેક ગણું તેમની સાથેની અનૌપચારિક બેઠકોમાં વહેતું જાય. ક્યાં કેટલું પકડવા બેસો ! વાતોના માણસ. વાતો કાઢતાં જાય. વાતો નીકળતી જાય. વાતો પણ કેટલી વિવિધરંગી, તેમની અનેકવિધ પ્રશિષ્ટ કલાસિક રુચિની દ્યોતક. વાતો નીકળે મંદિર, કેથેડ્રલ, મસ્જિદમાં સ્થાપત્યની. એ સ્થાપત્ય થકી તેમાં વ્યક્ત થતી ઈશ્વરની વિભાવનાની ઈલોરાની ગુફામાં કિરાતવેશી ભવાનીની, અજંતાની ગુફામાં પ્રશમરસદિપ્ત ચિત્રોની, ભક્તામર સ્ત્રોત્રના વસંતતિલકાના લય હિલ્લોલની, માલકૌંસના શૈવ રૌદ્ર સ્વરૂપની હલકદાર ઠુમરીની, તેમણે પાળેલા મોરના બચ્ચાના આંખના ભાવની, ફોટોંસ્ફીયર ફોનોસ્ફિયર અને જીનેટિક્સની. ચકાચૌંધ અંગ્રેજી,

હલકદાર કાઠીયાવાડી વચ્ચે વચ્ચે ઘૂસી જતા હિંદી શબ્દો. રાગદારીના સૂરીલા નમૂના, ફ્રેંચ અંગ્રેજીના મિમિક્રી એ બધું તેમાં ગુંથાતું આવે.

તેઓ અમદાવાદ હતા ત્યારે બચુભાઈ રાવતે કલાપારખુ પારેખ થઈ તેમનું અને તેમની કલમનું મોલ પિછાણેલું ને તેમની પાસે કુમારમાં સ્થાપત્ય કલા પર સંગીતકારો પર કેટલાંય લેખો લખાવેલા. તે લેખો પણ સ્થાપત્ય જેવા જ પ્રશિષ્ટ કંડારેલી ભાષામાં લખાયેલા. ગુજરાતી ગદ્યની એક વિશિષ્ટ શૈલી તેમણે તેમના લેખોમાં ઊભી કરેલી. જુઓ ૧૯૭૯ના કુમારમાં પ્રગટ થયેલ 'ગુપ્તકાળના શોભાંકનો'માંથી એક નમૂનો :

'ગુપ્ત શોભનોના વળાંકોઓના ચારુચલન, તેના પિંડમાં દેખાતા સૂક્ષ્માતિસૂક્ષ્મ દળ-વિદળ નિપજાવતા, મુલાયમ સ્પર્શ-અનુસ્પર્શ, ને સ્વચ્છ તથા ઊંડા તાકાત ભર્યા ઉતાર-ચડાવ, તેમાં પ્રતિચ્છન્ન રહેલાં બબ્બે, ત્રણ અને કેટલીકવાર તો ચારે પરિમાણો અને એનાં લાલિત્યભર્યા અંદાજ તેમજ ઉપસાવ ઉપાડ ને તે સૌ ઉપરવટ પ્રસ્તુત અલંકારોના અંતરંગમાંથી છલછલ ઊભરાતા રસના બહેલાવ ફેલાવ સામે મધ્યકાળના આકર્ષક છતાં થાકેલ-ઉતારેલ જણાતાં શોભનો ઊભા રહી શકે તેમ નથી. ને આજે તો એ બંને વચ્ચે ધોડદોડ કરવાથી કોઈ અર્થ સરે તેમ નથી.'

આ એક જ લેખમાં પ્રશિષ્ટ સંસ્કૃત શબ્દો સાથે મોકળાશ, નોખાનોખા જેવા કાઠીયાવાડી શબ્દો અને તાજગી, નુસખા, કસીદા, ખૂબસૂરત, ગહેરાઈ જેવા ઉર્દુછાંટવાળા શબ્દો પણ સહજ રીતે ભળી ગયા છે, અને સંગીતની પરિભાષા બહેલાવ-ફેલાવ ઉપાડ જેવા શબ્દોના ઉપયોગથી શિલ્પોને લયાન્વિત જીવંતતા પણ આપી.

૧૯૭૨માં સુરેશ જોષી સંપાદિત 'ઉહાપોહ'નો એક આખો ૩૨ પાનાનો અંક કર્ણાટકી અને હિંદુસ્તાનની સંગીતની રસકીય ખૂબીઓ, વિશેષતા અને મર્યાદાઓ બતાવતો તુલનાત્મક લેખ 'આગિયો અને સુવર્ણભ્રમર'નો હતો. સંગીત જેવી અમૂર્ત કલા વિશે લખતતાં લખતાં જુઓ તેમના ગદ્યનું અપૂર્વ ચલન.

'દ્રાવિડી સંગીતની કેટલીક ચમત્કારપૂર્ણ અસરો કમ્પાયમાન બનતા સ્વરમાંથી જ ઉદ્દભવે છે. કર્ણાટકી સંગીતનો લોકિત-આંદોલિત સ્વર વિશિષ્ટ શક્તિથી સમૃદ્ધ બને

છે. તે મુખ્ય સ્વરો વચ્ચે પડેલા અદીઠ અગાધ પ્રદેશમાં પ્રવેશી તેમાં રહેલી સૂક્ષ્મ આંતર-શ્રુતિઓને સ્પર્શી વિવિધ કાકુસ્વરોને જન્મ આપે છે. એથી મૂલસ્વરો સહસા જ્યોર્તિમય થઈ ઝાગી ઊઠે છે.'.... 'આલાપચારીમાં કમ્પિતનાદ જે પળે કમ્પ છોડી સંસ્થિર બ ને છે તે પળે તેમાંથી શંખનાદશી સઘન નિનાદની નિષ્પતિ થતી અનુભવાય છે તો બીજી જ ક્ષણે સ્વર પટલને ભેદીને સ્વર-સ્વ શ્રુત્યંતરને પેલે પાર રહેલા સંગીતના ચોથા પરિમાણમાં પ્રવેશી જાય છે. તે ધન્ય પળે ગાનના વિવારમાં દિવ્યતા અવરતરતી હોવાનો સહસા અનુભવ થાય છે.'

હિંદુસ્તાની સ્વરો વિશે તેઓ કહે છે :
'અહીં સ્વરો માધુરીમંડિત, પ્રશાંત, ઊર્મિશીલ અને ઘનાકાર, ઘડીકમાં અરસપરસ જોડાતા તો ઘડીક એકરૂપ થઈ જતા પણ અંતે તો એ પ્રવાહરૂપે વહેતા અને એથી કર્ણાટકી સંગીતને મુકાબલે સવિશેષ સંયોજિત-અવયવિત અને એકરસ જણાય છે.... ભેદ યોગી અને ભક્તજન વચ્ચે હોય તેટલો છે; જો કે બન્ને પોતપોતાના આગવા અભિગમથી અન્તે તો એક જ તથ્યને, અંતિમ યથાર્થતાને આંબાવા પ્રત્યન કરે છે, આંબી જાય છે.'

તેમણે લખેલા 'ભારતીય દુર્ગ વિધાન' પુસ્તકમાં દુર્ગલક્ષણને વ્યંજિત કરતી તેમની ભાષો –

'ગિરિદુર્ગ, જલદુર્ગ અને રણદુર્ગ એમનાં રોમાંચક પરિમંડલને આશ્રયે, પ્રભાવે રમણીય જરૂર બની ઊઠે છે; પણ ત્યાંયે દુર્ગનો બાંધો, પ્રોન્નત, બળ અને દ્રઢતાની પ્રતીતિ કરાવનાર અને તેના પાસાં પડખલાં અને કોઠીઓનો લીલા વિલાસ, છન્દોલય રચી દેતાં ચોકોરના ભંગ, પ્રતિભંગ પણ વૈવિધ્યપૂર્ણ ચારિચારુ હોય. એની ઊંચાઈ ચોડાઈ, બુરજોના ઢાળ અને કોઠી પરના કાંગરાઓનાં છાયાચિત્રોના ખેલ-પ્રતિખેલ આમોદકારી હોય તો જ તે પરિસરની ભૂ-લીલા તેમજ વ્યોમરેખાના લયમાં એકરસ થઈ સ્વત્વ નિજાકાર ખોઈ બેઠા સિવાય એકકાર બની – અનોખી ચિત્રાત્મકતા પ્રગટાવી શકે છે.'

દુ:ખની વાત છે કે ઢાંકીસાહેબ હવે ગુજરાતીમાં લખતા નથી અને છપાયેલાં લેખો પણ વેરવિખર પડ્યા છે. એ લેખો ગ્રંથસ્થ થાય તો તે વિષયના જ્ઞાન સાથે શૈલિનો પણ સ્વાદ

આપણને જરૂર મળે. આવા માણસો પ્રાચીન સ્થાપત્ય જેવા હોય છે. તેમને જાણવા જ નહીં, જાળવવા જોઈએ. એમના માટે નહીં પણ આપણા સ્વાર્થ માટે કે જેથી આપણે થોડો વધુ તેમાં રહી શકીએ.

# ૩૨ - આંખો પર પંખીઓની પાંખો

રાજકોટ પર જે સાંજ તોળાયેલી લાગતી તે અહીં ગામથી દૂર છેક છેવાડે ખીલી છે. સાંજનો રતુંમડો સૂરજ મુંજકાની ટેકરીઓની ટોચને અડ્યો છે. તેના 'મિડાસ ટચ'થી બધું રંતુમડું પીળું ચળકવા લાગ્યું છે – સુક્કું ઘાસ, કરકરો પથ્થર, વાંકીચુંકી કેડી, ખેડૂતનું પીળું કેડિયું બધું. બારીમાંથી જ ટેકરીઓ દેખાય છે. શરીર ઘરમાં હોય ત્યારે બારી ખોલી મનને પેલી પરિચિત ટેકરીઓ પર મોકલી દઉં છું. મને ખબર છે ટેકરીઓની પાછળ ખુલ્લું ઘાસનું બીડ છે છતાં એમ થાય છે કે પેલી ટેકરીઓની પેલી મેર શું હશે ? પીએચ. ડી. કરતો ત્યારે ત્યાં મિત્રો સાથે અને એકલો જઈ પણ આવ્યો છું છતાં આ ક્ષણ સુધી એ કૂતૂહલ ગયું નથી, ટેકરીઓની રહસ્યમયતા ગઈ નથી.

અત્યારે સાંજે વીજળીના તાર પર બેચાર પતરંગા આમથી તેમ ઊડ્યા કરે છે. અમદાવાદમાં દસેક વરસમાં આ પતરંગાને જોયા નથી. હવામાંથી તેમની સહેક વાંકી લાંબી ચાંચ વડે ઊડતાં ઊડતાં જ ઊડતાં જીવાડાનો શિકાર કરતાં એ પતરંગા અત્યારે તો બે આ જ તરફ મોં રાખીને ચાર તે તરફ પૂંછડી રાખીને હવામાં ઊડતાં, તાર પર બેસતાં. જાતજાતનાં કંપોઝિશન્સ બનાવ્યા કરે છે. પાતળું પોપટી રંગનું નાજુક શરીર, પાછળ પાતળી એરિયલ જેવી પૂંછડી અને નિરાંતનું તો નામ જ નહીં. તેમની ચપળ ઊંચી નીચી ત્રાસી ઊડાનો જોવી એ એક લહાવો છે. ધીરે ધીરે સાંજના ગાઢા થતા જતા અંધકારમાં દૂરની ટેકરી અને તેના પરનું આકાશ લગભગ એકબીજામાં ભળી જાય છે અને પતરંગાના પોપટી રંગોમાં કાળાશ ભળવા લાગે છે અને પછી તો માત્ર તેના તીણા અવાજથી જ ઓળખાય છે. સાંજના આ સમયે ચપળ ફર ફર પતંગિયા જેમ

અરવ ઊડતા ચામાચીડિયા જેવા લાગતા અબાબીલોએ ઊડવાનું શરૂ કરી દીધું છે. તેમનો Blakish Blue – શ્યામ નીલ રંગ સૂરજના ઢળતા પ્રકાશમાં ચળકે છે. પાસેના અને સામેના ખુલ્લા મેદાનની કાળી જમીન વધુ કાળી થઈ છે. ઝાંખા પ્રકાશમાં પાતળી ટીટોડીની આંખ પાસેની સફેદ પીર દેખાય છે. આમ તેમ ચારે તરફ જોઈ એક નવી નવી જુવાન થયેલી છોકરીની જેમ ખોટી સભાન થતી, જાણે જગત આખું તેની સામે જ જુવે છે તેવો ડોળ કરતી ટીટોડી લાંબા લાંબા પગથી દડ બડ દડ બે ડગલાં ચાલી ફરી ચારે તરફ જોઈ એકાદ ક્ષણના અંતરાલમાં ચાંચ જમીનમાં મારી ફરી નફ્ફટ શરમાતી બે ચાર ડગલાં દોડ્યા કરે છે. પછી રાત્રે આવશે રાજ ચીબરીઓનું. અચાનક જ બહાર બે ચાર ચીબરીઓ ઝગડી પડે છે ને તેમનો તીણો ચુંથાતો પીંખાતો અવાજ ઘરમાં આવે છે. મોડી રાત્રે બહારથી આવું છું કે મોડી રાતે બારણું ખોલી બાલ્કનીમાં બહાર ઊભો રહું છું ત્યારે તેનું પ્રત્યક્ષ દર્શન પામી શકું છું. ચપટી ચાંચવાળી ચીબી ચીબરીનો વરવો વિરૂપ ચહેરો સાચ્ચે જ બિહામણો લાગે છે. હું તેની તરફ જોઉં છું તો માથું અને આખું શરીર થોડું ઊંચું નીચું કરી મારા પર ત્રાટક કરવા માગતી હોય કે ત્રાટકવા માગતી હોય તેમ મને બીવરાવે છે.

હવે રાત પડી છે. ચકલાંઓ ઝાડ પર અને કબૂતરો બારીની પગથી છજાં પર બેસી ગયાં છે – તમે હળવેકથી તેમની પાસે જઈ તેમનો વિશ્વાસઘાત કરી તેમણે પકડી શકો. ક્યાંયથી કોઈ આવાજ આવતો નથી સિવાય કે ટેબલ પાછળ કે પલંગ નીચે ભરાઈને અવાજ કર્યા કરતી કંસારીઓનો. એ અવાજ તો રાત્રિની શાંત નિર્જન નીરવતાનો અવાજ છે. તે અવાજ રાત સાથે એટલો તો ભળી ગયો છે કે રાતથી જુદો નથી પડતો અને અચાનક.... અચાનક જ મને દૂરથી તરતો તરતો આવતો કુંજડીઓનો ક્ષીણ અવાજ સંભળાય છે. એ અવાજ ધીમે ધીમે મેગ્નીફાઈ થઈ નજીક આવતો જાય છે – અવાજ જાણે દૂરથી હલેસાં મારી આગળ ન ધપતો હોય ! હવે કુંજડિયો તરંગિત ‘V’ આકારની પંક્તિ દેખાય છે. દેખાય છે એટલે કે આકાશઅંધારમાં કળાય છે. આ કુંજ પક્ષીને આપણે લાડમાં કુંજડી કહ્યું ને છતાં આપણા લાડ અધૂરાં રહ્યા હોય તેમ વળી લોકગીતમાં તે ‘કુંજલડી’ કહી વારી ગયા. “કુંજલડી રે સંદેશો મારો જઈને વાલમજીને કે’જો જીરે.” આકાશમાં કેં કેંનો ધ્વનિ કરતી કુંજડીઓ ફરફરતી ધજા જેમ ઊડતી ઊડતી દૂર ચાલી ગઈ. ફોકસમાં આવેલો એનો અવાજ ધીમે ધીરે ઘૂસર થઈ અવકાશમાં

ભળી ગયો અને અચાનક જ ફોકસમાં આવ્યા પક્ષીદર્શનના શોખના એ પંદર વરસ પહેલાના આરંભના દિવસો.

જસદણ પાસે હીંગોળગઢના મોતીસરીના વનમાં સત્તરેક વરસ પહેલાં W.W.F. ના પક્ષીદર્શન – Bird Watching Camp માં શરદઋતુમાં પંદરેક દિવસ રહેવાનું થયેલું. એ દિવસોમાં રાજકોટમાં પક્ષીદર્શનની પ્રવૃત્તિ સારી એવી ચાલતી. દર રવિવારે રાજકોટ આસપાસના લાલપરી સાત હનુમાન ન્યારી, રંઘોળા, ઈશ્વરિયાના તળાવના કિનારે બેચાર સાયકલ સ્કૂટર ને મોટરો પડેલી દેખાય. હાથમાં બાયનોક્યુલરવાળા પણ બે ચાર જણા હોય. માઈગ્રેટરી યાયાવર પક્ષીઓને સ્વચ્છ આકાશ, નીલ નિર્મળ જળમાં જોવાનો આ એક અવસર. હું પણ પક્ષી રસિકોની સાથે જતો થયેલો. પક્ષી પરિચયની બારાખડી ઘુંટતો હતો, અને અચાનક જ હીંગોળગઢમાં જાણે સીધી ચોપડી હાથમાં આવી ગઈ. પક્ષીઓની નામરૂપની સૃષ્ટિમાં ખોવાઈ ગયો. ડૉ. ગોપાલ વ્યાસે મારા પરના વિશ્વાસથી જ સ્વયંસેવક તરીકે મારું નામ લખવી દીધેલું. જાણે આખી પંખી સૃષ્ટિ જાણે મારા હાથમાં મુકી આપી.

રાખોડી લટેરો, નાચતી કુદતી ફૂત્કી, પૂંછડી ઊંચી નીચી હલાવતો દીવાળી ઘોડો, નવી નવી નાચતાં શીખેલી કિશોરી જેવો થનગનતો અંગોને થરકાવતો થરથરો, હૂક હૂક કરી અવાજના ગંભીર મોટા ઘુમ્મટો રચતો ઘેરો બજારિયો, કાગડિયો કુંભાર, બીજા પક્ષીઓના ઈંડા ખાઈ જઈ જંગલમાં તરખાટ મચાવતો ખેરખટ્ટો, પાંખોથી સેલારા મારતી સમળી, પૂંછડીના પીંછાનો પંખો ઉઘાડ બંધ કરતી નાચણ, ટહુકાના ભરત બુટ્ટા ભરતુંનું રૂપાળું દૈયડ. મોડી રાતે ય અચાનક કશીક કસકમાંથી ઊપાડ લેતો બપૈયાનો આર્જવભર્યો ટહૂકો ચાંદનીમાં સ્તબ્ધ જંગલમાં ફેલાય જાય છે.

મને યાદ આવે છે પાણીમાં ચળકતી ચાંદની જેવી તરંગિત જલસપાટી પરથી અચાનક અંદર ડૂબકી દઈ દેતી નાની બતકો. મોટાં પાંદડાઓના વેલાઓ પર ચાલતું જસાના, મોટા નીલમણી જેવી જળકૂકડીઓ, પડછંદ પાંખો સંકેલી જળમાં આમતેમ સહેલગાહ કરતાં પેલીકન, પેલીકનના ચાંચ નીચે લચકતો ત્વચાનો ગલ બે ત્રણ જાતની ટીટોડીઓ, ઊપરથી ઊડતા ટોળેટોળાં વૈયાઓ, ખેતરમાં મોટા ઝુંડમાં ઊભેલો તડકો ખાતા મૂળિયા ખોદતાં ધીમે ધીમે ચાલતાં કુંજડીઓના ટોળાં પાતળી 'V' આકારની પૂંછડી ફરકાવતો

ચપળ ચબરાક કાળિયોકોશી, કાંઠા પરના કાદવમાં પગલાંની છાપની વેલ પાડતાં નાનાં નાનાં પક્ષીઓ, ઊડીને આછા ગાઢા બ્લ્યૂ રંગના લસરકા દોરી જતું ચાષ પક્ષી, નાનકડા હૃદયમાં અદમ્ય ઉત્સાહ ભરી ઝાંખરામાં આ ડાળથી પેલી ડાળ ઊડતી ગાતી ફરતી મુનિયા અને બંટીંગ ચકલીઓ; સાંજની ગાઢી થતી રહસ્યમયતામાં કોઈ અતૃપ્ત આત્મા જેવો હળવો હળવો ફફડાટ વગર રઝળતો ઊડતો દશરથિયાની પાંખોનો સુંવાળો અવાજ, ચીક્ ચીક્ ચરરર્ કરી સાંજના એકાકી, નિરવ અંધકારના પોતને ચીરતો તેનો ચિત્કાર ધ્વનિ મારી નજર સામે તરવરે છે. પક્ષીઓ સાથે આટલો ઘરોબો કેળવ્યા પછી તેમને ભૂલી ગયો નથી. હા હવે પહેલાં જેમ ખાસ પક્ષીદર્શન માટે જતાં તેને બદલે હવે જ્યાં કોઈ જયારે, કોઈ જે કોઈ, પક્ષી દેખાઈ જાય તો તેને સાંભળવા જોવાનું ચુકતો નથી. પક્ષીઓએ તેમના રૂપ, રંગ, અવાજ ઉડ્ડયનથી મને જે આપ્યું તેનું ઋણ હું કેવી રીતે ફેડું ? જો કે તેઓ આને ઋણ ગણતા નથી તે પણ ઋણાનુંબંધન જ ને !

# ૩૩ - એક શેરી જીવે છે મારામાં

જે શેરીમાં અઢાર વરસ સુધી શ્વાસ લીધા છે ત્યાં ફરી જવાનું મન નથી થતું. કિશોરાવસ્થાથી માંડી ભરયૌવનના દિવસોની એ સાક્ષી છે. મારે મારા ભૂતકાળ સાથે કોઈ સંબંધ નથી તેમ નહીં પણ વિગત એ કાળખંડને એ શેરીને યથાતથ વિગતો સાથે મારા સ્મૃતિકોષમાં મેં જતનથી જાળવી રાખી છે. અત્યારે એ જ શેરીમાં હજીય રહેતાં મગનભાઈ, પાર્વતીબેન, જેતુનબેન, મહમદહુસૈન કરતાં વધારે હું એ શેરીમાં રહું છું.

અત્યારે જયારે ફરી એ જ શહેરમાં આવ્યો છું ત્યારે એ શેરીમાં ક્યારેક જઉં છું. ત્યારે ક્ષણ ક્ષણ ફરી અઢાર વરસો કાઢ્યા તે શેરીમાંથી સ્કૂટર પર સડસડાટ પસાર થઈ જઉં છું. પિકચરમાં જેમ એક દ્રશ્યમાં નાયક બાળક હોય અને બીજા દ્રશ્યમાં પાંચ હાથ પૂરો જુવાન થઈ જાય તેવું જ કાંઈક બનતું. કેટલાય લબરમૂછિયા જુવાનોને આધેડ ઉંમરના થઈ ખોંખોં કરતાં ખાંસતા જોયા છે. આ શેરીને છોડીને જાણે મેં તો દ્રોહ કર્યો હોય ને મારી શેરી હવે પરાઈ થઈ ગઈ હોય તેવું લાગ્યું. અને આમેય કોઈકે કહ્યું છે ને કે તમારી શૈશવભૂમિમાં તમારું કાળજું કઠણ હોય તો જ જજો. મન તો ભીખારી થઈ માગ્યા કરશે “પેલો કૂવો લાવો પેલી ડેલી ક્યાં ? ઓલા ઓટલે બેસતી ડોશી ક્યાં ?” કોણ તે બધું પાછું આપી શકે ? જોકે અહીં તો બધું એમનું એમ જ છે. એ જ શેરી એ જ લીમડો, એ જ ઘર, એ જ લોકો. એક હું જ હવે આગંતુક છું.

ધોબી શેરીના ખૂણે વૈદ્યજીએ તેમના હવેલી જેવા ઘરના ઉપરના બે ઓરડા અમને ભાડે આપ્યા છે. ઘર એટલે ખરેખર બંગાળી નવલકથામાં આવતા જમીનદાર જેવું. મહી-મહેમાન સંયુક્ત કુટુંબ, ઘુમટો તાણેલી વહુઆરુઓ, અલ્સેસિયન કુતરાઓ, અગાસીએ

બેઠેલા સફેદ કબૂતરો, નીચે ગમાણમાં ગાયો, શેરી આખીને એકાંતરે વહેંચાતી વલોણાની છાશ, સતત ચાલતી મહેમાનોની આવજા, ઘરમાં ઉછરતાં સગાંવહાલાંના છોકરાં અને સેવકો પણ કેટલી જાતનાં ! ગાયની સેવામાં જ ચાર જણ. ઘાસ લઈને આવે ઘોડાગાડીવાળા ચાચા, ગાયો દોહનારા જુદા, વાસીદુ વાળી છાપરે છાણા થાપનારા માજી જુદા, છાશ વલોવવા, ઘાસ નીરવા અને સવારે ઓગઠ ગાડામાં ભરી જનારા ય જુદા, દવાખાનાના કમ્પાઉન્ડરો, ઘોડા ગાડીવાળા અને બીજા નોકરો તો જુદા, આવા જાહોજલાલીવાળા મોટા મોટા રવેશ અને ઊંચી છતવાળા મોટા ઓરડાવાળા ઘરમાં ભાડે રહ્યો છું. રહ્યો છું ભાડે એક ઘરમાં પણ શેરી આખીની માલીકી ભોગવી છે.

એ રવેશમાંથી પંચનાથ પ્લોટ, રસ્તો, ગરનાળા પરનો પુલ બધું જોયાં કર્યું છે. ઊંચા રવેશમાંથી જોવા છતાં તટસ્થતાનો કોઈ ભાવ ન હતો. હું જ વહેતો હતો તે વહેતી શેરીમાંથી. કેટકેટલું મારા ચિત્તનો જ એકભાગ થઈ ગયું છે. પીપળાના પાન પાછળ ટમટમતા નક્ષત્રો, વહેલી સવારે જોયેલો કોહૂતેક ધૂમકેતૂ, એ વીનું, ફારૂક અને પાર્વતીબેન. વહેલી સવારે જટાશંકર રાવળ તેમની પેટની હરસની તકલીફને લીધે હાથમાં લોટો લઈ મંત્ર ગણગણતા આમથી તેમ ચાલ્યા કરે છે. બાજુના ગામડાથી ખાતરના ગાડાવાળો અમારી ગમાણનો ઓગઠ લેવા અને ઉકરડાનો કચરો લેવા વહેલી સવારે આવ્યો છે. દૂહો લલકારતો પાવડાથી કચરો ઢસરડે છે. કચરો ઢસડવનો એક ધાત્વિક અવાજ સવારની શાંતિમાં ઉઝરડા પડે છે. હળવી હલકે ગાતા ગાડાવાળાની હલકે કિચુડાતું ગાડું દૂર ચાલ્યું જાય છે. રમજાનના મહિનામાં કાળી રાખોડી લુંગી અને ઝબ્બો પહેરેલો, ગળામાં પીળા મણકાની લાંબી માળા, હાથમાં લોબાનનો ધૂપ લઈ એક સૂરીલો ફકીર કુરાનની આયાત પઢતો પઢતો ચાલ્યો જાય છે. તેના સ્વરમાં માગણી નથી. નરી સુખદ વેદના અને આર્જવતા છે. પાછળ જુમા મસ્જીદમાંથી પહેલી બાંગનો અવાજ આવે છે અને મારી સામે જાણે અરબસ્તાનની અફાટતા ખડી થઈ જાય છે. મસ્જીદમાંથી ઊંચી ફૂટી નીકળેલી એક અટૂલી નારિયેળી પણ આ ગીચ વિસ્તારમાં સમુદ્ર, આકાશ અને ક્ષિતિજનો ખ્યાલ જગાવી જાય છે.

દિવસ આખો દારિદ્ર, પીડા, લાચારી અને દુ:ખથી દુણાયેલો ચહેરો સવારે તાંબાના લોટથી જળધારાથી શેરીના પીપળાને પાણી પાતી વખતે દીવો કરી પૂજા નમસ્કાર કરતી

વખતે અપ્રિતમ સુંદર બની જાય છે. ભીતરની સુંદરતા બંધ આંખોમાં ડોકાય છે. આવા અનેક આધેડ, વૃદ્ધ ચહેરાઓ રવેશમાં નીચે બેસીને છનાછાના ચૂપચાપ મન ભરીને જોયા છે. સામે નાનકડા દેશી નળિયાવાળા બેઠાઘાટના મકાનમાં બેચાર ક્રિશ્ચયન પુરુષો રહે છે. નાની મોટી હૉટલોમાં નોકરી કરતાં. પાતળિયો દક્ષિણી જુવાન તો કોઈ આધેડ – બધાં કુંવારા. એમાં જ છે દમનો દર્દી માર્ટીન. સામે છે ઘાસ ગદબ વેચવાવાળા કાળા સીસમ જેવા ચહેરા પર સાફાથી શોભતા હંસરાજનો વાડો. સવારે સવારે જાંબલી ફુલોના ઝુમખાવાળા રજકાના ભારા. ઘાસના લીલાંછમ પૂળાઓ ઠલવાય છે. બપોરે નરમ, માંદો, ઢીલો, કરમાયેલો રજકો એક આછો કરુણભાવ જગાવે છે. સાંજ સુધીમાં તો ઘાસ રજકાના ભારા પૂળાઓ વેચાઈ જાય છે. વાડો સાવ ખાલી થઈ જાય છે. આ ઘાસના વાડામાં જ સામે રહેતા દમિયલ માર્ટીને એક અરડૂસીનો છોડ ઉછેર્યો છે. સવારે પાણી પાઈ તેના પાન તોડી લસોટીને પીવે છે. હું તેને જોઉં છે કે મળું છે ત્યારે ‘હેલો માર્ટીન’ કહી હાથ ઊંચો કરું છું. પણ આછું હસી તેનો અશક્ત હાથ ઊંચો કરે છે.

પાછળ બુંદેલખંડી ધોબીઓની ધોબીશેરીમાં ઘરે ઘરે કપડાના પોટલાં, ઢગલાં પડ્યા છે. રેડિયો ચાલું છે તેના ગીતોની કંપનીએ કપડાની એક એક કરચલી સળ બેસતી જાય છે ગરમ ગરમ ઇસ્ત્રી ફરતી જાય છે. દિવસે તો આખીશેરી કોઈવાર કપડાના તોરણથી લચકતી પડી છે. પેન્ટ-લેંઘાના પાયચા કેળના પાનની જેમ ફડફડે છે. હોળી આવતાં જ બગલાની પાંખ જેવા સફેદ ઝબ્બો લેંઘો પહેરી આ બુંદેલખંડી પુરુષો હોળી રમવા નીકળી પડે છે. રમવાનું એટલે કીલ, પચરંગી રંગથી નહીં. રમવાનું એટલે માત્ર ગુલાલથી. સફેદ કપડાં અને તાંબા જેવા ચેહરા પર ગુલાલ છંટાય છે. દિવાળીમાં વાઘબારસથી બેસતા વરસ સુધી બારીએ, ઓટલે, ગોખે દીવાઓથી આખી શેરી ઝાકઝમાળ થઈ જાય છે.

બપોરે શાંતિમાં સ્કૂલેથી દફ્તરની મારામારી કરતા દોડતા આવતા છોકરાઓનો અવાજ સંભળાય છે. તે પછી સંભળાય છે છેલ્લા વાસણ ઉટકવાનો કિચૂડાટ અને પછી આખી બપોર ક્યાંક વાગતા જયભારતી, વિવિધ ભારતીના ફિલ્મી ગીતો આવ્યા કરે છે. આખી બપોર હવે તંદ્રામાં સંભળાતા આછા આછા કાગળના ફેરિયાના અવાજોને હવાલે. બુરખો પહેરેલી સ્ત્રીઓની ભરત ભરેલી પહોળી ઈજારનો રેશમી ફફડાટ,

કાછિયાનો ઊંચા સપ્તકે જઈ સ્વરના ઠહેરાવ પર સ્થિર થઈ ધીરે ધીરે ઢાળ ઉતરતો આવાજ, તેલધૂપેલ વેચવાવાળા – સાઈકલ ફેરિયાની બુમ સાથે કેરિયરમાં બાંધેલી પેટીમાં ખખડતા શીશો, બંગડી, ચૂડી, વેચતા ફેરિયો, બુટચંપલ છત્રી સંધાવવાવાળાનો, મદારીની ડુગડૂગીનો, સરાણિયા, પીંજરાની ત્રાકનો અવાજ સંભળાય છે. એકાદ બે રખડું છોકરા ચોરને કાંધ મારે તેવા તડકામાં રખડી રહ્યા છે. બપોરના આછા નીલ આકાશમાં એક અલસ સમળી સેલારા માર્યા કરે છે. કુકડા, બકરાં ચર્યા કરે છે.

નમતા પહોરે શેરીઓમાં છપરાં છજાં નળિયાં રવેશ ઝરૂખાના પડછાયાઓ પથરાય છે. શેરી ઊભરાવા લાગે છે માણસોથી. કુકડીની પાછળ પડેલા છોકરાઓથી કુકડી દોડતી ઊડતી પાંખો વીંઝાતી કૂક કૂક કૂક કરી આંતકિત અવાજ કરતી ભાગ્યા કરે છે. બારણાં ખુલતાં છોકરાઓ શેરીઓમાં આવી ગયા છે. લસણના વઘારમાં ચડતા શાક અને શેકાતી રોટલીની વાસની ભીડ થાય છે. સગડી ચૂલાના ધૂમાડાથી ધુંધળી સાંજે શેરી ઓર ધુંધળી થઈ જાય છે. ડેલીઓ બંધ થાય છે ખૂલે છે. સાંધ્ય આરતીમાં બહુચર અંબા ખોડિયાર ઊતરી આવે છે કોઈ ખોરડાના ખૂણામાં. પાછળની પથ્થર જડી શેરીમાં ડેલી ખૂલે છે. જાડા આયેશાબેન કે ફાતિમા ડોકાબારી જેવી ડેલીમાંથી માથું બહાર કાઢી 'ચલો છોકરે સીની લેને કુ' ની બુમ પાડી પ્રસાદી માટે હલકારો દે છે. દડબડ દોડતા છોકરા ગળ્યા કાજુ, કેળા કે સફરજનના કટકાનો પ્રસાદ લે છે.

રાત્રે વાંકડિયા જીંથરકાવાળના જાળાને રઈમા ગાંડી ખજવાળતી ખજવાળતી સ્વગત બબડતી આંટા માર્યા કરે છે. જેંતીભાઈ શાકની થેલી લઈ સાયકલ અંદર ડેલીમાં મૂકે છે. સામે જાળિયામાંથી મુંગાબેનનો અસ્પષ્ટ વલવલાટ સંભળાય છે. પવનનું મોજું આવતાં આખો પીપળો હજાર હજાર પાને ખળળ ખખડી પડે છે એ અવાજ ક્યારેક દરિયાના અવાજની ભ્રાંતિકરાવે છે. ચોકી કરતાં કુતરાં થાકીને ઓટલે સુઈ જાય છે. સ્ટ્રિટ લાઇટના ઝાંખા અજવાળે પથ્થરજડી શેરી પર ખખડતા પરચૂરણનો અવાજ સંભળાય છે. બિભત્સ વાતો અને ઉઘાડા નિર્લજ્જ હાસ્યના અવાજો સંભળાય છે. બીડીના ટોપકાં બુઝાવી, બે – પાંચ રૂપિયા જીતી હારી સહુ છૂટા પડે છે. દિવસ આખો ઘમરોળાયેલ થાકના પોટલા જેવું શરીર પીડા હરતી રાત્રિના અંધકારજળમાં ઝબકોળાઈ શાતા પામે છે. શેરીના સ્કેચમાં દીવાલો, છાપરાઓ, થાંભલાઓની સીધી રેખોઓમાં ઢળેલા

છાપરા, નળિયા નમેલા વીજળીના તારની વળાંકદાર લય રેખાઓ ખેંચાઈ છે. નીચે ગમાણમાં નવી વિયાયેલી ગાયના ભાંભરડા સંભળાય છે. ‘દુલ્લા...’ કરી અડધી રાતે પીરનો પંજો લઈ દોડતી ટોળીનો અવાજ ઊંઘમાં ઝીલાય છે. વરસોથી પરમાર કોર્નરના આલીશાન મકાનનો પાછલો ભાગ અવાવરુ પડ્યો છે. પાછળના રૂમો બંધ છે. બે બાજુ ખુલ્લા લાકડાની થાંભલીઓવાળા રવેશમાં નળિયા પરથી ધૂળ ખરે છે, પવનથી ધૂળ આવે છે અને પવન જ તેને વાળી જાય છે. વરસોથી એકાંતનું તે રહેઠાણ છે. મારા મનનો ય એકખૂણો ત્યાં પડ્યો છે.

આ છેલ્લા પંદરેક વરસોમાં રાજકોટમાં કેટલાંય બંગલાઓ તૂટી ખાલી જમીન ચણાઈ ગઈ. ત્યાં ફ્લેટો, ડિપાર્ટમેન્ટલ સ્ટોરો અને કૉમર્સિયલ કૉમ્પ્લેક્સો થયાં છે. પણ ત્રીજા વિશ્વના નાગરિક જેવી મારી શેરી ત્યાંની ત્યાં જ છે. અચલાયતન. હા, બે પાંદડે કોઈસુખી માણસોએ ચૂનો પોપડા ખરતી ભીંતને પ્લાસ્ટર કારવ્યું છે. નળિયાં ચળાવ્યાં છે કે ટી.વી.ના એન્ટેના નખાવ્યા છે. ક્યારેક હું પસાર થતો હતો જે શેરીમાંથી આજે એ શેરી મારામાંથી માત્ર પસાર જ નથી થઈ જતી એ તો મારામાં રહેવા આવી છે. આવ.

# ૩૪ - પાનખર પર્ણમંદિર અને ચન્દ્રકવિ

આહવામાં પહાડી પર ગેસ્ટ હાઉસની અગાશી પર સૂર્યનું અભિવાદન કરવા, તેનું અભિવાદન ઝીલવા આવ્યો છું, સાગ, સાદડમાં વૃક્ષો પર પાન નથી. શુષ્ક શાખા પ્રશાખા. મંજરીની ડૂંખો અને શુષ્ક ફલ મૌન ઊભાં છે. એક પાછળ એક સ્થિર થઈ ગયેલા ઊંચા તરંગ જેવા નીલા લીલા પર્વતો વાદળોની ઘૂસરતમાં ખોવાયા છે. વૃક્ષોમાં પાન નથી. તેથી તે ઊભાં છે શાંત સ્તબ્ધ. પાંદડાઓની એ નાચતી રેખાઓ, ફરફરતી ધ્વજરેખાઓની ખોટ વૃક્ષોએ અનેક બંકિમ અંગભંગીમાં મચતા થડ, ડાળ – ટગડાળ શાખા – પ્રશાખાથી પૂરી પાડી છે. દરેક વૃક્ષોના વાંક વળાંકો લય કે રેખાઓ અલગ. મને ય ઉમાશંકરની જેમ થાય છે કે ‘ચિત્રકાર ન હોવાનો આટલો અફસોસ ક્યારેય ન હતો.’ જમીનમાંથી જ એક નર્તન ન ફૂટી નીકળ્યું હોય !

વચ્ચે ખીણમાં કૂકડિયા કુંભારનો ખીણની ગુહાને ગજવતો ગંભીર અવાજ સંભળાયો. ત્યાં તો વળી ચૂપ થઈ ગયેલો બપૈયો ફરી બોલ્યો. પિવ પી.... પિવ પી... પિવ પી..... અકથ્ય વેદનાના ઉપાડથી ઊંચે સ્વરે શરૂ કરેલું તેનું વિરહગાન પિ... પિયુ... પિ... પિયુ... પર ઠરી ફરી જંગલમાં શમી ગયું. બપૈયાના આ અવાજને સાહિત્ય લોકસાહિત્યમાં વિરહભાવ સાથે કેમ જોડ્યો હશે તે સમજાય છે. એ અવાજમાં એક કરૂણતા વિહવળતા અને આર્જવતા છે. નાચતી ફૂત્કી અને બુલબુલના આનંદ ટહૂકા ચાલું જ છે. કાળા કાગડાઓનો અવાજ પણ સવારનો મલાજો પાળવા નરમ બન્યો છે, આ સવારના નરમ વન તડકામાં તેના કા... કા... અવાજમાં લગરીકે ય કર્કશતા નથી. નાનકડી કાબરોનો ઉત્સાહ માતો નથી. તે જાત જાતના અવાજો કાઢી એનામાં ઘુમરાતા

અવ્યક્ત વ્યક્ત કરે છે, જે મારા માટે તો પાછું અવ્યક્ત જ રહે છે. આ પક્ષીઓની બોલી જાણી શક્યા હોત તો આપણે અત્યારે એક-બે ભાવોનું જ આરોપણ કરીએ છે તેને બદલે પંખીઓનો આખો ભાવલોક ખુલ્યો હોત. અહીં સવારમાં જાણે પંખસ્વરનું મખમલી વસ્ત્ર વણાઈ રહ્યું છે. કાબર કાગડા સ્વરના તાણાવાણામાં બપૈયા બુલબુલ ફુત્કીના સ્વર બુટ્ટાઓ, સૂરવેલિઓ ભરાયા કરે છે.

રેસ્ટ હાઉસની પાછળ પગીની ઓરડીના આંગણામાં પાંજરામાં પોપટ એક જ સ્વરે પઢ્યા કરે છે. 'પોપટ પઢો' બહારના વન પંખી બોલે છે ટહૂકે છે ચહેકે છે અને આ પોપટ બોલતો નથી પઢે છે. ગોળ લાલ આંખો મીંચતો તે જોઈ રહે છે સામે વન તરફ. એક વન તેની સામે છે એક વન તેની અંદર.

ઉપર ઝળુંબેલા વાદળમાં ક્યાંક છીંડું પડ્યું છે. દૂર ડુંગર પર તેજના એ ટુકડામાં વનનો એ ભાગ જાણે કૅમેરાના ફિલ્ડમાં ફોકસ કર્યો હોય અથવા તો રંગમંચ પર કોઈ વિસ્તારમાં પ્રકાશ વર્તુળથી ફોકસ કર્યું હોય તેવું લાગે છે. આ ફિલ્ડના વૃક્ષોની રેખાએ રેખાએ સ્પષ્ટ કળાય છે. આજુબાજુ વાદળ છાયો ભાગ હજી ધૂંધળો જ છે. હવામાં સુક્કા પાંદડાંની અને ઘાસની એક Organic ગંધ છે. અચાનક વાદળો થોડા વિખેરાયા અને નરમ સુવર્ણ તડકામાં સાગના સાદડના ઝાંખર સોટા ચળકી ઊઠ્યા. થડનો કરકરો સુભગ સ્પર્શ પ્રત્યક્ષ થયો. અત્યાર સુધી ધુમ્મસે આ ટેક્સચર સપાટીને એકરૂપ કરી નાખી હતી તે બધું સ્પષ્ટ થયું.

"પ્રવેશ્યો નહીં
પણ આદરમાં ઊભો રહ્યો બહાર
પાનખર પર્ણમંદિર."

સામાન્ય રીતે ભક્તિ, આદરથી આપણે મંદિરમાં પ્રવેશ કરીએ પણ આ પાનખરનું જંગલ. ખરેલાં પાંદડાઓનું પર્ણમંદિર અંદર જાવ તો શાંતિ અળપાઈ જાય. માટે જ તો કવિ આદરમાં બહાર જ ઊભા રહ્યા.

આજે બુદ્ધપૂર્ણિમા છે. પૂર્ણિમા સાથે શ્રાવણી પૂનમ, શરદ પૂનમ, ચૈત્રી પૂનમ જેવા વિશેષણો જોડાય તે ગમે છે પણ કોઈ વ્યક્તિ કે અવતાર તેની સાથે જોડાય તે જચતું નથી

. બુદ્ધનો જન્મ, નિર્વાણ અને સંબોધિપ્રાપ્તિ આ જ દિવસે થઈ તેથી તેની સાથે આપણે બુદ્ધને જોડ્યાં જો કે વૈશાખના આ પૂર્ણચન્દ્રને તેની કશી જ પડી નથી.

રાત્રે ફરી રેસ્ટ હાઉસની અગાસી પર સવારે સૂર્યના આમંત્રણથી ઉપર આવ્યો હતો, સાંજે અસ્તાચળના આકાશે બોલાવ્યો હતો. અત્યારે રાત્રે ચન્દ્રે નિમંત્રણ આપ્યું છે. એક બાજુ છે આહવા – 'નાનેરૂ ગામ શ્રમથી જરા વિસમ્યું લગાર.' સ્ટ્રિટ લાઇટોના ચોકી પહેરામાં સુતેલું ગામ અને બીજી તરફ સહયાદ્રીની ગિરિમાળા. નજીકના સાગના ઝાડના રેખાચિત્રો ખીણમાં ઊમટેલી ધુંધળાશની પશ્ચાદભૂમાં દેખાય છે. આ સમયે બધું એકસાથે રમણીય અને રહસ્યમય થઈ ગયું છે. 'પરણ પરની કીડી ય ઘરે શી રમણીયતા'ના આ વાતાવરણમાં કોણ રોમેન્ટીક ન થઈ જાય. !

દૂર સાપુતારાની ટેકરી દેખાય છે. આમ તો પર્વત છે પણ અહીંથી દૂરથી તે ટેકરી જેવી જ લાગે છે. ત્યાં એક લાઇટ ટમટમે છે. પહાડના ઢોળાવો ઊતરતી બસ મોટરનું એક મૌન પ્રકાશ ટપકું દેખાયને અલોપ થઈ જાય છે ને પર્વતના કોઈ બીજા વળાંકે ફરી દેખાય છે. કોઈ એમ કહી શકે કે પૂર્ણિમાના આ ચન્દ્રે બધાં જ તારાઓનું તેજ હરી લીધું છે. હું તો એમ કહીશ કે ચન્દ્રે બધા તારા ગ્રહો નિહારિકાઓનું તેજ સંચિત કર્યું છે. ચન્દ્ર પૂરેપૂરો ખીલેલો હોય ત્યારે આકાશના આ મહાપટનું મહત્વ પણ ગૌણ થઈ જાય. ઉપર નીરખી રહેવાય રૂપેરી ચન્દ્રને અને નીચે નવેસરથી રચેલી ચન્દ્રધૌત પૃથ્વીને. અગાસી પર સાથે સાથીદાર ટ્રાંઝીસ્ટરને લાવ્યો છું. મીટર સહેજ ફેરવતાં ખીણમાં રેલાય છે ગીતો, સમાચારો, સીમ્ફનીઓ, અરબસ્તાનની જીપ્સી ધૂનો, ગઝલો, ગંભીર ઘેર આલાપો. સ્ફૂર્તતાનો.... અચાનક વિણા સહસ્રબુદ્ધેનો આભોગી પકડાયો. ટ્રાંઝીસ્ટરનો અવાજ થોડો મોટો કરી આભોગીનો આલાપ વનમાં ખીણમાં રેલાવા દઉં છું. વીણા સહસ્રબુદ્ધે ધન્ય થઈ ગઈ. અને આહવાની આ ખીણ પણ.

ગઈ કાલે જ વઘઈથી આહવાના રસ્તે રાત્રે આવ્યો હતો ત્યારે ચાંદનીમાં રસાયેલું વન જોયું હતું. ચન્દ્રને મેં પહાડે પહાડે, વને વને, વૃક્ષે વૃક્ષે, ડાળિયે ડાળિયે, વાંસના ઝુંડે ઝુંડે ટાંગ્યો હતો. તેને સાગના થડની પાછળ, પર્વતની ધાર પર, વાંસના ઝુંડ પાછળ, નદીના સ્થિર જળમાં ઝિલાયેલો જોયો હતો. ક્ષીણ જળરેખા ચાંદનીના પ્રકાશમાં દોડતા ચન્દ્રને જોઉં છું. કદાચ આ ક્ષણે આ પૃથ્વી પર એક હું જ તેને જોઈ રહ્યો

હોઉં તેવું બને. ડૉ. ઝિવાગો ફિલ્મમાં યુદ્ધ કેદીઓને હિચકતી ટ્રેઈનમાં ખસેડતા હોય છે. શ્વાસ લેવાનીય જગ્યા નહીં. બધે થપ્પીની જેમ ખડકેલા કેદીઓ. સાઈબિરીયાના બરફ છવાયેલા જંગલો મેદાનોમાંથી ટ્રેઈન પસાર થાય છે. ટ્રેઈનની અંદર છે દોજખ, બહાર છે બરફ પર રસળતી ચાંદની. આવી સ્થિતમાંય ડૉ.યુરી ઝિવાગોએ ટ્રેઈનની એક નાનકડી બારીમાંથી ચન્દ્ર સાથે ગોઠડી માંડી છે. નરી શુદ્ધ કવિતાની કોટિનું એ દ્રશ્ય યાદ આવી ગયું અને યાદ આવ્યા જાપાની હાયકુ –

ચન્દ્રકવિ

"મારી સાથે પર્વતની ભેખડ પર
એક બીજો કવિ
સાથે મહેમાન
આ ગ્રીષ્મનો ચન્દ્ર."
-ક્યોરાઈ

વાદળો

"સમય સમયસર આવે છે
વાદળો ચન્દ્રદર્શનથી કલાંત આંખોનો
થાક હરવા."
-બાશો

# ૩૫ - બાપુજીના પત્ર ખોળામાં

કંઈ કામ માટે કબાટ ખોલુ છું ને કબાટના ખૂણામાં પડેલી પ્લાસ્ટિકની કોથળી દેખાય છે. અંદર દેખાય છે પીળાં પડી ગયેલાં સેંકડો પોસ્ટકાર્ડની થપ્પીઓ. મેં જ એ વારસાને દોરી બાંધીને વ્યવસ્થિત સાચવી રાખ્યો છે. એમાં સંગ્રહાયેલો પડ્યો છે એક અનઅનૂભૂત અમારા કુટુંબનો કાળખંડ. બાપુજીએ મોટાભાઈને છેક તેમના અભ્યાસકાળથી અમારા બાળપણ સુધીના વીસ વરસના ગાળા દરમ્યાન લખેલા સેંકડો પત્રો. દાદાને અમે બાપુજી કહીએ છીએ. અને પિતાને મોટાભાઈ. આ સેંકડો પત્રોમાંથી મોટાભાઈ એ તેના સ્મરણીય, વિચારણીય અંશોને તો એક જુદી ડાયરીમાં સાચવી રાખ્યા છે, તે ડાયરી પણ હાથવગી થઈ. અચાનક બાપુજી યાદ આવ્યા. નાનું બાળક રમતાં રમતાં ક્યાંક દડી ખોઈ નાખે ને ફરી જડી આવે તેમ જાણે ફરી જડી આવ્યા, આ કાગળોમાં, આ સ્મૃતિઓમાં. બાપુજી અત્યારે ક્યાં છે ? હા, હમણાં અમદાવાદ સહુથી નાનાભાઈને ઘરે છે. હજી સ્મૃતિમાં જીવે છે ત્યાં સુધી મર્યા નથી. રોબર્ટો જુઆરોઝની કવિતાની પંક્તિઓ યાદ આવી – “તમે કોઈને યાદ કરો છો ત્યારે જાણે તેને બચાવી લો છો.” અને આમેય મરણ બીજું છે શું ? કોઈનાં સંદર્ભમાંથી સ્મૃતિમાંથી ખસી જવું એ જ તો મરણ. બાપુજી અમારા સંદર્ભમાંથી બહાર ફેંકાઈ ગયા છે. દિવસો સુધી તેમની હયાતીનું પણ સ્મરણ નથી રહેતું. બાપુજીને મન શું આ જ તેમનું સૂક્ષ્મ મરણ હશે ? હશે કદાચ. બાપુજી મુંગામુંગા તેમના તે મરણને જોઈ રહેતાં હશે.

આ બધાં વિચારોમાંથી ફરી મોટાભાઈની બાપુજીના પત્રસારાંશવાળી નોટ અને પત્રો પર નજર પડી. મોટાભાઈએ આ બધું શા માટે સાચવી રાખ્યું હશે ? તેમની ડૉક્યુમેન્ટરીની

સેન્સ કહેવી પડે. સારું થયું કે મોટાભાઈએ બાપુજીના આ પત્રો સાચવી રાખ્યા. આત્માના અમરત્વમાં માણતા આપણા ભારતીયોમાં તો આ ઘટના વિરલ જ કહેવી પડે. અ પત્રો થકી Time travel માં હું નહતો ત્યારના અમારા કુટુંબની રોજીંદી ગતિવિધ કે ઐતિહાસિક વળાંકો અત્યારના સમયતટ પરથી જોઈ શકું. બાપુજી ને મોટાભાઈને સમજવાની એક ગુપ્ત ચાવી ય તેમાં પડી છે. દરેકને તેમના કૂળ અને મૂળ સુધી જવાની ઇચ્છા થવી સ્વાભાવિક હશે ? માછલી પણ પ્રવાહની વિરૂદ્ધ તેમાં સ્રોત તરફ જ તરતી હોય છે ને ? ભૂતકાળ તરફ મોં કરી વર્તમાનમાં ટકવા. પિતાપુત્ર વચ્ચે ચાલતો પત્રવ્યવહાર એકદમ પ્રેમાળ સમજભર્યો અને examplary . એ પત્રોમાંથી અમારા કુટુંબના મારા જન્મ પહેલાં ભજવાઈ ગયેલાં હિસ્સાની, તેમના આંતર સંબંધોની, બાપુજીના પ્રેમની, સમજની એમ કેટલીય પરતો નીકળી. બાપુજીના પત્રોમાં ભાષાનું સાદું પોત, ઊંડી સમજણ અને લખાણની પ્રૌઢિનાં દર્શન થયાં. એકાદ પેરેગ્રાફમાં કે વાક્યમાં સત્વ, તત્વ સારરૂપ બાપુજી ઉઘડી આવતાં, પલાંઠીવાળી બેસી જતાં.

મોટાભાઈને હાઈસ્કૂલમાં ભણવા માટે ભાવનગર મોકલ્યાં ત્યારે બાપુજીના કોઈ મિત્રે તેમને ઘરે રહેવાની ઑફર કરેલી તેની કૃતાર્થતા વ્યકત કરતો પત્ર.

"આવા સહ્રદયી અને ઉમદા સ્વભાવના માણસો સાથે આપણો સંબંધ બંધાય તેમાં પણ આપણા પર પરમાત્માની અનંત કરૂણા જોઉં છું. જ્યાં આવી અહૈતુક, નિખાલસ અને નિસ્વાર્થ સહેજ ભાવના જોઈએ ત્યાં પૂર્વનો સંબંધ અને ઈશ્વરની દયા અવશ્ય માણવા જોઈએ – બાકી એટલું તો હા અવશ્ય માનું છું કે જો આપણું જીવન શુદ્ધ હશે, આપણી જરૂરીયાતો અને માગણી વ્યાજબી પ્રામાણિક હશે તો તેને સમજનારાં અને ન્યાય આપનારા ચોક્કસ કોઈને કોઈ મળી રહેશે જ... હમણાં મારું મન સંતપ્ત રહે છે પણ આવી બિરાદરીના સંબંધોનો તાજો અનુભવ થઈ રહ્યો છે. અને તેથી મન ખૂબ આનંદ પામે છે..."

મોટાભાઈ અને કાકાએ હરિજનવાસમાં જઈ જાતે જ અભડાવા દૂધ પીધું ત્યારે અમારા કુટુંબને નાત બહાર મુક્યું હતું ને ફરી તેમને નાતમાં સમાવ્યા ત્યારે બાપુજીએ મોટાભાઈને લખેલા એ પત્રમાંથી પ્રગટતું તેમનું શાંત ખમીર ઔદાર્ય અને સમજણ –

“બરવાળા આપણા જ્ઞાતિબંધુઓએ પેલો વિરોધી ઠરાવ રદ કર્યો છે, નાતપટેલે મને બોલાવી આ જાણ કરી દીધી હતી – હવે પૂર્વવત્ સંબંધ ચાલું થઈ ગયો છે. કોઈ પણ જાતનાં ઉશ્કેરાટ વગર શાંતિ અને સદ્ભાવનાવાળા વર્તનથી આ અસર થઈ છે. વ્યાજબી રીતે સત્ય ગણાતા માર્ગના અનુસરણમાં હંમેશા સહન કરવાનું હોય જ. કારણ સામાન્ય જનસમાજ તો વાસ્તવિક અસત્યને નહિ પણ સત્યના ખોખાને – વિકૃત સત્યને જ રૂઢિબંધનને આધારે સ્વીકારે છે. એટલે આવા પ્રસંગે બન્ને વચ્ચે ઘર્ષણ થાય જ. પણ સત્યના અનુસરનારે હંમેશા શાંતિ, ધીરજ, વિરોધીઓ પ્રત્યે પણ સદ્ભાવ અને અવૈરવૃત્તિ રાખવી જોઈએ – વિરોધીઓને હૃદય પલટો કરવા માટે આટલી વસ્તુ બસ છે.”

બેન (મારી મા) સાત ચોપડી ભણ્યા નથી. તેમણે ભણવું તેવો મોટાભાઈનું દુરાગ્રહ ને તેમાંથી જન્મેલા સંઘર્ષ વખતે પિતાએ પુત્રને કહેલાં બે વેણ :

“તારા લખાણમાં ક્યાંય મર્યાદાભંગ નથી. પણ હું તો તારા આવા નિખાલસ અને સ્પષ્ટ વિચારોને આવકારું છું... પ્રથમ તો આવા કામમાં ખૂબ જ ધીરજ અને સહનશીલતાની જરૂર હોય છે. આપણી ઉતાવળે કંઈ જ નથી બનતું. ગમે તેટલો કિંમતી અને મોટા જથ્થામાં પાક બનવતા હોઈએ પણ ચાસણી કાચી રહી જાય તો ઘાણ બગડે છે – મહેનત નકામી જાય છે – આ વસ્તુનું ખાસ ધ્યાન રાખવું. બીજાને કેળવવા તેનામાં પોતાની વર્તમાન ઊણપનું ભાન જાગ્રત થવું જોઈએ – જ્ઞાન મેળવવાની પિપાસા લાગવી જોઈએ – અને એ યોગ્યતા આવે ત્યારે જ પાણી મહેનત બર આવે છે.”

મોટાભાઈ – બેને લગ્ન પછી સહુ પહેલું ઘર શરૂ કર્યું તે પ્રસંગે શુભેચ્છાપત્ર – “તમો બન્ને હજુ વયમાં અને જ્ઞાનમાં, સમજણમાં – અનુભવમાં બાળક છો. એટલે ખાવું, પીવું, હરવું ફરવું બોલવું ચાલવું, મિત્રો કરવા, સંબધો બાંધવા વગેરેમાં ખૂબ સજાગ રહેવું જોઈએ – નહીંતર જીવનમાં માનેલા ધ્યેયમાંથી સ્ખલન થતાં વાર લાગતી નથી. તમે સમજું છો એટલે સહેજ ઇશારો કરું છું.”
પિતા પુત્ર-પુત્રવધુના વય સહજ આવેગને ન સમજી શકતાં આક્રોશ પણ કરે છે. આ સમયે બેન સાસરે બાપુજી પાસે હશે અને મોટાભાઈ નોકરીએ રાજકોટમાં.

"તમારા પ્રેમની અકળ લીલા હું સમજી શકતો નથી. તમરા એકબીજાના સાન્નિધ્યમાં ઝગડાની પરંપરા ચાલે છે અને વિયોગમાં પત્રોની પરંપરા. અઠવાડિયામાં બે વખત પાનાં ભરીને કઈ મહત્વની બાબતો લખવા જેવી હશે. ભલે ગમે તે હોય પણ પ્રેમીની ગેરહાજરીમાં – પ્રેમી અને તે સંબંધી પત્રોની પણ ગેરહાજરીમાં જ શુદ્ધ પ્રેમની મીઠાશ-મધુરતા વધુ ખીલે છે...... એક પિતા તરીકે આવી નાજુક બાબતમાં પુત્રને આમ લખવું કદાચ યોગ્ય ન ગણાય પણ સહજ ભાવે આટલું લખાઈ ગયું."

મોટાભાઈએ એકલા રહેતા હતા ત્યારે આળશ છોડી હાથે રાંધવાનું શરૂ કર્યું તે સમાચારને બીરદાવતો પત્ર –

"હાથે રાંધવાનું રાખ્યું તે ઠીક કર્યું. જીવનમાં બધી કળાઓ શીખવાની જરૂર છે. રાંધવાની પણ એક કળા છે એ તો અનુભવ થતાં જણાય છે. તારા જીવનમાં કાયમી સંગાથી અને મહાન શત્રુને (આળસને)સમજીને ઓળખીને તેનાથી મુક્ત થવાનો યોગ્ય પ્રયત્ન કરીશ તો તારો જીવનવિકાસ ઝડપી થશે. આવા શત્રુનો લાંબા વખતના સંબંધે આપણી સાથે મિત્રતાનો દાવો બંધાયો હોય છે. એટલે એને છોડવા આપણું મન – આરામપ્રિય મન તૈયાર રહેતું નથી. છતાં સાચા દિલના પ્રયત્ન આગળ કોઈ વસ્તુ અશક્ય નથી.,,"

અમારા માટેની, તેમના પૌત્રો માટેની અપત્ય સ્નેહભાવના ને ચિંતા પણ પત્રોમાં વ્યક્ત કરતાં. એક પત્રમાં અમારા માબાપને દેવલાલી માશીને ઘરે ઉનાળાની ગરમીના હડદા ખાતાં છોકરાંઓને લઈ ન જવા માટે સૂચન કરે છે પણ આજ્ઞા નહીં.

"સૌ. ભાનુમતિ તથા બાળકોને દેવલાલી મોકલવામાં સંબંધમાં અમારે કહેવાપણું ન હોય. આ બાબતમાં જે કંઈ નિર્ણય લેવાય તે સમજણ અને વિચારપૂર્વક લેવાય તેમ ઇચ્છીએ. તમને યોગ્ય લાગે તેમ કરશો.

બાળકો ભગવાન તરફથી મળેલી કિંમતી બક્ષિશ કે થાપણ એના શારીરિક મને માનસિક વિકાસમાં એની જાળવણીમાં આપણે પૂરતું ધ્યાન આપવું જોઈએ – આપણા આનંદ ખાતર તેમને સહન ન કરવું પડે તે જોવું."

દૂર રહ્યે રહ્યે સતત અમારી ચિંતા કરતાં દરેક દાદામાંના એક દાદા – અમારા બાપુજી લખે છે “

“દિપકભાઈ અમોને ખૂબ યાદ આવે છે.. તે મનસ્વી છે તો ધીમે ધીમે શિષ્ટપાલન કરાવશો...”

“બાળકોને ખાસ સાચવશો. ત્રણેય બાળકો તમારા છે એટલે અમારે તેમાં ભલામણ કરવાપણું ન હોય. છતાં આટલું લખ્યા વગર નથી રહેવાતું કે ચિ.કુમારને ખાવાપીવામાં સાચવશો અને શિક્ષા તો કરશો જ નહિ.”

“ચિ, ભાઈ યજ્ઞેશના હાથનો પત્ર મળ્યો. વાંચી અમે સૌ ઘણાં રાજી થયા છિયે... હવે પત્ર લખતા આવડે છે પણ લીટી પુરી થતી હોય ત્યારે શબ્દને છૂટો ન પાડવો –આટલું ધ્યાનમાં રાખવું.”

આ પત્રો ન હોત તો બાપુજીને આ રીતે ન ઓળખી શકાયા હોત. મારેય ત્રાણું વરસનાં પથારીની કેદ ભોગવતા, મરણને હાથતાળી આપતાં, ચકલીના નાના બચ્ચાં જેવા થઈ ગયેલા આત્મસ્થ બાપુજીને કાગળ લખી ઘડી બે ઘડી માટે પણ તેમની કેદમાંથી છોડાવવા જોઈએ.

# ૩૬ - ભાષાની ભૂમિ

મારી આસપાસ ભાષાનો મહાસાગર લહેરાય છે. હું તેમાં સેલારા મારું છું. કાંઠે ઊભો વાછંટથી છંટાઉં છું, તરું છું, ડૂબકી લગાવું છું, તેના હિલોળા જોઉં છું. જેમ સમુદ્રમાંથી સર્વ જીવોનો તેમ ભાષામાંથી મારો જન્મ થયો છે. મગજના કોષે કોષમાં છલોછલ ભરી છે. છલકાય છે. તે વાતમાં, કવિતામાં, લેખમાં, વાતચીતમાં, સંવાદમાં, મુલાકાતમાં, સ્વપ્નમાં, મનન ચિંતનમાં, મારા પ્રેમમાં, મારા ઝગડામાં. 'ભાષાને શું વળગે ભૂર રણમાં જે જીતે તે શૂર' તે વાત મને મંજૂર નથી. કેવી રીતે હોય ? આ ભાષા દ્વારે તો હું વ્યક્ત થાઉં છું અનેકો વ્યકત થયા છે. આ ભાષાએ મને ઘડ્યો છે અને મારા, આપણાથી તે ઘડાઈ રહી છે. આ તો એના જેવું કે મારો પુત્ર મારો ભાવિ પિતા પણ છે કે જે મારાં જ કોઈ જીન્સને જન્મ આપી પ્રગટ કરશે.

ભાષાના આ વહેતા નીરને જોયાં કરું છું, ક્યાં જન્મવું એ આપણા ભાગ્યમાં હોય છે, હાથમાં નહીં. તેવી જ રીતે મારી કઈ ભાષા હશે તે મારા હાથની વાત ન હતી. સદ્ભાગ્યે ગરવી ગુજરાતીના ખોળામાં પડ્યો છું. આ વાણીને મન ભરીને માણું છું. ઑફિસમાં, ઘરમાં, રોડ પર, શાકમાર્કેટ, સોની બજાર, બસ સ્ટેન્ડે ચોરેચૌટે, સ્ટેઇજ પર, શેરીઓમાં ગામડાઓમાં, કસ્બાઓ શહેરોમાં અનેકને મુખે તેના વાંક વળાંકો, કાકુઓ, ભણિતિ ભંગિમાઓ પ્રગટ થાય છે. કાન ખુલ્લાં રાખીને સાંભળું છું. લેખકો, કવિઓ, પ્રબુદ્ધો, સર્જકો તેનો કેવી રીતે ઉપયોગ કરે છે તે રસ તો છે જ પણ અદનો આદમી, અભણ કે સીધો સાદો માણસ તેનો કેવી રીતે ઉપયોગ કરે છે તે રસપૂર્વક જોયાં કરું છું. યુ.વી. અનંતમૂર્તિએ કોઈમ્બતૂરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ઉદ્ઘાટન ભાષણમાં સાચો જ

અંગુલિ નિર્દેશ કરેલો કે આપણી ભાષામાં, સંસ્કૃતિ શિક્ષિતોને લીધે આધારે જીવતી નથી. તે તો જીવે છે આ કહેવાતા અભણ અશિક્ષિતો થકી. એક એક માણસ ભાષાને જે રીતે વાપરે, રમાડે, પળોટે, ઘાટ વળાંક આપે છે કે છક થઈ જવાય. માણસની આખી પીડા એક શબ્દમાં આવીને બેસી જાય. ભાષાથી જ નર્મ વિનોદ સર્જે કે અવનવા અપૂર્વ કલ્પનો સર્જે.

બીજી ઓકટોબરે કીર્તિમંદિર સર્વધર્મપ્રાર્થનાના રેકૉર્ડીંગ માટે પોરબંદર જવાનું થયેલું. કામ પૂરું થયે નજીકના ચોકમાં લટાર મારવા નીકળ્યો. માઢ મેડીના દરવાજા નીચે પાથરણા પાથરી એક બાઈ કાચી મગફળી વેચવા બેઠેલી, મેં મગફળી ખરીદી. તે બાઈ જોખતી હતી ત્યારે તેનો જોખ બરાબર છે કે નહીં તેમ મેં પૂછ્યું તો જવાબમાં 'લ્યો સાહેબ' કહી મુઠ્ઠી મગફળી વધારે નાખી. વધારાની મગફળી જોખમાં આવેલી જોઈ મેં કહ્યું, 'હું તો જોખ બરાબર કરવા કહેતો હતો. અણહકનો દાણો ન ખપે.' મારી વાતનો તેણે જે વાક્યમાં પ્રતિભાવ આપ્યો તે હું આજે ય ભૂલી શકતો નથી. તે ગરીબ બાઈ કહે 'લઈ જાવને સાહેબ, આ જલમે તો સાબડાં (છાબડાં) પછાડીએ છિયે.' તેની ગરીબાઈ, લાચારી, પીડા, વિધિ પ્રત્યનો આક્રોશ, ઉદારતા, પ્રમાણિકતા બધું એક વાક્યમાં આવીને બેસી ગયું. તેની આખી જિંદગીમાં પછડાતાં છાબડાં મારા મનમાં ય પછડાયાં મને મારી આર્થિક સ્થિતિનીય તે ક્ષણે જાણે ગુનાહિત શરમ આવી. આવો એક બીજો અનુભવ થયો. રાજકોટ શાકમાર્કેટ બહાર રોડ પરથી એક કાછિયણ પાસેથી શાક લીધું. તેણે મને છૂટા પૈસા આપ્યા. પછી મેં ગણ્યા તો હિસાબ કરતાં આઠ આના તેણે મને વધારે આપી દીધાં હતા. ફરી તેને આપવા પાછો ગયો, મેં કહ્યું 'ભૂલથી તમે આઠ આના વધારે આપી દીધાં છે.' પૈસા હાથમાં લેતાં કહે 'અમારાં તે કોણ રાખવાના હોય, અમારા કોઈ નો રાખે.'

મારે ઘરે રોશન કામ કરતી. રમતિયાળ કિશોરી. તેની મા જેતૂનબેન કામ કરતાં પછી એક પછી એક દીકરી. મોટી પરણીને સાસરે જાય પછી નાની કામ કરે. પણ રહેવાનું ઘરના સદસ્યની જેમ. મોટા ઓરડામાં ઊંચા ઊંચા હીંચકા ખાય, છાપા વાંચે, હું ઘરે ન હોઉં ત્યારે મન થાય તો પંખો ચાલુ કરી આરામ ખુરશીમાં આરામ કરે. મનમાં હોય તો ઘર ચોખ્ખું ચણાક બનાવી દે નહીંતો સામે જ રહેવા છતાંય ડોકાય નહીં. ખૂબ

રમતિયાળ અને પ્રેમાળ. રક્ષાબંધનને દિવસે સ્ટીલની થાળીમાં મોટી રાખડી, કંકાવટી, પેંડો, કંકુ, ચોખા લઈ આવે. ભરત ભરેલો રૂમાલ ઊંચો કરી મને ચાંદલો કરી રાખડી બાંધી પેંડાથી મોં મીઠું કરાવે. હું વીરપસલીનાં દશ રૂપિયા આપું તો ભારે આનાકાની પછી લે. મારી વીરપસલી કરતાં વધારે પૈસા તો તેણે રાખડી-પેંડા માં ખરચ્યા હોય. બોલકી પણ એવીજ. તેણે સુકાતા કપડાંઓને જે બે ઊપમાઓ આપેલી તેથી મને દ્રઢ પ્રતીતિ થઈ ગઈ કે કલ્પના, કલ્પન, કવિત્વ શક્તિ, એ દરેક માણસમાં પડેલી છે અને આટલું જ નહીં દરેક તેનો ઉપયોગ પણ કરતાં હોય છે. આનંદ કુમારસ્વામીનું કથન છે ને 'Every arist is not a special kind of man but every man is special kind of artist' મારા ઘરની સામે તેનું નાનું કાચું મકાન. તેના ઘરમાંથી મારો રવેશ દેખાય. એકવાર ચોમાસામાં મને કહે, "યજ્ઞેશભાઈ મેં ઘરમાંથી જોયું તો રવેશમાં કપડાં સુકાતા હતાં ઈ મને હાથીના કાન જેવા લાગે. હાથી કાન નો ફફડાવતો હોય !" પવનમાં ભીના લેંઘાના ફફડતા પાયચાને તેણે હાથના કાન સાથે જોડી દીધાં. ઉનાળામાં રવેશમાં સુકાયેલાં, તડકો ખાધેલાં કપડાં ઉતારીને કહે, "કપડાં તો ઉતારી લેતા હો. કપડાં તો સુકાઈને મમરા જેવા થઈ ગયાં છે.'

કાઠિયાવાડી નર્મ ટીખળ પ્રખ્યાત. ભાષાના માધ્યમે, સ્તરે તે પ્રગટ થાય. હું શાકમાર્કિટમાં શાક લેવા ગયો હતો. સાંજ ઘેરી થઈ ગઈ હતી અને શાક કેવું છે નહીં તે બરોબર સૂઝતું ન હતું. એક શાકવાળી પાસે રીંગણાના બે ઢગલા હતા. મેં તેને બંનેનો ભાવ પૂછ્યો. તો બીજા ઘરાક સાથે લેવડ દેવડમાં મશગુલ હતી તેથી તેનું ધ્યાન નહતું. તેની પાસેવાળી શાકવાળી કહે 'લઈ લ્યો સાયેબ બે રૂપિયે અઢિસો' મેં કહ્યું અને 'ઓલા ઢગલાવાળાં ?' તો તે પાડોશન શાકવાળી કહે "ઈએય એ જ ભાવ. એક દાણા વાળા છે ને એક કાણાવાળા છે " તેના આ કહેવાથી. હું અને શાકની માલિકણ બાઈ બંને હસી પડ્યા. એકવાર રસ્તામાં ચાલું સ્કૂટરે જ બ્રેક ફેઈલ. સ્કૂટર પર અને ભરચક ભરેલાં. બે છોકરાંવ અને બે માણસ અમે. આગળ જ એક મારૂતિ હતી. બ્રેક તૂટી ગઈ ને ગાડી આગળ જ હતી તેથી હું રઘવાટમાં હતો તેથી તેનું સિગ્નલ મારા ધ્યાનમાં ન હતું. પાછળ બેઠેલી મારી પત્ની બૂમો પાડી પાડી કહ્યા કરે આમ વાળો, ધીમે પાડો. રઘવાટમાં તે તરફ પણ ધ્યાન દીધું નહીં ને પગ ઢસડીને સ્કૂટર ધીમું પાડ્યું તોય પાછળ મારૂતિની ગાર્ડ પટ્ટી સાથે સહેજ અથડાયું. મારૂતિમાંથી ડ્રાઈવર નુકસાન થયું છે કે નહીં તે જોવા નીચો

ઉતર્યો. નુકસાન તો કોઈનેય ન થયું ન હતું. ડ્રાઈવર આધેડ વયનો હશે. મેં સમજાવ્યું કે બ્રેક તૂટી ગઈ... પ્રાસ મેળવી તે તેના કાઠિયાવાડી નર્મમાં મારી પત્ની તરફ આંગળી ચીંધી કહે 'મારા બેન સાચા છે ને તમે કાચા છો' બ્લીંકર તરફ જોઈ મારી પત્ની મને જે સૂચનાઓ આપતી હતી તે, અને મારો રઘવાટ બંને તેણે જોયાં હતાં. તેના એ એક જ વાક્યમાં મારા પત્નીને 'મારા બેન' કહી જૂની પરંપરાની સ્ત્રીદાક્ષિણ્ય અને અજાણ્યાને પોતાનાં ગણવાની ભાવના સાથે નર્મભરી ઉક્તિમાં સ-રસ પ્રાસ મેળવી મને ય કહેવા જેવું કહી દીધું હતું.

મારે ઘરે બીજા પુત્રનો જન્મ થયો ત્યારે મેં મજાકમાં મારા દાદીને કહ્યું, 'બા કલ્પના એમ ક્યે છે કે પહેલા બાબાની પાછળ તમારી અટકે (દવે) રાખી તો હવે બીજા બાબા પાછળ હું મારી (તેના પિયરની વ્યાસ અટક) રાખીશ.' બા કહે. 'તારા વઉ કલ્પનાને કઈ દે' જે કે કોઠીમાં ઘઉં નાખ્યા તે ઈ કોઠીના નો થઈ ગ્યા કેવાય.' કહેવાનો ભાવાર્થ મને પછી તેમણે સમજાવ્યો કે ઘઉં તો ખેતરના. કોઠીમાં તો ખાલી ભર્યા એટલે કોઠીનો હક થઈ ગયો ? તેમ જ આ છોકરો, તેનું બીજ તો આપણા દવે કુટુંબનું – તેના પેટમાં નવ મહિના રહ્યો એટલે શું તેનો થઈ ગયો ? બાને વિજ્ઞાનની પરિભાષામાં જીનેટીક્સ, જીન્સ, ભાડુતી ગર્ભાશય એ બધાં વિશે કહેવાનો અર્થ નહતો. તે તો કુટુંબપ્રધાન, પુરુષપ્રધાન સમાજમાં ઊછરેલાં હતાં. મને તો તેમણે વળ ચડાવેલી ભાષામાં એક રૂઢિપ્રયોગથી આખી વાત કહી દીધી તેનો જ રોમાંચ થયો. મારા સસરા પાસે શાસ્ત્રીય સંગીતની ગ્રામોફોન રેકૉર્ડ્ઝનો અને ચિત્રકળાના પુસ્તકોનો સારો એવો સંગ્રહ જીવના જતનથી ભેગો કરેલો અને જાળવેલો. તેમાંથી કોઈ એક રેકર્ડ માગે ને પછી ઘસરકા પાડી પાછી આપે, પુસ્તકોના પૂંઠા ફાટી જાય, પાનાં વળી જાય, તેના માટે વારે વારે ઉઘરાણી કરવી પડે આ બધું પાલવે નહીં. જેને તેમની આ ચીવટ અને મમતાનો ખ્યાલ હોય તે તો માગે જ નહીં પણ જો કોઈ જાણતા અજાણતા માગી બેસે તો એક જ રૂઢિપ્રયોગનું શાસ્ત્ર વાપરી તેમની માગણી હસતા હસતા નકારતાં. તેઓ કહેતા, 'દીકરીના માગા હોય વહુના માગા ન હોય'. સામેવાળો શું બોલે ?

મારામાં તો મારી ભાષા ઉભડક બેઠી છે. આ બધાં માણસોની વહેતી વાતોમાં, કથા, વારતા, હાલરડામાં મરસિયામાં, દુહા, દોહરા, ચોપાઈ, ધોળ, પદ ગીતોમાં, રામગ્રી,

પ્રભાતી, સંધ્યા આરાધમાં તે નિરાંતે જીવે જીવે છે. ત્યાં જ તે કૉળી છે – સહસ્રદલપદ્ય જેમ. મારા એક વડીલ મિત્ર જયંત જોશી અમદાવાદ સ્થિર થયાં છે. મરાઠી છે. અંગ્રજીમાં પ્રાફેસર છે. ઘરમાં ચલણ મરાઠીનું, પડોશમાં ગુજરાતીનું અને અને કૉલેજમાંઅંગ્રેજી. તેમના બાળપણની ઉછળકૂદ અને યુવાનીના મસ્તી મુંઝારો આનંદ સ્વપ્નોના દિવસો જૂનાગઢમાં વિતેલાં – એ વરસોને વિતેલાં કેમ કહીએ જે છેક સુધી સાથે રહે છે ! વરસો સુધી કાઠિયાવાડી ભાષાએ તેમના કાન પખાળેલાં. અમદાવાદમાં મને એ ભાષાને બોલતો સાંભળી તેમના દિવસો યાદ કરે. ક્યારેક આ મરાઠીભાષી અંગ્રેજીના પ્રોફેસરને કાઠિયાવાડીનો અહાંગળો લાગી જાય છે ત્યારે રાજકોટ જુનાગઢ આંટો મારી આવે. ક્યારેક સમય ન હોય તો માત્ર લીંમડી સુધી આવી ત્યાં બસ સ્ટેશને બેસી, ગામમાં ફરી બે ત્રણ કલાલ મન ભરીને લોકોને સાંભળે અને નોળવેલ સુંઘી ફરી અમદાવાદ. આ તો થઈ માત્ર આટલે જ દૂર વસેલાની વાત. પણ કેટલાંય યહુદીઓ હિબ્રુ, પોલીશ એ યીદ્દીશિ ભાષાને મનમાં લઈ વરસો રખડ્યાં છે. અને આજે તેમના વતનથી દૂર સીંધીઓ પણ તેમની માતૃભાષાને મનમાં લઈ નીકળી પડ્યાં છે. અમેરિકા સ્થાયી થયેલ પોલીશ કવિ ચેસ્લો મિલોઝની My faithful Mothertongue કવિતામાં એક પંક્તિ વાંચી હતી. ‘You were my native land; I lacked any other’ નિર્વસીત કવિએ ભાષાને જ માતૃભૂમિ તરીકે સ્થાયી. ભાષા એ પણ કે કદાચ એ જ સાચી માતૃભૂમિ છે. પ્રદેશોની રાજકીય સામાજીક સીમાઓ તો કૉમ્પ્યુટર ગ્રાફિક્સની જેમ બદલાયા કરે છે, સંકોચાય વિસ્તર્યા કરે છે. ત્યારે આ ભાષા જ માતૃભૂમિ છે જ્યાં તે મૂળ નાખી નિરાંતે વસી શકે છે. અને જે પ્રજા પાસે હજી એ છે ત્યાં સુધી તેને નિર્વાસિત કેમ કહેવાય ? મારાં જ રાજ્યમાં, શહેરમાં રહેવા છતાં મારી ભાષાથી નિર્વાસિત થતો જાઉં છું. હું અહીં જ રહેવા છતાં ભટક્યા કરું છું. કોણ મને પાછું આપે મારું ભાષાનું ઈઝરાયેલ ? મને ખબર છે કદાચ કોઈ જ નહીં. આજ આપણી નિયતિ છે.

# ૩૭ - તાવના ટાપુ પર એકલાં

શરીરની વેદના ઘણીવાર ઈર્ષાળુ પ્રેમિકા જેવી હોય છે. તમારું ધ્યાન જરાય બીજે જાય તો બળી મરે. બસ તેને તો તેમના પાશમાં જ રાખવા હોય. તમારે ધ્યાન ત્યાં જ દેવું પડે. એ દુઃખ દૂખતા દાંત, કળતી પીંડી, ભાંગેલા હાડકાં, ગળાના સોજા રૂપે કે પેટના દૂખાવા રૂપે તમારા પર્યાયરૂપે તમારામાં જીવતું હોય. તમને સતત તેના રટણમાં જ રાખે. આ પીડા પાછી એટલે સ્વાર્થી ને એકલસૂડી હોય કે તેને બીજા કોઈની પડી ન હોય. રમેશ પારેખ કહે છે ને કે 'પગ ડાબાને પગરખું ખટકે પગ જમણાને શું ?' આંખમાં ફૂલુ પડ્યુ હોય ને હાથ સાવ નરવો હોય. હાથ ભાંગી ગયો હોય ને પગ ચાલતાં હોય.'

શરદી તાવની આવી પીડામાં, ધીખતો તાવ, તૂટતું શરીર, ગળતું નાક, અને ઊંઘરેટાયેલી આંખે જગતને અને મારી જાતને પણ વચ્ચે વેદનાનો પટલ રાખી અર્ધપાદાર્શાક બનાવીને જોઈ છે. આવા જ એક તાવની તંદ્રામાં કશુંક આવું અનુભવ્યું હતું, ટપકાવ્યું હતું. સ્વપ્ન, જાગૃતિ, સુષુપ્તિ અને તુરીય અવસ્થા વચ્ચે દોલાયમાન થતી એ અવસ્થામાં ઘણું પરિચિત અપરિચિત થઈ ગયું છે અને અપરિચિત બધું પરિચિત થઈ ગયું છે. હું તેને શબ્દદેહ આપવા એક પ્રયત્ન કરી જોઉં.

"હું સંજ્ઞાહીનતામાં સરતો જાઉં છું. કાને તેની ક્ષિતિજ છેક જ ટૂંકી બનાવી નાખી છે. આંખો પર નિદ્રાનો નહીં પણ બીજો કશોક અલ્પપરિચિત ભાર છે. સુગંધો અને સ્વાદ સાથેનો સંબંધ પણ પાતળો પડી ગયો છે. અંગો પોતપોતાનો વિસ્તાર સંકેલીને બેઠાં છે. અચાનક પવન ફુંકાય છે. એક ડાળે વેદના ઋચા ગાન જેવો લાગતો પીપળાનો મર્મર ધ્વનિ અત્યારે હૂહૂકાર જેવો લાગે છે – જાણે અંધારી બખોલમાંથી આવતો પ્રેતનો

આવાજ. આવા સમયે આ પીપળાની વાચાળતા મને જરાય કરાર વળવા દેતી નથી. આંખમાં ઊંઘના હળ ફરે છે. આંખો બળબળતા ખેતરની જેમ ખુલ્લી છે. નાક શંકરની ગળતીની જેમ ટપકે છે. નાકે તેનું મૂલ્ય રાતોરાત વધારી દીધું છે. એકવાર મહુડાના ફૂલ જેવો, રેશમ જેવો લાગતો અંધકાર અત્યારે થોરની જેમ ખૂંચે છે. પૃથ્વી કોઈ અતલગર્તા તરફ સરતી લાગે છે. તે કદાચ દાંતેનું નર્ક હશે કે વૈતરણીની પારનો પ્રેતાત્માનો દેશ ? હું મેં કરેલા નાના મોટા, જાણે અજાણે કરેલા અનેક પાપોને ફંફોસી ફંફોસીને જલ્દી જલ્દી એકઠા કરું છું. પાપમોચીની નદીના જળમાં હજી સુધી તેને ડુબાડ્યા નથી તેનો ખેદ કરું છું. મણિકર્ણિકાને ઘાટે તરતા દીવાઓની હારમાળા જોતી વખતે કદાચ તેનો પાપનો ભાર નનહીં લાગ્યો હોય. ગંગાની મહત્તા પાસે મારા પાપોને ઉઘાડી કરી દેવામાં મારો અહમ ઘવાયો હશે કદાચ.

શેરીઓમાં અંધકારના નખ વધી રહ્યા છે. ઘરની બહાર નીકળીશ તો કોઈ દૈત્યની જેમ ક્ષત વિક્ષત કરી નાખશે. કોઈ વહેલા ઊગેલા ઘરડા તારા અને મારી વચ્ચેનું પોલાણ ભરવા હું શબ્દોની ઘોષણા કરું છું પણ પૃથ્વીના વાતાવરણમાંથી જ પડઘાતા શબ્દો શતગુણિત ધ્વનિથી પડઘાઈ મારી સાથે જ એકોક્તિ માંડે છે. ગોબાયેલા વાસણની જેમ છાતી ઉધરસથી ખખડે છે. રંગ, રેખા, ગતિ સ્થિતિના ભેદ ભુંસવા લાગ્યા છે. કફિયલ શ્વાસ જ હોવાપણાનું સતત ભાન કરાવ્યા કરે છે. શ્વાસોચ્છ્વાસ ગણવાનું મન થઈ આવે છે પણ લાગે છે કે સમુદ્રે ક્યારેય તેનાં મોજાં ગણ્યા નથી. મારી અંદર વસતું આદિ સરિસૃપ તેની મહાકાયાના ભારથી ઊંઘમાં જ પડખું ફેરવે છે ને તેથી આંતરડા, ફેફસાં તેના અસહ્ય ભારથી ચગદાય છે. આદિ પ્રજીવ અમીબા તેના કૂટપાદથી ભયથી દૂર અને ખોરાક તરફ પ્રચલન કર્યા કરે છે. આદિ પક્ષી આર્કિયોપ્ટેરિક્સ થોડુંક ઊડવાના થાકથી હાંફતું બેઠું છે. વધુ ઊડવાની તેની ટેવ નથી. આદિ માનવ હજી લાંબી ઊંઘમાં છે. જાગશે ત્યારે અગ્નિને જોઈને જાણે જ્વાળામુખી ફાટ્યો હોય તેમ છળી મરશે. પથ્થરની આ દીવાલો તેને અસ્ત્રાગારનું ભાન કરાવશે. નખથી દિવાલ ખોતારવાના પ્રયત્ન કરશે. થાકી જશે. સૂર્ય સામે દાંતિયા કરી સૂઈ જશે. ફરી હીમયુગ.

રોગની મીંડમાં ક્યારેક આખુંય શરીર ગાઈ ઊઠે છે. કોઈ દેહની અંદર જઈ ટાંકણું લઈ આ કાયાનો જીર્ણોદ્ધાર આરંભે છે. સમવેત સ્વરોમાં ગાઈ ઊઠે છે, શરીરનું સમવાયતંત્ર.

તાવના એકાંતના કોઈકે ચાંપી છે ચેહ. દેહના તાપણાથી દેહ તાપે છે. અચાનક સમય પ્રત્યે સભાન થઈ જવાય છે. રાત્રે પરસેવો વળે છે, અસુખ થાય છે અને ઊંઘ ઊડી જાય છે. ઘરનાં બધાં સૂતાં છે. તેમનો સમય પણ સૂતો છે. તેઓ સ્થળકાળની પારની નિદ્રાની અવસ્થામાં તેમના દેહને, તેમના નામને, તેમના અસ્તિત્વને ઓગાળીને સૂતાં છે. એક હું જ જાગું છું. તાવના ટાપુ પર એકલો. સમય મારા માટે જ છે. ડંકા ઘડિયાળ નથી તેથી કેટલા વાગ્યા તેનો અંદાજ નથી. એક એક ક્ષણ સેકન્ડના કાંટાને થડકાવતો સમય કટ કટ આગળ વધતો રહે છે. આટલી બધી અલસ હશે. તેની ગતિ ? આટલું બધું હીંસક, પ્રચુર, અસહ્ય છે તેનું હોવું અને મારું તેથી સભાન હોવું ? આ સમયને તો મેં લાંઘતા ફલાંગતા, ઉડતા, સરકતા જોયો છે તે જ સમય આમ ધીમે ધીમે સૂચિસૂક્ષ્મ છીદ્રે મને વેધી રહ્યો છે. મારા ચાલીસ વરસ આ સમયપટ પર કેવી રીતે ગયા તેનો ખ્યાલે ન રહ્યો. પૂરની જેમ સ્મૃતિકાંપને છોડીને કેવાં પુરપાટ પસાર થઈ ગયા ! હવે તો શરીર સાથે ચેતના ય જડાઈ ગઈ છે પથારી સાથે. આ કાળાપાણીની સજા એકલાં જ ભોગવવી પડે છે. મનનું દુઃખ તો હલકું કરી શકાય, શરીરની પીડાને કોઈ હલકી કરી શકતું નથી. અસાધ્ય રોગના કે કેન્સરના દરદીને જોતાં જ તેમની સામે માથું આદરથી ઝૂકી જાય છે. કાયાના કિલ્લામાં એક એક કાંગરા ખરતા જતા હોય અને છતાં અણનમ યોદ્ધાની જેમ તેમનું જીવ સટોસટ યુદ્ધ ચાલુ હોય તેવા ધીર ખમીરવાળા માણસોને વીર પુરુષો જ કહેવા પડે. વૃદ્ધાવસ્થામાં જયારે એક એક અંગ ગળતું જતું હોય, ઇન્દ્રિયોની બારીઓ એક પછી એક બંધ થવા લાગી હોય ત્યારે આત્મસ્થ બની મરણને સહજ રીતે આવકારતા વૃદ્ધોને જોઈને મારો મરણનો ભય થોડો ઓછો થઈ જાય છે. કબીરે પણ કહ્યું છે ને કે “સાત લોક નો ખંડ મેં / સબકો હી ભરનો પડે દેહ ધરે કા દંડ” પીડા એ પણ શરીરની એક અધિષ્ઠાત્રી દેવી છે તેને અપૂજ ન રખાય. મારી પીડામાં તેની જ પૂજા ચાલી રહી છે.

# ૩૮ - નવલખી લટાર

'સવારનો રંગ ખડમાકડીના જેવો પોપટી' એ ઉપમા જીવનાનંદદાસને કેમ સૂઝી હશે તે અત્યારે સમજાય છે. ઘાસના પાન પોપટી રંગમાં એક કુમાશ હોય છે ઘાસના પાન પ્રૌઢ થતાં તે રંગ લીલો થઈ જાય છે – એમ જ કુમળા ફરફરતા નવા ઘાસનો રંગ પોપટી જ હોય ને – એમ ક કુમળી સવારનો રંગ પણ ખુલતો પોપટી. આજે સર સર સરી જતી સવારને એમ જ પસાર નથી થવા દેવી એટલે તો આજે આ સવારમાં જ વહેલો ઓફિસે આવ્યો છું.

આકાશવાણી રાજકોટનું પરિસર તેની વનરાજી અને અંગ્રેજ બાંધણીના બંગલાથી સુંદર છે જ. બાથરૂમની બારીમાંથી દેખાતું સ્થિર સ્થીવર વૃક્ષરાજ બુચ, મારી બારી પાછળ ચમરી ઢોળતો રૂમના પ્રકાશ આયોજનમાં તેજછાયાની પૂરણી કરતો લીમડો, આખા ડોલતાં સુંવાળા સોટા ક્યારેક નિલગીરી, મેંદીની વાડ, મોરના ટહૂકાની રૂપના તાર ખેંચાતી સ્વરરેખા, કોયલની એકાએક ઊઠતી કૂક... આબધું ક્યારેક ક્યારેક અલપઝલપ ચેતનામાં ઝિલાય છે. એક સાથે બધું આત્મસાત્ થતું નથી. સવારના સાડા દસ પછી તો આ પરિસર ઑફિસ, ફાઈલ, પ્રોગ્રામ, મેમો, ઓર્ડર, પ્રમોશન, ટીએ, ડિ.એ,એરિયર્સ, પ્લાનિંગ સ્ટેટમેન્ટમાં ખોવાઈ જાય છે.

રાત્રે આ બંગલો યાદ કરી લે છે તેની અંગ્રેજ મેડમે તેને આપેલી પ્રેમભરી કાળજી, અઢળક પ્રેમ. સ્કોટલૅન્ડ બેલ્સ કે ઇંલેન્ડના રૂવાબદાર અંગ્રેજે આ પરિસરનો એકએક ખૂણો માણ્યો હશે. રાતે પીપળાની ટોચે સ્વપ્નું આવતું હશે. ઊંચા વૃક્ષે બેઠેલા પીપળાની ટોચે કોયલને સ્વપ્ન આવતું હશે. ઊંચા વૃક્ષે બેઠેલા મોરમાં જાગતી હશે અસ્ફુટ

ઈચ્છાઓ. ઘાસ વચ્ચેથી સરકતો હશે સાપ, મેંદીની વાડ પરનો કાંચિંડો ઉપરની ઝાડીમાં ભરાઈ રહેતો હશે ચૂપચાપ. પવનની લ્હેરખીથી લીમડો માથું ધુણાવતો હશે. પીપળો ખડખડી ઊઠ્યો હશે. થડ પર દરમાં ભરાવાનું ભૂલી ગયેલો મંકોડો પવનમાં ઊડી પડતો હશે અને ફરી ઘાસના ઊંચા જંગલમાં પડ્યો હશે. ઘાસ તેને વાંસ જેવું લાગતું હશે. પતંગિયા પાંખો સંકેલી સૂઈ ગયા હશે.

સવાર સવારમાં જ લટાર મારવા નીકળ્યો છું. બંગલાની પોર્ટિકોની સામે જ નાનો ફૂવારો છે. તેમાંથી સતત સફેદ જળમાળા જેવી સેરો ઊડે છે. સ્કૂટર પાર્ક કર્યું હોય તે લેતી વખતે નજર જાય છે પણ કદી આગળ તેના થાળા સુધી ગયો નથી. આજે પહેલીવાર જ આ તરફ. એના થાળામાં ત્રણ નિલોત્પલ ખીલેલાં છે. ‘ઉત્પલ’ બોલતાં જ સુરેખ કોમળ પાંખડીઓ એક પછી એક ખુલેલી નજર સામે તરવરે છે. કમળનો આવો જાંબલી ઝાંયવાળો સુકુમાર રંગ જોયો નથી. થાળાના પાણીમાં ઉપરથી પડેલાં પીપળાના પાંદડા પડ્યાં છે. હમણાં જ પડ્યાં હશે તેથી કોહવાયા નથી. નહીંતર સીદી સૈયદની જાળીને ટક્કર મારે તેવી નકશીદાર જીણી જાળીની ભાત પડી હોત. જીણાં જીણાં જળમોતીઓનો થાળના પાણીમાં પડવાનો હળવો અવાજ આવે છે, થાળાના પાણીમાં નાનાં નાનાં વલયો રચાયા કરે છે. નાનકડી માછલીઓ સપાટી પર આવી તેનું નાનકડું મોં ખોલ્યા કરે છે. ઉપર આકાશ તરંગિત સપાટી પર હલબલ ઝલમલે છે. ઉપર ગોરંભો હોવાથી મેદૂર આકાશમાંથી આછો પ્રકાશ જ આવે છે. દસ વાગ્યા છે પણ સવારના સાત વાગ્યાનું વાતાવરણ હજી એમને એમ જ છે. અત્યારે ભટિયાર કે ભૈરવના સૂરો કાનને આગંતુક અજુગતા ન લાગે. ગાઈ શકાય.

થાળાથી થોડે દૂર ઝાડી તરફ જાઉં છું. ધરતીનો આનંદ હરિત રોમહર્ષણરૂપે ઊગી નીકળ્યો છે. ગયા વરસના પ્રમાણમાં આ વરસે વરસાદ સારો છે. ઘાસ ગોઠણબુડ ઊગ્યું છે. તાજા ઘાસની ભેજભરી ગંધ હવામાં બધે તરબતર તરે છે. ઘાસ વચ્ચે એક કેડી અડધી –પડધી ઢંકાઈ ગઈ છે. કેડી પર ચાલી ચાલી માણસે ઘાસ ભૂસ્યું તો ઘાસે ફરી તે કેડી ઢાંકી. એક જાપાનીઝ હાઈકુ યાદે આવે છે. જેમાં વિરહિણી પ્રેમીકા ફક્ત એટલું જ ગાઈ છે,

“તારા ગયા પછી કેડી ઘાસથી ઢંકાઈ ગઈ છે”

અ વિરહાકુલ એકાકી નાયિકા તેના એકાંતવાસમાં, વ્રેહપીડામાં દિવસો વિતાવી રહી છે. પ્રિયતમ આવ્યો નથી. તે સંકેત તો તેણે 'તારા ગયા પછી' એ પંક્તિમાં જ આપી દીધો. સમયનો સંકેત આવ્યો ઘાસથી. પ્રિયતમ ગયા પછી નથી તે બહાર ગઈ, નથી તેનો પ્રિયતમ આવ્યો કે નથી કોઈ બીજું સાંત્વના આપવા આવ્યું.

ગોઠણબુડ ઘાસમાં પાછળની ઝાડી તરફ જાઉં છું. નજીક નજીક ઊભેલા વૃક્ષો, મોટા વૃક્ષો પર ચડી ગયેલી જાડા વળાંક થડિયાવાળી પુરાણી વેલ, અઘેરીના નાના નાના છોડ, ક્યાંક કુમળા ચણોઠીના વેલા, નેપાળનો રતુંમડો છોડ, બાવળની ઝાડી નીચે લીલું અંધારું. એ અંધારામાં વહાલથી વળગેલી વેલના પાતળા તાતણાંઓ લટકે છે. નવાઈની વાત તો એ છે કે એ આ મીની જંગલથી ૨૦ ફૂટ દૂર જ દીવાલની પેલી પારરેઈસકોર્સનો ધણધણતો ધમધમતો રિંગ રોડ છે અને અહીંયા છે અકૂતોભય શાંતિ અને શાતા. શાંતિનો આ નાનકડો ટાપુ છે.

બાવળની ઝાડી પાસે ઘાસમાં એક મોર એકલો એકલો નાચે છે. પાસે જે ઢેલ નિસ્પૃહભાવે અલિપ્ત ચરતી રહી હતી તે તો ક્યારનીય ચાલી ગઈ છે. મોરને ય તેની પડી નથી. મોર તો નાચે છે અંતરમાં ન સમાતા આનંદને વ્યક્ત કરવા, પ્રકૃતિ પ્રત્યે પોતાનો પ્રેમ અને કૃતાર્થતા પ્રગટ કરવા. એની થરકન જ અંદરની. 'જંગલ મેં મોર નાચા કીસીને ના દેખા' આપણે કેમ એ વાત લઈને આવ્યા હશું ? મોરને કોઈ દ્રષ્ટા મળે તો જ તે નાચને સાર્થકતા મળે માટે ? એક વ્યવહારુ સાક્ષી માટે ? કે આ જગત દ્રષ્ટાના દ્રશ્યમાં આગમન સાથે જ નિર્માણ પામે છે તેવી કોઈ દલીલ આગળ ધરવા ? આવી દલીલ એ માનવકેન્દ્રી વિશ્વ વ્યવસ્થા ઇચ્છતો અહમ્ નથી ?

કેટલાય અજાણ અનામી ફૂલો અજ્ઞાતમાં જ ખીલીને કરમાઈ જાય છે, કેટલાય પક્ષીઓના ટહૂકા આકાશમાં રેલાઈ જાય છે, બ્રહ્માંડના અફાટ અવકાશમાં કેટલાંય વિચ્છુરિત જ્યોતિપુંજોની, નક્ષત્ર નિહારિકાઓની લીલા ચાલ્યા કરે છે ત્યાં તો કોઈ દ્રષ્ટા નથી. સ્રસ્ટા જ તેનો નાચ 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'ની જેમ નાચ્યા કરે છે. અસ્તિત્વને પણ આવિર્ભાવમાં આત્મપ્રતીતિ જોઈએને ? આ બધાં વિચારોને. વાયવી તર્કોને ફરી મોરપંખની રંગ છાલક વાગે છે. મોરથી દસેક ફૂટની દૂરતા જાળવી છે. આ દૂરતાથી તેને

સલામતી લાગે છે અને મને એક એસ્થેટીક ડિસ્ટન્સ મળે છે. મોરની પીછું માધવે મુકટ તરીકે કેમ ધારણ કર્યુ હશે તેનો અંદાજ આવે છે.

ઘાસની ઉષ્ણગંધથી ભારાક્રાંત હવાથી નાકના ફોયણા ફોરે છે. બે ચાર વગડાઉ જંગલી છોડમાં ફૂલો ખીલ્યાં છે. હવામાં પારદર્શક પાંખોવાળા વાણિયા આમ તેમ ઊડે છે. આ વાણિયાની મોતી ગોળ હીરા જેવી આંખોમાં જાપાનિઝ કવિએ આખો ફ્યુજિયામા પડઘાતો જોયો છે. ઉઘાડના તડકામાં આમથી તેમ તિર્યકરેખા દોરતા, ઊડતા કે કાળિયા કોશીની ચાંચમાં ઝડપાઈ છે. આ વાણિયાઓને નાનપણમાં હળવેકથી પાછળથી પકડી તેના લાંબી પેટપૂંછડીએ પાતળો દોરો બાંધી હેલિકોપ્ટરની જેમ ઊડાડ્યા છે, પતંગની કેમ ઉતાર્યા છે, બાકસની ડબ્બીમાં પૂર્યા છે.

બે ચાર સફેદ પીળાં પતંગિયા વચ્ચે લાલ ટપકાવાળું કાળું વરણાગિયું પતંગિયું ઊડતું ઊડતું આવ્યું છે. આવા જ પતંગિયાને જોઈને ઈસ્સાને લાગ્યું હતું –

“તરતા પતંગિયા !
જયારે તું મારી આંખ સામે નાચે છે
ઈસ્સા – માટીનો માણસ !”

પાણીની ઓરડી પર એક શકરોબાજ અલસ બેઠો છે. તેની તીક્ષ્ણ આંખથી જગત આખું જાણે કે તેણે પકડ્યું છે. બે ચાર કોયલ તેને જોઈને ચિત્કારે છે અને શકોરબાજને સંતાઈ જવા ફરજ પાડે છે.

દિવસે ઝાડ પર કરેલી રોશની જેવા પીળી કરેણના નાની ઘંટડી જેવા પીળાં ફૂલો તડકામાં સળગે છે. ઘેરી પોપટી પત્તીઓની ચામર વચ્ચે ખુલતાં પીળાં ફૂલોના નાના નાના ભડકાથી આખું ઝાડ આલોકિત થઈ ગયું છે.

આ પીળી કરેણનો રંગ, ઘાસની ગંધ, વાણિયાઓની તિર્યક્ વલય ઉડ્ડયન રેખા, વ્હાલથી વળુંભેલી વેલ, કથ્થાઈ કરકરુ થડ, લીલો અંધકાર અને મોરપિચ્છનો સ્પર્શ ભરી ઑફિસમાં જઉં છું. આ બધું ગુપ્તધણ સાચવીને રાખવું પડશે.

# ૩૯ - ચુકાયેલા જીવન સાથે ભૂલાયેલા મૃત્યુ સાથે જોડતી : માંદગી

આજે જ તાવ ઊતર્યો. તાવ ઊતર્યો એટલે જાણે ઝેર ઊતર્યું. શરીર આખાને બાનમાં લીધેલું. કાયાને એકે એક સંસ્થાનોએ લગભગ સામટો જ બળવો પોકારેલો. અંગે અંગમાં હુલ્લડ, રમખાણો ફાટી નીકળેલાં. આટઆટલા સાંધા છે તે તો કળતરે જ ખબર પાડી. લમણામાં તો એનેક રઘવાઈ ઘોડાગાડીની નાસભાગ ચાલતી હતી. ચેતના તો ક્યાંય ખૂણામાં બઘવાઈને ગૂંચળું વળીને બેસી ગઈ હતી. ભલું થજો. એન્ટીબાયૉટીક માતાનું એક બે દિવસમાં તેણે જુદ્ધે ચડી રણચંડી બની ઘેરો પાછો ઠેલ્યો. રિપુઓના દળને અસિ, ખડ્ગ, ત્રિશુલથી પરાસ્ત કર્યુંને સવારે મારા કપાળે તેનો હાથ પસવારીને કહ્યું. "ઊઠો દિ'કા. હવે કેમ છે ? જો સવાર પડ્યું."

આજની સવાર ખરેખર અસહ્ય સુંદર હતી. આવી કેટલીય સવારોને મેં ભૂતકાળના ખાતામાં એમ જ ઓલવી નાખેલી. આજે એમ ન હતું. તો જ તો તેને 'ટેઇકન ફોર ગ્રાન્ટેડ' લીધેલી, આજે ખબર પડી કે ખંડમરણ જેવી નિદ્રામાંથી ઊઠાશે જ તેવી કોઈ બાહેંધરી સોનાને પતરે લખી આપણને આપી ગયું નથી. દરેક સવારને નવી જ સમજવી. રોજ એકડે એકથી જ ગણવાનું અને જે નિત્ય છે તેને જ નૂતન તરીકે પામવાનું. અને આજની સવારમાં સુન્દરમે '૧૩. ૭મી લોલક'માં જે તડકાને ઇષતસ્પર્શ મેંદા જેવો સુંવાળો કહેલો તેય જોયો. કલબલતા વૈયાય જોયાં. દફ્તર ભેરવી સ્કુલે જતી ટણક ટોળી જોઈ. આકાશમાં ઊડતી લીલા પોપટાનાં કલશોરથી અંકાતી જતી કલ

કવિતાય જોઈ, સામેના મેદાનનો બાથ ભરી આવકારતો અવકાશેય જોયો. કેમ ન જોઉં ? આજની સવાર મારી પીડાની કમાણી હતી.

આ માંદગીએ શરીરનો મહિમાય સમજાવ્યો. સ્વાસ્થ્યની હું એવી વ્યાખ્યા કરું છું કે કોઈપણ અંગ તેની હયાતીની હાજરી ન પુરાવે અને તમે તેનાથી અભાન રહી શકો તેનું નામ સ્વાસ્થ્ય આપણે જૂના જગતની અજાયબીઓ વિશે, નવા જગતની અજાયબીઓ વિશે વાંચતા હોઈએ છીએ પણ એનાથી પણ મોટી અજાયબી આ માનવ શરીર છે તેના વિશે કેટલું ઓછું જાણીએ છીએ ! ગીતામાં તેને જૂના વસ્ત્રની ઉપમા આપી કે મીરાંબાઈએ ‘જૂનું તો થયું રે દેવળ’માં બીજી ભૂમિકાએ તેને ગૌણ ગણ્યું તે જુદી વાત છે. કાલિદાસે તો તેને જ ‘ખલુ આદ્ય ધર્મ સાધનમ’ કહી બીરદાવ્યું તો યોગીઓ – સિદ્ધોએ એમાં જ ષટ્ચક્રની, ત્રિવેણી ઇડા પિંગલા સુષુમણાની સાધના કરી. કરોડની વચ્ચે આવેલી મગજમાંથી સંવેદના સંદેશનું વહન કરતી સ્પાઈનલ કોર્ડ અને તેની ડાબી જમણી રહેલી પેરાસિમ્પેથેટીક નર્વ તે જ ઇડા પિંગલા સુષુમ્ણાની ત્રિવેણી. આ ત્રિવેણીમાં જ સંતો નાહ્યા. ભવિષ્યમાં કોઈ આ ગૂઢ વિદ્યાને પ્રયોગથી વૈજ્ઞાનિક આધારો સાથે સરખાવી જોશે ત્યારે આધ્યાત્મ અને વિજ્ઞાનના છેડા ક્યાં મળે છે તે જોઈ શકાશે. આ શરીરની એકે એક સિસ્ટમને અનન્ય સૂઝ, સફાઈપૂર્વક સૂક્ષ્મ સ્તરે ગોઠવેલી છે. અને એ બધી સિસ્ટમ વચ્ચે પણ સંકલન છે. બધું આજના સિસ્ટમ વિજ્ઞાન-સાયબરનેટીક્સના સિદ્ધાંત પ્રમાણે નેગેટીવ ફીડબેક સ્વયંશાસિત. મગજનું કાર્ય પણ મલ્ટીફેસેટેડ. ઇન્દ્રિયોના એલચી દ્વારા બધો કારભાર સંભાળે. જન્મથી મરણ સુધી હૃદયને ધબકતું રાખે, આંખ દ્વારા જુવે, એ સાંભળે, સુંઘે, ચાખે, નર્મ મર્મથી બોલે, નરમદાબથી હરખાય; વાદ કરે, વિવાદ કરે, પ્રશ્ન કરે, ગણત્રી કરે, સ્મૃતિને સંઘરે, વખત આવે બધા પટારા પટોપટ ખોલી આપે, અસ્તિત્વનું, હસ્તિનું અસ્તિનું ભાન કરાવે.

બૅક્ટેરિયા, ફંગસ, વાયરસની અનેક રોગકારક જાતોના સમુદ્ર વચ્ચે આપણા આ શરીરની નાવ ભાગ્યે જ ડૂબે છે. આ શરીરની અંદર જ ‘ઈમ્યુન સિસ્ટમ’ – પ્રતિકાર તંત્રની રચના છે. આપણે સાંભળ્યા પણ ન હોય તેવાય હજારો પ્રકારના રોગો આ પૃથ્વી પર છે છતાં એમાંથી ભાગ્યે જ કોઈ એકલ દોકલની હડફેટે આપણે ચડીએ છીએ. આદિમાનવથી આપણા સુધી આજ ઈમ્યુન સિસ્ટમે માણસને આ પૃથ્વી પર ટકાવી

રાખ્યો છે. મારા ડૉકટર મિત્રને એકવાર વાત વાતમાં મેં કહેલું કે મને રોગ કેમ થાય છે તેનું આશ્ચર્ય નથી થતું પણ આટલા બધાં કીટાણુંજન્ય, આનુવંશીક, ફિઝીયોલૉજીકલ રોગો વચ્ચે આપણને રોગ કેમ નથી થતા તેનું જ મને તો આશ્ચર્ય છે. તેણે જવાબમાં કહેલું કે તેની પેથોલૉજીના પુસ્તકના લેખકે તેની પ્રસ્તાવનામાં માનવદેહનો મહિમાગાન કરતાં આ જ આશ્ચર્ય વ્યક્ત કરેલું. આજે તો ઈમ્યુન સિસ્ટમ અને આપણા શરીરની વહારે આધુનિક તબીબી વિજ્ઞાન, રસીઓ-વેક્સીન, રસાયણો એન્ટીબાયાટેક, પીડાશામકો, ઓપરેશન વગેરે આવ્યા છે. આદિમાનવ કોઈ રોગના સકંજામાં સપડાયો હશે કે તેનું હાડકું ખરાબ રીતે ભાંગતું હશે ત્યારે તેણે કેવી પીડા ભોગવી હશે તે તો કોણ જાણે. એ પીડા તો તેણે જ આપણને પાર કરાવી અને જીવનતંતુ આપણા સુધી લંબાવી આપ્યો.

જોયું ? વાતમાંથી વાત ઊનના દડા ની જેમ કેવી ઉખળતી ગઈ. વાત હતી માંદગીની. આ માંદગીમાં જ નિર્ભરતા પરાધીનતાના પાઠ ભણવા પડે. ‘અંગના તો પરબત ભયો, ડયોઢી ભઈ બિદેશ’ જેવી દશા થાય. દિવસો સુધી આંગણુંય લાંઘી ન શકાય. ઉબર દુલંધ્ય પર્વત બની જાય. ઘરમાં રહેવા છતાંય એ ઘરની બપોર કેવી હશે, છોકરાંઓ સ્કૂલેથી આવી શું કરતાં હશે, પત્ની રસોડાનું કામ ઝપડાભેર કેમ આટોપતી હશે તે જાણવાનો મોકો મળે છે. બપોરની અલસતા, સમળીના સેલારા, લંબાતા ટૂંકાતા પરછાયાઓ, ઢળતી સાંજ ખુલતાં ડેલી બારણાં, કોઈ છોકરાનો રડવા કકળવાનો અવાજ, ફેરિયાની જાત જાતની બૂમ એ બધું પામવાનો મોકો મળે છે. કાચી જેલના રાજવી કેદી જેવો ઠાઠ તમારી પીડા સહ્ય હોય તો તમે ભોગવી શકો. આ તો થઈ થોડા દિવસોની નવીનતા. પછી તરત જ ઘર અકારૂં લાગવા માંડે છે, શ્રીઅરવિંદ વિશે સાંભળેલું કે વરસો પછી તેઓએ તેમના બ્લોકની બહાર પગ નહતો મૂક્યો. એમની એ અનુશાસિત કેદ તેમણે જાત પસંદ કરી હતી. અને એ તો યોગી – અંદર જ એક વિશાળજગતને વસાવનારા, તેને જન્મ આપનારાં. આપણા જેવા સામાન્ય માણસમાં એક અપવાદરૂપ જોયાં મારા મિત્રના પિતા કાંતિલાલભાઈ શાહને. છેલ્લા વીસ વરસ લગભગ પથારીવશ રહ્યાં. છેલ્લાં વરસો તો એવા ય હતા કે ઘરની બહાર હૉસ્પિટલમાં દાખલ કરાયા સિવાય પગેય નહીં મુકેલો. દમનો હઠીલો વ્યાધિ ચડે ત્યારે રાતોની રાતો બેઠા બેઠા ઓશીકાને સહારે કાઢવી પડે. છતાં જયારે પણ તેમને ઘરે જઉં ત્યારે વિદ્યાવ્યાસંગ જ હોય. નીચા નમી વાંચતા હોય, મોં ઊંચું કરી બાળક જેવું હસે. હસે

એટલે મરકકે. પીડા વ્યાધિનો કોઈ દંશ ન વરતાય. મનને એવુંને એવું જ સ્વસ્થ રાખેલું. શરીર અને મનને જાણે જુદા જ પાડી દીધેલાં. તેમના રોગ વિશે પીડા વિશે મેં તો શું તેમના ઘરના સ્વજનોય કોઈ દિવસ ફરિયાદ ન હતી કરી. આ પણ એક જાતનું યુદ્ધ છે. શરીર સામે જંગે ચડવાનું યુદ્ધ. એમાંય કાંતિભાઈ જેવા પરાક્રમી વીર પુરુષો હોય છે. એમની ગાથા ગવાતી નથી, ચન્દ્રકો અર્પણ નથી થતાં નહીં તો તેમને જરૂર ‘પરમવીરચક્ર’ મળ્યું હોત.

આ માંદગીની જેમ નવી આંજેલી આંખે સવાર દેખાડી જીવન પ્રત્યે સભાન કરતી ગઈ તેવી જ રીતે મૃત્યુ પ્રત્યે સભાન કરતી ગઈ. સિતાંશુ યશચન્દ્ર કહે છે ‘આ શરીર કે જેના વડે હું મરી શકીશ.’ નો અહેસાસ કરાવતી ગઈ. આ વરદાન સમજી ઉચ્ચારાયેલા શબ્દો છે કે શાપ સમજી ? કદાચ બંને. આ માંદગીએ જીવનના નેપથ્યમાં રહેલા મૃત્યુ પ્રતિ ઇશારો કર્યો. મેં ખૂણામાં મારી સ્વીકૃતિ રાહ જોતું. સંકોચમાં ટુંટીયુંવાળી બેઠેલું બહિષ્કૃત મરણ જોયું. અંદર પ્રવેશ ન હતું માગતું. માગતું હતું માત્ર મારી સ્વીકૃતિ. મારી આંખમાં લેશમાત્ર સ્વીકૃતિ ન હતી. તેને ય કોઈ ઉતાવળ નથી. એક સાચા સત્યાગ્રહીની જેમ મારી સ્વેચ્છાની રાહ જોશે. હું જોઉં છું ક્યારે તેનો સ્વીકાર કરું છું.

# ૪૦ - વસ્તુઓ રાહ જુએ છે અહલ્યા ઉદ્ધારની

ટેબલ પર બેઠો છું. આમ જુઓ તો કામ જ કામ છે અને આમ જુઓ તો સમય જ સમય છે, પણ અત્યારે આ ક્ષણે સમય અને કામ બંને હોવા છતાં કશું કરવાનું મન નથી. શરીરને ક્યાંક ઢીલું મૂકી મનને મારા મગજના ખીલેથી છોડી મૂકું છું. મન ક્યાંક ચરી આવે તો સારું. આકાશથી સારો બીજો કયો ચારો હોઈ શકે ? હમણાં જ પોતું ફેરવી ચકચકાવેલો તાજો ચોખ્ખો કાચ ટેબલ પર પડ્યો છે તેમાં કાચ નીચે રાખેલાં ચિત્રો અને કાર્ડ દેખાય છે અને ઉપરની સપાટી પર સામેની બારી. બારીમાં ઉપરનાં ભાગે ભૂરો આકાશ ને નીચે લીમડાની ડાળીઓ દેખાય છે. અચાનક મારા હાથ ટેબલ પર ટ્રેમાં પડેલાં કાચના પેપર-વેઇટ તરફ જાય છે. બે ત્રણ પેપર-વેઇટમાં રંગબેરંગી પરપોટાઓ, ફૂવારાઓ એકબીજામાં લયાત્મક રીતે ભળ્યાં છે. ગતિને જાણે રૂપબદ્ધ કરી દીધી છે. આ પેપર-વેઇટની નીચે મેં કેટકેટલાંક કાગળો દબાવ્યાં છે. પણ કદી ઉપર નજર નથી કરી. રમતમાં હું પેપર-વેઇટોને ઉંધા ગોઠવું છું – – ગોળાકાર સપાટી નીચે અને સપાટ બેઇઝ ઉપર.અચાનક જ એ બધાં પેપર-વેઇટ તેમના કાર્યભારમાંથી મુક્ત થઈ તેમના પોતાનાં પણ ભારમાંથી મુક્ત થઈ જીવતાં થઈ જાય છે. હું તેમને ભમરડાની જેમ ફેરવું છું. લુઢકાવું છું, દેડવું છું, ફરતાં ફરતાં સ્થિર થતાં પહેલાં તેઓ આમથી તેમ ડોલે છે. હથેળીને તેનો વજનદાર સ્પર્શ લાગે છે પણ આંખને તો તે માત્ર રમતિયાળ ગોળ નર્તતા આકારો જ લાગે છે. આટલું બધું સુખ, આટલો બધો આનંદ માત્ર આ પેપર-વેઇટે મને આપ્યો ? હળવાફૂલ દડતાં એ ગોળાએ મને એટલો બધો ઝંકૃત કરી દીધો ! હું પણ તેની સાથે ડોલવા લાગ્યો. રોજ આ પેપર-વેઇટ તો હતું જ મારી આંખની સામે તો કેમ તેની આ લીલા નજરે ન ચડી ? કોઈ એક નિરાંતની પળે

મન તેના ડાબલા બાજુએ મૂકી દે છે અને આ વાસ્તવિકતામાં આ યથાર્થમાં આપણે ઝંપલાવી શકીએ છીએ. રોજ-બ-રોજની પરિચિતતા, પદાર્થોની ઉપયોગિતામાં આપણે તેના સત્વ તત્વને ખોઈ નાખ્યું છે તેનું ભાન આ ત્રણ પેપર-વેઇટે મને કરાવ્યું. ફ્રેંચ કવિ પૉલ યુકલેડનું એક વાક્ય દસેક વરસ પહેલાં કિશોરે એક ચિઠ્ઠીમાં લખ્યું હતું, “There is another world, and it is in this world” નો મર્મ પકડાયો. રાજકોટમાં એક વ્યખ્યાનમાં સુરેશ જોષીએ કહેલું કે “કવિ કવિતા કરે છે ત્યારે ઉપરથી કશુંક દૈવી કે આધિભૌતિક તત્વ નીચે નથી ઊતરી આવતું પણ તેથી ઊલટું આ જગતના રહસ્યને તેના યથાર્થને અવગુંઠિત કરતો એક પડદો એક પટલ, પડળ કે જવનિકા આપણી સામેથી ઊઠી જાય છે અને આપણે એ પદાર્થને મુખોમુખ થઈ છીએ.” પોતાનું વજન ગુમાવી ગોળમટોળ ઢીંગલી જેમ નાચતાં હે પેપર-વેઇટ ! તમે મને હળવો ફૂલ બનાવી દીધો તે માટે હું અનુગ્રહીત છું તમારો.

વચ્ચે એક કવિ વિતેઝસ્લાવ નેઝવેલના કવિતા સંગ્રહની પ્રસ્તાવનામાં કવિએ તેની કવિતાની કળ ખોલવા જે કેફિયત આપી તે આ વાત સાથે પ્રસ્તુત લાગે છે. નેઝવેલ લખે છે : “Logically the glass belongs to the table, the star to the sky, the door to the staircase. That is why they go unnoticed. It can be necessary to set the star to the table; the glass hard by piano and the angle; the door next to the ocean. The idea was to unveil reality, to give it back it’s shining image, as on the first day of it’s existence. If I did this at the expence of logic it was an attempt, realism raised to a higher degree.” પદાર્થોને તેને પરિચિત સંદર્ભો દૂર થઈ જોવા, તેના ઉદ્‌ગમ સમયે તે કેવા કાંતિમાન હતા તે તેના સાચા પોતાના સ્વયં પર્યાપ્ત સંદર્ભથી જોવાની કવિએ વાત કરી. કેટલાંક સરરિયલ ચિત્રકારોએ Juxtaposition થી તેમના ચિત્રોમાં જે વસ્તુઓ જે રીતે મૂકી હતી તેવાં ચિત્રો યાદ આવ્યાં અને પેલા કવિની વાત સાથે જોડાઈ ગઈ.

‘ગોડ મસ્ટ બી ક્રેઝી’ ફિલ્મમાં કોકાકોલાની કે એવી કોઈ પીણાંની પાતળી પરમાર જેવી

કોઈ બોટલ આફ્રિકાના આદિમ જાતિના Tribals ના હાથ ચડે છે. આ પ્રકારના રમણીય આકાર અને ચળકાટવાળી કોઈ વસ્તુ આ વનવાસીઓએ કદી જોઈ હોતી નથી તો પછી તેનો શો ઉપયોગ હોય તે તો તેમને ક્યાંથી ખબર હોય ? તેમના માટે તો આ પદાર્થ જાણે હમણાં જ જન્મ લીધો છે – nascent છે. એ નવજાત નવતર દૈવી વસ્તુથી તેઓ પહેલાં કેવાં આશ્ચર્યચકિત થાય છે પછી એ બોટલ સાથે કેટલી રીતે, કેવી રીતે કેટલીય વાર રમે છે. એ બોટલ એક હાથથી બીજે હાથ ફરતી ફરતી કેવા કેવા નવા નવા સંદર્ભો પ્રગટાવતી જાય છે તે પણ આ પેપર-વેઇટ સાથે યાદ આવી ગયું. ઓટોમેટિક મશીનમાં પટ્ટા પર ચાલતી, ફરર્ ફટ કરી એક ધકાડે ભરાતી, ચપ કરી ફટાફટ બુચ દેવાતી, ક્રેટમાં ગોઠવાતી, હજારો બોટલો ભેગી વાનમાં ચડતી સખળ-ડખઈ ઉછળતી; ડિપાર્ટમેન્ટલ સ્ટોરે પહોંચી બીજી બોટલો ભેગી ડીપ ફ્રીઝમાં શીતનિદ્રામાં પોઢતી, માલિકના અજડ હાથે ઝટપટ જાગતી, કન્ઝ્યુમરની બે આંગળી અને અંગૂઠા વચ્ચે પહોંચતી, ટોબેકોથી ગંધભર્યા મોંમાં ગટક ગટક ઠલવાતી, કે હળવું ચુંબન લેતી તે બોટલ તો બીજીક્ષણે ખાલી થઈ ફેંકાય છે, હડસેલાય છે, આડી-અવળી રવડે છે, આમતેમ રખડે છે, ફટ દઈ ફૂટે છે, કે સાજીનમી હોયતો બીજી હજારો બોટલો ભેગી ક્રેટમાં ગોઠવાઈ ફરી રિફિલીંગ પ્લાન્ટમાં પહોંચે છે. જયારે પેલા આદિવાસીઓ હાથે ચડેલી સુધન્યા બોટલનું તો નસીબ ખૂલી ગયું. આ બોટલોની વાતમાં એક ઈટાલિયન ચિત્રકારના શીશા શીશીઓના ચિત્રો યાદ આવી ગયા. હું ભૂલતો ન હોઉં તો જ્યોર્જિયો મોરાન્ડી તેનું નામ છે અને તેણે શીશા શીશીઓના જ અઢળક ચિત્રો કર્યા છે. આછા રંગનો કંપોઝિશન્સ – પશ્ચાતભૂના આછા રંગોમાં ભળી જતી આછા રંગની એકદમ હળવી – tender – પ્રેમાળ અને સ્વપ્નિલ – પારદર્શકતાને સાચવી રાખેલી પણ ખોટા આંજી નાખતા ચળકાટ વગરની એ બોટલો, ખોટો ખણકાટ કર્યા વગર આછું આછું રણકે છે.

મારો દીકરો નાનો હતો ત્યારે કવી રાજેન્દ્રશુકલ સાથે રમકડાંની વાત નીકળેલી તો કવિ કહે – "શિશુને રમવા માટે કોઈ રમકડું જ જોઈએ એવું નથી – તે તો દરેક વસ્તુને રમકડાંમાં રૂપાંતરિત કરી શકે." વાત તો સાચી. દોરાની ખાલી કોકડી, ગરગડી, ચમચી, થાળી, ગાભાની ચીંદરડી, ખાલી ડબા-ડૂબલી, તૂટેલી ખુરશીનો હાથો એ બધાંને તે પળવારમાં રમકડું બનાવી દે. ઈશ્વરનો પરમ અને ચરમ ભાવ તે લીલા અને

લીલાભાવમાં ચોવીસે કલાક અને આઠે પ્રહર રમમાણ રહે તે શિશુ. નાની અમથી વસ્તુ પણ તેને કેટલો અનહદ આનંદ આપી શકે છે તે નાનું બાળક છાનુંમાનું એકલું એકલું જાત સાથે જ ગોટાવાળી બોલતું બોલતું રમતું જુઓ ત્યારે જ ખબર પડે. નરસિંહે અમસ્તું જ તેને "સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે સોનાના પારણા માહીં ઝૂલે" તેમ નહીં કહ્યું હોય. વસ્તુને વિસ્મયથી, આનંદથી જોવાની આ પણ શિશુસહજ રીત. પછી તો ઉત્તર વયે આપણે ઘડાને પાણી ભરાવતા, ઓશીકે સૂતાં, ચમચીથી ખાતા અને ખુરશીને બેસતાં થઈએ જઈએ છીએ અને વસ્તુઓ ચુપચાપ બધું વેઢાર્યા કરે છે. વસ્તુઓ રાહ જુએ છે પેલા આદિવાસીની, મોરાન્ડીની, કોઈ શિશુની કે જે તેમની ચેતનામાં સ્પર્શે તેમનો અહલ્યાઉદ્ધાર કરે.

# ૪૧ - શરની જેમ સવારથી સાંજ પસાર થતી શરીરમાંથી

સવારે આંખ ખૂલી ગઈ. હજી અંધારું હતું. ફરી સુસ્ત અલસતામાં ઊંઘમાં સરવાનો પ્રત્યન કર્યો. ઊંઘ ન આવી ઊંઘને પરાણે લાવી શકાતી નથી. એ તો મનસ્વિની. એમ જ ઠંડી લ્હેરખીઓમાં ઠંડક ભરી સુંવાળી ચાદર લપેટતો પડ્યો રહ્યો. ઘડિયાળમાં જોયું. ઊંઘમાંય ઘડિયાળ કાંડે બાંધી રાખું છું. સવાર પડતાં જ તેનો કાંટો ભોંકાવો જોઈએ. એક ટેવ. સાડા સાત થયા હતા, અને તે પણ ઉનાળાના. હજી અંધારું ? બારણું ખોલ્યું. ઠંડી ભેજભરી ઘાસની વગડાઉ ગંધે મને લપેટી લીધો. ઊંઘરેટાયેલી આંખે ઝીણી નજરે જોયું. બધું ઝાંખું ભળાયું. 'નીરખીને' ! આકાશમાં નજર કરી. વાદળાં છવાયા હતા. અષાઢના આકાશ જેમ મેઘલિપ્ત લીંપાયા ન હતાં. હતાં છૂટાછવાયા. ઊતરતા ફાગને જેઠનું આકાશ ? શક્ય છે અને સારું છે. ચોમાસું આવે તે પહેલાં ક્યારેક ક્યારેક તેની આમ ઝાંખી થવી જોઈએ.ચોમાસાના દિવસોના આપણો વિરહ આમ ભલે ક્ષણજીવી પણ પૂરો થવો જોઈએ. વસંતે બે ત્રણ કલાક માટે વર્ષાનો અસબાબ માગ્યો. ટી.વી.માં હવામાનશાસ્ત્રીઓ ભલેને કહે કે ડીપ્રેશનને લીધે વાદળો બંધાયા. મનનો અને લોચનનો ઝગડો જૂનો છે. આપણે તેમાં ક્યાં પડવું. આપણને તો આ ગોરંભાયેલું આકાશ મળ્યું એટલે ભયો ભયો.

આમ જ્યાં ભરી નજરે ગોરંભાને માણું છું ત્યાં તો ક્ષિતિજથી ખાસ્સો ઊંચો ચડેલા કિશોર સૂર્યે મોટા વાદળ પાછળથી હાઉકલી કરી. મોટા વાદળમાંથી તાજા વૉશ કરેલા ચિત્રમાં પ્રસરતા રંગ જેવી કાળાશ પ્રસરેલી હતી. આ કાળાશ કશા અમંગળના કે ભયની

એંધાણી આપતી કાળાશ ન હતી. કિનારા તરફના ભાગ તરફ તેમાં આછી રાખોડી ઝાંય ભળેલી હતી. દૂર ટેકરીઓ પર તડકા છાંયાના મોટા મોટા ટુકડાઓ ટેકરી પર દોડતા નથી પણ જાણે સરતા જાય છે. આછા પીળા પેચીઝ છાયામાં ઘાટા પીળા બની ફરી આછા પીળામાં પલટાય છે. ઉપર આકાશ ચોમાસાને ખોળામાં બેઠું છે, તો પૃથ્વી પર વસંતનો અસબાબ છે. લીમડા, ઘેઘૂર લીમડાના ઝીણાં ઝીણાં આછાં પીળાં ફૂલોની ઘેઘૂર ગંધ, આંબે મોર, મરવાં નવાં ફૂટેલાં ચળકતાં પાંદડા, છુપાઈને ખૂલેલા કંઠે કોયલની કૂક. વસંતની પાલખી ને તેના પર આરૂઢ આ વાદળ. ગોરંભાને કારણે માનવીય વ્યવહારોના અવાજો ય ઓછા અને આછાં થઈ ગયા છે. અવકાશ ઘૂસર મ્લાન રહસ્યમય. લે, ત્યાં તો આછા રૂપેરી આકાશનાં પ્રચ્છદ પટ પર સૂર્યનું સોનેરી ટીપું અને ધીમે ધીમે વિખેરાયાં વાદળો, વિખેરાઈ ઘૂસરતા. લ્યો આ વસંતની સવાર વસંતને પાછી. બસ !

હવે બપોર. પ્રતાપી રાજાન સુશાસન જેવો, તેજસ્વી પુરુષના જ્ઞાન જેવો, પરાક્રમીના પરાક્રમ જેવો કોપાયમાં ઋષિના ક્રોધ જેવો ઉગ્ર ચંડ પ્રતાપી સૂર્ય. છાંયડા ય લપાઈને છુપાઈ ગયા છે – પગમાં, પાયામાં કે મૂળમાં. આકાશમાં બે ચાર સમળી. ગૌડ સારંગના આલાપ જેવા તેના હળવા સેલારા. ઘરો સ્થિર સ્તબ્ધ. બપોરની નિદ્રામાં માણસો. ક્યારેક નેવા નીચે કે લીમડામાં કા-કા બોલતો કાગડો. સૂની શેરીને સૂના વગડાને વધુ સૂનો, વધુ મૌન બનાવતો અફાટ અવકાશના અદ્રશ્ય પડદાઓ ખોલતો હોલો. ટપકતાં નળ નીચે કે થાળે ચૂગતી અવનવા સૂરે સ્વરે બોલી, લાડ કરી ફરી ચૂપ થઈ જતી કાબરો. ચકલીઓ તો ચૂપ. હવે છેક બોલશે સાંજે. અલસ પાટલા ઘો જેવા રસ્તા. અચલ સ્થિર સાવ સૂના. ગુલાબી જાંબલી ભડકે બળતી બોગનવેલ. સાંય સાંય કરી સૂસવતો શોષ્ટો બળબળતો પવન. એકાએક કશુંક યાદ આવતાં ટહુકી લેતી કોયલ. બપોરના તંગ ધાતુ પતરાને ટીપતો પીપળા પરનો કંસારો. બપોરે ગીચ ગલીઓમાંય અવકાશ નીચે ઊતરી આવે. ઝાડ નીચે વાગોળતી ગાયના ફીણ. ખળખળતાં ખળકતાં પાંદડા. નાચતી ડાળખીઓ સ્થિર. શાખોનાં ચલિત નર્તનશીલ છાયા ચિત્રો. શેરી પર કરો, મોરો, નળિયાની વાંકીચૂંકી રેખા, છજા નેવાના પડછાયા. બપોરની ઊંઘ પછી ઊઠતા, રણકતા ચાના કપ રકાબીઓ. ચાનો સોડમભર્યો ઉફાળો અને ચાના ઘૂંટડે ઘૂંટડે ઓગળતો શરીરની શિરે શિરામાં ભરાઈ બેઠેલો ઊંઘનો, આળસનો બરફ. બપોરના શૉમાં થિયટરના અંધારાં અને સિનેમાની જાદુઈ સૃષ્ટિમાંથી ઇન્ટરવલમાં બહારનું જગત

તીખું લાગે. નાગું લાગે. બપોર અલખ અઘોરી. તેના પોતાનામાં જ મસ્ત. વગડામાં કેડી પડી હોય ઉતરેલી કાચળી જેવી.

પ્રખર મધ્યાહનની મૂઠ સાંજ કોઈ ધીમે ધીમે ઊતારે છે. સાંજ છે ઘર બજારોને જોડતી-જોડતી દિવસને રાત સાથે, આ જગતને બીજા જગત સાથે. રસ્તાઓ લાગે છે સળવળવા. ક્લાર્ક, ઑફિસરો, ઓપરેટર, ક્લીનર, ફીટર, સેલ્સમેન, રંગારો, દરજી, દુકાનદાર, કાછિયો, ચા વાળો, બ્યુટીશિયન, ડ્રાઈવર, ડૉક્ટર, કલાકાર, કથાકાર, મદારી, બજાણિયો, પ્રોફેસર સાંજે બને ગૃહસ્થ. દરેકની પાનીએથી ફૂટે ઉખળે એક રસ્તો. રસ્તો ઘર ભણી. પડછાયાઓ લંબાય. સામેનો લીમડો ચકલીઓની ચહચહાટથી ભરાઈ જાય. ચીલે, ગાડા વાટે, કેડીએ, રસ્તે, રોડે, હાઈવેએ કોઈ ચાલતું હોય, કોઈ બેઠું હોય બસમાં, પૂરપાટ હંકારતું હોય કોઈ મનમાં ઘર લઈને. બપોરના કોરા આકાશ પર ફરી પક્ષીઓની લિપિ આલેખાય. હળવે હળવે આવે મુલતાની, મારવા, પૂરિયા ભૂપાલીના સ્વરો, લોબાનની ગંધ, આઝાનની પુકાર, શંખધ્વનિ, દશાંગ ધૂપ, અગરબત્તી, ઘીના દિવાનું હુંફાળું અજવાળું. હવાની ઠંડી લ્હેરખી કહે ‘તમે દેહી હું કરું વિદેહી.’ ગોધૂલિ ઉડાડતું ધણ આવે, ખેતર ખળેથી ગાડું આવે. દિવસ વછોયું છોકતું પગ પાસે હાથ લંબાવી રહે ઊભું – બાપની મૂછ ખેંચે, પપ્પાના ખિસ્સા ફંફોસે. બચીઓથી નહાય, નવરાવે. કપાળ પરનો ચાંદલો, બાનો ફોટો, ભાખરીની ગંધ, ટી.વી.નો અવાજ, કૅલેન્ડર, બાથરૂમમાં નાહવાનો સાબુ, ઓશીકું, ચોપડી, લેંઘો, પડદા, વેરવિખેર રમકડાં, અગરબત્તી, ઠાકોરજીની છબી, વાટકો, મોગરાનો છોડ, લટકતાં હેંગર, કપ રકાબી, ચાકળો, તોરણ, એકસાથે બધું વળગી પડે. જીવનાનંદદાસની વનલતા સેનની જેમ, વાલ્મીકીની ઊર્મિલા, કે ભરતની કેમ કે હોમરની પેનેલોપીની જેમ નજીક આવી હૂંફાળા અવાજે કહે “ક્યાં હતા આટલા દિવસ ? હવે તમને ક્યાંય નહીં જવા દઉં.”